ગ્રીઝીલનાં સંકટો.—ભાગ ૧

એક વારતા.

૪૭૪૯

રંજનો બદલો ગંજ
યાને
સદગુણી શીરીનનાં સંકટો.

ભાગ પેહેલો.

એક વારતા.

બનાવનાર
બહમનજી નવરોજજી કાબરાજી,
"ફુરસદ"ના અધીપતી; "દિલજંગ દલેર," "સિપાહબચ્ચાની સજની," "ધીરજનું ધન યાને સંકટ અને સબુરી," "પાકીજેહ પ્યાર યાને ખુશરો અને પરીચેહર," "ફરામર્ઝ," "કાચા કાનની ખરાબી યાને એબનેઝર અને શીરીન," "જુગાર," "કાવલાની કહાંણી"–ભાગ ૧ લો, ૨ જો, ૩ જો તથા ૪ થો, "વફા પર જફા યાને ખુશબખ્ત અને ખુશચેહેર," "અંધારી રાત્રે મગ કાલા," "બેહેરા બેહેલાકાકા," "એક પથ્થરના પ્રતાપ," "સુખલાજીનાં સંકટો," "ભુલો પરેલો ભીમભાઇ," "ગામરેની ગોરી" ઇત્યાદિના
કરતા.

મુંબઈ:
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં સેમ્યુએલ હાઇમ પ્રીંટરે છાપ્યું છે.

૧૮૯૧.

અર્પણ.

તે

બે યાદગાર અબલાઓ

મરહુમ બાઇ બચુબાઈ અરદેશર ગોદરેજ

અને

મરહુમ બાઈ પીરોજબાઈ સોહરાબજી દશતુર કામદીનના,

કે જેઓ

તા૦ ૨૫ મી એપ્રીલ ૧૮૯૧ ને સનીવારની સીહા સાંહાજે

પોતાની પાકીજગી ને પાકદામાની સાચવવાની

એક જેહેમતભરી જંગમાં

પોતાના પ્યારા જાન કુરબાન કરી મુઇ છે,

તેમનાં તે માહા કીરતીવંત મોહોતની

એક અશો યાદને,

એક કલ્પીત પણ સદગુણે શુદ્ધ અને નીતીમાન અબલાની

વારતાનું આ એક આહના પુસ્તક

તેનો રચનાર

હજારો માનની લાગણીઓ સમેત,

અર્પણ કરે છે.

" But what strange art, what magic can dispose
The troubled mind to change its native woes?
Or lead us willing from ourselves to see
Others more wretched-more undone than we?
This books can do: nor this alone; they give
New views to life and teach us how to live;
They soothe the grieved-the stubborn they chastise,
Fools they admonish, and confirm the wise;
Their aid they yield to all; they never shun
The man of sorrow, nor the wretch undone;
Unlike the hard, the selfish and the proud
They fly not sullen from the suppliant crowd;
Nor tell to various people various things,
But show to subjects what they show to kings."

દીબાચો.

છેલ્લાં અગ્યાર વરસના ચાલુ અરસામાં દરેક વરસના લાયક અંતરે પરવરતાવેલી અમારી અદના વારતાઓની હરોલમાં "કાવલાની કાંહાંણી" અમારી વકી ઉપરાંત જે લોકપસંદગી મેલવવા પાંમી, તેથી મલેલું ઉત્તેજન તેજ મુજબ તે કાવલાની આ સગી બેહેન "શીરીન"ની કાંહાંણી બાહેર પાડવાને અમને જોઇતો ઉમંગ પુરો પાડે છે. એ "શીરીન"ની વારતા બી અમારી આગલી સઘલી વારતાઓ મુજબ ઈંગ્રેજી ઉપરથી ઘટીટ ફેરફારો સહીત પારસી સંસારને લાગુ પાડી ઉપજાવી કાઢેલી છે, અને તે સામટી છાપી કાઢવાનું જેમ મુશકેલ તેમજ વેચનાર અને ખરીદનાર બેઉને મોંઘું પડે, માટે લખનાર તેમજ વાંચનાર એ બેઉની સગવડનો અભ્યાસ કરી તે "કાવલા"ની પેઠે છુટા ભાગોમાં બાહેર પાડવાનું લાયક સમજવામાં આવ્યું છે.

"કાવલાની કાંહાંણી"ની આખી વારતા નજદીક સાત રૂપીઆની કીંમતનું એક પુસ્તક થયુંછે, અને તમામ ગુજરાતી 'નાવેલો'માં કદાચ એ પુસ્તક સૌથી મોંઘું હશે! એમ છતાં તેનો જે મન માનતો ઉઠાવ આજવેર થતો આવ્યો છે તેણે અમારી વકીઓને ખાત્રીપુર્વક ખરી કરી આપી છે કે વારતારૂપી સારાં, રસીલાં, નીતીમાન વાંચણોની શોકીન આબરૂદાર વાંચનારા વર્ગમાં હજી ઘણી ખુટ છે, અને તેવાં વાંચણોની તેવી આલમ પુરતી કદરસનાસ છે. એટલામાટે, એ કીસમની ખાત્રીઓ સાથે અમે બેવડી ઉલટથી આ નવીન વારતાનો પેહેલો ભાગ બાહેર પાડયે છીએ, અને તે અમારાં આગલાં સઘલાં પુસ્તકો મીશાલે તમામ નીસ્કલંક, અને અમારાં વરસોથી સચવાઈ રેહેલાં ઘરાકોના મુબારક—માનીતા આશરાને દરેક રીતે પાત્ર નીવડશે અને જાહેર થશે, એટલે અમો અમારી મેહેનતનો પુરતો અવેજ મલેલો સમજીશું.

"કાવલાની કાંહાંણી" અને એવાંજ બીજા અમારાં આગલાં પુસ્તકો માટે વલી ફકત પોતાની પ્રમાણીક લાગણીઓને આધીન અમારાં સેંકડોબંધ વાંચનારાંઓ માહેથી ઘણાંકો તરફથી અમારી એ કમીની સેવાઓની પીછાંણયત અને ઈનસાફમાં જે વગર માંગવે સીફારસો લખાઇ આવવાનું અમને માન છે, તે બી અમને એ કીસમની અમારી કોશેશમાં વધુ પગભર અને ઉલટમંદ બનાવી આપે છે, અને એ અને એવી અનેક મેહેરબાંનીઓ માટે આવી જોગવાઇએ તેવાં કદરદાંન વાંચનારાંઓ અને ગ્રાહકોનો નમનતાઈ સહીત ફરી ફરીને ભારે ઉપકાર માન્ય કરવાને અમને ઘણી ખુશી ઉપજે છે.

સપટેંબર ૧૮૯૧.

બ૦ ન૦ કાબરાજી,
બનાવનાર.

સાંકળીઉં.

રંજનો બદલો ગંજ,

યાને

સદગુણી શીરીનનાં સંકટો.

ભાગ પેહેલો.

એક વારતા.

પ્રકરણ ૧ લું.

મારાં માતપીતા અને ભાઈ બેહેનો.

મારૂં નામ શીરીન છે. શીરીન નામ પારસીઓમાં પ્યારૂં, પનોતું અને માનીતું છે. જેનાં પરીણામમાં આજે પારસી કુટુંબોમાં ઘેરેઘેર ઢગલેઢગલે "શીરીન" થઇ ગઇ છે, અને તોબી એ નામ તેના અવલ મીઠાસમાં કે અસલ અગતમાં હજી ઉતર્યું હોય એમ જણાતું નથી. એવાં એક મીઠાં નામ માટે અને તે નામને હું મારી ચાલચલગતથી શોભાવી શકું એવી જો કાંઇ તરબીયત ને તાલીમને માટે હું મગરૂબ થઇ શકું, તો તે મગરૂબીને માટે બી હું મારાં હેતવંતાં માતપીતાનેજ હેસાંનમંદ છું.

મારાં માતપીતા? હા, પ્યારાં વાંચનાર! તે બંને વ્હાલાંઓનો માનીતો સાહ્યો મારે માંથે કમનસીબે લાંબો વખત રેહેવા પામ્યો ન હતો, તોબી જે ટુંક અરસાસુધી તે રહયો હતો તે અરસામાં તેઓએ તેમની ગરીબી વચ્ચે બી મને અને મારાં પ્યારાં ભાઈ

બેહેનોને એવી કીસમની ખંત ને ખાતરદારીથી કેલવવાને અને ભલાં કરવાને કાલજી કીધી છે, કે જેનાં મીઠાં ફૂલથી મલતું સુખ આજે બી મને તેમની તરફનાં હેસાંનમાં આજેજ કરી મેલે છે !

મને મારાપરની વીટક વાત લખવાની છે. તે એક લંબાણ કાંહાંણી છે, કે જે કાંહાંણીને દરમ્યાંન મને મારાં ઘણાંક સંકટો બ્યાંન કરવાનાં છે, અને એવી એક જીંદગી—જે જાતની મેં ગુજારી છે તે જાતની જીંદગી—અને તેને લગતી વીગતો કદાચ પારસી સંસારમાં ઘણી અજાયબ જેવી અથવા તદ્દન અસાધારણ ગણાય, પણ તેમાં જરાબી અસંભવીત અથવા નહીં માન્યામાં કે નહીં બનવામાં આવે એવું કશું વાંચનારને મલશે નહીં એમ વાંચનારે ખાત્રી રાખવી.

હવે ત્યારે મારી વારતા શરૂ કરતાં મારે જણાવવું જોઈએ કે મેં ઉપર કહ્યું તેમ મારૂં પોતાનું નામ શીરીન છે, અને જે વખતથી હું મારી વારતા શરૂ કરવાની અગત પીછાંણું છું તે વખતે મારી ઉંમરનાં ફકત ૧૦ વરસ પુરાં થઈને મને ૧૧ મું વરસ બેઠું હતું. હું ગરીબ માબાપનું બચ્ચું હતી, ને મારાં માતપીતાની કાંઇ એકપુરી હતી નહીં. અમારો વસવાત મુંબઈમાં હતો, ને મારા બાપ પરેલ તરફની કોઇ ગીરનીમાં એક મધ્યમ પગારના કલારકનો ધંધો કરતા હતા. એ સબબથી અમારૂં રેહેવાનું બી તેજ લતાપર થયું હતું, ને મારી અસલી યાદદાસ્તો પ્રમાણે તો હું સમજની થઈ ત્યારથી હું તેજ ઘેરમાં રહેલી હતી.

તે ઘર એક નાનું, બેઠું, એકલુંજ એક ગરીબ ઝુપડાં સરીખું તોબી પાકી બાંધણીનું હતું, અને તેમાં અમો વરસોથી એકલાંજ ફકત રેહેતાં હતાં. ખરેખર તો હું માનવાને વેહેમ ખાતી નથી કે તે એક બીસ્માર ઝુપડાં જેવુંજ એકાદ મકાંન હશે, પણ હું સમજની થયા પછીની તેમાંની જે સગવડ ને તાજગીની આજે મને યાદો થાય છે તે હરીઆલીથી તેને હસતું બનાવનાર કોઇજ નહીં પણ મારી મેહેરબાંન માતા હતી.

મારી માતા હતી તો એક ગરીબનીજ દીકરી, ને તોબી તેના સુધરેલા "ટેસ્ટ"થી તેણે મારા બાપનાં ગરીબ ઘરને ગરીબી છતાં સદા સંતોશનાં સુખથી તરતું ને સગવડોથી શોભીતું કીધું હતું. મારી માતા કાંઈ ઇંગ્રેજી ભણેલી નહીં હતી, તોબી જે અને જેટલું

ગુજરાતીનું જ્ઞાન તે ધરાવતી હતી તે અમો ભાઇ બેહેનોનાં સારાં નસીબે એવું પુખ્ત, સંગીન અને ઉંચા પ્રકારનું હતું કે તેનો લાભ તે મારા બાપનાં ઘેરને ઘણોજ આવકારદાયક આપતી હતી.

મને યાદ છે કે મારાં માતપીતા વચ્ચે ઘણોજ ઘારો સંપ હતો. અમારાં નાધકલાં કુટુંબમાં કંકાસનું કાલું મોં તો મેં કદી જાંણ્યુંજ નથી, અને તે સઘલું મારી ગરીબ પણ ભણેલી માતાના સદગુણોના પ્રતાપ હતા.

મારે મારી કાંહાંણી લખવી છે એટલે મારી વારતાના સંબંધમાં સારી કે નરસી એક બી વાત મને મારાં વાંચનારાંઓથી છુપાવવી શોભે નહીં, અને તેટલામાટે મારે વગર શરમાવે કબુલ કરવું જોઇએ કે મારા પીતામાં કાંઈ ઘણી લાંબી પોહોંચ કે ધરપકડ હતી નહીં. ખરેખર, અમારી પીછાંણનાં ને દોસ્ત આસનાઓ—જે આંગલીપર ગણાય એટલાં ગણત્રીનાં થોડાં હતાં તેઓ—તો છુપાછુપ અચરત બી થતાં કે મારા બાપ જેવાને એવી બાહોસ પરણેતર હાથ લાગી ગઇ હતી! વલી તેઓ સૌ એક અવાજે ને એક મતે જાહેરમાં તેમજ ખાંનગીમાં મારી માતાની હોશીયારીનીજ નહીં પણ તેની નીતી, નેકી ને સલુકાઇની બી જાબજા તારીફ બોલતાં, અને એક નકલ કરવા જોગ નમુના તરીકે અમારા નાધકલા જીલ્લામાં મારાં માતા "સુધરેલાં પીરોજબાઇ"ને નામે ઓલખાતાં હતાં.

તેઓ દેખાવે સુંદર અને ઘટમદાર હતાં, અને તોબી અજાયબી એ હતી કે જો તેઓનો ચેહેરો કોઇ ટીકી ટીકીને જોય તો તે ચેહેરો કાંઈક સદાનો ગંભાર—ગમગીન હોયની તેવો કાંઇ ભાસ થતો હતો! એમ છતાં તેઓ કદીબી ઉદાસ તો હતાંજ નહીં, અને મલતાવડાં, બોલકણાં અને તેવણના હસમુખા સ્વભાવથી અમારી ગરીબરી પીછાંણનાં ઘણાંજ નાધકલાં સરકલમાં તેઓ ઘણાં માનીતાં હતાં.

અમો ભાઇ બેહેનોની કેલવણીપર બી અમારા બાપ તો કદી ધ્યાંન નહીં આપતા હતા, પણ સાંબું મારાં માતા જે ખંતથી અમોને શીખવવાને કાલજી કરતાં તે ઉપર તેઓ વારંવાર નીરદોશ ભોલાઇની ભલાઇમાં ખડખડ હસતા હતા. "રાંન અમથી કાંએ પોરયાં સાથ એટલા પછારા ખાએચ," તેઓ ખુશ મીજાજે વારંવાર

કેહેતા : "જાંણે પોરયાંઓને કાંહાંક મોટે ઘેર અદરાવા પનણાવાની હોય તેમ!"—પણ મારા પીતાનાં એ હાસ્ય છતાં મારાં વ્હાલાં માની કાલજીનું પરીણામ એ થયું કે જ્યારે આડોસીપાડોસીનાં અમારીજ ઉંમરનાં બચ્ચાં રખડેલ, અભણ, અમરયાદશીલ કે અસ્વચ્છ જેવાં રેહેતાં, ત્યારે અમો ઘણાંખરાં સર્વ પ્રકારે તેથી ઉલટોજ દેખાવ કરવાને શકતીવાન થતાં હતાં.

મારી માતા પોતાના ખાવંદની ખાતરદારીમાં ઓછી ન હતી. તેઓ હસતા બોલતા "આશીસે" સીધારે પછી સાંહજે જ્યારે થાકેલા પરાકેલા ઘેર આવે ત્યારે અમો બધાં ઘેરની બાહેર એક નાધલો જેવો ચોક—મારી માતાએજ બના વેલી એક ઘણીજ ગરીબ નાધલી જેવી વાડી—માં બેસતાં, અને ત્યાં તહરેવાર આખા દીવસના ગપાસપા દરમ્યાન તેઓ હંમેશ બોલતા કે "કલબો ને એવાંજ બીજાં ધામ માંહેલી દોસ્તોની મજાહ કરતાં મારાં છોકરાંઓની સંગતનું સુખ હું વધારે શોખથી ભોગવી શકું છું." એ સુખની તેવણને કદર પીછાંણનારા બી મારાં માતાએજ બનાવ્યા હતા, કેમકે મેં ઉપર કહ્યું તેમ મારા બાપ તો લગાર ઓછી ઓથના હતા; પણ વલી તેઓ કાંઈ લાગણીઓ વગરના છેકજ ઓદાંણી અથવા દેહેકાંણી હતા નહીં, એટલે તેઓ પોતાની વાહલી મોહરદારની કીંમત ને કદર પુરતી રવેસે જલદીજ પીછાંણી શકયા હતા, અને અમારે માટે એક ભલા અને પ્યાર ભરેલા બાપની જગ્યા રાખવાને દરેક પ્રકારે ખચ્ચીત લાયક થયા હતા.

મારી માતાના ચેહેરા માંહેલી મેં ઉપર કહેલી લગભગ ખુદરતી જેવીજ થઈ પડેલી ઉદાસી મારા બાપ નહીં જોઇ શકતા હતા એમ તો કાંઇ હતુંજ નહીં. તેઓએ સેંહેંકડો વાર પ્યારની બોંહસથી તેમને તેનો સબબ પુછેલો મને યાદ છે, અને મારી માતાએ તેઓને તેવો સબબ કશો છેજ નહીં એમ જવાબમાં જે વારંવાર ખાત્રી આપેલી તે બી મને યાદ છે.

અમો પાંચ ભાઈ બેહેન હતાં—બે ભાઇ અને ત્રણ બેહેન. સૌથી વડો ભાઈ હતો, અને તેનું નામ ખસરૂ (ખુશરો) હતું. તેની પછવાડે હું અને મારીથી નાધલો વલી એક દારાબ નામનો ભાઈ હતો; તે પછી નાજાં અને જર નામની બે બેહેનો હતી. અમો બધાં ભાઈ બેહેનોની ઉમરો વચ્ચે વરસ બબે વરસનો અંતર હતો,

એટલે જ્યારે ખરસેદ જે વખતથી હું આ વારતાની શરૂઆત કરૂં છું ત્યારે ૧૩ વરસનો અને હું ૧૧ વરસની હતી, ત્યારે સૌથી નાઘકલી જર માત્ર પાંચ વરસની હતી.

પ્રકરણ ૨ જું.

એ કોણ ?

મારાં માતપીતા અને ભાઇ બેહેનો સંબંધી ઉપલા વીગતવાર ખુલાસાઓ આપી રહ્યા પછી હું હવે મારી વારતાનાં વહાંમાં દાખલ થવશ.

મારી માતા અમોને દર રોજ પોતે લેશન શીખવતી હતી, અને સહવારના નાસ્તા પાંણીથી ફારેગ થયા કેડે તે અમોને નાઘલાં નાઘલાં ઇસ્ટુલોપર આસપાસ લઇ બેસી અમારા પોતપોતાના પાઠો બતાવતી હતી. તે વખતે અમારા જીલ્લામાં કાંઇ સારી ગુજરાતી સ્કુલો હતી નહીં, માટે અમો છોકરીઓનો ગુજરાતી અભ્યાસ અમારી માતાની દેખરેખ હેઠલ ઘરમાંજ થતો, ને ઇંગ્રેજી શીખવવાની મારી 'સુધરેલી' માતાની ઘણીજ ખાહેસ હોવાના સબબે તે તરફની એક બુઢી મડમ'ની હાલહવાલ ગણત્રીની બે પાંચ છોકરીઓની નીશાલમાં હું એકલીજ કલાક બે કલાક ઇંગ્રેજી શીખવા જતી. ખુશરો અને દારાબ બી સ્કુલમાં તો જતા, પણ જ્યારે દારાબ તેજ અને ચંચલ બુદ્ધીનો ને શીખવાને ઘણો ઉલટમંદ જણાતો, ત્યારે ખુશરો (વડો) બોથડ, આલસુ અને મારી માતાની ગમે એવી ચોંપ ને કાલજી છતાં લગભગ અભણ જેવો રહી ગયો હતો.

એક દીવસ મારા પીતા વેહેલા કામ ઉપર ગયા બાદ મારી માતા સરેસ્તાનાં અમારાં લેશનો તપાસવા અમોને લેઇ બેઠી હતી, જે દરમ્યાંન અચબુચ મારી માતાથી ઘાસ્તીમાં ગભરાતની યા ગુસ્સાની એક બુમ મરાઈ ગઈ, અને તેથી ચોંકીને અમોએ ચોપડીમાંથી માંથુ કાઢી જે રસ્તાપરની બારી ઉપર મારી માતાની નજર ખેંચાઇ હતી તે તરફ સ્વભાવીક રવેસે નજર નાંખી. આથી મારી માતાએ પેહેલીજ વાર ઘણા ગુસ્સાથી અમોને "ચોપડીમાં ધ્યાંન બાદરવા" કહ્યું, ને તે એટલા તો ગુસ્સાથી બોલી કે અમોએ

દબાઈને તરત પાછાં ચોપડીમાં માથાં ખોસ્યાં. એમ છતાં જે એકાદ એ પલ અમોએ રસ્તા ઉપરની બારી ભણી જોયું હતું તે અરસામાં અમોએ જોઇ લીધું હતું કે તે બારી આગલથી કોઇ સારા દેખાવનો પારસી સટી ગયો, અને તેને જોઇનેજ મારી માતા ચમકી હતી. એ બનાવપર ખસરૂનું અને મારૂં ધ્યાંન અગત કરીને ખેંચાયું (કેમકે બાકીનાં ભાઇ બેહેનો તો એટલી નાની ઉમરનાં હતાં કે એ બનાવ જોઈને તુરત સમજી શકે નહીં.) અને મેં ચોપડીમાં પાછું માંથુ ખોસતાં મારાં મનમાં અનુમાન કીધું કે તે પારસીએ કાંઇક બેમહલાજે ઉભો રહીને અમારાં ઘરમાં જોયું હશે તેથી મારી માતાનો મીજાજ જતો રહ્યો હશે.

પણ નહીં. બીજી પલે મારી માતા હાથમાંની ચોપડી ઇસ્ટાંનપર મેલીને ઉઠી, અને અમોને ચોપડીમાંજ ધ્યાંન રાખવા ને અમારી જગ્યાપરથી જરાબી નહીં ઉઠવા તાકીદ કરી, તે બાહેર ચોકમાં ગઇ, કે જ્યારે જત જતાં આગલું બારણું પોતા પછવાડે ખેંચીને તેણે બંધ કીધું! એ શું? જોકે હું તે વખતે ઘણી નાદાંન અને અણુસમજ હતી તોબી મારી છાતીમાં કાંઈ લાગણી થઈ કે કાંઇબી ખોટું થયું છે—પણ શું ખોટું થ તે હું બીલકુલ સમજી શકી નહીં!

ખસરૂને બી તેમજ થયું, કેમકે બીજી પલે તે બારણાં ગમ નજર રાખી ભરાતો છુપાતો મારા પાસ આવ્યો, ને મને એ શું થયું હોશે તે પુછવા લાગ્યો. "જોયું કે શીરા," તેણે કહ્યું, "માએજી હમણાં કેવાં ચીડડાઈ ગીયાં! એ પારસી કોણ હોશે?"

"તેનું આપુણે શું?" મેં કાંઈક ઠપકાની ઢપે કહ્યું; "માએજીએ જગાપરથી ખીસવા ના કહ્યુંતું ને તું કાંય ઉઠી આયો? જતો રહે, નહીં તો આવી લાગશે તો બુમ મારશે."

"હા, પણ પેલો પારસી કોણ હોશે?" ખસરૂએ પાછો તેજ સવાલ કીધો, ને પછી કાંઇ ભરમ સાથ બોલતો હોય તેમ મારે કાંને લાગી વધારયું, "એ એક વખત આગલ બી આયોતો, ને તારે બી માયજી આજનીજ કાની તેને મલવા ગીયાંતાં."

પણ એજ વખતે બારણું ઉઘડયું, ને મારી માતા પાછી ફરી. તેનું મોં તદન ફીકકું મારી ગયું હતું, ને તે ઘણીજ દુઃખી થયલી—ઉસ્કેરાયલી જણાતી હતી. એવામાં તેણીએ ખસરૂને મારા

પાસથી સટી જઈને પોતાની જગ્યાપર બેસી જતાં જોયો, ને ત્યારે મેં જોયું કે મારી માતાનો ચેહેરો યા તો ગુસ્સા કે શરમથી તમામ લાલ લોહી જેવો બની ગયો. એમ છતાં તે કાંઇ બોલી નહીં, ને આવીને અમારૂં લેશન આગલ ચલાવ્યું.

પણ એ બનાવથી તેણીનું દીલ ખાટું થઈ ગયલું હોય તેમ લાગ્યું, કેમકે તે દીવસે સરેસ્તાની ઉલટથી તેણીએ અમારૂં લેસન લીધું નહીં, ને જલદી બંધ કીધું.

લેસન બંધ કીધા પછી તેણે નાજાં, જર અને દારાબને બાહેર જઇ રમવા કહ્યું, ને મને અને ખસરૂને પોતાની પાસે રાખ્યાં. તે પછી જ્યારે અમો એકલાં પડયાં ત્યારે તેણે અમારા ચેહરાભણી ટીકી ટીકીને જોઈને કહ્યું, "છોકરાંઓ, હું જે પુછું તે મને ખરૂં કેહેજો. ખરસેદ દીકરા,"—અને ત્યાં મારી માતાનો સાહદ ગગલી પડયો—"હમણાં હું જ્યારે જરા બાહેર ગેઇ ત્યારે તું શીરીનને શું કેહેવા ઉઠયોતો ?"

"હું ઉઠયો ? નહીંરે માયજી, હું તો મારી જગાપરથી ઉઠયોજ નથી,"—અને આ હરડતું જુઠું ખસરૂ નીરદોશતાનો એવો તો દેખાવ કરી બોલ્યો કે તે ઠગાઇમાં એકાએક એટલો બધો કુશલ કયાંથી ને કેમ થઈ નીકલ્યો તે જોઈ હું પોતે બી અચરતીથી દંગ થઈ ગઈ.

"તું જુઠો છે," મારી માતાએ ગુસ્સાથી કહ્યું, "અને તારા જેવો એક ઠગારો મારો દીકરો થવાને લાયક નથી." તે પછી તેણીએ મારા તરફ ફરીને કહ્યું, "દીકરી તું તો મને ખરૂંજ કેહેશે. આએ તારા જુઠા ભાઈએ તારી આગલ આવીને તુંને શું કહ્યું ?"

"એણે મને કહ્યું, માયજી, કે આજે જે પારસી આપરી બારીમાંથી દેખાયો તે આગલ બી એક વખત આયોતો," મેં સાચ્ચું કહી દેવાની અગત જોઇ,—કે જ્યારે ખુશરો તો મારાપર ફુલ્યાં ફુલ્યાં જેવા ડોલા કાઢતો હતો—"અને તે વખત બી તમે તેને આજનીજ કાંની મલવા ગીયાંતાં."

મારી માતા એના જવાબમાં તુરત કશું બોલી નહીં—કદાચ બોલી શકી નહીં. તે થોડોક વાર ખાંમોશ રહી, કે જે અરસામાં તેણીએ આંખમાંથી એક આંસુ વટીક હાથની એક અછાતથી કાઢી નાંખ્યું. તે પછી તે ગલગલતેજ સાહદે બોલી, "મારાં

પ્યારાં છોકરાંઓ, તે પારસી છે તો ઘણું સારૂં માણસ, પણ મને હમણાં તે કાંઇ વગર દમની વાત કેહેવા આયોતો, એટલે તે આવી ગીયોચ એમ તમે બાવા ઘેર આવે ત્યારે કેહેતાં ના. ચાલ ખુશરો તું મને વચન આપ, ને દીકરી શીરા તું બી કબુલાત આપ."

મારી માતાએ આ અજબ જેવી માંગણી ઘણી જોહેમતે કરી લીધી, ને એવી એક માંગણી તેનાં બચ્ચાંઓથી કરતાં તેણીને ઘણુંજ દુ:ખ થતું હતું એમ પછવાડેથી તેનો તે વખતનો ચેહેરો મને યાદ આવતાં લાગે છે, કેમકે તે વેલા તો હું તે લાગણીઓ બરાબર સમજી કે પીછાંણી શકું એવી પુખ્ત ઉંમરમાં ન હતી.

સારાંશ, મેં તો ઘણીજ ખુશીથી તુરત મારી માતાએ માંગેલું વચન આપ્યું, ને એવી એક વાહાલી માને જુઠું કહીને પકડાઈ આવવાની ખેજાલતનો મારેલો ખરસેદ બી જરાતરા લજવાયો, એટલે તેણે બી ઘણી ખુશીથી તે વચન આપ્યું, કે જેનાં પરીણામમાં અમારી માતાએ અમોને ફરી ફરીને ગોદમાં દાબી બકીઓ લીધી.

તે પછી ખુશરો તો તે વાત વીસરી ગયો પણ મારાથી તે વાત વીસરી જઈ શકાઈ નહીં. ખુશરો તો એવોજ ઉજ્જર, બેકદર અને જરા લગાર લટખટ બી હતો, એટલે તેણે કાંઈ ઉપલી વાત ધ્યાંનપર ઝાઝી લીધી નહીં ને તે તેનાં ધ્યાંનમાં રહી નહીં, પણ મને તે વાતથી આયંદે કાંઈબી મોટી ખરાબી થવા વીશેનો ભયભીત દગદગો રહી ગયો, અને તે પારસીનાં મલી જવાની વાત મારી માતાએ પોતાના ખાવંદથી છુપાવી તે હું કોઈ બી પ્રકારે વીસરી જઇ શકી નહીં.

એ વાતને તોબી બે વરસ વહી ગયાં, કે જે અરસામાં મારાં માતપીતાની સર્વે ઉમેદ જે ખુશરો તેણે કાંઇ સારાં લખન બતાવા માંડયાં નહીં. તેને અમારીજ પેઠે સારી તરબીયતથી ઉધારવાને મારી વાહાલી માવતરની ખંત કે કાલજી કાંઇ ઓછી ન હતી, પણ તેની તેનાપર જરાબી અસર પોંહોંચતી લાગી ન હતી, કેમકે જેમ વખત ગયો તેમ તે વધારે લુચ્છો ને જુઠો નીવડવા લાગ્યો. એક વખત તેણે એક હરડતું જુઠું કહી અમારાં માતપીતાને ઉડાવ્યાં તે વીશે મેં જ્યારે તેને એકાંતમાં ઠપકો દીધો, ત્યારે તેણે સાફ પાક બેહઇયાથી કહ્યું, "ચાલ, તેનું શું થયું? માયજી જુઠું બોલેચ

કેની? યાદ છે કેની તે દાહાડે પેલો પારસી આયોતો તે વાત બાવાને નહીં કેહેવા તેવણે આપુને કહ્યુંતું તે? તે બી એક જુઠુંજ ને આએ બી એક જુઠું. હું માયજીને ખાતર જુઠું બોલું ત્યારે મારે પોતાને ખાતર કાંએ નહીં બોલું?"

તેના આ જવાબથી હું થસ થઇ ગઇ, અને મારા પીતાથી તે વાત છુપાવાની મારી માવતરની આજ્ઞા વીશે મને બે વરસે પેહેલીવાર હમણાં ભયભીત વેહેમ થયો. શું મારી માવતર કાંઈ તકસીરવાર હતી? ઓ, તે વીચારજ ગુનાહ ભરયો ગણાય, કાંયકે તેના જેવી માતા ને તેના જેવી પતીવરતા પરણેતર દુન્યામાં થવી મુશકેલ એવી તે દેખીતી ભલી હતી, અને એવુંજ ભલું તેને વીશે લોક મત હતું! ત્યારે એ શું? એ પારસી હતો કોણ?

અને તોબી મારી માતાની નીતી વીશેનો મારો દગદગો હું તમામ દુર કરી શકી નહીં. હું પોતે હજી દુન્યાદારીથી બીલકુલ બીનમાહીતગાર બીનઅનુભવી બચ્ચાં જેવી નીરદોશ હતી, અને તેથી ફકત એટલુંજ જોઈ શકી કે ગમે એ કારણથી મારી માતાએ તે વાત મારા બાપથી છુપાવામાં ગુનાહ કીધો હતો. તે ગુનાહ કરવાનું કાંઈ નાપસંદ કારણ હોવુંજ જોઇએ, ને ગમે એવાં કારણ છતાં બી પોતાનાં બચ્ચાંને તે વાત છુપાવા કહ્યાથીજ ખુશરોના બાળમાં ભયંકાર ખરાબી થતી ચાલતી હતી!

પ્રકરણ ૩ જું.

ઘેલો બેહેલઈ.

વખત વેહેતો ચાલ્યો. મને પંદરમું વરસ ઉગી ગયું, અને ત્યારે ખુશરો લગભગ ૧૭ થી ૧૮ વરસની ઉંમરનો મોટો માતીદા જેવો થયો હતો. એમ છતાં તેની ચાલચલગતમાં કશો સુધારો થયો ન હતો. અંતે તે જ્યારે નહીંજ શીખ્યો ત્યારે મારા બાપે તેને પોતાની ગીરનીમાં શીખાઉ તરીકે વગર પગારે કામ શીખવા રખાવ્યો, ને ત્યાં બી તે ખરાબ સંગતમાં ઉલટો વધારે બગડી ધુલ થવા લાગ્યો.

મારો ભાઇ દારાબ જે આ વખતે તેર વરસનો થયો હતો તેની ચાલચલગત એથી તદનજ જુદી ને ઉલટી હતી. ખસરૂ તો

આંગે ભરેલો કદાવર અને જેવો જોઈએ તેવો ખુબસુરત બી નહીં હતો, પણ દારાબ મજબુત તોબી પાતલો ને ઉંચો, અને મારી માતાના જેવોજ ચેહેરે બી ખુબસુરત હતો. એ ઉપરાંત જે સૌથી પસંદ કરવા જોગ હતું તે એ કે તે સચ્ચાઇનો ખાં ને સારી રાહેજ ચાલનાર હતો. તે પ્યારભરેલો, કદરસનાસ ને શીખવાને પુશકલ ઉલટમંદ હતો.

મારી નાધલી બેહેનો—નાજાં ને જર—માં બી તેવોજ તફાવત હતો! જર નાંધકલી એટલે આખાં ઘેરની લાડકવાઇ હતી, અને તે દારાબ જેવાજ સઘલા ભલા ખવાસની હતી, કે જ્યારે નાજાં કાંઇક પાજી સ્વભાવની, એકલપેટી ને એવડી નાહની ઉંમરે બી ઘણી અભીમાની ધરાવનારી હતી.

ખુબસુરતીમાં તો બંને સરસ હતી, ને હું ધારૂં છું કે મારી નાજાંના બાલની ખુબસુરતી તો અદેખાઇ કરવા જોગજ હતી. ખરેખર, તેના બાલ જેવા કાલા ભરેલા ને લાંબા હતા તેવા તેની ઉંમરની અગ્યાર વરસની કોઈજ છોકરીના હશે.

એક દહાડો—અને તે દુર્ભાગ્ય દહાડો હું કદી ભુલી જઇ શકશ નહીં—હું, મારો ભાઈ દારાબ, જર ને નાજાં ઘરમાં હતાં અને મારાં માતા અમારીજ સોડમાં કાંઇ કામે વલગેલાં હતાં, તે અરસામાં મારો ભાઈ ખરસેદ જે બાવા સાથે સહવારનો ગીરનીમાં ગયો હતો તે કોઇસે ઘેરની બાહેર હોજ્જાતોજી કરતો હોય તેવો સાદ આવ્યો, ને તે મોટે સાદે બોલ્યો, "બચ્ચા, એ કાગલ મને આપેચ કે નહીં ?"

મારી માતાએ તે સાદ સાંભલ્યો, ને જાંણે કાંઇ સમજી ગઇ હોય તેમ ચમકી ઉઠી, હાથમાંથી કામ ફેંકી દીધું, ને બારણાં ભણી દોડી. અમો કોઇ પછવાડે ગયાં નહીં, પણ મેં મારી જગ્યાપરથીજ બારણાં ભણી નજર કીધી, ને તેવામાંજ ખસરૂ ઘેલા એહેલાઇ નામના અમારા જીલ્લામાં જાંણીતા થઈ પડેલા એક ગરીબ છોકરા સાથે હોજ્જાતોજી કરતો મારી નજરે આવ્યો.

મને હયાં તુરત પેલા પારસીની વાત એકદમ યાદ આવી ગઈ, કેમકે મને સ્વભાવીક ગભરાત થયો કે આ ખટપટ કાંઇ તેજ નાપસંદ બનાવ સાથ સંબંધ રાખતી હોવી જોઇએ.

ખંસરૂ મીલનાંજ કપડાંમાં હતો, કે જ્યારે બચારો ઘેલો બેહેલાઇ જેમ હમેશ ફરતો હતો તેવોજ મેલો ઘેલો ને ફુવડ હતો. તેના પગમાં પગરખાં હતાં નહીં, ને ઉંચા નીચા પાયજાનો એક મેલો ખાર લેંગો હતો, જેના પાયજા માંહેલા એકનું તો વલી ચીરચું ઉડતું હતું. તેના સદરાપર અધમણ મતોરૂં હતું ને તેની કસ્તીપર ખાંડી ધુલ હતી. તેની ટોપીનાં પીસ્ટે પીસ્તાં નીકલ્યાં હતાં, ને તે પોતાનાં કાલાં મેલાં લગાર કદરૂપાં મોં ઉપર સેરયાં જેવી મોટી હોવાને લીધે દાબીને પેહેડેલી હોવાથી તે બચારો વધારે એબદસા જેવો લાગતો હતો.

તે અરધો ઘેલો હતો. તે એવી જાતનો ઘેલો હતો કે જેઓ મારફાડ નથી કરતા અથવા ગાલગલોચ નથી કરતા. તે ફકત ઓથ વગરનું બોલતો, ને દુષ્ટ બેકદર લોકો—અકસર કરીને બઇરાંઓ—તેને તેડી તેડીને પરણવા અદરાવાની ઘેલીચેરી વાતોથી પજવતાં, એટલે તે બાપડો વધારે ને વધારે હાથથી જતો હતો.

તેનું આંગ જાડું ને ભરેલું હતું, ને તે છેકજ બટકો હતો, કે જ્યારે તેની ઉંમર તો લગભગ ૨૦ વરસની હતી! ઠંડીમાં કે સરદીમાં તેણે વાસ્કુટ પેહેડવાના તો સમજ ખાધેલા હતા, ને એટલે એટલે તે ઘેરઘેર ફરી લોકોના ફેરાઆંટીનાં નજીવાં કામો કરી દોઢયું બે દીઆમાં મેલવવાનું તેને ઘણું ગમતું હતું.

એમ છતાં તે કામકાજમાં તમામ પ્રમાણીક ને સાવચેત હતો, એટલે જે કામ તેને સોપવામાં આવતું તે એવી તો ચંચલ ઝેનથી તે કરતો કે જે જોઇ આપણને અચરતી લાગ્યાં વના રેહેજ નહીં. એ ઉપરથી એટલું તો સીધ્ધ થયું હતું કે તે કાંઈ ઘેલો ન હતો, પણ છેકજ ઓથ વગરનો—કહો કે બુબખ (હડયત) હતો, અને તેની એ બધી એબો જાંણે હજી પુરતી ન હોય તેમ બાપડાની જીભાં બી લહડતી હતી! તેનું એક પ્યારૂં માનીતું વાકય હતું કે જે તે જરા જરામાં તકરારમાં બોલી ઉઠતો, ને તે વાકય "થાદું-પેટ ભઇને" (ખાધું પેટ ભરીને) કરી હતું.

એવા એક છોકરા સાથે મારો ખસરૂં એક કાગલ સંબંધી હોજાતોજીમાં ઉતર્યો હતો, ને તેઓ રકજીક કરતા અમારાં બારણાંમાં આવ્યા હતા.

"એ શું છેરે ખુરશેદ"? મારી માતાએ બાહેર જતાંને વાર પુછ્યું. "કાંય તેં એ બચારાને ગરચીમાંથી પકરયોચ? તુંને કાંઈ શરમ લાજ છે?"

"અરે નહીંરે માયજી, એ ઘેલા પાસ એક તમારે નામનું કાગલ છે," લુચ્છા ખસરૂએ બચાવ કરવા માંડયો, "ને હું એને આપરા દરવાજામાં મલ્યો તે મેં કહ્યું જે મને તે આપ—હું માયને આપશ, તે આપતો નથી."

"હા, થાદું પેટ ભઇને," ઘેલા બેહલઇએ પોતાનાં ઘીની બરણી જેવાં બેહાં માથાંના લેહેકાઓથી કહ્યું,—અને પછી વલી જાંણે કેવીક હોસ્યારી બતાવી હોય તેમ મારી માને આંખના પલકારા કીધા.

"વારૂં ચાલ લાવ બા બેહેલઇ," મારી માતા જે દેખીતી રીતે ઘણી ગભરાયલી હતી, ને જ્યાં ત્યાંથી આ નાપસંદ દેખાવનો છેડો આવેલો જોવાને અધીરી પડેલી હતી, તેણે તેને પટાવીને કહ્યું, "લાવ તે કાગલ મને આપ, અને આએ એક પઇસો લે."

"હં, થાદું પેટ ભઇને," બેહેલઈએ કહ્યું. "પઇઠો તેમ લે? તે પારઠીએ પઈઠો લેવા ના ટહેલું તે તુમુને થબર થે? મને તો તેણે ટેહ્યું, જે આએ તાધર આપી આવ, ને નાંથી ના દેતો, ને તોઇને બી ધરા બી આપતો ના, ને—"

"હા, હા, વારૂં ચાલ લાવ ત્યારે," મારી માતાએ વધતી ને વધતી ફીક્કી પડી કહ્યું,—કેમકે ખુશરો જે હવે લગભગ અઢાર વરસનો થયો હતો તે કાંઇક ઘણીજ શકમંદ રૂપે મારી માવતર તરફ જોતો હતો.

ઘેલા બેહેલઇએ અંતે તે કાગલ મારી માનાજ હાથમાં આપ્યું, ને પછી તેને તે પારસીએ કહી મુકયું હોશે તે મુજબ તેની આજ્ઞા બોલેબોલ બજા લાવવાના જાંણે કસમ ખાધા હોય તેમ તુરત ત્યાંથી તે દોડીને નાહસી ગયો!

પ્રકરણ ૪ થું.

નખ્ખોદ !

તે પછી મારી માતાએ તે કાગલ (જે શોગનાં કાલી લીસોટીવાલાં કવરમાં હતું તે) તુરત છુપાવી દીધું, ને પછી ખસરૂ તરફ જોઇ લગભગ ધ્રુજતે સાહદે પુછ્યું, "તું હમણાં કાંય આયો, ખસરૂ ?"

"હું તો બાવાની દગલીમાં કાંઇ અગતનું રહી ગીયુંચ તે લેવા આયો," ખસરૂએ ઘેરમાં દાખલ થતાં કહ્યું, "પણ માય, એ તમુને શું છે? તમે એટલાં ફીક્કાં કાંય થઈ ગયાં ? એ ધ્રુજોચ કાંય?"

"કંઈ નહી, મને કાંઇ નથી," મારી માતાએ પાસે એક ખુરસીમાં બેસી જતાં કહ્યું—અને પછી ઘણીજ આનાકાંનીથી જીવપર જોરાવરીએ બોલતી હોય તેમ ધીમે સાહદે વધારયું, "આએ કાગલ, ખસરૂ, મારા એક ઓલખીતા તરફથી આવેલું છે, ને તેને તારા બાપ સાથ સારૂં નથી, વાસ્તે એ કાગલની વાત તું તેવણ આગલ નહીં કરશે તો—નહીં કરશે તો—"

અને મારી માતા તે ગેરકાયદે વાકય પુરૂં કરી શકી નહીં.

"ઓહો, તેમાં એટલાં અચકાઓચ શાનાં ?" બેકદર ખુશારોએ ખડખડ હસીને કહ્યું—કે જ્યારે મારૂં કાલજું મારી માતાને ભીતરે થતું બેસુમાર દુઃખ જોઇ કપાઇ ગયું.—"એમાં અચકાઓચ શાનાં ? તમે મારી વાત બાવાને ના કેહેતાં ને હું તમારી વાત બાવાને નહીં કેહેવશ. હું નાટકોમાં જાઉં, દારૂ પીઉં તે બધાંને વાસ્તે તમે હવે મને ધમકાવતાં બી ના, ને બાવાને બી ના કેહેતાં, ને તેમ જો તમે ચાલશો તો તમારી વાત—"

"દુકતા, દુકતા," મારી માએ લગભગ દુઃખથી ચીચ્યારી પાડી કહ્યું—અને પછી અફ્સોસ ! જાંણે તે દીગમુઢ થઇ ગઇ હોય—તેના બેટાએ જે બેમહલાજે જબાં ચલાવી તે માનવાને તેના કાંન ના પાડતા હોય તેમ સાવજ જેવી બેસી રહી, ને ખાલી આંખે ટીકવા લાગી.

ખસરૂએ કાંઇ તેની દરકાર કરી નહીં. તે ઠંડે કલેજે ઘરમાં ગયો, મારા બાવાની દગલીમાંથી કાંઈ કાગલ્યું લીધું, અને પાછો બાહેર જતો હતો. "ઓ છોકરા," મારી માતાએ અસહય દુઃખથી

ઘાયલ થઇ કહ્યું, "તુંને સારી રાહે ઉધરવાને મેં આટલું આટલું કીધું તેનો આએ બદલો ?"

"હવે બસ ની તો," બેકદર ખસરૂએ મારી માતાને તે કેવા જાલેમ જખમ કરતો જતો હતો તે જોવાને દરકાર કીધા વના કહ્યું; "ઘણું બોલવામાં સવાદ નહીં. હવે બી હું કાંઇ આગલ જેવું બુચું છેઉં કે તેની વાત ? હવે હું માતીદો થયો એટલે મને મારે મનને ગમે તેમ જો ગુપચુપ તમે કરવા દેશો તો કાંઇ નહીં, ને પછી નહીં તો પેલો બે વખત અહીં મલવા આવી ગીયો તે, ને આજે આએ વરી કાગલ—"

"મુજી," મારી મા પોતાની આખી જીંદગીમાં આજે પેહેલીજ વાર તદન દેવાંની જેવી ખીજવઇ પડી ફફડી ઉઠી—અને બીજી પલે તેની આંખે અંધારાં આવ્યાં કે શું તે તે બાપડી મોટા ધપકારા સાથ પછડાઇ પડી.

હું ખસરૂ તરફ માહા ગુસ્સાની એક નજર ફેંકી દુઃખની ચીચ્યારી સમેત મારી મા તરફ દોડી—ઉડી. તે બેભાંન થઇ પડી હતી, અને પાસેની એક મજબુત ટેબલના પૈયા સાથં તેનું માંથુ અફલાઇ જવાથી તેમાંથી લોહી નીકલતું હતું.

ઘરમાં ગભરાત થઇ રહયો. અમો છોકરાંઓ વના વડીલ આસામી કોઇ હતું નહીં, એટલે અમારો ગભરાત વધ્યો. ખુશરો બી હવે ખરેખર ગભરાયો, ને દોડીને મારાં માને ઉંચકવા મદદ કરવા આવ્યો, પણ ભલા દારાબે તેને ગુસ્સાથી એક આંચકો મારી દુર કીધો. "દુર થા, ભઈ તું," તેણે ઘણા ગુસ્સાથી કહ્યું. "માયજીનાં એ દુઃખનું કારણ તુંજ છે."

તે પછી અમો બધાંએ રડતાં રડતાં અમારી કમનસીબ માવતરને બીછાંણાંપર સુવાડી. લોહી હજી વહ્યું જતું હતું, ને તે અટકાવાને મેં જે આવડયું ને ગભરાતમાં જે સુઝયું તે કીધું, પણ કાંઈ વલ્યું નહીં. તે બેભાંની બી જારીજ રહી, ને તેથી તેને હોસ્યાર કરવા મેં પંખો કીધો ને ગભરાતમાં તેઓની સારી છોરી નાંખી, જેમ કરતાં વાસ્કુતનાં ગજવાંમાંથી પેલું કમનસીબ કાગલ નીકલીને મારા પગ પાસે પડયું.

પણ તે કાગલની મેં કે કોઇએ દરકાર કરી નહીં. અમારૂં સઘલું ધકધ્યાંન મુડદું થઇ પડેલી અમારી વાહાલી માતામાં રોકાઇ ગયલું હોવાના સબબે અમો કોઇએ તે ઉપર નજર વટીક કરી નહીં. મેં તેમને હોસ્યાર કરવા કોલોન સુંઘાડયું, ભર્યું, વગેરે, પણ કાંઈ વલ્યું નહીં. છોકરાં તેથી વધતી રડારડમાં પડયાં, ને તેમને ધીરજ આપી શાંત કરવાનું તેમજ માતાપર ધ્યાંન આપવાનું મારા ને દારાબપર આવી પડયું, કે જ્યારે ખસરૂ તો ઘણોજ ફ્રગલાયલો ને ગભરાયલો માનો કોચ પકડી ઉભો રહ્યો.

"દાદાભાઇ દાકટરને ને બાવાને તો કોઈ તેડી લાવો," અંતે મેં તમામ ધીરજ ખોહી દઈ રડતાં રડતાં કહ્યું—અને બીજી પલે દારાબ ને ખુશરો બેઉ પવન વેગે ઘેરમાંથી બાહેર દોડયા.

બીજી દસ મીનીટ વહી ગઇ—દસ મીનીટ કે જે અરસામાં લોહી વેહેવાનું અને પેલી બેભાંની બંને જારી રહ્યાં. હું મારી મા આગલ બેસી રહી. મારી ખાત્રી હતી કે તે કાંઇ મુઇ ન હતી, કેમકે તેણીનો દમ ચાલતો હું જોઈ શકતી હતી.

દસ મીનીટમાં ખસરૂ મારા પીતાને લઈ પાછો ફર્યો. તેઓ મારાં માને કેટલા બધા ચાહતા હતા તે હું ઉપર કહી ચુકી છું, ને તેથી આ આપ્રતની વાતથી માહીત થતાં તેઓ અરધા ઘેલા જેવા દોડી આવ્યાં હતા.

"દાકટર આયો કે નહીં ? દારાબ કયાં છે ?" તેવણે આવતાંને વાર મારી માનો હાલ જોઈ ઘણાજ ગભરાતથી પુછ્યું.

"બાવાજી, દાકટર હજુર આયો નથી," મેં હીંમત મુકી દઇ રડીને કહ્યું.

મારો બાપ મારી માનાં દીલપર પડયો, ને તેને રડીને હોસ્યાર કરવા લાગ્યો. "પીલી, પીરોજ," તેવણ રડતાં રડતાં બોલ્યા, "એકાએક એ શું આફત ? અરે મને જવાબ તો દે, મારા સાથ બોલ તો ખરી ?"

"બાવાજી," મેં ઘણાં દુઃખથી કહ્યું, "એમ તો એવણ હોસ્યાર થશે તો ગભરાઈ જશે. તમે બી એમ શું કરોચ જો ? ઓ, પણ લેઓ દાકટર આયા."

દાદાભાઈ દાકટર મુંબઈનો એક જાંણીતો બુજોર્ગ શેહેરી હતો, ને અમારા જીલ્લામાં પંકાયલો હતો. તેને મારા બાવા સાથ ઘણું

સારૂં હતું, ને તે અમારાં માબાપની ગરીબાઈ તેમજ લાયકીથી પુરતી રીતે માહીતગાર હોવાના સબબે અમારે ત્યાંની "વીઝીટ"ની ફી બી લેતો ન હતો. તે ઘણો લાયકીવાલો, નમાનો અને દયાલુ દીલનો હતો, અને તેવા એક દોસ્તને મારી માતાની જોખમભરેલી માંદગી દરમ્યાંન આવી લાગેલો જોઈ અમને ઘણી હીંમત આવી.

તે પછી ડાકટરે મારાં માતાને હોસ્યાર કરવાને ઉપાયો યોજ્યા, અને તે પ્રસંગે આતુર અને ફીકકે ચેહેરે અમો તે ડાકટરની 'પ્રોસેસ' જોતાં ચુપ ઉભાં રહ્યાં. ખરેખર, તે વખતે એક ઘણીજ ગંભીર ભયભીત ચુપકીદી તે ઓરડામાં પસરી રહી હતી—જાણે સર્વેએ સગવડથી દમ લેવાનું બી મોકુફ કર્યું હોય એવોજ સઘલો દેખાવ હતો!

દાકટરે આશા આપી. "તુરત ધાસ્તી જેવું કશું નથી," તેઓએ કેટલાક ઉપાયો કીધા પછી કહ્યું, અને પછી તરતજ મારી માતાએ એક દચકાં અથવા એક ખંખાર સાથે હોસ્યારીમાં આવવાનાં ચીન્હ બતાવા માંડયાં, કે જે પછી બીજી થોડીક પલોમાં અમો સર્વેની બેહુદ ખુસાલી, ધીરજ ને સંતોશ વચ્ચે તેણીએ પોતાની મીઠી ચસમો ઉંઘાડી.

પણ તોબી તે આંખો ઉંઘાડી છતે બંધ હોય તેમજ લાગતું હતું, કેમકે સરેસ્તાની હોસ્યારી સાથે મારી માવતર. આસપાસ જોતી ન હતી. તેણે ધીમે રહીને આંખ ઉંઘાડી, અને જરા વારમાં તે પાછી બંધ કરી નાંખી.

એ વખતે, તોપણ, દાકટરે વલી પાછી નાડ તપાસી વધારે આશા પેદા કરનારી ધીરજ અમોને આપી, એટલે કાંઈક ધીરજ પાંમી મારા બાપ મને મારાં માનાં બીછાંણાં આગલથી બાજુ લઈ ગયા, અને એ માંદગી એકાએક કેમ ગાલેબ આવી તે પુછયું. "મને ખસરૂએ કાંઈ કહ્યું ખરૂં," તેવણે કહ્યું, "પણ તે પોતે એટલો ગભરાયલો ને બોબરો તોતરો થયલો હતો કે તે બરાબર સમજ પડે તેમ બોલ્યો બી નહીં, એટલે મને સમજ પડયું નહીં. તે કાંઈ એમ કેહતોનો કે એક કાંઇ કાગલ આયું તે વીશે માય સાથે ખટપટ—અરે પણ આએ શું કાગલ પરચુંચ?"--અને બીજી પલે તેણે મારી માતાનાં ગજવાંમાંથી જે કાગલ તેનાં બીછાંણાં આગલ સરી પડયું હતું તે દોડી જઈ ઉપાડી લીધું.

"બાવાજી," તેઓ તે કાગલ ઉખેડવા જતા હતા તેટલાં મેં આગલ પડી તેમના હાથ પકડી કહ્યું, "ખુદાને ખાતર તમો એ કાગલ ના વાંચો."—અને તે કાગલ જે પલ જતી હતી તે પલમાં કાંઈ બી ભયંકાર ખરાબી કરશે એવા કાંઈક સ્વભાવીક વસવસાની ધાસ્તીથી મારૂં સઘલું તનબદન થરથર ધ્રુજતું હતું.

"રાંડ ગાંડી છે ગાંડી," મારા બાપે મારા હાથમાંથી પોતાના હાથ આસ્તેથી—પ્યારથી છોડવતાં કાંઈક હસીને કહ્યું; "જો આએ માઠો બનાવ નહીં બન્યો હોતે તો હું સાંહજે આવતે ત્યારે તારી માય મને એ કાગલ બતાવ્યા વના રેહેતે એમ કાંઇ તું ધારેચ?"

હું તો ખરેખર એમજ ધારતી હતી—બલકે મારી તો તમામ ખાત્રી હતી કે મારી માતા એ કાગલ કદી બી મારા બાપને નહીં બતાવતે, પણ તે હું બોલ્લું. કહું કેમ? હું ખામોશ રહી.

મારા બાપે તે પછી એક બારી આગલ જઇ તે કાગલ ઉખેડયું, અને વાંચ્યું. તે પછી જે દુઃખ ભરેલો દેખાવ થયો તેનું હું બ્યાંન કરી શકતી નથી. મારો બાપ જેમ જેમ તે કાગલ વાંચતો ગયો તેમ તેમ તેના ચેહરાપર હજારો આકાર વીકારો ને લખો ફેરફાર થતા ગયા. તે ગુસ્સાના હતા, દયાના હતા કે કઇ લાગણીના હતા તે હું તે વેલાએ સમજવાને ઘણી નાદાન હતી, પણ હું એટલું તો જોઇ શકી કે જાંણે પોતાની આંખપર પોતે જે વાંચ્યું હતું તે માટે વીશ્વાસ ન આવતો હોય તેમ એક વાર તેઓએ તે કાગલ વાંચી રહીને ફરીથી વાંચ્યું, અને પછી તેમનાં મોં ઉપરનો તમામ રંગ ઉડી ગયો, કે જ્યારે 'ઓ ખોદા! ઓ મારા ખોદા!' એટલુંજ બોલી તેવણે આંખે હાથ દાબ્યો.

આ ઉપર સર્વેનું ધ્યાંન ખેંચાયું. નાધલાં છોકરાં દધાઇને ખુંણામાં ભરાઈ ગયાં, ને મોટાં અણહદ ગભરાતથી મારા બાપનું મ્હોં જોવા પડયાં. દાદાભાઇ દાકટર બી બેસુમાર અચરતીમાં મારા બાપને કાંઇ પુછવા આગલ ગયો, પણ મારા બાપે તેને એક ઘાતકી અછાતથી ખસેડી નાંખ્યો. તે પછી પેલું કાગલ ધીક્કારથી ફેંકી દીધું, અને એક પલ—ફકત એકજ પલ માંદગીનાં બીછાંણાંપર પડેલી પોતાની મોહરદાર તરફ ચસમ ઠડાવી બીજી પલે તેઓ વીલાપની એક હાય સાથે પાંજરામાંથી છુટેલા એક જંગલી જનાવરનાં ઝનુન સમેત ઘેરમાંથી નીકલી ગયા!

તેઓ કયાં ગયા? કાં ગયા?

હું દુ:ખની ચીચ્યારી સાથે તેઓ પછવાડે જવા કરતી હતી, ને દારાબ બી તેજ હેતુથી કુદકો મારી આગલ પડયો, પણ તેજ પલે મારી માતા બીછાંણાંમાં એકાએક ચમકી ઉઠી અને બેઠી. તેણી આવા દુ:ખદાયક સંજોગ વચ્ચેજ કેમ ઉઠવા ને હોશીયાર થવા પાંમી તે હું કહી શકતી નથી, પણ તેણી ઉઠી, બેઠી અને તેણીએ જંગલી જેવા ચેહેરાથી આસપાસ પોતાની ફગલાયલી ઘભરાયલી ચસમો દોડાવી. તેજ વખતે તેની નજરે પેલું ઉખડેલું અને મારા બાપે ગુસ્સાની બેદરકારી સાથે ભોંયપર ફેંકેલું કાગલ પડયું, અને તે ઉખેડાયલું હતું ને વંચાયું હતું એટલુંજ જોતાં એક "ઓ!" ના ધીમા પોકાર સાથે તે પાછી બીછાંણાંમાં પછડાઇ પડી, કે અફસોસ! સઘલું આખર થઈ ગયું! તે આ બીજો ફટકો ખમી શકી નહીં, અને તેનો જવાન જીવ નહીં માન્યામાં આવે એવી રવેસે નહીં ધારેલા અરસામાં તેણીએ પોતાના હકતાલાને સ્વાધીન કરી દીધો!

પ્રકરણ ૫ મું.

માનું મરણ.—બાપનો આપઘાત.

એ વખતે જો ભલા ડાકટર દાદાભાઇની કીમતી મદદ ને મેહેરબાંની નહીં હતે, તો મારી વાહાલી માવતરનાં રવાંનને તેની સેવટની આરામઘાહે પોંહોંચાડવા સંબંધી દુ:ખભરી ગોઠવણ ને મેનેજ બી કોણ કરતે તે હું કહી શકતી નથી. હું કહી ચુકી છું કે અમારી લગોલગ પડોસમાં કોઈ વસ્તું ન હતું, અને અમારાં નામનાં સગાં અથવા ગણત્રીનાં દોસ્તઆસનાવ જો કોઇ હોય તો તે બી સઘલાં દુરની મંજલપર રેહેવાવાલાં હતાં. પાછલથી તેઓમાંથી જોકે થોડાંકોએ પોતાનો દેખાવ દીધો બી ખરો, તોબી મારી માતાનાં સચકારની વખતે એકાદ બે ગરીબ પડોસી ને ડાકટર દાદાભાઇને ત્યાંનાં સીવાય અમો કમનસીબ બચ્ચાંઓને કોઇની બી મદદ ને કોઇનો સધ્યારો ન હતો!

તે એક હીણભાગ્ય દીવસનું દુ:ખ આખી જીંદગીનાં દુ:ખ જેવુંજ જોરાવર અને જાલેમ હતું. જે માતા ફક્ત બે કલાકની

આગમચ કદી મરે નહીં એવી તનદરોસ્તી સાથ અમો વચ્ચે વસેલી હતી—જેણીને માંથે મોહત એવડી તલપ સાથ ઘુમે છે એમ મને કોઇએ કહ્યું હોત તો તે વાત હું તુચ્છકારથી હસી કાઢતે, તેજ માતા—તેજ મારી વાહાલી સદાની મેહેરબાંન, મારી ગરીબરી માતાને ઠંડા પથરો ઉપર લાકડાંના કટકા મીસાલે મેં બંધાઈ રૂંધાઈને પડેલી જોઇ, ત્યારે તે હૃદયભેદક દેખાવથી મારી છાતી ફાટી ગઇ!

મોહત કોઇને મુકતું નથી—પાદશાહોના મેહેલ બી એ માહેતમની હાયથી બાકાત કે ખાલી નથી, પણ આવું અજબ, આવું અચાનક, આવું જવાંન મોહત જો ત્રાહીતને રડાવા બસ હોય, તો અમે નાવારેસ થઇ પડેલાં કમનસીબ છોકરાંઓનો આશરો શો?

નાવારેસ? હા. અમોને ફક્ત એ માતાનાં મોહતપરજ વીલાપ કરીને ધીરજ પકડવાની નહીં હતી. તે વાહાલી માવતરનાં મરણની હરોલમાંજ અમો એક માયાવંત બાપને બી ખોહી બેઠાં, અને એકજ ફટકે—એકજ વખતે નહીં મનમાં નહીં ચતમાં તેમ એક કરતાં બએ શીરછત્રોને ખોહી બેસવાં, ને આ બોહલી દુન્યાની સપાટીપર બીલકુલ નીરાધાર નાવારેસ રવડી પડવું એનાથી બેહેતર—એનાથી બદતર, એનાથી જયાદા જબુન દુ:ખ તે કેવું હશે?

પણ કુદરદાંન વાંચનાર હયાં દયાથી પુછશે કે મારા બાપનું શું થયું, અને તેના જવાબમાં મારે અતરે કેટલાક ખુલાસા કરવા યોબવું પડશે.

પેલું કાલી લીસોટીવાલું કમનસીબ કાગલ વાંચ્યા પછી મારો બાપ કાંઇક જંગલી ઝનુન સાથે ઘેર છોડી ગયો, ને તેની પુઠે દોડવા જતાં દારાબ વગેરે તેજ વખતે અમારી માતાનાં ઉઠી બેસવાથી રહી ગયાં તે હું ઉપર સમજાવી ચુકી છું. ત્યારકેડે દમબદમ બનેલા અમારી મરનાર માવતરના સંબંધનાજ બનાવોએ અમારૂં સઘલું ચકધ્યાંન તે બાજુએજ રોકી નાંખ્યું, જેથી અમો અમારા પીતાની તુરત કશી ખબર લઇ શકયાં નહીં, પણ એક વાર તે મુઇ છે એમ અમારી દુ:ખભરેલી ખાત્રી થઇ ત્યારે તેનાં મોહતપરનાં અમારાં ભારી રૂદન વચ્ચે અમોએ અમારા બાપને માટે દાદાભાઇ દાકટરને આતુર સવાલો પુછયા, ને તેઓએ અમને ખાત્રી આપી કે તેઓએ કયારનાં તેની ખોલમાં માણસો દોડાવ્યાં હતાં.

પણ મારા બાપનો કશોજ પતો મલ્યો નહીં. તેની જુ-સ્તેજો માટે પોલીસને બી કહ્યું, અને ગુમ થયલા બાપની ખોલમાં ખસરૂ ને દારાબ બેઉ રખડી રવડીને હાકેલા પાછા ફર્યા. શું અમારો બાપ વગર દયાએ અમને આવાં સંકટનાં સંકડાંમણ વચ્ચે તજી ગયો?

હવે જ્યારે મારી મરનાર માવતરનાં રૂવાંનપર અમો પડેલાં હતાં ત્યારે મારો વડો ભાઇ ખુશરો—અમારાં આ સર્વે અગાધ સંકટોનું મુલ—વાંકો વલીને મારો બાપ પેલું કમનસીબ કાગલ જે ભોંયપર ફેંકી ગયો હતો તે ઉંચકવા જતો હતો. તેને મારી માતાનાં મોહતથી અને પીતાનાં ગુમ થઈ જવાથી દુઃખ નહીં લાગતું હતું એવું તો કશું હતુંજ નહીં, તોબી તેવા દુઃખભરેલા સંજોગો વચ્ચે બી તે પોતાની જીગ્નાસા વારી શકયો નહીં. તે એવું તે શું કાગલ હશે કે જેણે નહીં ધારેલી રીતે એવી ભયભીત ખરાબીઓ કરી નાંખી—એવા એક સેતમના સેહેતાંનનેજ અમારે ત્યાં લાવી નાંખ્યો તે જાંણવાને ધીક્કારવાયોગ્ય ઉલટથી તે અધીરો પડગો, ને તેથી તે કાગલ લેવા જતો હતો; પણ મેં તુરત આગલ ધસી જઇ ગુસ્સાની એક બુમ સાથે તેના હાથમાંથી તે ઝુતી લીધું, અને તે અમારા એકજ ખરા ખેરખાહ—દાદાભાઈ દાકડરના હાથમાં આપ્યું. "ડાકટર," મેં દચકાંઓથી ગુંગલાતા સાહાદે કગલીને કહ્યું, "આએ કાગલમાં મારાં માયજીની કાંઈ બી છુપી વાત છે, કે જેવણ કોઇને જાહેર થયલી જોવાને ખમી શકતાં નહીં હતાં. તે વાત અમો બચ્ચાંઓથી તો ખસુસ કરીને છુપાવાની અગત છે, ને તેથી એ કાગલ હું તમારાજ પવીતર વીશ્વાસમાં આપુંચ." દાકટરે એ ઉપરથી તે કાગલ પ્યારથી મારૂં માંથું પસવારી તથા ખસરૂપર કાંઇક ના-પસંદગીના ડોલા કાઢી લીધું, ને ઘડી વાલી તે પોતાનાં ગજવાંમાં મેલ્યું.

મારી માતાનાં અચબુચ મોહતપર જુરી ભરવાની જરૂર હતી, ને ત્યાં તે કાગલની વાત રજુ કરવી પડશે એવો મને ભારે ભય હતો. પણ દાદાભાઇ ડાકટરે મને આપેલી ધીરજથી—કદાચ તેવણે ચલાવેલા લાગવગનાજ સબબે—જુરીએ પોતાનું કામ ઘણુંજ ટુંકમાં આટોપી લીધું, ને મરનારનું મોહત "અકસ્માત પડી જ-વાથી થયલા જખમમાંથી ઘણું લોહી વેહેવાના તેમજ હાર્ટદીઝીઝ હોવાના સબબે નીપજયું હતું" એવો જુરીએ અભીપ્રાય આપ્યો.

અને ત્યાર પછીજ મારી માતાને સંજોગવા સંબંધી ગોઠવણો કરી શકાઇ, એટલે હવે તે સેવટની ઘડી આવી કે જ્યારે એક છેલ્લી કોટી સાથે અમારે તે માવતરને સદા સુધીની છોડી દેવાની હતી! ત્યારે આંસુઓના જે મસ ધોધ વચ્ચે ને દચકાંઓના જે મસ મોટા ખરાં દીલના ઘોંઘાટ અને ગુંગલાત વચ્ચે અમોએ તે કીધું તે ઉપર વીગતે લખવા હું થોબશ નહીં. ત્યારે મારી નાધકલી જર-બાંનુંએ (સૌથી નાહની સાત વરસની મારાં માબાપની લાડકી મારી બેહેને) મને નીરદોશ ગભરાતમાં પુછ્યું કે "માયજીને એ લોકો શું કરેચ?" ને તેથી મને માવતરનાં મોહતનો જે કારી જખમ થયો તે જખમ ઘણો જબુન હતો, કેમકે ત્યારેજ મને પેહેલો ખ્યાલ થયો કે તે મા વનાનાં થઈ પડેલાં નાવારેસ બચ્ચાંઓની આવી બાલક વયે એક માતા સમાન જગ્યા રાખવાને મારાં હીણાં નસીબમાં સરજેલું હતું! છેલ્લે, તે ઘડી આવી કે જ્યારે મારી માતાનાં રવાંનને તેની સેવટની આરામઘાહપર લેઇ જવા ઉપાડવામાં આવ્યું, અને ત્યારે માતા અને પીતાને મેં અને મારાં ભાઇ બેહેનોએ જે એક અવાજે એકજ કકલાત વચ્ચે માંગ્યાં, તે અમારી કલાપીતે મારી માતાનાં માનમાં ભેગી મલેલી બાહેરની તે નાહની ગરીબરી મીજલસને વટીક રડાવી!

ત્યાર પછી સઘલું સમાધાંન થયું, ને રખે નાવારેસ થઇ પડેલાં "દુકતાંઓની જોહોર" માંથે પડી જાય તેની ધાસ્તીથી અમારાં બે પાંચ નામનાં સગાંઓએ ગરોગર મારે ત્યાંથી નાહાસનું પાડયું. સારાંશ, તે દીવસે સાંહજ થતાં સુધીમાં તો અમારૂં સદાનું હરીઆલીથી હસતું ઘર સ્મશાંન જેવું ઉજ્જડ અને ભયભીત બની ગયું, અને અમો પાંચ છોકરાંઓ વના કોઇ બી વડીલ આસામી અમને હીંમત કે આશરો આપવાને તે ઘરમાં બાકી નહીં રહ્યું!

તેજ સાંહજે એ રીતે અમો પાંચે છોકરાં દઘાઇ ભરાઇને સામટાં બેઠેલાં હતાં તેટલાં અમારાં મકાંનનું આગલું બારણું ઉઘ-ડયું, ને ઘેલો બેહેલઈ ઘેરમાં આવ્યો. તેનો ચેહેરો ઘણોજ ગંભીર હતો, અને જાંણે ઘણાજ વીશ્વાસમાં તે કાંઇ ઘણું જરૂરતું કેહેવા આવ્યો હોય તેવો તેનો હાલ હતો. તે શું કેહેવા આવ્યો હતો?

"ચાલો, થાદું પેટ ભઇને," તેણે અંદર આવતાંને વાર પોતાની સરેસ્તાની અદાથી તોબી ઘણીજ ગંભીરતાથી કહ્યું. "માય ભી મરી ઘેઇ ને બાપ ભી મરી ધીયો. મેં ઘેઇ તા—"

હયાં અમો બધાં ચમકી ઉઠયાં, ને તેની આસપાસે ફરી વલ્યાં તે પછી અમારા અત્યંત આતુર સવાલોના જવાબોમાં તે બચારો જે જાંણુતો હતો તે તેના પાસથી ઉપજાવીને સમજી લેવાને અમોને ઘણી મુશકેલી પડી, કેમકે તેનું ભેજું એવું તો નબલું હતું કે તે બાપડાના વીચારો એકમેકપર તુટી પડી ગભરાત કરાવતા, ને તેથી જે બોલવાનું તે ચુકી જઇ તે બીજી વાતોપર ઉતરી પડતો. એમ છતાં વાંચનારનો કંટાલો બચાવા તે ખુલાસો હયાં તેના પોતાના બોલોમા નહીં ઉતારતાં હું મારાજ થોડાક બોલોમાં સમજાવી લેવશ. તેનાં કેહેવા મુજબ તેણે ગઈ રાત્રે મોડેથી મારા બાપને અમારાજ લતા તરફના એક મોટા તલાવમાં નખાવી દેતાં બરાબર જોયો હતો, પણ તે તરતજ કેહેવા નહીં આવ્યો કેમકે તે ભયભીત બનાવ જોઈ તે એટલો બીહીધો.કે તુરત ત્યાંથી ઘેર નાહસી ગયો, ને હમણાં વેર બાહેર નીકલવાને તેની હામ ચાલી નહીં.

એ સઘલાં તેનાં બોલવા ઉપર એતબાર લાવવાને અને તે ખરૂં માનવાને કાંઇ ઘણું કારણ ન હતું, કેમકે જેમ તે જાંણી-બુજીને જુઠું નહીં બોલે તેવો હતો, તેમજ નાઘલા બનાવોને મોટું રૂપ અથવા મોટી અગત આપી બનાવતી ખનાવો ઉભા કરવાની બી એવાં માણસોમાં ખુદરતી ખોડ કે તબેહ હોય છે તે અમોને ખબર હતું. એમ છતાં ખસરૂ ને દારાબ તુરત તેના સાથ તે તલાવ તરફ જવા કુદકો મારી ઉભા થયા, ને તે ત્રણે જણ ઘરમાંથી બાહેર પડયા.

તેમનાં જવા પછી અમો ત્રણ છોકરીઓ તે મોહતનાં મકાનમાં એકલી પડી, ને જેમ જેમ રાત થવા માંડી તેમ તેમ માવતરના મોહતનો મારો ગમ વધારે ને વધારે મને લાગ્યા કીધો, કેમકે મારા કેવલ એકાંતવાસ વચ્ચે હવે મને ત્યાં દીલાસો દેનાર દોસ્ત બી કોઈ હતો નહીં. મારી સાથેજ નાજાં ને જર બી રડતાં હતાં, ને દીવા સલગાવ્યા પછીથી તો તે બચ્ચાં જાંણે બીહતાં હોય તેમ વધારે ને વધારે મારી સોડમાં ચંપાયા કરતાં હતાં.

મને પોતાને તો બીહીક જરા બી લાગી નહીં, કેમકે મેં ખ્યાલ કીધો કે જો કદીને મુવેલાંઓથી આ જેહાંન પાછું ફરાતું હોતે તો ત્યારે બી મારી માતાનો ભુત અમોને બીહીઘરાવા તો નહીંજ, પણ અમારી પાસબાંની કરવાજ અતરે આવતે—એવી તે એક માયાલુ ને મોહબતવંતી અમારી માવતર હતી!

અંતે બે કલાક પછી તે મારા બંને ભાઇઓ થાકેલા પાછા ફરયા. તેઓએ મને કહ્યું કે જતાં જતાંજ પોલીસમાં ખબર કરી તેઓ પોલીસનાં માણસોને ફાંણસો ને ગલ વગેરે સાથે લેતા ગયા, અને બેહેલાઇએ બતાવેલા તલાવમાં ઘણીજ જુસ્તેજો ચલાવતાં ફક્ત એક ગલમાં તલાવમાંથી એક ટોપી નીકલી આવી (જે અમારા મરનાર બાપની હતી) તે સીવાય બીજું કશું જડયું નહીં. વલી મારા બાપની લાસ માટે ટોપીનો પતો મલતાં તે બોહલા તલાવમાં ઘણી જુસ્તેજો ચલાવી, પણ લાસ હાથ લાગી નહીં, ને તેનું શું થયું તે ખાત્રીપુરવક કોઇ સમજાવી બી શકયું નહીં.

પ્રકરણ ૬ ઠું.

જુદાઈ.

ઈંગ્રેજીમાં કેહેવત છે કે "ગરજની વખતે જે દોસ્ત સાહ્ય થાય તેજ ખરો દોસ્ત કેહેવાય," અને તેવો એક દોસ્ત તે અમો કમનસીબોનાં સારાં નસીબે દાદાભાઈ દાકટર અમોને હાથ લાગ્યો હતો. તે ભલા ગ્રેહસ્થ ને તેઓને ઘરનાં બાંનુઓ રોજ અમારી મુલાકાતે આવતાં—ડાકટર પોતે તો પેહેલી બારીમાં બબે ફેરા બી આવતા—અને અમો કશી રીતે મોહતાજમંદ નહીં રહીએ તેની જાતે તપાસ રાખતાં. તેઓ તો તદન બરોસાથી મારા બાપને મુવેલો માનતાં હતાં, કેમકે તેઓ કેહેતાં કે જો તેણે અપઘાત નહીં કીધો હોત તો ગમે એ કારણથી ઘર તજી જવા પછી બી તેની મોહરદારનાં મરણની ખબર થતાં તે પોતાનાં નાવારેસ બચ્ચાંઓનો ખ્યાલ કરી ઘેર પાછો ફરયા વના રેહેતેજ નહીં. તેમ તેણે નહીં કીધું તે, તેમજ ઘેલા બેહેલાઇએ કહેલી વાત સીદ્ધ કરવાને બસ હતી કે તેણે પોતાની હૈયાતીનો આંકો લાવી મેલ્યો હતો. એ ઉપરથી તેઓએ મારી માતાની ક્રીયાની સાથેજ જરૂર જોગી પેહેલા દીવસોપર મારા પીતાનાં મરણની બી ક્રીયા કીધી—ક્રીયા કે જે બીલકુલ સાદી અને અગતસરની હતી. તેમાં કાંઇ મોબેદોને નવાજવાનું કે દસ્તુરોને જમાડવાનું ન હતું;—તેમાં કાંઇ બાજ ને મેજના ખુમચા ભરીને વેંહેચાયા ન હતા;—તેમાં "ચારમનું ધાન" ખુમચે ખુમચે કે રકેબે ટોપલે ઘેરેઘેર "ચાસણી" ને વાસ્તે મોકલવામાં

આવ્યું ન હતું. તે ક્રિયા ગુજરેલા ગજબની યાદ આપનાર સાદી, નાહની, અગતજોગીજ હતી, અને અમારે માટે તો તે ક્રીયામાં વટીક એક આખી દુન્યાનું દુ:ખ વસેલું હતું.

એ ક્રીયાનો ઘણોખરો ખરચ ને અમારાં ઘરનો બી ખરચ અમારા એ એકજ ખરા ખેરખાહ—ડાકટર દાદાભાઇ કરતા હતા, "લાવે તો ખાય" એવો મારા બાપનો ગરીબરો સંસાર ને હાલ હતો તે હું આગલ સમજાવી ચુકી છું. વલી બેહેરતીઓનાં ચારમની આગમચથીજ ખાંના પેટી તપાસવા ખસરૂ તો મારી પુઠે લાગ્યો હતો, પણ હું કુંચીઓ વીહીલી મુકતી ન હતી, ને તેને ધીરજ આપ્યા કરતી હતી; એમ કરતાં મને પોતાને બી ઘેરમાં ખરચની તાંણ પડવા લાગી, એટલે ચારમ પછી મેં મારાં માત-પીતાનો અવેજ તપાસવા જરૂર જોઇ, ને અમોને કશું બી જીવ જેવું હાથ લાગ્યું નહીં, એટલે તમામ મોહતાજમંદ હાલે અમારા દીવસ કેમ જશે તેનો મને સૌથી મોટો ધરકો પડયો.

અંતે એ વીશે આંસુભરી આંખો સાથે મેં દાદાભાઈ ડાકટરની સલાહ લીધી, ને તેઓએ અચકાતાં અચકાતાં પણ ખરી કદરસનાશીથી સલાહ આપી તે એજ હતી કે અમો ભાઇ બેહેનોએ ઘર ઉઠાવી છુટાં થઇ જવું. એ વીચાર ઘણોજ દુ:ખદાયક હતો, કેમકે સદાના સંપજ ને સંતોશ સાથે વસાયલું તે નાનું ગરીબ પણ સુખી ઘેર આ રીતે વેરાંન થયા કેડે વેરવીખેર પણ થવા પાંમે, ને અમો ભાઇ બેહેનોનો ભુંડો વેરવાટલો થઇ જાય એ નહીં તામોશ થઇ શકે એવું હતું. "તોબી," બુજોર્ગ દાદાભાઈ ડાકટરે મને પેટનાં બચ્ચાં સમાન પ્યારથી પેટમાં ચાંપી ધીરજ આપતાં કહ્યું, "એ એકજ ઉપાય છે, ને તે અમલમાં લાવ્યા વગર બીજો કશો રસ્તો નથી. ખસરૂ હજી તો મીલમાં શીખાઉ છે, ને હું તેની ચાલચલગતમાં કાંઇબી એવું પ્રોમીસીંગ નથી જોતો કે જેથી એ કાંઇ કમાઇ ધમાઇને બી તમોને સપોવે. દારાબ ઘણોજ લાયકીવાલો ને ગરીબ છોકરો છે, પણ હજી ઘણો બાલક છે, ને એનો શીખવાનો વખત છે એટલે એને તો હું મારેજ ઘેર રાખવાનું નક્કી કરૂંચ, ને મારાં કાંઇક નાધલાં કામકાજપર એ ધ્યાંન આપતો રેહશે તેના અવેજમાં હું એને આગલ શીખવાનુ ને રેહેવાનું તેમજ ખાવાપીવાનું બી મારાં બચ્ચાંનીજ કાંની ગણીને પુરૂં પાડશ. ખસરૂની

બી ગોઠવણ હુંજ કરશ. એની મીલના એજંટ સાથ મને સારૂં છે તેનાપર વગ ચલાવી હું એને કાંઇ પગાર કરાવી આપશ. ને તે યાતો મીલના ગરીબ પારસી કામદારોની ચેલી છે ત્યાં રેહશે, કે નહીં તો પછી જો એજંટ એને બી પોતાને ત્યાં રાખવા કબુલ કરશે તો ત્યાં રેહશે. એમ કરતાં જે બાકી રેહશે તે તમો ત્રણુ બેહેનો છેઓ, અને તમોને થર પડવાનું લગાર મુશકેલ છે—સીવાય, શીરીન, તમે મેં સુચવ્યું તેમ એકાદ આબરૂદાર પારસી ફેમીલીમાં છોકરાંને શીખવવા કે રમાડવા રેહી જાઓ.

"હું કાંઇ તેમ રેહેવાને જરા બી શરમાતી નથી, ડાકટર." મેં દચકાંઓથી ગુંગલાંતાં કહ્યું. "આબરૂદરકારથી કેઠે બી રહીને મને મારા ગુજરા જેટલું મલશે તો હું શુગરાના કરશ, પણ ત્યારે મારી બે નાધલી બેહેનોનું શું થશે?"

"તેઓની બી હું કેઠે ગોઠવણ કરવા માંગું છું," ડાકટરે ધીરજ આપી. "મારાં ઘરાકોમાં બે પાંચ કોઈ એવાં બી છે કે જેઓ છોકરાં વગરના છે, ને છોકરાંનાં ઘણાંજ શોકીન તેમજ છોકરાંઓને સપોવે એવાં પઈસાવાલાં છે, ને તેઓમાંથી કોઇને બી ત્યાં એ બે બચ્ચાં હું ગોઠવી દઇ શકશ."

હયાં દાકટરનો તેઓની આ બેશુમાર મેહેરબાંનીઓ ને મમતાઓ માટે મેં ભારી ઉપકાર માન્યો, અને તેણે રૂખસદ લીધી. તે પછીથી ઘર વીખેરી નાંખવાની વાતથી અમો ભાઇ બેહેનોમાં જે ભારે સંતાપ બરપા થયો તેનું બ્યાંન કરવું બેજા છે. એકજ—એકલો ખસરૂજ તે વાતનો જરાબી ખ્યાલ કે ગમ કરતો જણાતો ન હતો. ઉલટું મેં ઘણા કમકમાટ વચ્ચે જોયું કે તે એ વાતથી કાંઈક વધારે રાજી થયલો જણાતો હતો. તેને સઘલી દેખઈતી રીતે પુરેપુરી સ્વતંત્રતા ને છુટાપણું જોઈતું હતું, ને જોકે હું તો તેનાથી નાંધલી હતી તોબી તે જરાતરા મારો ધાક કરતો હતો, કેમકે રખે હું દાદાભાઇ દાકટર આગલ તેને વીશે ફરીયાદ કરૂં તેની તેને ધારતી હતી. તેથી જોકે હમણાંબી તે ઘરમાં અયાસી, તોફાંણી ને નાલાયક ચાલ ચલાવતો હતો, તોબી તે સઘલું તેની ચોકકસ હદમાં હતું, ને તેટલો બી અંદાજે અમો છુટાં પડવાથી તો દુર થઇ જશે એ વાતના વીચારથી તેને કાંઇક ખુશી ઉપજેલી જણાઇ.

વલી થોડા દીવસો પછી ડાકટર આવ્યા ત્યારે મારા સાથ અમારાં છુટાં પડવા વીશે તેઓએ એકાંતમાં વધારે વાત કરી. "હું તમારા બાબમાં મારી ધારણા પ્રમાણે કેટલુંક કરી શકયો છું," તેણે કાંઇક હસીને કહ્યું. "બાપુજી એદલકાકાના નામના એક પઈ-સાદાર પારસીની લગાર ચકરમ પણ ઘણી સખાવતભરેલી વીધવાએ તમારી બેઉ નાંધલી બેહેનોને પોતાને આશરે લેઈ લેવા કબુલ કીધું છે. તે એ લોકને ખવારશે, પીવારશે, શીખવશે, ને બીજી જીંદગીની સઘલી જરૂરયાતોપર ધ્યાંન આપશે. તે જરાક સ્વભાવની કડક ને ચકરમ છે, પણ તેનાં દીલમાં તે ઘણીજ સ્વચ્છ ને સખી છે, એટલે છોકરીઓ સુખી થયા વના રેહશે નહીં. વલી એજ રવેસે તમારી બી ગોઠવણ થઈ છે. કોલાબે એરચશાહ પટેલ નામના પારસીને ત્યાં તેનાં છોકરાંઓને રમાડવા અથવા શીખવવા મેં તમારે વાસ્તે એક જગ્યા નક્કી કરી છે. તે બેઉ ધણી ધણીઆંણી માયાલુ ખવાસનાં ને ભલાં છે, ને મને આશા છે જે તમારી સરેસ્તાની રૂડી ચાલથી તમે સુખી થયા વગર રેહશો નહીં. વલી એમ કરતાં તમારાં ભાઇ બ્હેનો તો સઘલાં આએજ લતામાં રેહશે, એટલે અવારનવાર મલતાં ભેટતાં રેહશે, ને એક તમેજ લગાર દુર જાઓચ, તે કોઇ કોઇ દહાડે રજા મેલવીને અહીં મલવા આવ્યા કરજો."

* * * * *

મારાં માતપીતાનો માસીસો વીત્યા બાદ બીજે દીવસે અમારૂં છુટાં પડવાનું નક્કી થયું હતું, ને તે હીણભાગ્ય દીવસ ઉગ્યો કે જ્યારે અમો સર્વે છોકરાંઓનાં મોં રડતાં હતાં. ખરૂં કહું તો તે આખી રાત મારી જરાબી આંખ લાગી ન હતી. આવી બાલક વયે—આવી જવાંન ઉંમરે કોઇના બી આશરા વગર આ બોહલી દુન્યાની સપાટીપર રવડી પડવું અને પછી ગુજરાણને અરથે એક હલકી નોકરીમાં દાખલ થવું એ ખ્યાલમાંજ શું સંતાપ ને દુ:ખ ન હતું?

તે હીણભાગ્ય દીવસ ઉગ્યા પછી તે કમનસીબ ઘડી બી સાથે આવી કે જ્યારે અમો એકમેકને દચકાંઓ અને આંસુઓ વચ્ચે મલી ભેટીને છુટાં પડયાં. અમારાં ઘેરમાં જે ગરીબ ને થોડુંક ફરનીચર હતું તે માંહેલું કેટલુંક તો ખસરૂને જોઇતું હતું (કેમકે તેનું મીલના પારસી કામદારોની ચેલીમાંજ રેહેવું નક્કી થયું હતું) અને તેથી

તેને ત્યાં ગયું, ને બાકીનું હતું તે લીલાંઉ કરીને તેના પઇસા અમોમાંથી કોઇને નામે સેવીંગ બેંકમાં નાંખવાનો ડાકટરે વીચાર રાખ્યો હતો.

જર ને નાજાંને તો ડાકટર પોતે એદલકાકાને ઘેર લઇ જવા પોતાની ગાડીમાં લઇ ગયા, ને જ્યારે નાહની જર મારાં પાસાંમાં દબાઇ દબાઇને રડી, ત્યારે નાજાંપર વલી તેટલી અસર થયલી મેં જોઈ નહીં. 'મોટા લોકને ઘેર' તે રેહેવા જવાની હતી તે બચ્ચાં સહી વીચારથી તેને કાંઇક મોજ મલેલી જણાતી હતી, ને તેથી તે દલગીર કરતાં ઉલટમંદ કાંઈક વધારે હતી.

ત્યારકેડે મારી જવાની વારી આવી, ને દારાબ જ્યારે મારાં ખભાંપર માંથું નાંખીને પોકેપોક રડયો ત્યારે ખસરૂએ તેવી કાંઈબી લાગણી બતાવાને બદલે સામો દારાબને ધમકાવ્યો. તે પછી દારાબ મને એક ભાડુતી ગાડીમાં મારી પેહેલી નોકરીવાલાં મથક ઉપર મુકવા આવ્યો, ને હું ઘેરમાં ગઇ એટલે તે મારી દુ:ખ ભરી રજા લઈ પાછો સધાવ્યો.

પ્રકરણ ૭ મું.

મારાં શેઠ શેઠાંણી.

આખે રસ્તે મારી છાતી ધડકધડક થઈ હતી. ગયે મહીને જો મને કોઈએ કહ્યું હતે કે આવતા મહીનાના અરસામાં મારાં ઘેરમાં સેતમનો સેહેતાંન ઉતરી પડી તેને તારાજ કરશે, અને વલી મને એક દાયા કે આયાની પંકતીની નોકરી વટીક કબુલ કરવી પડશે તો તેમાં હું કાંઈ ઘણુંજ અસંભવીત સમજી તે વાતને કેવલ હસી કાઢતે, પણ આજે ખરેખર તેમ થવાનો વારો આવતાં તે અભાગણી ઘડી જેમ પાસે આવતી તેમ હું વધારે ને વધારે હીંમત હારતી જતી હતી. મારાં શેઠ શેઠાંણી કેવાં હશે--તેઓને હું રાજી કરી શકશ કે નહીં—છોકરાં કેવાં હશે, વગેરે વગેરે એક હજાર શંકાઓ મને ઉપર ઉપર થયા કરતી હતી!

અંતે ઈધાંણીબંધ તે મકાંન આવ્યું, ને તેને પાછલે બારણે ગાડી ઉભી કરાવી દારાબને તેમાંજ પાછો મોકલી હું બીહીતી બી-

હીતી અંદર ગઇ, જાંણે ચોરી કરવા નીકલી હોઉં એટલો બધો તે વખતે મારો દબાયલો—લેવાયલો હાલ હતો !

અંદર જતાં મને એક લાલ્લો મલ્યો તેને મેં મારૂં નામ આપ્યું, ને શેઠ શેઠાંણી વીશે પુછ્યું. તેને મારે વીશે ખબર હોવી જોઈએ કેમકે તે તરત મને રાંધણીમાં લેઇ ગયો, ને ત્યાં બેસવા કહ્યું. સબબ શેઠ શેઠાંણી બાહેર ગયલાં હતાં.

રાંધણીમાં કામ ઉપર કોઇ દાસી રેહેલી હતી, ને તે રોટલી થાપતી બેઠેલી હતી તેની સાંમણે પોતાને ઓલખાવી હું પાટલો માંડી બેઠી. તે દાસી બલા ખવાસની ને ભરભરી હતી, ને તેણે મને કેટલીક અગતજોગ ખબર અંતર આપી. તેનાં કેહેવા મુજબ મારા નવા શેઠને ત્યાં ત્રણ છોકરાં હતાં—એક વડો દસ વરસનો છોકરો, વરસ છની એક છોકરી ને એક વરસનો એક બીજો બુચો. તે બધાં ઘણા વારનાં બાહેર ગયલાં હતાં ને જરા વારમાં આવી લાગવાની વકી હતી. વલી ઘેરનાં નોકરનફરો વીશે મારી આતુર પરપુછના જવાબમાં મને કેહેવામાં આવ્યું કે મેં ઉપર કહ્યું તે એક લાલ્યો, એક મજકુર રાંધનારાં દાસાં, અને એક ઘોડાવાલા ઉપરાંત હું હવે ચોથી ગણાતી હતી.

મારા શેઠનો બંગલો જેમ ઘણો મોટો ન હતો તેમ ઘણો નાહનો બી ન હતો. તેની આગલી પાસે એક નાધલો ચોક હતો, જેમાં કાંઈ ઝાડપાન ઉગાડવાની કોશેશ થતી હતી, અને બંગલામાંનું ફરનીચર તાંણીતોડીને ઇસકી બનાવા માંગેલું હોય તે કીસમનું હતું.

એ તપાસ અને ખબર અંતરને દરમ્યાંન મારાં શેઠ શેઠાંણી આવી લાગ્યાં, ને મને આવેલી જાણી પોતાની હજુરમાં હાજર થવાનું તેડું મોકલ્યું.

હું બીહીતી બીહીતી ગઇ, ને તેઓ જે ‘હાલ’માં બેઠેલાં હતાં તેનાં બારણાંમાં પેસતાં મેં મારી બાઈ શેઠપર નજર નાંખી. તેમાં પેહેલીનો (બાઈનો) દેખાવ જોઇ મને પેહેલીજ નજરે નાસીપાસ થવાનું મલ્યું. તે તો દેખીતી રીતે કોઇ “નસકોરૂ” હતી, કેમકે નાકનું નસકોરૂં ચઢાવી દેઇને તે કાંઈ એવી ઢપથી બેઠેલી હતી કે તેને જોતાંજ તે કોઇ પાજી, મીજાજી, જુલમગાર બાઇ તરીકે સાબેત થઇ આવતી હતી !

તેણીની ઉંમર બત્રીસથી પાંત્રીસને સુમારની હશે. તેણી કોણ જાંણે કયાંક જઇ આવી હશે, ને તોબી ઘરણાંગાંઠાંથી બધી ગંઠરાયલી હતી. ખરેખર, તેણે એટલો બધો ઠઠેરો કરેલો હતો કે સુધરેલા ટેસ્ટની કોઇબી અબલા તેમ કરે એ માન્યામાં આવે નહીં. બીજા હાથપર તેણીનો ભરથાર જે દેખીતી રીતે પચાસ ઉપરની ભરતીમાં પોહોંચેલો હોવો જોઈએ તેનો દેખાવ દયાલુ, નરમાસવાલો ને રાંક જણાતો હતો, ને તે વલી ઉલટી રીતે અસલી ને સાદો હતો!

એવાં મારાં નવાં ને પેહેલાં શેઠ શેઠાંણી હતાં, ને હું દાખલ થઇ કે તેઓ મને ટીકી ટીકીને જોવા પડયાં. "દાદાભાઇ દાકટર આટલી બધી ભલાંમણ કરેચ તે પોરી તું કે રે?" મારાં નસકોરાં બાઈએ જાંણે મારો દેખાવજ, તેનાને નહીં ગમ્યો હોય તેમ ટીંચકુ કરીને પુછયું.

"હાજી," મેં નમનતાઇથી કહ્યું, "ને અમે નાચારની દાદ લેઇને તમે મને તમારે તાંહાં રાખી તેથી તમારી ઘણી મેહેરબાંની થઇ."—અને હયાં મારાં દુ:ખો મને યાદ આવતાં મારી આંખમાં પાણી આવી ગયાં.

"ઓ મરેરે, વરી મુવું એ શું ખેણુકોટક!" મારી શેઠાંણી મને રડતી જોઈને સુગાઇ ઉઠી,—અને તેની એ દયાહીણ ચાલથી હું અચરત થઇ ગઈ, કેમકે હું જાંણુતી હતી કે મારા કમનસીબ હાલથી મારાં આંસુઓના સબબે તેને મારી દયા આવ્યા વના રેહેશે નહીં.

"જા બા મેહેરી," મારા શેઠને મારી દયા આવવાથી તેઓ બોલ્યા, "બચારી પોરી સાથે તું એમ શું કરેચ જો?"

"લે ચાલો, વરી તમે વચ્ચે પટપટ ના કરતા હં: એરચશાહા?" મારી શેઠાંણીએ તરદાઇને પોતાના ખાવંદને ખખરાવ્યો.

"અરે નહીં રે બાપુ હું કાંહાં બોલુંચ જો!" તે ભરથારે નાંખતી કરી; "હું તો અમથો—"

"બસની, હવે જરા દમ મારોની," શેઠાંણીએ પોતાનાં ધણુંને ધમકાવ્યો,—અને પછી મારા ભણી ફરીને પુછયું, "તારી ઉંમર શું?"

"પંદર વરસની જી," મેં કહ્યું.

"અરે તારે તો બચારી હજુર બચ્ચું છે," શેઠને કદર ખાઈને વચ્ચે બોલ્યા વના ચાલ્યું નહીં.

"મરેરે," શેઠાંણીએ કંટાલીને બેઉ હાથ જોડી કહ્યું, "તમારા જેવા પટપટયા ને હારરા માતીદા તો કોઇ દુન્યા જાંહાંનમાં બી નહીં હોશે."—ને પછી વલી પાછું મારી તરફ ફરીને વધારયું, "ને તારૂં નામ શું ?"

"મારૂં નામ શીરીન છે જી," મેં કહ્યું.

"અરે ફીટ ! મુવાં કોટકજ તો !" શેઠાંણીએ છણકો કીધો. "વરી મુવાં ચાકર માણસનાં નામ બી શીરીન તીરીન કેદારથી થયાં ? આપરે ગરીબ મનીખ, આપુને અસલી નામ શોભે. ચાંદણ છે, કુકી છે, નજી છે, દીની છે, એવાં એવાં નામ જોઈએ, તેમાં વરી મુવું શીરીન તીરીન તે કેમ ચાલે ?"

"હવે તેમાંબી તારા બાપનું શું ગીયું જો મેહેરૂ ?" વલી મારા શેઠ વચ્ચે પુરાયા. "એનું નામ એનાં માય બાપે શીરીન રાખ્યું તેમાં એ બચારી શું કરે ?"

"પણ તમે હવે મુંગા રેહોચ કે નહીં, કેહોચ શું ?" મારી શેઠાંણીએ હવે સઘલી ધીરજ ખોહી દઇ ફફડી ઉઠી ઉભી થઈ કહ્યું—અને જાંણે તે પોતાના ભરથારને એકાદ સલાપ ખેંચી કાઢવાની હોય એવીજ સઘલી તેની ટપછપ હતી !

તે પછી તેનો ભરથાર વલી પોતાની આ હતવતા ને લાડકી તેમજ લાયકીવાલી મોહોરદારને ભાભરા ભુતપેરે છેરાઈ પડેલી જોઇ બાજુએ દમ મારી ગયો, એટલે તે મારા ભણી ફરી, અને બોલી, "મેં જે દાકટર સાથ તારે વાસ્તે ગોઠવણ ને સરત કીધીચ તે તો બધી તેણે તુંને કેહી હોશે. અહીં મારાં ઘેરમાં તો બચ્ચાં સાથ આખી રાત ઉજાગરો બી કરવાનો ને પાછલી રાતના ચારને ટકોરે ઉઠવાનું બી. ચોક છે, ચાંદણ છે, લોબાંન છે, પાણી છે, તે બધું સોજું સાજું હવેથી તારે હાથે કરવાનું, ને તે કીધા પછી છોકરાં આગલ રેહેવાનું. અહીં કંઈ નોકરનફરો સાથે ઠીઠીઠાઠા નહી કરવાના મલશે, ને મારા લાલ્યા કે ઘોરાવાલા સાથે જરાબી વાત કરવા ઉભેલી જોવશ તો ટોટોજ પીસી નાંખશ. વરી તું જાંણે કે આએ તો મારો ભઈ છે ને આએ તો મારો માસીનો છોકરો છે કરીને

કોઇ મુવા લેપતાઓને મારાં ઘેરમાં ઘાલે તે બે કાંઇ બનવાનું નથી. શું, હું બધું કેહુંચ તે તારાં ધેઆનમાં ઉતરેચ કે?"

તે બધુ મારા ધ્યાંનમાં તો કેવારનું ઉતરી ચુકયું હતું. મારે કેવી દયાલુ દીલગુરદાની શેઠાંણી સાથ કામ લેવું હતું, ને ભલા દાદાભાઈ ડાકટરે મારા બાબમાં કેવી થાપ ખાધી હતી તે તો મેં પેહેલેજ તડાકે જોઇ લીધું હતું, પણ તોબી મેં જોઇતી સભ્યતાથી કહ્યું, "તમે કેહોચ તે બધું મને સમજ પરેચજી."

"બચારી કોઇ ગરીબ ગાય જેવી છોકરી છે," વલી મારા શેઠે દયા ખાધી.

"મરેરે, કોણ જાંણે એકાએક એવણનાં દીલમાં શાંની એટલી બધી અદરકદર આવીને ભરાઇ ગેઇચ, કાંઇ સમજ નથી પરતી," મારી શેઠાંણીએ બેશરમ ટીકકા કાધા, કે જેની ઝેણથી હું લાલ બની ગઈ, ને મેં શરમ ને દુઃખથી નીચે જોયું. "મુવાં પાતાલ પાણી ચલાવી ને મોરી કોડડી રાખે તેવાં તો દુન્યાંમાં દગેદગ માણસ મલેચ તે કાંઇ સુધ્ધ બરીચ? લે ચાલ વારૂં દુકતી તું હવે ધ્યાન રાખ. મારો જી.ભરાયો નાધલો તેહેમતન છે—"

"નાધલો સેહેતાંન છે," મારા શેઠે ધીમે સાહદે ટાહુકો મેલ્યો, કે જયારે તેનાપર પીશેલા દાંત સાથના ખીજવાતના ડોલા કાઢી મારી શેઠાંણીએ આગલ ચલાવ્યું. "તે માએ જેવો નરો ગરીબ ગાય છે, પણ નામજ તેહેમતન છે તે જી ભરૂં જરા તરા સભાવનો આકરો છે, પણ જો કોઇ તેને બરાબર હસાવે, બોલાવ બોલાવ કરે, ઉછારે, રમારે, વાત કરાવે તો તેના જેવો ગરીબ ગાય કોઈ બીજો દુન્યા જાહાંનમાં બી મલે નહીં. માય જી આપે તે વરી મરૂં મારી ગાયમાય ને અખઈ રજ્ઞો વરો જાલેજર બી મરતાંને મર નહીં કેહે તેવાં ગરીબ છે, ને તું જો એ મારા છોકરાંઓ સાથે સારી રીતથી ચાલશે તો તે એવાં છે જે તે લોકની બપાઇ થતીના બધા જીવ તુંને આપી દેશે."

મેં ત્યાં શેઠાંણી રાજી થાય એવી રીતે કામ કરવાની કેટલીક કબુલાત આપી, ને જણાવ્યું કે મારી ટુંક કેળવણી એવા પ્રકારની છે કે તેને હું રાજી કરી શકશ. આથી તો તે છેરાઈજ પડી! "કેરવણી!" તણીએ એવી તો ચીંચવાઇને મારી ખીચ પાડી કે તેનો વર બી ચમકયો; "તારી કેરવણી? ઓ ઘરેરે તારાં કેરવતાં? વરી મુઆં

નોકર માણસ કેળવણીની કેદારે વાત કરતાં થયાં ? મરેરે, શું જમાનો આયોચ ! મુવાં કેળવણીમાં તો આજનાં ચાકરનફરો હાથનું મુકેલું પગે લઈ જાય તે લઇ નાઠેલાં છે. યાદ છે કેની તમોને,"—અને ત્યાં તે પોતાના વર સાથ વાત કરવા લાગી—" પેલી રાન સલેમાન સાટકા જેવી લાંબી ઈરાંની બઈરી આપરે તાંહાં રહીતી તે બી લાંબી લાંબી ડીંગ મારતીતી, ને ઘણી મુઇ ગેઇ તે પછી આંઠ દહારે અખઈ રેહી ગાયમાયનાં નવાં ને નવાં જભલાંની બુમ પરી—તે લેતીના હાથ ભાગે તે."

ત્યાં મારા શેઠે મજકુર ઈરાંની ઓરત વીશે આ તર કે પેલી તર કશુંબી બોલવાના ખાશ અખાડા કીધા, એટલે તેનાપર ગુસ્સાના ડોલા કાઢી તેણીએ મારા સાથનું સંભાષણ આગલ ચલાવ્યું. "છોકરાંઓને બધી રીતે સોજ્જાં સાજ્જાં ધોતાં ધાતાં રાખવાનાં. તે લોકનાં કપડાં બધાં ગોઠવેલાં ગાઠવેલાં રાખવાનાં, ને ફાટુંતુટું નજરે દીઠું સીવી સાંધી નાખવાનું. જો મારો તેહેમતન જરાબી રરયો તો હું તારા દોરા કારી લેવશ. તે કોઈનાં બચ્ચાં જેવું રરૂં બચ્ચું નથી,"—ત્યાં મારા શેઠને થાસાંની એક ગુચ્છ આવી.—"અને તેથી," મારી શેઠાંણીએ શેઠ ગમ ડોલા કકડાવી જારી રાખ્યું, "તે રરશે તો હું તેનો તારી પાસ જબાપ માંગસ. પછી જો એમ કરતાં તારી ચાલ સારીજ હોશે, ને તારૂં કામ મારી નજરમાંજ આવશે તો વરસ છ મહીના રહીને પાવલો છ આના વધારી આપશ."

આ તેના ભારે સખી દીલગુરદા માટે ફરી એક વાર મેં મારી બાઈનો ઉપકાર માન્યો, ને પછી પાસેના ઓરડામાં છોકરાં હતાં ત્યાં જઈને તેઓનો ચાર્જ લેવાનો મને હોકમ થયો, એટલે આ નાપસંદ તમાસામાંથી મોકલી થવાને મને ઘણી ખુશી ઉપજી.

પ્રકરણ ૮ મું.

મારી પેહેલી નોકરી.

ઉપલી મુલાકાત દરમ્યાંન મેં જોઈ લીધું કે મારો શેઠ કોઈ ખરેખરો ભલા ખવાસનો ને અસીલ હતો, પણ તે મારી બાઇના હાથપર વેચાયલો ને તેથી તેનાથી બીહી ધ્રુજીને ચાલે તે કીસમનો હીચકારો ખાવંદ હતો. બીજા હાથપર મારી બાઇ કોઈ ઘણીજ

જુહાક નેં જુલમગાર હતી, ને તે તે કીસમની શેઠાંણી જણાતી હતી કે જેને કોઇબી રીતે સંપુર્ણ સંતોશ કદી કશાંથી મલી શકતો નથી.

એવી એક નોકરી મારે માટે નક્કી કરવાને ભલા ડાકટર દાદાભાઇને કેમ યોગ્ય જણાયું હશે તે એક અચરતી હતી, તોપણ અનુમાન સેહેલ હતું કે આએ મારી શેઠાંણી ઓલખીતાં પીછાંણનાંઓ વચ્ચે ઘણો સરસ સ્વભાવ બતાવી શકતી હોશે, ને ખાનગીમાંજ પોતાનાં ખરાં રૂપમાં પ્રગટ પડતી હશે, જે રેહેતાં રેહેતાં મારા અનુભવપરથી સીદ્ધ થયું કે ખરેખર તેમજ હતું.

મારૂં કામ ખરેખરૂં મુશકેલ કામ હતું. પેલો નાઘલો તેહેમતન કે જે કોઈજ નહીં પણ એક ચેં પેં કરી રહેલો માંદો મરેહાલ તવાયલો એબદશા જેવો પોરયો હતો તે—તેના બાપે જાહેર કરવાને હીંમત કરી હતી તેમ-ખરેખર એક નાંઘલો સેહેતાનજ હતો. તેનું મોહું રાત ને દીસ ફાટેલું હતું. જો તેને હાથમાં લઇ ઉછારી રમાડીને હું શાંત કરવા જાઉં તો ટપોટપ પોતાનું માથું મારી છાતીમાં એવું મારે કે તેની મને પા કલાક વેર કલ લાગે. જો તેવામાં તેને ધમકાવીને ખામોશ રાખવાની મેં કોશેશ કરી તો અકેક ચીસ એવી મુકે કે સાતમે મોહોલ્લે બી સંભલાય, ને ત્યાર પછી તેની માયજીનો ગુસ્સો મે જુસ્સો જોવાજોગ થઇ પડતો! તેના જેવું લાડઘેલું ને ચીરડાઉ બચ્ચું બીજું કોઇજ થતું હશે એવું મારૂં મજબુત મત હતું.

આખો દીવસ તે દુકતાને જરાબી હાથમાંથી મુકાય નહીં—મુક્યો એટલે તો થઇજ ચુક્યું; અને એવી હેજગારીના દીવસો પછી રાતનો બી મને જરા કરાર ન હતો. તેને ઉંઘ તો જાંણે હોયજ નહીં તેમ આખી રાત હીંચક હીંચક કરવો પડતો હતો.

મોટાં બે છોકરાં બી તેવાંજ હેરેમન હતાં. દુકતીનું નામ ત્યારે તો 'ગાયમાય,' પણ 'ગોધા બાપ' કરતાં બી તે વધારે મસ્તાન હતી. જાલેજર ને ગાયમાય બેઉ આખો દહાડો મરાય પીખાય ને ગાલાગાલી કરે, જેમાં હું વચ્ચે પડી તો મારી કમબખ્તી! મને મારીને અધમુઇ કરે, મારી ખીજ પાડે, મારાં કપડાં ફારી નાખે, ને ટુંકમાં મને રડાવે ત્યારેજ તે બેઉ છોડે.

એ રીતે માબાપનાં મરવાથી હું તો જીવતી મુવેલી હતી. એ વતરોગે.મારૂં બીજું શું થાય-હું કોણુને આસરે જાઉં તે હું સમજી

શકતી ન હતી, ને તેથી એ સંકટોમાં પડીને રડયા કર્યા વનાં બીજો ઉપાય ન હતો.

એ છોકરાંઓની જોહોર ઉપરાંત મારાપર બીજાં બી પુશકલ કામકાજોનો બોજો હતો. ઘરનું સઘલું ફાતુંફુતું સીવવું સાંધવું, ને તે ઉપરાંત વલી દુકતો સુવે ત્યારે હેઠે રાંધણીમાં દાસીને હાથ લાગવા જવું, વગેરે. એમ થવાથી રાત્રે સાડા દશ વાગતે બી મારો સુવાનો વારો ન આવતો, ને સુવા જાઉં એટલે પેલો પોરયો જાણે જાગી ઉઠેલો છેજ !

જો દુકતો ઘણો રડે તો મારી બાઈ બાબરા ભુતની પેઠે છેરાઇને તુરત દોડી આવે, ને પછી જોઇ લેઓ ! "ઓ મરેરે દુકતી," તે મને કેહતી "એ મારા ગાય ગોલાબ દીકરાને તેં એવું તે શું કીધું કે તે તેની બપાઇના જીવ બધા કારી નાંખેચ? શું, કાંઈ નથી કીધું તેં તો? હું માનુંજ નહીં. તું મરે ભસ્તે ભરઇ, તેં જાંહાં છે તાંહાં એની મદઈને ચમટો અમરાવેલો છે. હમણાં એનું ઝભલું કારીને જોઉં તો તારો ચમટો પકરી કારૂં. શું, જોવની? તે જોવાની હોવશ તારે તુંને પુછવા ઉભી રેહેવશ કે, નાતરે ગેઈ? મરી ગેઇએ આવીચ તે દાહારથી મારા પોરયાને જરા હસાવીને રમારયો નથી," વગેરે.

રોજ સાંહજે દુકતાંઓને લઇને મારી મરજી ઉપરાંત મારે એકલીએ કીનારે ફરવા જવું પડતું, ને ત્યાં મોટાં દુકતાં એટલાં ઘેલાં ચેરાં થતાં કે મારૂં જરા બી કેહેણુ કરતાંજ નહીં, ને અપ્લાઇ ઝીંકાઇને ઘેર જતાં, જેનો સઘલો ખાર મારાપર નીકલતો. જો એમ કરતાં તે દુકતાંને મેં કાંઈ બી ધમકાવ્યાં તો તેઓ એવાં તો હરડતાં જુઠાં કે ઘેર જતાંને વાર માયને ફરીયાદ કરતાં કે આજે તો શીરીને અમોને મારીને ઘણાજ ચમટા તોડયા ! માના દુર્ગુણ આ બચ્ચાંઓ એટલી હદ સુધી શીખીને પાહવરદાં થયાં હતાં કે એવી જુઠી વાત ઘેર જઇને કરવાને તેઓ રસ્તામાંથીજ મારાં દેખતાં એકમતે એકમેકસે ઠડાવ કરતાં, ને ઘેર જઈ તે જુઠી વાત કરતાં ખરેખર રડી બી પણ પડતાં !

આ સઘલાં સંકટો ડાકટરને જઇ મલીને કેહેવા અથવા લખવા મેં વારંવાર વીચાર કીધો, પણ તે રીતે ડાકટરનાં મનમાં માઠું આવે—હું બી માંથે પડવા માંગું છું એવો કાંઇ તેને ખ્યાલ થાય તેના ડરથી મેં તેવું કશું કીધું નહીં. મારી બાઇ બીજાં નોકર-

નફરત કરતાં મારા તરફ વધારે સખત થઇ શકતી હતી, કેમકે બીજાં તો પાકી ઉમરનાં, આંગપર તણાય તેવાં કે તે નોકરી ઝટ મુકીને બીજીની ખોલમાં જઇ શકે તેવાં હતાં, કે જ્યારે હું તો છેકજ નાવારેસ, નાચાર, બીનઅનુભવી, એક નાહની છોકરી હતી.

કેટલાક મહીના વહી ગયા, કે જે અરસામાં મને એ મારાં દુ:ખો ને સંકટો વચ્ચે કશોબી સધ્યારો હોય તો તે ફક્ત મારાં વ્હાલાં ભાઈ બેહેનોનાં અવારનવાર મલતાં કાગલોનોજ હતો. તેંઓ બધાં ઘણાં સુખી હતાં, ને તે મને ઘણો મોટો સધ્યારો હતો. દારાબ તો દર આંતરે મને લખતો, કે જ્યારે એકલો ખસરૂજ મને બરાબર નહીં લખતો હતો. તેનાપર હું ઘણાંજ ચાંપતાં કે સખત ઠપકાનાં કાગલો લખું ત્યારેજ તે મને યાદ કરતો, ને બે ચાર લીટીઓ લખી વાલતો. કારણમાં જણાવતો કે 'મને લાંબાં સીપલાં ને તાહેલાં દારાબની પેઠે લખવા બેસવાનો ઘણો કંટાલો છે.'

એક દીવસ તેહેમતન સુતેલો હતો ને હું મારૂં સીવવાનું લઇ મારાં કમનસીબ માબાપને રડતી બેઠેલી હતી, તેવામાં મને માણસ તેડવા આવ્યું કે નીચે હાલમાં દાદાભાઈ ડાકટર શેઠને મલવા આવ્યા હતા તે મને તેડે છે. આ ખુશીના સમાચારથી હું હરખમાં આવી હેઠે ગઇ. ત્યાં એક રોકીંગ ચેરપર ડાકટર સરેસ્તાના ખુશ મીજાજે બેઠેલા હતા, ને તેમની સાંમણે મારાં શેઠ શેઠાંણી સોફાપર બેઠેલાં હતાં.

પણ જે દેખાવે મને અતી ઘણી અચરત કરી મેલી તે એ હતો કે મારી શેઠાંણીને આજના જેવી ખુશ મીજાજી, હસતી, નમનતાઇવાલી ને માયાલુ મેં કદી જોઈ ન હતી! તે ડાકટર સાથ ઘણાજ ખુશ મીજાજે ખડખડ હસીને વાતો કરતી હતી, ને મને જોતાંજ "ઓ લેઓ, આપરી શીલ્લા આવી," કરી બોલી ઉઠી, કે જ્યારે જાંણે પેટનાં બચ્ચાંનેજ પ્યારથી પુછતી હોય તેમ મમતાથી પુછ્યું, "કાંય માએ, બુચો પોરચોચ કે? આએ જી ભરાયા ડાકટર તારે વાસ્તે પુછવા આયા કે તું સારી તહરાંથી અહીં સુખમાં રહીચ કે નહીં, તે મેં એવણને તો કહ્યું જે બચારૂં માયબાપ વગરનું બચ્ચું તેને તો બધી દુન્યાદારી ઝેર લાગે, પણ ખોદા રાખે મારાં છોકરાં સાથ રમત ગમત ને હસવા બોલવામાં એવો મજાનો એનો વખત જાએસ કે માલમ બી નથી પરતો."

આ હરડતાં જુઠાં—આ નહીં માન્યામાં આવે એવી તે ઠગારી અબલાની ઠગાઇથી હું દંગ થઇ ગઇ, અને કશું બી બોલ્યા વના ખાંમોશ નીચી નજરે ઉભી રહી.

"શું છે, શીરીન ?" બુજોર્ગ દાદાભાઈ ડાકટરે એક બાપનીજ મમતાથી પુછ્યું—અને બાપના ગુમ થવા પછી જાંણે તેણે બાપની જગ્યાજ રાખી હતી—"શું છે ? તું બોલતી કેમ નથી ? તું એટલી સુકાતી કેમ જાએચ ? તુંને અહીં બધી પાંતીનું સુખ છે કેની ? તુંને અહીં ગમેચ કે ? સોહોવાયચ કે ?"

"ઓ વાય તમે બી ડાકટર," શેહાંણીએ મોટે સાહાદે વચ્ચે ખરખર હસી પડીને વાત ઉડાવી; "તમે સવાલ એટલા બધા પુછોચ કે મુવા કાયાનો પેહેલ્લો જવાબ આપે તેને વારતેજ તે બચારી અરધો કલાક ગુચવાયા કરે."

"વારૂ ચાલ," ડાકટરે કહ્યું, "તારાં બાઇ ખાત્રી આપેચ કે તું અહીં ઘણી સુખી છે તો હું દીલોજાંનથી ખુશી છેઉં. તારો ભાઇ દારાબ બી મારે ઘેર ઘણોજ સારી તહરાંથી રહેલો છે. એવો તો મજાનો ને લાયકીવાલો છોકરો છે કે મારાં આખાં ઘેરમાં કુ-ટુંબનો એક હોય તેમ પલોટાઇ ગીએલો છે."

"ઓ, એ વાત સાંભલીને મારા જીવને કેટલી બધી ધીરજ આવેચ," મેં ઘણી ખુશીથી થઇને કહ્યું. "ને જી મારી બેહેનો શું કરેચ ?"

"તે લોક બી ઘણીજ મજાની રહેલી છે," ડાકટરે સધ્યારો આપ્યો. "તે લોકનો અભ્યાસ બી સારો ચાલેચ. નાજાંને વારતે હમાયજી (એદલકાકાના વીધવા) જરાતરા ફરયાદ કરેચ કે મીજાજી ને મગરૂબ છે, પણ જરપર તો તેવણ જાંન આપી દીએચ."

"ને ખસરૂ ?"

"તેને વાસ્તે હું કશી બી ખુશીની ખબર તમોને આપી શકતો નથી," ડાકટરે ઘણી દલગીરીના દેખાવથી કહ્યું. "તેની ચાલચલણ માટે ફરયાદો વધતીજ જાએચ. તેનો શેઠ વટીક કડવી ફરયાદ કરેચ. તમે તેને સખત લખીને સુધરવા તાકીદ કરજો."

મેં એક છુપી હાય મારી. જો મારાં ભલાં માબાપની આવી શ્રેષ્ઠ તરબીયતના લાભથી બી તે બેનસીબ રહ્યો, તો મારી તાકીદે હવે શું સુધારવાનો હતો ?

"જા આ ડાકટર, તમે બી શું જો મારી ગરીબરી શીલ્લાને એ વાતથી બધી દલગીર કરી મેલી?" મારી અદરકદરની શેઠાંણીએ કહ્યું. "ચાલ માએ, તું એ વાત કઇ તારાં દીલમાં ના લાવ. બચારી ગાય જેવી પોરી છે."

"ખરીજ ગાય છે," મારા શેઠે ખરાં દીલથી વધારયું. "જેવી ચેહરે ખુબસુરત છે તેવી દીલની સાફ છે."

આ વખાંણુમાં મેં શરમાઈને નીચે જોયું, પણ તેમ કરતાં બી મેં જોયું કે શેઠાંણીએ તેના ધણી તરફથી થતી એ મારી વખાંણ દાંત પીસીને સાંભલી.

તોબી બીજીજ પલે વલી ખુશ ચેહેરો કરી તે ખડખડ હસી પડી. "અરે મુંગા રેહી જાઓ, તમે તો, નહીં બોલતાં આવરે તારે," ઘણાં હેતથી બોલતી હોય તેમ તેણે પોતાના ધણીને કહ્યું, ને પછી ડાકટર તરફ ફરીને વધાર્યું, "મારા ગાય ને કદરદાંન ધણી છે. હમેસના હસતા ને હસતા જો! એવણનું મોરૂં જોઈને રોજ ફરૂં ને રોજ મારો હસતાંનો દાહરો જાય."

એવી એવી વાતચીતો દરમ્યાંન ડાકટરનો વખત થયો, એટલે તેવણ હું ઘણીજ સારી ને સુખવાસી નોકરી મેલવવા ભાગ્યશાલી થઈ હતી એવાં અનુમાનની મોજ વચ્ચે ઉઠીને ચાલતા થયા.

તેઓનાં જવા પછી મેં જઇને ખસરૂ પર એક લંબાણ કાગલ લખ્યું, ને તે જ્યારે હું પોસ્ટ કરી આવવા હેઠે લાલ્યાને આપવા ગઇ, ત્યારે આગલા હાલ આગલથી પસાર થતાં બંધ બારણે અંદર મેં મારાં શેઠ શેઠાંણીને કાંઇ ટપાટપી કરતાં સાંભલ્યાં. "પણ તમારી તાકાત શું?" મારી શેઠાંણી ઘણા ખીજવાતથી બોલતી હતી, "રાંન તે નાતરે ગેઇની ખુબસુરતીની મારા માતીદાએ તારીફ તે કેવી કરવાની?"

"અરે પણ મેં તુંને કેહુંની જે હું તો અમથો હસ્યોતો, મેહેરી," મારો શેઠ કગલવા લાગ્યો; "તેં તે બચારીની એટલી બધી તારીફ કીધી ત્યારે મને જે બોલતાં આવરયું તે હું બોલ્યો."

"અરે ઘરેરે તમોને કેરવતાં, ને બરેરે તમારા મુવા બોલવાના સકાર," મારી શેઠાંણીએ ટણુકાથી કહ્યું. "મેં તે રાંન દદાની તારીફ કીધી કાંયજે આપુને તો પાંચ લોકમાં સારૂ મત કરવાનું

તે એમ કરવું પરે, પણ તમારી શું તાકાત જે તમે તેથી એમ ફાટુંફાટું બોલો? આજે એ ને કાલે બીજું, જો!"

ત્યાં હું વધારે સાંભલવા થોભી નહીં, અને મારી ઠગારી શેઠાંણીની ચાલપર છુપો ધીટકાર નાંખી હું તે બારણાં આગલથી સટી ગઇ. તે પછી જઇને પેલું કાગલ પોસ્ટ કરાવ્યું, અને હું પાછી મારા ઓરડામાં જતી રહી. તે દરમ્યાંન તે ધણી ધણીયાં-ણીનો રડાકુટો તો જારીજ હતો.

પ્રકરણ ૯ મું.

ખસરૂ.

બીજા કેટલાક મહીના ગબડી ગયા. મારાં પેહેલાં શેઠ શેઠાં-ણીને ત્યાં જે પ્રકારની જીંદગી મેં ઉપલાં પ્રકરણોમાં સમજાવી છે તેજ પ્રકારની કંગાલ દુઃખભરી જીંદગીમાં તે વધું માસ વહી ગયા, અને તોબી હું નહીં તે નોકરી તજી જઇ શકી, અથવા નહીં તે જીંદગીની જંજાલમાં કશો સુધારો નીપજાવી શકી.

એ લંબાણ અરસામાં એક વાર બી મને મારાં ભાઇ બેહેનોને જઇને મલવાની રજા મલી ન હતી. અને એક વાર મેં રજા માંગ-વાની જેમતેમ હીંમત કરી, ત્યારે મને એવી ધાતકી રવેસે હરકાટી કાઢવામાં આવી કે ફરીને કદી તેજ અરજ રજુ કરવાને હું હામ ભીડી શકી નહીં. એ રીતે મારાં નાવારેસ ભાઇ બેહેનોથી મહી-નાના મહીના સુધી હું છુટી ને જુદી પડી હતી તે દરમ્યાંન મને એટ-લોજ સંતોશ ને સધ્યારો હતો કે તેઓ સઘલાં પોતપોતાનાં નવાં ઘરમાં સુખી ને સારીપેઠે હતાં, ને મને અવારનવાર પ્યારભરેલાં કાગલપતરો લખ્યાં જતાં હતાં.

અફસોસ ફકત એકલા ખસરૂ વિશે હતો. તેનાપર દાકટર દાદા-ભાઇની ફરમાસ મુજબ મેં જે છેલ્લો કાગલ લખ્યો હતો તેનો જવાબ ફરી વલ્યો હતો ખરો, પણ તે જવાબ જરાએ સંતોશકારક ન હતો. તે ટુંક અને તોચ્છડો હતો, ને તેમાં તુંદાઈથી જણાવેલું હતું કે હું તેના કરતાં નાહની હતી, ને તે મારા કરતાં વડો હતો વાસ્તે તે વાતનો વીચાર દીલે વસાવીને ફરીથી એવાં ઠપકાનાં કાગલો લખવાથી મારે હંમેશ હાથ ખાંચવો. એ કાગલપર મારાં

માતપીતાને વીલાપની હાયથી યાદ કરીને મેં પુશકલ આંસુઓ વરસાવ્યાં. અને એ મારા ભાઇને સુધારવાની મેં સર્વ આશાઓ મેલી દીધી.

એ સઘલી વાતોને ઉપર કેહેવા મુજબ ઘણાક મહીનાઓ ગુજરી જવા પછી એક દીવસ ગાયમાય અને તેનો વડો ભાઇ તેમનાં માબાપ સાથ ગાડીમાં ફરવા ગયાં, એટલે નાઘલા તોફાંણી તેહેમતનને એકલાને લઇને હું બાહેર ફરવા નીકલી. એ રીતે જ્યારે હું એકલી ફરવા જતી ત્યારે કદીબી લાંબે નહીં જતી, કેમકે અ-મારા બંગલાની પછવાડે ઉતરતાંજ દરીઆનો કીનારો હતો, ને તે બાજુએ જરા ચાલીને જઇને હું એકાદ પથરાપર બેસતી, ને એકલી મારા વીચારોનાં દુ:ખમાં મોજ મેલવતી.

એ રીતે હું ઉપલા દીવસે બી કીનારે ગઈ, ને ત્યાં જરાક આગલ જતાં મેં એક પારસી જવાંનને મારા ભણી નજર રાખી ટીકતો બેઠેલો જોયો. બીજી એક પલ, ને મેં તુરત તેને મારા વડા ભાઇ ખુશરો તરીકે ઓલખ્યો, એટલે આગલ જઈને હું તેને ઘણા હરખથી ભેટી પડી.

તે બી મંને મલ્યો તો ખરો, પણ તે જેવો જોઈએ તેવો ઉલટમંદ નહીં હતો, ને જ્યારે તેનું મોં મારાં મોં આગલ હતું ત્યારે મેં અતી ઘણાં દુ:ખ વચ્ચે જોઇ લીધું કે તે બધું દારૂ દારૂ બેહેક મારતું હતું!

તેનો સઘલોજ દેખાવ એક પાયમાલીનું ચીત્ર હતું. તેનો પો-શાક હાલહવાલ ને લગભગ ચીઠડેહાલ હતો. તેનાં ફેંટાપર અધમણ ધુલ ચઢી હતી, ફેંટાની રીંગનું ઠેકાંણું ન હતું, દગલાને પાઘરાં બટન ન પોયલાં હતાં, પાટલુંન મેલું ખાર થયું હતું, અને બુટ કાદવથી લપટાયલાં હતાં, વગેરે. વલી તેનો ચેહેરો ગુવાહી આપતો હતો કે તે ગઇ મોડી રાત સુધીનો—અથવા કદાચ આખી રાતનો બી—ઉજાગરો હતો, અને તે રાત તેણે રવડ રખડમાં પુરી કરી હોય તેવો તેનો હાલ હતો!

એ સઘલો માહા દુ:ખ પેદા કરનારો દેખાવ મેં તો ફકત એકજ મરતબે એકજ તડાકામાં જોઈ લીધો, અને હું તેને મલતાંજ બોલી ઉઠી, "અરે એ શું? એ તારા શું હાલ ખરસેદ? તું અહીં કાહારે આયો?"

"હું હમણાંજ આયો," ખસરૂએ મારા પેહેલા સવાલો ઉડાવીને છેલ્લાનો જવાબ દીધો. "હું તુંને ખાખસુસ મલવા આયો, કાંય જે આપરે ઘણું થયું મલ્યાંતાં નહીં, ને મારો જીવ ભરઇ રહયોતો."

આ તે એક હરડતું જુઠું સમજાવતો ને બોલતો હતો એમ માનવાને મને એક પલ બી વેહેમ પડયો નહીં. કયાંથી પડે? તેનો સઘલો દેખાવ એક આબરૂદાર માબાપનાં શાંણુ શોગતનાં ફરજંદ કરતાં એક લુચ્ચા હરાંમખોર, બલકે અફસોસ! વધારે ખુલ્લી ને ખરી રીતે બોલું તો એક પોશાગીરનેજ મલતો આવતો હતો.

"હા પણ તે તો હોશે," જાંણે તેણે 'જીવ ભરાઈ રેહેવાનું' મને કહ્યું તે સઘલું મેં માન્યું હોય તે ઢપે મેં કહ્યું, "તે તો હોશે, પણ હું એમ પુછું કે એ તું આજે કેટલો ચીઠરેહાલ?"

"અરે મરી રેહેની તુંબી અમથી એસકાઇ કરાવતી," તેણે અહીં કાંઇક ખીજવાતની ઢપે કહ્યું એટલે મને નાંખતી કરયા વના ચાલ્યુંજ નહીં; "દીકરા દરનારીના ને નામ દારબશા, તેમ ખાવાનું ઠેકાંણું નહીં મલે ને તુંબી મને એશકાઈ ભુસકાઈ કરાવા નીકરીચ!"

"કાંએ, કાંએ?" મેં ફીકરમંદ થઈને પુછયું, "એટલું બધું શું છે? તું તારી નોકરીપર તો છે કેની? તાંહાં દાકટરે પગાર કરાવ્યોતો તે મલ્યા કરેચ કેની?"

"અરે હા, પણ તેટલાંમાં શું તારૂં ને મારૂં દલદર ફીતું?" તેણે તુચ્છકારથી કહ્યું. "વરી શેઠ એવો કે જે કરે તે તેને તો ઉલટું ને ઉંધુંજ દેખાય, ને તેને ભરાવી આપનાર પેલો તારો માનીતો દાકટર તો જાંણે છેજ."—અને તેણે હયાં ભલા દાકટર દાદાભાઇને તેમજ પોતાના મુરબીતોલનાજ શેઠને એમહલાજે ગાલો ચોપડી કાઢી.

હું ખામોશ રહી. આટલે લાંબે વખતે તે મને મલ્યો ત્યારે તેનાસે તાંણાંજાંણી કે કજીઓ ઉઠાવી છુટાં પડવાનું મને ગમ્યું નહીં, એટલે જે વાતથી તે એટલો છેરાઇ પડયો હતો તે વાતના હું અખાડા કરી ગઈ.

"વારૂ તું અહીં કેટલો વાર થયો આવી બેઠોચ?" મેં તે વાત ઉડાવતાં કહ્યું. "તેં કેમ જાંણ્યું કે હું હમણાં એ બાજુએથી ફરવા આવશ?"

"અરે જાણે કેમ ?" તેણે કાંઈક બેદરકારીની ઢપથી કહ્યું. "હું અહીં આયો તો ખરો, પણ પછી તારા બંગલામાં દાખલ થતાં મને બીહીક લાગી કે કોઈ તારો શેઠ શેઠાંણી કાંઇ અપમાન બપમાન કરે, તેથી પાધરો અહીં આવીને બેઠો કે તું મલે તો મલે, નહીં તો ખેર."

આ ખુલાસો બી મને બીલકુલ ખાત્રીપુરવક જણાયો નહીં. ખસરૂ ફકત મને મલવાને ખાતરજ છેક કોલાબા સુધી આવે, ને આવ્યા પછી એમ વલી બાહારોબાહાર પાછો જવાનું કરે એ બધું મારાં માન્યામાં આવ્યું નહીં. એમ છતાં તે વાત બી હું માનતી નથી એવું મેં કશું મારા ચેહેરા ઉપરથી તેને પાંમી જવા દીધું નહીં, જોકે બાતેનમાં તો તેની તે તરફ આવવાની મતલબ શી હશે તે વીશે હું પુશકલ ગુંચવાયા કીધી.

"ને છોકરાં કેમ છે ?" મેં પુછયું. "દારાબ, નાજાં ને જરની કેવી ખબર છે ?"

"દારાબ તો મારો મેહેતાજી થઇ નીકરયોતો. તે ગીએ મહીને મારી પાસે આવીને મને શીખામણ દેવાના કાંઈ પછારા મારતોતો, એટલે મેં તેને ખબરાવીને મારા પાસે આવતો બંધ કીધોચ, ને બેઉ દુકતીઓને તો હું ઘણું થયું મલ્યો નથી," મારા હેતવંતા ભાઇએ જવાબ દીધો. "પણ વારૂં શીરા," તેણે વધાર્યું, "તું મને કોઇ નહીં જોયે તેમ પાછલે બારણે તારા ઓરડામાં નહી લઇ જાય? તાંહાં બે ઘરી નીરાંતે બેસી આપરે બે વાત કરીએ."

"પણ કાંએ ?" મેં ગુસ્સાથી પુછયું. "કોણના બાપની ચોરી છે જે હું તુંને એમ ભરાતો છુપાતો લઇ જાઉં ? આવતો હોય તો ચાલની, હું તુંને આગલે રસ્તે લઇ જાઉં. તું મારો ભઇ છે તો પછી ફીકર શું છે ?"

"નહીં, નહી, તેઆરે તો અખારા કરી જા," ખસરૂએ નાંખતી કીધી. "મારો પોશાક વગેરે એવું હાલહવાલ છે કે આગલે રસ્તે બધાંનું ધ્યાંન ખેંચાય તેમ તારા સાથે આવવાનું મને શોભશે નહીં. પણ બંગલો તો ઘણો મોટો હશે, નહીં ?"

"હા, છે, કાંઇ ઘણો મોટો નહીં પણ માફકસર છે," મેં કહ્યું.

"પણ તારો શેઠ તો ઘણો પઈસાવાલો હોશે ?" તેણે પોતાના સવાલો જારી રાખ્યા. "કાંઇ રૂપાનાં વાસણકુસણ, કાંઇ જર-જરયાંનું, દરદાગીના હોશે કે હોશેજ નહીં ?"

"હોશેજ તો વરી, નહીં કેમ હોય ?" મેં કહ્યું; "પણ તેનું આપુને શું ? આપરે આપરીજ—"

"અરે નહીંરે જરા હું તો અમથો પુછુંચ," ખસરૂએ કહ્યું. "મકુંજે તું તો તારે કોઇ છાંડાવાલાને ઘેર મોજમાં પરીચ ?"— ને એ તેનાં બોલમાં જાંણે શુંએક રમુજ હોય તેમ તે ખડખડ હસી પડયો. "પણ વારૂં ઘેરમાં નોકરનફ્ર કેટલા હોશે ?" તેણે વલી પુછયું.

"કાંઇ ઘણા નહીં," તેના સવાલોમાં વાંધાભરેલું કશું નહીં જોઇને એ ઘડી તેને જવાબો આપી રાજી કરવામાં મેં કશી અડચણ ન જોતાં કહ્યું. "બધાં મલીને ત્રણ ચાર માણસો છે."

"હા, પણ તેઆરે પેલી જે લાલ પરદાવારી પેહેલા મારપરની ત્રણ બારીઓ દેખાય છે તે ઓરડામાં કોણ સુતું હોશે ?"

"એ મારાં શેઠ શેઠાંણીનો સુવાંનો ઓરડો છે," મેં કહ્યું.

"ને પેલી બીજે મારે બંગલી જેવું છે, ને બે બારી બંધ દેખાયચ તે ?" વલી તેણે પુછયું.

"તે મારો છોકરાં સાથે સુવાનો ઓરડો છે," મેં જવાબ દીધો; "પણ તું બી શું જો, ખુરશેદ, કાંઇ કામની વાત નહીં કરવાની હોય તેમ બચ્ચાં જેવા સવાલો કરવા બેસી ગીયોચ ?"

"બચ્ચાં જેવા સવાલો ?" તેણે કાંઇક ઠપકાની ઢબે કહ્યું. "મારી વાહાલી બેહેન જે ઘેરમાં રેહે તે ઘેરને લગતાવલગતા બે ચાર પાંચ સવાલ જવાબો કરવાની કાલજી બતાઉં તેમાં બી તુંને તો બચ્ચાંનાં ચેરાંજ લાગવાનાં ! પુછું તો તેની પીરા; નહીં પુછું તો કેહશે જે તુંને તો મારા વીશે કસી કાલજીજ નથી !"

"ચાલ ચાલ તેયારે પુછ," મેં તેના એ જવાબથી ગમત પાંમીને પ્યારથી કહ્યું, "જ્યારે તુંને એ વાતમાં રસ લાગેચ તેઆરે તો તારે મન પુરતું પુછી લે ને હું જવાબો આપશ."

"અરે એમાં તે શું મોટું પુછવાનું છે જે?" વલી ખસરૂએ બેદરકારી બતાવી; "પણ મકુંજે તમારા લોકનો બંગલો ઘણો એકાંત છે હો. કાંઇ બારી બારણાંને બરાબર અદગરા અદલરાપ છે કે હદડે?

"હવે તું બી ખસરૂ !" મેં કાંઇક હસીને કહ્યુ. "અદગરા ને અલદરાપ બી હું કાહાં જોવા બેઠી ? વરી ઘેર છે તે તેજ નહી હોશે ? પણ અહીં કાંઇ ચોરબોરની ધાક નથી. અંગ્રેજી લશ્કરનાં પેટાંમાં રેહેવું તાંહાં બીહીવાનું શું ?"

"હા પણ યાર, ખોદાને વાસ્તે તું એમ ભરોસે નભરવસ ના રેહેતી," ખસરૂએ ઘણા પ્યારની કાલજીથી કહ્યું. "તું તારાં બારી બાનણાં બરાબર તપાસીને સુવાનું કરજે, નહીંતો એવું નહીં થાય કે શેઠ શેઠાંણી તો પોતાનાં બાનણાં બંધ કરીને ઘોંટાય, ને ઉંઘાડે બાનણે તું લુટાઇ જાય."

"નહીં, પણ શેઠ શેઠાંણી બી ઉંઘારેજ બારણે સુવેચ," મેં ખસરૂને ખાત્રી ને સધ્યારો આપ્યો; "તેથી બીહીવા જેવું કાંઇ નથી. રોજ રાતે એક બે ફેરા તો જ્યારે આએ પોરીઓ ઘણો છેરાય ત્યારે મારી શેઠાંણી હંમેશ ઉપર આવી જાયેચ."

"તે તો બા તું જાંણે," ખસરૂએ કહ્યું. "આપરે તો તારાં સારાંમાં રાજી."--અને પછી ઉઠી આલસ મરડીને તે બોલ્યો, "ચાલ ત્યારે હવે જઇશું."

"એટલા વારમાં?" મેં ઘણી અચરતીથી કહ્યું. "એ શું ઘેલાં કારેચ? હજી તો આપરે વરસ દાહારે મલ્યાં ને પુરી પાધરી બે વાત નથી કીધી! તારાં ઘેલાંચેરાં તાહેલાંમાંજ એટલો વખત નીકરી ગીયો કે બધું મારૂં પુછવા પરછવાનું તો તેને ઠેકાંણેજ રહી ગીયું?"

"હવે તું તો વરી તારો જુનો રૂદન પાટલો ચલાવશે," તેણે કાંઈક કંટાલાથી કહ્યું, "પણ તારે હવે કશી ફીકર કરવી નહીં. હું તુંને ખાત્રી આપુંચ કે તે દાહારે દાકટરે જે બધું તુંને કહ્યું ને તેં મને લખ્યું તે બધી સહરાધાત હતી, ને તે છતાં તે દાહરેથી મેં તદન સુધરવાનો ઠરાવ કીધેલો છે."

"હા, પણ આજે તારૂં મોંનું બધું દારૂ દારૂ વાસ આવેચ?" મેં ઘણી ગમગીનીથી કહ્યું.

"અરે તેમાં કાંઇ દમ નહીં," તેણે તદન બેદરકારીથી કહ્યું. "એ તો અહીં આવતાં કોટમાં એક દોસ્તારને ઘેર મલવા ગીયો તેણે બોહસ કરીને એક ગલાસ વાઇન પુછયો, તે ના કેમ કેહેવાય?—પણ આપરે શીરા, એ કોણનો કુતરો એટલો મોટે ભોંસેચ?" ને તે ધ્યાંનથી સાંભલવા પડયો.

"કુતરો?" મેં અચરતીથી કહ્યું. "કાંહાં છે? મને તો કોઇબી કુતરાનો ભોંસવાનો સાહદ આવતો નથી."

"નહી? ચોક્કસ કોઈ કુતરો ભોંસેચ" ખસરૂએ કહ્યું; "ને મને તો તે સાહદ તારાજ બંગલાના કંપાઉંડમાંથી આવતો સંભલાયચ?"

"અરે નહીં રે, તારી કાંઇ ભુલ છે," મેં હસીને કહ્યું. "અમે તો કુતરાં રાખતાંજ નથી."

"હઃ હોશે ત્યારે, પણ ચાલ બા હવે તો મને જવા દે, નહીં તો પરેલ જતાં રાત થઇ જશે."

"હા સધાવ ત્યારે," મેં પ્યારથી કહ્યું, "ને જો ખોદાને ખાતર હવે કોઇ બુરૂં નહીં બોલે તેમ ચાલજે."

ખસરૂએ મારી એ શીખાંમણના જવાબમાં કાંઇક પ્યારથી—કાંઇક ખીજવાતથી મારા ગાલપર પોતાનાં બે આંગલાં અફાલ્યાં, ને બીજી પલે તે મારા પાસેથી ઉતાવલે જતે રહયો. તે પછી નાથલો તેહેમતન બી અમારાં વાહેલાંને દરમ્યાંન મારા ખોલામાં ઉંઘાઈ ગયો હતો, એટલે તેને લઈ હું ઉતાવલે ઘેરમાં ગઈ.

પ્રકરણ ૧૦ મું.

એક તોહોમત.

હજી તો હું ઘરમાં દાખલ થઇ નહીં તેટલાં મને પેલા લાલ્યાએ ખબર આપી કે શેઠાંણી મને એકદમ પોતાના ઓરડામાં બોલાવે છે, અને કેવારનાં આવી કે નહીં તે વીશે પોતે આવી આવીને પુછી ગયલાં છે. એ સમાચાર સાંભલી લેતાંજ મારી ખાત્રી થઇ કે મને મારા ભાઇને મલતાં તેણીએ બારીએથી જોયલી હોવી જોઇએ, ને તેથી લઇ નાહકેલા હલકા અભીપ્રાય સાથે તે મને વલી દુઃખ આપવા તૈયાર થઇ હોશે. તોપણ મારૂં દીલ સાફ હતું તો પછી તેની તુચ્છ તાંણાજાંણીંનો મને ડર શાંનો થાય? મેં જઇને તેહેમતનને જગ્યાપર સુવાડયો, ને પછી હું મારી બાઇના ઓરડામાં ગઇ.

ત્યાં મારો જઇફ શેઠ અકરવકર કરતો એક ઇઝીચેરપર અરડાઇ પડેલો હતો—જ્યારે જ્યારે બી તેની માનીતી ને લાયકીવાલી મોહરદાર છેરાઇ પડવાની હોય ત્યારે તે બાપડાને બે કલાક આગમચથી એમ અકરવકર શરૂ થતી હતી—અને મારી શેઠાંણી જાંણે મોટો કજીઓ કરવા તૈયાર થઇનેજ બેઠેલી હોય, તેમ એક

મોટી પીઠની ખુરસીના હાથાઓપર હાથ ટેકોવીને અઢેલ્યા વગર ટાઇટ ઉભી ને ઉભી ટટાર એકેલી હતી.

"એ એમ આવરે દુકતી," મને જોતાંજ તેણીએ જીવ કાઢી નાંખ્યો, "એ તેં શું કોટક માંડયાંચ? તું મરે મારાં ઘેરમાં આવતી જતી તે તું શું મારાં હીરા જેવાં ઘેરને બદલામી આપવા નીકરીચ?"

એકદમ એક એવા સખત હુમલાની મેં વકી રાખી ન હતી, અને તેથી જોકે મેં બચાવમાં બોલવા માંગ્યું પણ ઉતાવલા ગભરાતમાં હું તુરત કાંઇ બોલી શકી નહીં, ને શરમથી તો નહીંજ પણ ગુસ્સાથી મારા રૂખસાર લાલ થઇ ગયા.

તેનો તે નાચીજ ઓરતે પોતાનીજ મતલબનો અર્થ ઉઠાડયો. "જોવોજી," તે હવે પોતાના વર તરફ ફરીને ફતેહના અનકાથી બોલી, "તમે તો નહીં માંનતાતા તે હવે તમારી આંખ ચોરીને જોવો. મુવાં દુમીનમાંથી જોયું તોબી તો કેહજે એ ઘણી મુઈ શીરીન તીરીન એમ કરે તે હું માંનુજ નહીં, તો હવે શું ધારયું? એ નાતરે ગેઇની છાતીજ કેમ બેસી ગેઇ તે તો પુછો?"

"પણ મેહેરી તું એટલી આકરી કાંએ થાયચ જે" મારા શેઠે પટાવીને કહ્યું; "એને—"

"બસ હું તમુને સાફ કેહુંચ જે હવે તમે વચ્ચે કાંઇ વરી ઘેલોગાંડો ભમરડો ના ગુમાવતા હં:," મારી શેઠાંણીએ ધુમ છેરાઈ પડીને કહ્યું; "એ મરે ઘણી મુઈ, મારાં હીરા મોતીનાં બચ્ચાંને સાથે લઇને જાય, ને એવાં બેબુનીઆદ કારસ્તાન કરે?"

"પણ બાઈ તમે શાંને વાસ્તે એટલું એટલું બોલોચ?" મે હવે ધીરજ ખોહી દઇ રડી દઈને કહ્યું. "શું હું મારા માએ જણ્યા ભઈને બી નહી મલું?"

"હોલ્લો! જોયું કેની? મેં કહ્યું કેની?" હવે મારો શેઠ જાંણે તેને શું એક મોટી ફતેહ મલી હોય તેમ મારાં એ બોલવાથી મારૂં નીરપરાધીપણું સીદ્ધ થયલું સમજી ખુશ ખુશ થઇ ગયો. "તું નહીં માને તારે કેહે કોણુને?"

"હારે હા, તે હવે એ રાંન નાપાખ એમ નહી કહેશે તો કેમ કહેશે?" મારી શેઠાંણી કે જેની મારા ખુલાસાથી તમામ ખાત્રી થઈ ચુકી હતી કે હું નીરદોશ હતી, તે હજી પોતાની ભુલ

કબુલ કરી દેવાની નામોસીને ખાતર પોતાની નજીશ હઠને વલગી રહી; "હવે એ રાંન એમ નહીં કેહશે તો કેમ કેહશે? ચોટલા બરીઓ બધીઓ બચાવ કરે તારે તો 'મારો બાઈ' ને 'મારો કાકાનો છોકરો' જ તો."

"હા, પણ બાઈ તમે નહીં માનતાં હોશો તો હું તમારી ખાતરી કરી આપી શકશ કે હમણાં મને મલી ગીયો તે મારો વડો ભાઇ ખુશરો હતો." મેં ઘણા ગુસ્સાથી કહ્યું.

"હારે, નહીં કાંએ? હું પરવારતી પરીચ કેની તે તમે મુવાં-ઓનું ખરંનરં કરવા તમારીજ પછવારે મારો વખત કારૂં?" મારી શેઠાંણીએ ઘણાજ ટણુકાથી ડોકાંનો એક છણુકો કરીને કહ્યું.

"બીચારી પોરીનો જરા બી વાંક નથી," વલી મારા શેઠ ધીમેથી પટપટયા.

"હવે તમે તમારે બેસજો હં: અમોલા," મારી શેઠાંણીએ ફરી એક વાર ઝેર ફાકયું; "નહીં તો હવે મારાં કલેજાં પાકીને પલેઠર થયાંચ તે તમારે લીધે હું કોઇ દાહારે કંઈ કુવો તલાવ કરશ. હા, હું તમુને સાફ કહી રાખુંચ."—અને પછી હું સાંબો જવાબ અથવા તકરાર નહીં કરૂં તેવા હેતુથી તેજ ગુસ્સાને દરમ્યાંન તેવીજ ઢપછપથી મને કહ્યું, "ને ચાલરે જા, કારૂં કર તારૂં મારી સાંમેથી. એ તો પેહેલું છે કરીને જતી મુકીચ, બાકી જો એવી વેહતી ચાલે ચાલશે કેની તો દોકી ધરીને મડદી મુકશ."

હું ચુપચુપ આંસુ ભરી આંખો સમેત તે ઓરડામાંથી બાહેર ગઈ. ગરીબાઇનાં સંકટોનો મારો અનુભવ અને અભ્યાસ હજી તો ઉઘરતો-શરૂ થતો હતો! આગલ એથી બેહેતર—એથી બદતર ખમવાનું શું શું આવશે તે કોણુને ખબર હતી?

સઘલાંજ શેઠ શેઠાંણી કાંઇ ભલાં હોતાં નથી—બલકે ખરી ભલાઇથી ભરેલાં નેકનામો ગણત્રીનાં થોડાંજ થાય છે. નોકર આદમીઓને મારી અપટ બાઈ જેવાં શેઠ શેઠાણીઓ શું બીલકુલ લાગણીઓ વગરનાંજ સમજતાં હશે? જો કાંઇ ઘરમાં ચોરી થઇ તો આરોપી ઘરનું માણુસ છેજ—પછી તે ગમે એવું નીરદોશ કાં ન હોય! એ અને એવી શેઠ શેઠાંણીઓની અનેક વર્તણુંક સેહેંકડે પોનાસો ટકા એવાં નોકર આદમીઓને બગાડી નાંખે છે, કે જેઓને લાયક અને તેમની પ્રમાણીક લાગણીઓને ઇનસાફ મલે એવું

'ત્રીટમેંટ' જો કદી આપવામાં આવે તો તેઓ ખચ્ચીત સારીજ અને પ્રમાણીક ચાલ ચાલનારાં આસામીઓ નીવડે! એવાં હેમક શેઠ શેઠાંણીઓ પોતાની એવી નજીશ આદતોથી નહીં ચોરતાંને ખરેખર ચોર બનાવે છે, અને પ્રમાણીકને આંખ કરીને આડે રસ્તે ઉતારે છે તેની તેમને કેટલી થોડી ખબર છે?

પ્રકરણ ૧૧ મું.

મારી શેઠાંણીના ઢંગ.

ત્રીજે દને મારી શેઠાંણીને કાંઇ કાપડની ખરીદી સારૂં જવું હોરો એટલે મને સાથે જવાનો હોકમ થયો, અને અમો ગયાં.

કોટમાં એક જાંણીતા કાપડયીની દુકાંણે ગાડી જઇને ઉભી રહી ને શેઠાંણી ગાડીમાંથી ઉતર્યાં, ત્યારે તેવણને ધારણ કરેલો રોબ ને તાપ ગમે એવાં ગંભીર આદમીઓને બી હસાવી દેવા બસ હતો, એટલે મારા સઘલાં સંકટો છતાં મને જે હસતું આવતું તે મુશકેલાઇએ હું દાબી શકતી.

એક શેહેનશાહબાનુને છાજતા ઠઠેરાથી—કે જે ઠઠેરામાં તે શેહેનશાહબાનુને છાજતો ગંભીર ટેક જરાએ ન હતો—અને 'બાપ લાખ ચાલીસ' ને ઘેરનાં હોય તેવાં નસકોરાં સમેત મારાં શેઠાંણી દુકાંણમાં દાખલ થયાં, કે "બાઇ આવો"ની ધામધુમ સાથે દુકાંણનાં જુદાં જુદાં માણસો તેવણ આસપાસ તેવણના કીમતી આરડરોની આશામાં ફરી વલ્યાં. તે પછી "આએ સારૂં નથી," "આનો કુમાસ રદ છે," "પેલાંનો રંગ ફીકકો છે," "આએ છેક ઘેરો છે," વગેરે વગેરે ખેણકોટકથી તેણીએ તે દુકાંણદારની સઘલી દુકાંણ જાંણે ખોરાવીને ખાલી કરાવો નાંખી. ખરેખર, પેલા દુકાંણદારનાં માણસો જે ધીરજ ને સહનશક્તી સાથે હજી પુરતા ઉમંગ ને પુરતી અદબ સાથે મારી શેઠાંણીનાં ખેણકોટકોને માન આપ્યા જતા હતા તેજ જોઇને હું તો હેરત રહી, ને તેણી જે ચાલ ચલાવતી હતી તેથી સાંમી હું નાહેક ઓશકાઈ શરમાઇને અરધી થઇ ગઈ! તેણીએ એ રવેસે એટલાં કાપડની ટેબલપર હેલી ભરાવી ને ધડી ખોલાવી કે મારી ખાત્રી છે કે તે બધાં પાછલથી

પાછાં અસલ સફાઇથી ઘડી વાલવાને તે દુકાણદારનાં એ માણસોને બપોરની સાંહજ થઇ હશે !

અને એટલી બધી ખટપટ ને ધામધુમ પછી મારી બાઇએ ખરીદી શું કીધી તે જાંણવાને મારા વાંચનારાંઓના વર્ગમાંથી બાનુંઓ અગત કરીને આતુર હશે તેના જવાબમાં એટલુંજ કે તેણે ફક્ત સવારૂપીઆની એક ગજ ગાજનો એક કટકો ફરાવી લીધો, અને જાંણે બાકીનું સઘલું રદ બાતલ હોય તેમ નાપસંદ કરી ઉઠી !

દુન્યા એમજ ચાલે છે. જો મારા જેવી કોઈ સ્વભાવે રાંક કે દેખાવે ગરીબ અબલાએ એમાંના આઠમાં ભાગની બી મેહેનત તે દુકાંણદારને કે તેનાં માણસોને આપી હોત તો તે ઘણા તુચ્છકારથી ટુકડું કરાવતે, પણ મારી શેઠાંણીનાં નસકોરાં ને દેખાવના તાપથી તેઓ તેને કોઇ ' મોટું મનીખ ' સમજ્યા, અને તેથી તેઓ તેની એ વર્તણુંક ઠંડે કલેજે ખમ્યા ગયા.

મારી શેઠાંણી ત્યાંથી નીકલી, ને વલી સાંમે એક પારસીએ નવી દુકાંણ ઉઘાડી હતી ત્યાં ચાલુ મુકયું " મને કાંઈ લેવાનું નથી," તે કાંઇક ખુશ મીજાજમાં હતી વાસ્તે તેણે મને કહ્યું, " પણ જરા તાંહાંબી રોબ કીધેલો સારો."

અમો ત્યાં ગયાં તો ત્યાં-દુકાંણ નવીજ હતી એટલે—" આવોજી," " આવો બાઈ સાહેબ " ની ધામધુમ પેહેલી દુકાંણ કરતાં બી વધારે હતી, જેથી તેનાં પ્રમાણમાં શેઠાંણીનું નશકોરૂં જરા આગલ કરતાં બી વધારે પોહલું થયું.

" તમારી પાસ શું છે ?" જાંણે હોય તેટલું બધું ખરીદીને ઘેર લઈ જવાની હોય તેમ મારી શેઠાંણીએ બેવકુફી ભરેલો સવાલ કીધો.

" ફરમાવો તે બાઇ સાહેબ," તે દુકાણદારે માનથી કહ્યું,— અને પછી ગાજ, પાજ, હોજરયાં વગેરે વગેરે તહરેવાર જાતનાં નવાં ને જુનાં ફેશનએબલ કપડાંઓનું તે એક મોટું જેવું કેટલગ મોંઢે કરી બેઠો હશે તે બોલી ગયો.

" વારૂં જોઉં કાંઇ ઉંચું હોજરયું બતાવોની ?" શેઠાંણીએ ફરમાસ કરી, અને પછી વલી જોઇ લેઓ ! રંગ બેરંગી સારીઓના ઢગના ઢગ અમારી આગલની ટેબલપર આવી પડયા, જે સઘલું શેઠાંણીની ખાતરમાં આવ્યું નહીં. હોજરયાં જોઇને સીલ્ક તપાસી; સીલ્ક મુકીને સાટીન મંગાવી. સાટીન પછી મખમલની વારી આવી,

વગેરે, વગેરે; અને જાંણે 'અરેબીઅન નાઇટસ'ના અલાદીનવાલા જીનો પલકારામાં સઘલું રજુ કરતા હોય તેમ ઉંચી કબટો ને અભરાઇઓપરથી કુદાકુદ સાથે તે દુકાંણના માણસો એક ઘડી ચપકામાં સઘલું લાવી લાવીને આબાદ રજુ કરતા !

"ઠીક છે, હમણા તો રેહેવા દેઓ, કાલબાલ આવશ ત્યારે જે લેવા જોગ હોશે તે લઈ જશ,"—અને જાંણે તે દુકાંનવાલાઓને ખારસો દોઢ કલાક રોકીને તેણીએ એવડી મેહેનત આપી તે કુચ્છ હેસાબમાંજ ન હોય તેમ ઠંડે કલેજે મારી શેઠાણી હવે પાછી ઉઠીને ઉભી થઈ !

તે દુકાંણવાલાઓ મારી શેઠાંણીની આ ચાલથી દેખીતી રીતે અતી ઘણા નાસીપાસ અને અચરત થઇ ગયા—કેમકે તેઓ કાંઇ જબરી મોટી ખરીદીની ઉમેદપરજ આટલો બધો વખત વેર કુદાકુદ ને દોડધામ કરી રહયા હતા—અને તોબી જાંણે કાંઈ બન્યું નહીં હોય તેમ "જેમ બાઇનો હોકમ; આવજોજી," કરી તેઓ સાંબાં મારી બાઈને બારણાં વેર વલાવા આવ્યા ! એ હીણપસ્તી વચ્ચે મને મારી બાઇ સાથે ચાલવાની 'ભોંય ભારી પડી ગઈ', અને તોબી જાંણે કશું બી ગેરકાયદે થયુંજ ન હોય તેમ તે પોતે તો ઠંડે કલેજે ઉતરીને ગાડીમાં બેઠી, અને અમો ઘર આવ્યાં.

પ્રકરણ ૧૧ મું.

" ચોર ! ચોર ! "

તેજ રાત્રે સુવાને સઘલાં વગેસગે થયા પછી હું મારા ઓરડામાં મારાં સરેસ્તાનાં બીછાણાં પર (તેહેમતનનાં પાલણાં આગલ) સુતેલી હતી, તેટલાં ઘરમાં કાંઈ ખુમાતા અને ચીચ્યારીના અવાજ થતા સાંભલી હું મારી ભર ઉંઘમાંથી એકદમ ચમકી ઉઠી. એ રીતે ચમકી ઉઠવાનો જેમને અભ્યાસ થયો હશે તેઓજ કહી અને જાંણી શકશે કે તે વખતે મને કેવાં ધ્રુજરાંપર ધ્રુજરાં છુટવા માંડયાં હોવા જોઇએ. પ્રથમ તો એ શું થયું હશે તેજ મને સમજાયું નહીં, અને વધારે નરસ તો એ થયું હતું કે તે વખતે મારા ઓરડામાંની બતી બી ગુલ થઈ ગયલી હતી !

મેં લગાર જીવ ઠેડવીને સાંભલ્યું, અને પછી મને જણાયું કે ઘરમાં ચોર ભરાઇ ગયા હતા તેની એ સઘલી ગરબડ હતી, જે ગરબડમાં મોટો ભાગ મારી શેઠાંણીનો હતો.

મારા ઓરડામાં મરદ કોઇ ન હતો, ને છોકરાંઓ સાથ હું તદન એકલી હતી, જેથી મારો ગભરાત સ્વભાવીક રવેસે ઘણો વધ્યો,–મારાં કપાલપર પરસેવો ફુટી નીકલ્યો, ને મારી છાતી એટલી ધડકવા લાગી કે તેનો અવાજ વટીક હું પોતે પ્રગટ સાંભલી શકતી હતી!

એ ગભરાતને દરમ્યાંન શું કરવું તે મને મુતલગ સુજ્યું નહીં. હું દોડીને નીચે જાઉં કે હયાંજ ભરાઇ રેહું તે મારો ગુંચવાડો હતો. હું દોડીને નીચે તો જતે, પણ દાદરપરજ કદાચ ચોર કે ચોરો મને સાંમા મલે તેની મને ફ્રાલ પડતી હતી—અને બીજા હાથપર વલી પેલાં ત્રણ બચ્ચાંઓને વીહીલાં મુકી જવા મારી છાતી થતી ન હતી.

એ વખતે બાહેર (હેઠલ) ગભરાત ને ગરબડ તો જારીજ હતી, ને તેવામાં મારા દાદરપર કોઈ ધીમી સંભાલથી પણ ઉતાવલથી ચઢી આવતું હોય એવું મને લાગ્યું. વલી વધારે ને વધારે વધતા ગભ્રાત વચ્ચે મેં જોયું કે તે કોઈ કાલો આકાર મારૂં બારણું ઉંઘાડી મારાજ ઓરડામાં ભરાઈ ગયો! આ તે નાહસભાગમાં પડેલા ચોરો માંહેલો એક હોવોજ જોઈએ એમ મારી તુરત ખાત્રી થઈ, અને મેં બુમ પાડવા માંગી પણ મારી છાતી બેસી ગઇ, જે માટે વધારે કોશેશ કરૂં તે આગમચ તો હું ધાસ્તીથી એટલી આજેજ થઈ ગઇ કે તુરત બેસુદ્ધ બની બીછાંણાંમાં પડી!

એ રીતે હું ક્યાં તક બેસુદ્ધ પડી તે હું કાંઇ કહી શક્તી નથી, . પણ જ્યારે હું પાછી જાગી ત્યારે ઘરમાં સઘલું તદન શાંત હતું, ને તેજ પલે મને તે રાતના ભયભીત બનાવો પાછા યાદ આવી ગયા. આથી હું વલી એહબત ખાઈ ગઈ. મેં જોયું કે બીજા ચોરો ઘરમાંથી નીકલી જવા પાંમ્યા હોય તેથી કદાચ ઘર શાંત થયું હોય, પણ એક ચોર તો મારાજ ઓરડામાં–કદાચ મારીજ ઘોલકી હેઠલ!—ભરાઈ રહયો હશે તેનું કેમ?

હજી ઓરડામાં તમામ અંધારૂં પસરી રહ્યું હતું, ને તે અંધારાં વચ્ચે બી એક લાકડાંના ટુકડા પેરે હું મારાં બીછાણાંમાં થંબ પડી રહી. તે ચોર મારા બીછાંણાં તલે ભરાઇ રહેલો હશે એ ખ્યાલમાંજ મને એટલું બીહવાનું અને એટલું બધું ધ્રુંજવાનું હતું કે

મેં હોસ્યાર થઇને તે વાત યાદ કીધા પછી એક હાથ પગ વટીક હીલ-વવાની કે બિછાંણુંમાં જરાએ સવરવા ચવરવાની હીંમત કરી નહીં ! એ દરમ્યાંન મેં એટલીજ દુવા ચાહી લીધી કે નાધલો તેહેમતન કે બીજાં કોઈ છોકરાં ખુદા કરે ને જાગી ઉઠે નહીં—તેઓ એ અત્યાર આગમચ થઇ ગયલી ગરબડ ને ઘોંઘાટના સબબે બી જાગી ઉઠયાં ન હતાં એજ મારૂં સુભાગ્ય હતું—અને સારાં નસીબે હજી બી તેઓ પુર નીંદમાં ઉંઘી રહ્યાં.

પણ એ મારાં ધ્રુજરાંની હરોલમાં હવે મને ખ્યાલ થયો કે એ મારો સઘલો ગભરાત એક ખ્યાલી સ્વપ્નાનુંજ પરીણામ કાંય ન હોય ? તે વખતે મને અચબુચ વીચાર થયો કે " ચોર !" નાં બુમ કલ્લાથી હું જાગી ઉઠી હતી તે—કોઇ મારા ઓરડામાં ભરાઇ ગયું હતું તે, અને હું ઘણી બીહીકની મારી બેસુદ્ધ થઈ ગઇ હતી તે સઘલું કાંઇજ. નહીં પણ સ્વપ્નો હતો, ને ખરેખર તો જ્યારે હું પોતાને બેભાંનીમાંથી સાવધ થયલી સમજતી હતી ત્યારેજ મારી ઉંઘમાંથી હું બેદાર થયલી હોવી જોઇએ. એ ખ્યાલથી મને એક-દમ ઘણી ધીરજ ને ઘણી હીંમત આવી, ને તેથી હું હીંમત કરીને બીછાંણુંમાં ઉઠી બેઠી.

મેં કાંનૂ કરી સાભલ્યું, પણ કોઈનો કરૌએ સણુસારો ઓર-ડામાં કે ઓરડાની બાહેર જણાયો નહીં, ને તેથી હું છલાંગ મારી બીછાંણુંમાંથી બાહેર કુદી પડી. તે પછી હું બારણું આગલ ગઇ; તે જેમ હું અલગું બંધ કરીને સુતી હતી તેમજ અલગું બંધ હતું. મેં દાદરપર ડોકાવ્યું. ત્યાં બી કોઇ નહીં હતું, ને હાંડીમાંની સરેસ્તાની બતી બાહેર બલ્યા કરતી હતી.

એ સઘલી તપાસથી વધારે હીંમત પાંમી મેં મારા ઓરડામાં ટેબલ આગલ જઇને મેચીસથી ગુલ થઈ ગયલો દીવો પાછો સલ-ગાવ્યો, ને પછી હજી અરધા ગભરાત ને અરધી ધીરજ વચ્ચે આખા ઓરડામાં નજર દોડાવી. ત્યાં કોઇ હતું નહીં. વધારે વધતી જતી ધીરજથી મેં દીવો લઇ ઓરડાનું ખુંણેખુંણું ને મોરી વટીક તપાસી, પણ કોઈ હતું નહીં. છેલ્લી તપાસ મારી ઘોલકી તલે જોવાની બાકી હતી, અને તે લગાર વધારે જોખમભરેલો અખતરો હતો, પણ એક જોરાવર હીંમતનાં જોસ સાથે હું દીવા સમેત વાંકી વલી, ને ઘોલકી તલે ડોકાવ્યું—ત્યાં બી કોઈ હતું નહીં !

આથી મારી ખાત્રી થવામાં કશી બાકી ન રહી કે ફક્ત હું એક ખાલી—ખ્યાલી ખોટા સ્વપ્નાથીજ બીહીધેલી હતી, અને તેથી તે પછી હું વધતી નીરાંતથી પાછી સુવા ગઇ.

એમ છતાં તે રાત્રે મને નીરાંતની ઉંઘ આવી નહીં. નીરાંત તો કોઇ બી રાત નહીં હતી, કેમકે મને જે દેવસ્થાનમાં ખાબ કરવો પડતો હતો તે માંહેલાં ત્રણે દેવદરૂજોનો રોજીંદો કંટાળો એક રોજીંદુ હફતેખાંન હતું, પણ તોબી તે કંટાલા ઉપરાંત મને મારી બેચેનીએ બી તે રાત્રે તો બેજાર બનાવ્યા કીધી, એટલે જ્યારે સહવારાંની રોશણીએ મારી બારીનાં વીનીશનમાંથી મારા ઓરડામાં ડોકાવ્યું, ત્યારે મેં તે આશમાની નુરને ઘણા આદરથી આવકાર દીધો.

એ રીતે તે બેચેન રાત પછીની સહવારે હું ઘણી અણુમની ઉઠી અને માથું બી દુ:ખવાનું શરૂ થયું, અને મેં બારણું ઉઘાડયા કેડે જ્યારે ભાંણ્યો (અમારો લાલ્યો) મારા ઓરડાનો કચરો કાઢવા આવ્યો ત્યારેજ મને ખબર પડી કે ગઈ રાતના બનાવો તો એક સ્વપ્નો નહીં પણ સઘલા ખરેખરજ બનેલા હતા!

"ઓ બાપરે છીરીનબાઈ," ભાણ્યાએ મને જોતાંજ નરમ ઠપકો દીધો, "એ તે છું તમારી ઉંઘ કે ઉંઘનો બાપ? રાતે આવરું ઘોંધ્યાંરૂ ઘરમાં થીએલું, ને તમે તો જાગેલાં એ ની?"

"શું? શું ઘોંધ્યાંરૂં ભાણ્યા?" મેં વલી અતી ઘણી ગભરાઇને સવાલ કીધો.

"લે જોજે હ: ને, હજી તો છું ઘોંધ્યારૂં પુસોસ!" ભલા ભાણ્યાએ હાથમાંની સાવરનીથી માથું ખજવાવતાં હસીને કહ્યું. "ઘેરમાં બધા સોર ભરઇ ગીયેલા, ને તમારાં બાઇએ એટલું ઘોંધ્યારૂં કરી લાખેલું કે બચ્ચ ની મરે! તેમાં જેરે એમ વાત આવેલી કે બધા સોર નાછી ગીયેલા, પણ એક ઈક્કા ઘેરમાંજ કહીં ભરઇ બેછેલો, તેરે તો છોંણી બેસુધ થવાનીજ જીદ લઇ બેછેલી."

ત્યાં મારા સઘલા શકો ખરા પડયા! જે વાતને હું એક વાર ખરો બનાવ જાંણવા પછી ફક્ત સ્વપ્નો ઠડાવી ઉઠી હતી તે બોલેબોલ ખરો બનાવ હતો, અને જેમ હું ધારતી હતી તેમ ખરેખર એક ચોર મારા ઓરડામાં આવી ભરાયો હતો એમ મારી ખાત્રી થતાં હું નવી રવેસે હેબત ખાઈ ગઇ. એ ઉપરથી મેં ભાણ્યાને

બધી વીગત માંડીને કેહેવા અરજ કરી, ને તેણે જે મને કહ્યું તે હું મારાં પોતાના બોલોમાં નીચે સમજાવીશ.

ચોરો પાછલે બારણેથી (દરીયાની બાજુએની) બારી વાટેથી રાંધણીમાં ધુસ્યા, અને રાંધણીમાંનાં વાંસણકુસણમાંથી નક્કી માલ (એકાદ બે રૂપાનાં વાસણ સમેત) તફડાવી લીધો. ત્યાર પછી તેઓ શેઠ શેઠાંણીના ઓરડામાં ધુસ્યા, ને ત્યાં જઇ તેઓએ બાઈનું બાહેર રહી ગયલું કાંઈ જરયાંન અથવા દાગીના—બટન સાંકરી વગેરે—એકઠું કરવા માંડયું, જેવામાં બાઈ જાગી ઉઠયાં એટલે તેણે સોહોર મચાવ્યો.

એ રીતે ગરબડ થવાથી ચોરો નાહસભાગમાં પડયા, અને તે ગભરાતમાં મારાં બાઇ કે શેઠ તે લોકને બરાબર જોઇ કે ઓલખી શકયાં નહીં. એમ છતાં તેઓનાં પાછલથી કેહેવા પ્રમાણે તેઓના ઓરડામાં જે ચોર ભરાયલા હતા તેમની સંખ્યા ત્રણ આસામીઓની હતી, ને તે ત્રણે પારસી લોફરો જેવાજ હતા.

હવે ગરબડ થતાં નોકરનફરોની જે દોડ પોંહોંચી કે ચોરો નાહસભાગમાં પડયા, ને તેઓની પુઠે નીકલેલા મારા શેઠને વેહેમ રહયો કે એક ચોર કેડે બાહેર નાહસી જવાને બદલે ઘેરમાંજ ભરાઇ રહયો હતો. તેની પાછલથી ઘણી જુસ્તેજો કીધી, ને એક મારા ઓરડા સીવાય બાકીનું ઘેરનું ખુંણેખુંણું જોવામાં આવ્યું, પણ કોઇ નહીં મલી આવવાથી બધાંની ખાત્રી થઈ કે ઘેરમાંજ ચોર ભરાઇ બેઠો હતો એ શેઠનો જે ખ્યાલ હતો તે ગભરાતમાં પેદા થયલો ખાલી વેહેમ માત્ર હતો, કે જ્યારે ખરેખર તો જે રસ્તે આવ્યા હતા તેજ રસ્તે તે સઘલા લુચ્છાઓ આસાંનીથી છટકી જવા પાંમ્યા હતા.

હવે મારો ઓરડો કાં ન તપાસવામાં આવ્યો તે વીશે મે ભાણ્યાને પુછયું, ને તેના જવાબમાં મને જણાવવામાં આવ્યું કે તેમ મારી હેતાલુ બાઇએ નહીં કરવા દીધું ! તેણે કહ્યું કે "અમથાં મારાં હીરા મોતીનાં બચ્ચાં બીહી ઉઠશે ; બાકી ઘણી મુઇ શીરીનને કાંઇ ધાર ખાવાની નથી,"—અને તેથી, તેમજ ચોર ભરાય તો છેક ઘેરના ઉપલા ભાગમાં જઇને ભરાવાનું તો કદી પસંદ કરેજ નહીં એ ખ્યાલથી મારો ઓરડો તપાસવાનો વીચાર પડતો મેલવામાં આવ્યો.

એ સઘલી વાત મેં નવેસરનાં કેવાં લખલખાં વચ્ચે સાંભલી તે સમજાવા જરાએ જરૂર નથી, કેમકે હવે મારી ખાત્રી થઇ કે ગઈ રાતનો મોટો ભાગ કોઇ ચોર સાથે મેં એકજ ઓરડામાં ગુજારયો હતો. મારા જેવી જવાંન—કહો કે હજી બચ્ચાં જેવીજ નબલી છોકરી માટે એ ખ્યાલજ શું દરાંમણો ન હતો?

હવે મેં મારી વાત ભાણ્યાને કહી, ને તે સાંભલીને તે લાગલો નીચે બધાંને કેહેવા દોડયો. ત્યાં એક નવી વાત અજવાલાંમાં આવી, કે જેથી શેઠની તમામ ખાત્રી થઈ કે ચોર મારાં કેહેવા પ્રમાણે મારા ઓરડામાં ભરાઇ રહયોજ હતો. જે રાંધણીની બારીએથી તેઓ દાખલ થયા હતા તે રાંધણીની બારી ગરબડ થવા પછીથી પાછાં વગેસગે થયા આગમચ મારા શેઠે પોતાને હાથે તપાસીને ચપટ બંધ કરી લીધી હતી, અને તોબી કામ કરનારાં દોસાંએ ખાત્રીપુર્વક ખબર આપી કે સહવારે જ્યારે તેવણ પેહેલાં પાછાં રાંધણીમાં આવ્યાં, ત્યારે તો તે બારી પોરપખાર ઉઘાડીજ હતી!

આથી અનુમાન અતી સેહેલ હતું કે ચોર ગરબડ થઈ તેવોજ મારો ઓરડો વધારે સલાંમતીભરેલો સમજીને પાધરો ત્યાંજ આવી ભરાયો હતો, અને પછી જ્યારે સઘલું ઘર પુરતી રીતે પાછું શાંત થયું ત્યારે તે ઘરમાંથી આવ્યો તેવો સટી જવા પાંમ્યો હતો. ત્યારે શું તે ચોરને મારો ઓરડો ને મારા ઓરડામાં કોઇ માતીદો ન હતો તે સર્વે વાત ખબર હશે? અમો તે વીશે કશું ખાત્રી સાથે નક્કી કરી શકયાં નહીં.

ચોરની મારે લગતી સઘલી વાત થોડાજ વખતમાં શેઠ શેઠાંણીને કાંને ગઈ, ને તેઓએ મને તુરત પોતાની પાસે બોલાવી મંગાવી. તે પછી જ્યારે મેં સઘલી હકીકત કેહી ત્યારે શેઠે મારી ઘણી દયા ખાધી. "બચારી પોરીનું સત્યાનાસગીયો ગરૂં બરૂં કાપી નાંખતે," મારા ગરીબરા શેઠ પટપટયા. "રાંને જે જોવાનો તેજ ઓદડો મને નહીં જોવા દીધો."

"અરે એનું સાંનું ગરૂં કાપતોતો મુવો," મારી શેઠાંણીએ છણુકો કીધો. "જવાંવારાંનું જતે. એ તો મારા બાપદાદાનાં પુન આરે આયાં, નહીં તો મુવો મારા જી બરાયા તેહેમતનને કે ગાયમાયને લેતો કે ચાલતો થતે તો એ રાંનનાં હું શું ઘનણું કારી લેતે?"

"અરે રાંન ગાંડી છે ગાંડી," મારા શેઠે કેહેવાની હીંમત કરી. "રાંન અપટ, ચોરો એટલી બધી મેહેનતે ઘેરમાં આવે તે પોરયાં ચોરવા આવતા હોશે? વરી તારાં પોરયાં બી તેવાંજ બગલાંની પાંખ જેવાં તે નહીં ચોરતો બી ચોરી જવા લલચાય!"

આ સરટીફીકેતોથી શેઠાંણીએ શેઠપર ડોલા તો એવા કકડાવ્યા કે મને ભય થયો કે ઓય ભખી ખાશે!

"હા, પણ તમુને સુધી કાંહાં બરીચ?" મારી શેઠાંણીએ હજી નરમ વજોરૂં લીધું. "એવામાં જી ભરાયો તેહેમતન જાગીને રરતે તો મરી ગીઓ એની માયનો જીવ નહી લઇ લેતે કે? ભસ્તે ગીઓ તોટો બોટો દાબીને ચાલતો થતે તો? હું મારાં હીરાં મોતીનાં દીકરા દીકરી એ નાતરે ગઈ દૂકતીના વીશ્વાસપર રાખીને સુવું, ત્યારે એની કાંઇ તાકાત નહીં કે ચોર આવે કે ચોરનો બાપ આવે તોબી એ બીહે કે બેસુધ થાય."

"તું તો રાંન વાસે વહરે તેમાંની મેટ છે," મારા શેઠે હવે વધારે ને વધારે હીંમત કરી—અને લ્યાં મેં જોયું કે જરા વારમાં વાત વધી પડશે, ને તે બેઉ હેતવંતાં ધણીધણીયાંણી જે વખત જાય છે તેમાં સખત અથડી પડશે, એટલે ત્યાં વધારે વાર ઉભી રહીને શરમાવા કરવાનું મને પસંદ આવ્યું નહીં, જેથી નીચી મુંડીએ ઓરડામાંથી બાહેર નીકલી હું મારા પોતાના ઓરડામાં જતી રહી.

એ પછી ચોરોની વાતની પોલીસમાં ખબર આપી, ને સીપાઇ કાનસ્ટેબલોએ આવીને ઘરની આગલી સાઈડ પાછલી સાઈડ વગેરે જોયું, ઘરમાં ઠેકાંણે ઠેકાંણે ઉભા રહીને તહરેવાર તરક ને તકરારો ચલાવી, અને અંતે તપાસ કરવાનું કહીને પાછા ગયા. તે પુછી મારા શેઠે પોતાને ખરચે રૂ. ૧૦૦ નું ચોર પકડી આપે તેને વાસ્તે ઇનામ બી જાહેર કરાવ્યું, પણ એ સઘલાંથી કાંઇ વલ્યું નહીં. દીવસ પર દીવસો ગબડી ગયા, પણ ચોરનો પતો મલ્યો નહીં, અને તે વાત જુની થતાં તેની અગતમાં દર રોજ કમતી થતી ને વલી જલદી વીસરાતી બી ચાલી.

પ્રકરણ ૧૨ મું.

એક નવી પીછાંણ.

એક દીવસ મારા શેઠ શેઠાંણી ત્રણે છોકરાંઓને લઇ માહાલક્ષ્મી તરફ કોઈને મલવા ગયાં, એટલે ગાડીમાં સાથે મને બી જવું પડયું. ત્યાંથી પાછાં ફરતાં સાંહજનો સમય હતો, વાસ્તે 'સ્કેંડલ પોઇંટ'ના કીનારા આગલ ઉતરીને બેસવાનું મારાં શેઠાંણીનું મન થયું, અને અમો ઉતરીને તે બાજુના એક બાંક ઉપર બેસવા જતાં હતાં તેટલાં તેની જોડમાંના એક બાન્જટપરથી એક પારસી ઉઠીને ઝડપથી અમારા ભણી આવ્યો. તે કોઈ મારાં શેઠ શેઠાંણીનો દોસ્ત થવો જોઇએ એમ મેં તુરત જોઈ લીધું, સબબ જેવી દોસ્તીની ઉલટ સાથે હસ્તે ચેહેરે તે અમોને જોતાંજ મારા શેઠને સેકહેંડ કરવા દોડી આવ્યો, તેવીજ મમતા નેં મીહાસનાં જોસ સાથે મારા શેઠે તેને જોતાંજ તેની આગલ ધસી જઇ તેને ચાંપીનેં શેકહેંડ કરી.

આ પારસી અરધા ઈંગ્રેજી ને અરધા પારસી પોશાકમાં હતો. તેનાં માંથાપર બાંધેલી પાઘડી હતી તોબી તે બેડી બાંધણીની હતી, ને તેના ડાઠાંનાં ગાલામાં એક મોટો જેવો તુરો ધુંસાડેલો હતો, કે જ્યારે પાઘડીની ઉપલી કીનારીના એક ખુંણામાંથી તે ગ્રહસ્થને નામનો એક કાર્ડ ચીમાઇને જોતો હતો. તેની આંખપર એક આઇગ્લાસ ચઢાવેલો હતો, અને કાલા દગલા પાટલુનના ઈંગ્રેજી ડઠેરા સાથે તે આઇગ્લાસથી તાપ જયાદા જણાતો હતો.

તે પોતે ઉંચો અને પાતલો હતો, અને મોંઢાં ઉપર એક મોટી શોભાયમાન મુચ્છ અને ભરેલા થેપીઆ હતા. તેની ઉંમર સુમારે ત્રીસથી પાંત્રીસ વરસની જણાતી હતી, અને સામટી રીતે તે એક ખુબસુરત, એરકો, ફાંકડો જવાન હતો. તેના કફ ને કાલર, તેની વીંટી ને ઝગઝગ થતો છેરો, તેની વાકીંગ સ્ટીક ને પમરતો મઘમઘતો રૂમાલ વગેરે વગેરે સઘલું એકજ નજરે સીદ્ધ કરી આપતું હતું કે તે જવાંન કોઈ ચીકાસવાલો હતો, ને વલી એશકાઈ ભુરકાઇનો ભારે શોકીન હતો.

હયાં મારે કેહેવું જોઇએ કે મારાં શેઠ શેઠાંણીના આ દોસ્તને મેં તેનું નામ નીશાંણુ બી જણાવ્યા આગમચ વાંચનારસે એટલી બધી વીગતે ઓલખાવી આપવાની કાલજી કરી છે, તે ફક્ત એટ-

લાજ માટે કે એ આસાંમી મારી લબાણ વારતામાં આગલ જતે અગત્યના ભાગો ભજી બતાવનાર છે, અને તેથી શરૂઆતમાંજ વીગતો સમેત તેની પીછાંણ કરી આપવાને મેં આ જગ્યા લાયક જોઇછે.

"હોલ્લો એરચશાહાજી શેઠ," મારા શેઠને જોતાંજ તે પારસીએ ઉપર કહ્યા પ્રમાણે હોડી આવી મારા શેઠને શેકહેંડ કરતાં કહ્યું, "આએ કેવી નહીં વકી રાખેલી મુલાકાત ! કેમ છેઓ, સારી પેઠે તો છેઓ ? તમે કેમ છેઓ જી ?"—ને એ છેલ્લો સવાલ તેણે મારી બાઇને પુછયો.

"અમે તો દુવા કરયેચ તમારા હકમાં," મારા શેઠે ઘણું એ મલ્યા હોય તે કીસમના સઘલા હાવભાવથી કહ્યું, "પણ તમે અહીં કેમ ? કાહારે આયા ?"

"આપરે તો કાકાજીનાં ગુજરવા પછી રમતાજ રાજા છઇએ કેની," તે ગ્રહસ્થે હસીને કહ્યું. "દાદીશેઠનો રૂસતમ એક મહીનો લીવ ભોગવવા મુંબઇ આવ્યો તે સાંભલીને તેને ખાતર હું બી પુનેથી આંઠ દાહારા થયા અત્રે આવેલો છેઉં."

"આંઠ દાહારા થયા ?" મારી શેઠાંણી કાંગલી થઇ ;" કાંએ કાંએ તારે, અમે શું કાંઇ લોક ઉતાં જે આપરે ઘેર નહીં આયા ? અમુને તો ખબર બી પણ નહીં થવા દીધી કેની ? સારૂં, સારૂં, તમે હંમેસ એમ લોકઈજ ગણોચ !"

"તે એવણ મોઠા લોક," મારા શેઠે પોતાની પરણેતરને રાજી કરવા તેની ઢપે કહ્યું. "એવણને કાકાજીનાં મરવાથી આઇતો દલ્લો હાથ આવી ગીયોચ ત્યારે હવે એવણ આપુણે કાંહાંથી ઓ-રખે ? હમણાં વેર એવણ સાદામાદા વાહારવાજીના જાહાંગીરજી ઉતા, ને હવે અચખુચ વારી ગારી ને માલ મીલકતના માલેક થયા તારે હવે પૈસાવારા વારયાજીના જાંહાંગીરજી આપરે ઘેર કાંહાંથી આવી રેહેતાતા ?"

"નહીંજી, માફ કરો," જાંહાંગીર વાડયાએ મારા શેઠનાં બો-લવાથી ખુબ હસીને કહ્યું. "તમારી મેહેરબાંનીજ છે તો તમારે ઘેર બી બે દાહારા રેહેવા આવસું."

"હા, જરૂર આવજો," મારા શેઠે ચાંપીને કહ્યું,—કે જ્યારે રખેને એ કબુલ કરવા ખાતર તેની ધણીઆંણી પાછલથી તેની સાથે વઢોરૂં લે તેની ફીકરથી બારી આંખે તે પોતાની ધણીઆં-

ણીના ચેહેરાપર એ ઇજનથી થતી અસરો ઇંતેજારીથી તપાસતો ગયો. "જરૂર આવજો હો, જાંહાંગીર શેઠ અમારાં મકાંનને પાંચ સાત દાહારા તમારૂં કરી ગણી જરૂર આવજો."

"ને સાથે દાદીશેઠના રૂસતમને બી લાવજો," મારી શેઠાંણીએ મારા શેઠને ઉતેજન અપ્યું. "એ તમારા સરજયન દોસ્તને બી અમારા સાથે કાંઈજ નવું નથી, તેથી જરૂર કરી તેવણુને બી લેતાજ આવજો."

હાં સર્વે જ્યારે બાંકપર બેઠાં ત્યારે વાડયાનો જાંહાંગીર ઉભોજ રહ્યો, ને તેને બેસવાની બોહસ થવા છતાં તેણે ઉભો રહીનેજ તાહેલાં ચલાવા પસંદ કીધું. એ દર્મ્યાંન હું નાથલા તેહેમતનને ખોલામાં લઇ બાંકપર એક બાજુએ બેઠેલી હતી તે ઉપર તેનું ધ્યાન ખેચાયું, અને તુરત આઇગ્લાસ ચઢાવી મારા ભણી ટીકીને બોલ્યો, "એ આએ કોણ, તમારો નાથલો બેબી કે? વાહ, ઘણોજ મજેનો છે હઃ?"

"હઃ તમોને એ ગમેચ કે શું?" મારી શેઠાંણીએ પોતાના દીકરાની તારીફથી છલકાઇ જઇને ઝડપથી કહ્યું. "જી ભરાયો નરો બાપ— બધો બાપજ!"

"ઘણોજ મજેનો છોકરો છે," જાંહાગીરે હવે આગલ આવીને તે બચ્ચાંના ગાલ પસવારતાં કહ્યું,—કે જ્યારે મેં જરા જોઇને શરમાઈને મારી ચશમ ફેરવી નાંખી કે તે છોકરા સંબંધી વાત કરવાને મસે તે બેમહલાજે આગલ આવીને મારા ચેહેરા સમ ટીકતો હતો.

પણ એમજ ન હતું. જે બચ્ચાંની તે એટલી બધી તારીફ લલકારતો હતો તે બચારૂં એ જાતની વખાંણુને જરાબી લાયક ન હતું. વાંચનાર જાંણે છે કે તેનો ચેહેરો ખુબસુરત કરતાં બેડોલ ને બદસુરત વધારે હતો, એટલે પેહેલી થોડીજ મીનીટમાં મેં વાડયાના જાંહાંગીરને એક લુચ્ચા અથવા ઠગારા તરીકે પીછાંણ્યો. તે જાંણી જોઇને ખુશામત કરતો હતો, અને વલી તે બચ્ચાંને બાંહણે મારા ભણી નજર રાખવાની તે ગેરસલુકાઇ કરતો હતો.

પણ એક વાર મારી ખાત્રી થઇ કે તે મને અપમાંનથી જોતો પાસે ઉભો હતો એટલે હું એવા તો પ્રગટ ગુસ્સાથી નેણુ ફેરવી તે જગ્યા પરથી લગાર ખસતી ગઈ કે તે જવાંન બીહીધિ—એવી

કીસમના બદમાસો બાતેનમાં હમેશ હીચકારા હોય છે—અને તેથી તુરત મારા પાસથી ખસી ગયો. આ હીલચાલો પર મારાં શેઠ શેઠાંણીનું કાંઇ ખાશ કરી ધ્યાંન ખેંચાયું નહીં. તેઓ તો નાધલા તેહેમતનની જાંહાંગીર વાડયાએ કરેલી તારીફની ખુશાલીમાં એવાં તે વખતે ગરક ગયાં હતાં કે આજુબાજુનું તેમને ભાગ્યેજ ભાંણ હતું, ને તેથી જાંહાંગીર પાછો તેઓની ગમ જઇ ઉભો ત્યાંથી બી હજી બારી આંખે ચસમામાંથી તેણે મારા ભણી ટીકવાનું જારી રાખ્યું.

તેણે તે ચસમો (આઈગ્લાસ) બી ફ્કત અક્કડને વાસ્તે પેહેડયો હતો એમાં કશો શક ન હતો, કેમકે તે પાંચ મીનીટમાં પચાસ વખત કાઢતો ને પેહેડતો, ને પેહેડતો ને કાઢતો. તે આઇગ્લાસને તેની દોરીમાંથી ચક્કર ફેરવતો, વારેઘડીએ જાંણે શું એક ધુલ ચઢી ગઇ હોય તેમ સાફ કરતો, વગેરે. એ તેનાં ખેણકોટક બતાવાને બસ હતાં કે તે મેં જેમ અનુમાન કરયું હતું તેમ કોઇ સારો માણસ ન હતો.

"પણ હેં જાંગુબા," મારા શેઠે હસતાં હસતાં કહ્યું, "એ તો કાકા મરવાથી તમોને ભલે ભલે થયું હઃ સુનાની ચલ્લી હાથ આવી ગઈ, યાર."–

"બસ રે બસ, એમ નહીં બોલીયે," મારી શેઠાંણીએ ગુસ્સાથી નહીં પણ ઘણાજ પ્યારથી પોતાના ધણીને શીખામણ દીધી, અને પછી જાંહાંગીર તરફ ફરીને વધારયું, "જી ભરૂં હંમેશના એવા રમતાં રમકરાં જેવા, સારો દહારો હસતા ને હસતા." અને જાંણે ઘણીજ મોહબતથી ડોલા કાઢતી હોય તેમ તેણે પોતાના પરણેતર તરફ જોયું, કે જ્યારે ખરેખર તો તે ઠગારી ઓરતો પોતાના બચ્ચાં જેવા ભરથારને પોતાના ડોલાથી દબાવ્યો કે એવો ઘેલો ગાંડો ભમરડો ઘુમાવતાં સાવધ રેહેવું.

"પણ એ બેહેસ્તીએ તો અપઘાત કીધોતો ની વારૂં?" માર શેઠે પુછ્યું.

"તે કાંઇ ચોક્કસ પ્રકારે જણાયું નહીં," જાંહાંગીરે કહ્યું. "એવો જુવાંન જીવ આટલાં સુખ સાથે આપઘાત શું કરવા કરે તેજ હું તો સમજી શકતો નથી. મારી તો ખાત્રી છે કે હાર્ટડીઝીઝથી મોહત નીપજયું હતું, ને જુરીએ નાહક આપઘાત ઠરાવ્યો."

"પણ મરનાર તો કેહેજે કુમારાજ ગુજરયાતા, ખરી વાત?" મારી શેઠાંણીએ પુછ્યું.

"હાજી, તે બી ખરી વાત. ખુદા જાંણે બેહેસ્તીનેં શાંનો ગમ ઉતો તે ચાલીસ પીસતાલીસની ભરતી થઇ પણ પનવાનું નામ નહીં લીધું," જાંહાંગીરે સમજાવ્યું.

"હવે તે તો હોશે," મારી શેઠાંણીએ કહ્યું, "પણ તમે બી બેહેસ્તીની કાંની કુમારાજ રેહેવાના છેઓ કે કેમ? જી ભરાયા હવે તમે બી અરધા ઘડદા થવા આયા ને હજુર કોણુની વાર જોવોચ બધાં સુખમાં એ સુખ કાંએ બાકી રાખ્યું હોસે?"

આ સુખનો સવાલ નીકલતાંજ મારા શેઠને થાંસાની એક મોટી ગુચ્છ આવી!

"ઓ જી રે બધા, શું છે?" મારી શેઠાંણીએ કાંગલી બની અરધી તેવણુનાં દીલ પર પડી પુછ્યું, કે જ્યારે મને માનવાને મુશકેલ ન હતું કે શેઠનો થાંસવાનો સબબ સમજી જઇ તે મસે તેણે તેનીપર ખુબ ડોલા કકડાવી લીધા હતા. "આજે બપોરે જરા સાહસની ઉપર તમે વધારે હાથ ચલાવ્યા ત્યારેજ મારૂં તો માંથું તણકયુંતું કે તમે વરી કાંઇ કામ વધારશો."

"નહીં નહીં, મને કાંઇ નથી," મારા શેઠે બીહીતાં બીહીતાં હસીને કહ્યું. -"એ કાંઈ સાહસના સબબે થાંસો થતો નથી—આજે બપોરે આપરે તાંહાં તો સાહસ ઉતોજ કાંહાં જે?—પણ એ તો તું આપરા જાંહાંગીરજીને જલદીથી પણવાની ભલાંમણ કરેચ કેની તેથી હું મકુંજે—"

અને અહીં તે "સેહેતાંન ચોઘડયું" જાંહાંગીરથી "બને તાંહાંસુધી" તે "મુલતવી રાખે" એવી ફીસમનું કાંઇ મારો શેઠ વધારે ધીમે સાહાદે બરબડયો, કે જ્યારે જાંહાંગીરે તો દધાઇને જોયાજ કીધું, અને મારી શેઠાંણી તો ગુસ્સાથી લાલ ને પીલી થઇ ગઈ.

પણ મારા ગરીબરા શેઠની એ સાચ્ચી ભોલાઇથી પોતાને તે જાંહાંગીરનાં દેખતાં ગમે એવું ખરાબ લાગેલું છતાં મારી શેઠાંણી તુરત વેલા તો લોહીનો ગોટ ગલી સર્વ ખમી ગઇ, ને તે તેઓ ફક્ત મજાહમાં બોલ્યા હતા એવું જાંહાંગીરનાં મનપર થસાવાની તેણે કોશશ કરી. "ઓ હું મરૂં રે," તેણે ફરેબથી કહ્યું, "હંમેસના ઢોંગ ધતુરાથી ભરેલા. પણ તમુને શું છે? તમે તો પણુની અદરાઇને બેઠા, ને એવણુ તો હજુર કુમારા છે, વાસ્તે તમે એવી મસકેરી મજાક ચલાવો તે એવણુ બચારા ખરૂં સમજસે, ને નકામા પોતે કુમારા રેહસે."

એ પછી એ ક્રીસમનાં વાંચનારને વગર અગતનાં તહેરેવાર તાહેલાંઓમાં તેઓએ કલાકેક કાઢી નાંખ્યો, કે જે બધા અરસામાં વારંવાર બેસવાની ઓહસ થવા છતાં હજી વાડયાનો જાંહાંગીર ઉભોજ રહયો હતો, અને ઉભો રહી બારી આંખે મને લરજાવનારી ક્રીસમે મારા ભણી ટીકયા કરતો હતો. હું ચાકર આદમી હતી એટલે તે હેમક મને શું વધારે ઉંચી પંકતીની અબલાઓ કરતાં કોઈ બી રવેસે લાગણીઓમાં કમ અથવા નીતી ને સલુકાઈમાં ઓછી સમજવાનીજ થાપ ખાતો હતો?

એટલા વાસ્તે જ્યારે અસુરૂં થવાથી બધાં ઘરે જવા ઉઠયાં ત્યારે તે નાપસંદ સંકડાંમણમાંથી મોકલી થઇ જવા ખાતર હું ઘણીજ ખુશી થઈ.

જ્યારે અમો બધાં ગાડીમાં બેસતાં હતાં ત્યારે વાડ્યાનો જાંહાંગીર હસી હસીને વાત કરતો અમારી બ્રોહામનું બારણું પકડી ઉભો હતો, અને જ્યારે હું ગાડીમાં બેસવા જતી હતી ત્યારે "હં: સમાલો, હાથમાં બચ્ચું છે, મારો હાથ લેઓ."—કરી તે મને એ બાંહણે ખામખા હાથ આપવા આવ્યો, જે તેની લુચ્છાઇ તુરત મારી નજરમાં આવી, ને હું તેને અપમાન થાય તેવી રીતે જવાબ વટીક કરયા વના ગુપચુપ ગાડીમાં ચઢી ગઇ.

ગાડી ઉપડતાં મારા શેઠ શેઠાંણીએ વાડ્યાના જાંહાંગીરને દાદીશેઠના રૂસતમને સાથે લઈને અમારાં મકાંનમાં પાંચ સાત રોજ જરૂર મેહેમાન આવવા પાછું ફરી ફરીને ચાંપીને ઈજન કીધું, ને એક વાર ગાડીએ ગબડવા માંડયું કે મારી શેઠાંણીએ તેમાં એક મોટો જેવો સેહેતાંન જગાડયો. મારા શેઠે જાંહાંગીરનાં દેખતાં અવારનવાર જે રમુજો ચલાવી હતી તેના સંબંધમાં તેણે શેઠપર મારી જરા બી શરમ કીધા વના તાંણાજાંણીનાં 'ઝાડ તોડી પાડ્યાં,' અને તે સઘલું મારા ગરીબરા શેઠે ગાડીની બાહેર ડોકું કાઢી રાખીને મુગે મોંડે સાંભલ્યાં કીધું!

રાંડના મારા ફાક જાએ એવા મારા શેઠના જેવા મરઘીકાપુ માતીઓનું જીવતર બલ્યું!

પ્રકરણ ૧૩ મું.

પહેરોણાઓ.

એ વાતને બીજા આઠ રોજ વહી જવા પછી હું સાંહજે નાધલા તેહેમતનને અને મોટા છોકરાને લઇને સરેસ્તા પ્રમાણે ફરવા જવા બંગલામાંથી બાહેર નીકલીને થોડાંક કદમ આગલ નહીં ગઈ, તેટલાં એક ભફુતી સીગરામ જે ધીમે કદમે જતી હતી તેમાંથી એક સાહદે પુછયું, "બાઈ, એરચશાહા પટેલનો બંગલો કીયો ?" આ અવાજ વાલ્યાના જાંહાંગીરના તરીકે તુરત ઓલખી મેં ચોંકીને ગાડી ભણી જોયું, એટલે મને ઓલખી તે પોતે તુરત ગાડીમાંથી કુદી પડયો. "હોલ્લો આએ તો પેલીજ તેદારવારી ખુબસુરત પોરી દેખું," તેણે ઉતરતાં કહ્યું.

તેના આ રીમારકથી ઓંશક તેમજ ગુસ્સાથી હું લાલ થઈ અને મેં તુરત નીચે જોયું, કે જે અરસામાં જાંહાંગીરનાં ગાડીમાંથી ઉતરવાથી ગાડી ઉભી રહી, ને તેની પુઠેજ એક બીજો જવાંન—જાંહાંગીર કૂરતાં ઉંમરે ઘણોજ વધારે જવાંન—બાહેર આવ્યો.

"કેમ બાઈ સાહેબ, તમે શું અમુને જવાબ નથી આપવાનાં ?" જાંહાંગીરે અરધા પ્યારથી અરધી મશ્કેરીથી ને અરધા બેમહલાજાથી પાછું પુછયું. "તમે હજુર એ પટેલને તાંહાંજ નોકરી છેઓ તે તો દેખઈતું છે, કેમકે આએ બગલાંની પાંખ જેવાં પોરયાંઓને મેં તે દાહરે જોયાંતાં તે આજે બી તમારી સાથેજ છે."—અને તે અહીં મોટે સાહદે હસી પડયો.

"કેમ થયુંચ તુંને ?" જાંહાંગીરના સાથીએ કાંઇક પ્રગટ નાપસંદગીની ઢપે તેને ઈંગ્રેજીમાં કહ્યું,–જે હું બરાબર સાંભલી અને સમજી શકી, કેમકે વાંચનાર યાદ કરશે કે મારાં શીરછત્ર માત પીતાએ મને ગુજરાતી ઉપરાંત ઈંગ્રેજી કેલવણી આપવાને બી કાલજી કરી હતી, ને જોકે હું સ્પષ્ટ વાત કરી શકતી ન હતી તોપણ ઘંણુંખરૂં બોલ્લવું સેહેલાઇથી સમજી શકતી હતી. "કેમ થયુંચ તુંને ?" તેણે કહ્યું. "બચારાં બચ્ચાં બદસુરત છે તેમાં તે લોકનો શું વાંક, ને વરી આએ કોઇ બચારી છોકરી તારાં ઘેલાંચેરાં બોલવાથી ઓશરાયચ ત્યારે તારે એવા બેમહલાજે રીમારક કરતાં શરમાવું જોઇએ."

આં તેનાં લાયકીભરેલાં બોલવાથી મને કાંઈ ઘણીજ ખુશી ઉપજી, અને તેના ચેહેરા સમ ચસમ ઉંચકી મને જોયા વના ચાલ્યું નહીં. તે ચેહેરો ઘણોજ ખુબસુરત હતો, અને તેની તેજ ચસમોમાં અદબ અને લાયકી પ્રગટ પ્રકાશી રહી હતી. તે ચેહેરાની ખુબસુરતીમાં કાંઇ એવું તો દીલકશ, દીલ ખેંચનારૂં હતું કે જોકે એકજ પલ તે તરફ હેશાંનની ચસમ ઠડાવી મેં તુરત પાછું નીચે જોયું, તોબી તે એક પલમાં મેં પુરતી રવેસે જોઇ લીધું કે તે એક એવો ચેહેરો હતો કે જે તેના સઘલા નાજુક ઉઘરભાવમાં તમામ નીરદોશ અને જવાંન જણાતો હતો. એમ છતાં વલી તેમાં કાંઈ છોકરવાદી અથવા બૈરાં સહી નજરે આવતું ન હતું, પણ એક મરદનોજ સઘલો ગંભીર ટેક ને દબદબાની તે એક સાહદત પુરી પાડતો હતો.

એટલા માટે જાંહાગીરને ખાતંર તો નહીં પણ આ તેનો દોસ્ત, જે મેં અનુમાનથી તુરત નક્કી કીધું જે કોઇજ નહીં પણ દાદીશેઠનો રૂસતમ હતો તેને ખાતર મેં મારા શેઠનો બંગલો સલુકથી બતાવી દીધો, અને તેઓ જ્યારે બંગલા તરફ વધ્યા ત્યારે હું મારે રસ્તે આગલ ચાલી.

તે પછી આખે રસ્તે ગમે એટલું બી મન અને ઠડાવ કરીને જાંહાંગીરે કરેલું તે અપમાન અને રૂસતમે તેને આપેલા ઠપકાની વાત વીસરવાને હું કોશેશ કરવા બીજી તહરેવાર બાબદોમાં ધ્યાંન ઘાલતી, પણ જાંણે તે બધાં વચ્ચેથી બજીદાઈ સમેત રૂસતમનો સોહાંમણો ચેહેરો ને તેનો મીઠો પણ મજબુત હલક મારી આંખ અને કાન આગલ ખડો થતો! ખરેખર, મેં એવો ખુબસુરત જુવાંન આગલ કોઇ જોયો ન હતો, કે જે જેટલી તેનાં રૂપથી નહીં તેથી બમણી તેની સ્વભાવીક અદા (ગ્રેસ)થી જોનારનાં મન ને મગજ ઉપર પેહેલીજ નજરે ઘણીજ ગંભીર અસર કરી મેલવાને શકતીવાન થાય છે. તે સીધો, પાતલો અને ઉંચો હતો, જે તેની સઘલી ખુબસુરતીમાં વલી ખાશ ઉંમેરો કરનાર હતું.

ઘરે પાછી ફરતાં તેહેકીકથી મને જણાયું કે મેં મારાં અનુમાનમાં થાપ ખાધી ન હતી. એ જવાંન કોઈજ નહીં પણ ખરશેદજી દાદીશેઠનો સૌથી નાહનો દીકરો રૂસતમ હતો, જે લશકરમાં સરજ્યન હતો, અને હમણાં રજા ઉપર હતો. તેનું રેહેવું કાંઇ એક

ઠેકાણે નક્કી ન હતું, પણ તે છેલ્લો રંગુનમાં હતો જ્યાં તેની તબીયત કાંઇ ઘણી સારી નહીં હોવાથી તે હાલ રજા ઉપર હતો. તે વારયાના જાંહાંગીરનો એક ફ્રેંડ હતો, અને ટુંક ઉંમરે પાસ થઇ ઉપલા ધંધામાં પડયો હતો, જે તેની બાહોસી માટે સૌથી તારીફ લાયક સીફારસ હતી.

છોકરાની પોતાની જાતી હોસ્યારી હોય નહીં તો બાપના પૈસા કશા કામ આવતા નથી. પૈસા તે કાંઇ હોસ્યારી નથી, પણ હોસ્યારી પૈસા છે, અને તે રૂસતમના બાબમાં બોલેબોલ ખરૂં હતું. સઘલાજ પૈસાવાલાઓના છોકરાઓ કાંઈ શીખેલા ભણેલા નીવડતા નથી. તેઓ બાપના વગથી ને બાપના પૈસાથી સોસાયટીમાં જાણીતા થઇ નીકલે છે ખરા, પણ જો તે પઇસાની સીફારસ તેમના લાભમાં નહીં હોય તો તેઓ દોઢયે દોઢ સેર વેચાઇ જાય; પણ વલી જેમ સઘલા પઈસાવાલાના છોકરાઓ શીખેલા હોતા નથી, તેમજ સઘલાજ પઈસાવાલાઓના છોકરાઓ અભણ કે ઉજબખ બી હોતા નથી. પઇસાવાલાઓમાં એવા બી ઘણા હોય છે કે જેઓ પોતાના બેટાઓને ઉંચા પ્રકારની તરબીયત ને તાલીમ આપવાને ખંતી હોય છે, ને તેનાં પરીણામમાં એવા બી છોકરાઓ નીશંક હોય છે કે જેઓ પોતાના પૈસાવાલા બાપના પૈસાને પોતાની જાતી હોસ્યારી ને કેલવણીના સબબે ઘણી જેબ પોંહોંચાડી ઉગી નીકલી શકે છે. એ છેલ્લી કીસમનો દાદીશેઠનો રૂસતમ હતો.

વાડયાના જાંહાંગીરમાં એટલી બધી હોસ્યારી ન હતી, તોપણ વલી તે કોઈ કોઇ શેઠયાઓના છોકરાઓ જેવો છેકજ "ઘબ્બુ" બી નહીં હતો. ખરેખર તો જાંહાંગીરનો પોતાનો બાપ કોઈ શેઠયો હતોજ નહીં. તે તો મધમ પંકતીની હાલતમાં મરણ પામ્યો હતો, અને મરનારનો એક ભાઇ જે ઘણો પૈસાવાલો હતો તેનાં જવાંનમોહત પછી જાંહાંગીર તેનો એકલો વારેસ થઇ પડવાથી તેનો સઘલો દલ્લો પાંમ્યો હતો. તે દલ્લો હાથ આવવાની તાસીરથી જાંહાંગીર હાલ તુરત 'રમતા રાજા' થઈ પડયો હતો. પોતાના બેશુમાર નાણાં ને વલી એક ચાલુ આવકનો શું ઉપયોગ કરવો તેની બીનમાહીતગારી વચ્ચે આજ ને કાલ તો જાંહાંગીર ખાંણુપાંન ને રંગરાગમાં ફરતો રહ્યો હતો.

જાંહાંગીરનું રેહેવું પુણા ખાતે હતું, કે જ્યારે જવાંન રૂસતમનું રેહેવું ઉપર સમજાવવામાં આવ્યું છે તેમ કોઇ બી ચોક્કસ ઠેકાંણે ન હતું, પણ છેલ્લો તે રંગુનથી રજા ઉપર મુંબઈ આવ્યો હતો. તે જાંહાંગીરનો સ્કુલ-ફ્રેંડ થતો હતો, જ્યારથી તેમના વચ્ચે ઠીક એખલાસ થઈ પડયો હતો, અને તેથી જ્યારે રૂસતમનાં છેલ્લાં કાગલથી જાંહાગીરને માહીત થયું કે તે રજા ઉપર મુંબઈ જાય છે ત્યારે પોતા પાસે પુશકલ બલકે સઘલો વખત ફાલતુ હોવાથી તે બી ખુશીથી મુંબઈ આવ્યો હતો, અને તેઓ સાથે મલ્યા અને સાથે રહ્યા હતા.

એ સઘલી વીગતો કાંઇ જાંહાંગીર ને રૂસતમનાં અમારે ઘેર મેહેમાન આવવાના પેહેલાજ કલાકમાં મેં જાંણી લીધી એમ નથી. તે વીગતો મને રફતે રફતે મલતી ગઈ, પણ તે વાંચનારની સગવડ સારૂ એકઠાં અનુક્રમમાં ઉપર ટપકાવી લેવાનું મેં લાયક જોયું છે.

એ "મોટાં માણુસો" નાં અમારે હયાં પહરોણા આવવાથી અમારાં ઘરનું રંગરૂપ ફેરવાઇ ગયું હતું. ઘરમાં શેઠાંણીના જે રોજના ખુમ ખુમાટા ને ફેસાદ હતા તેં તેણીએ લાયકી સમેત મુલતવી રાખ્યા હતા, અને તે જ્યારે જુઓ ત્યારે હસતી હતી. તે તે કીસમની ઠગારી અબલા હતી કે જે મેં ઉપર સમજાવ્યું તેમ જાહેરમાં પોતાની ભલાઇથી પોતા વીશે ઘણું ઉંચું મત પેદા કરી શકે છે, અને બાતેનમાં—પોતાની ખાંનગી જીંદગીમાં—જે એક સેહેતાનજાદી સરખી હોય છે, અને તેથી પોતાની સઘલી બુરી ટેવો અમારા પહરોણાઓની મુલાકાતને દરમ્યાંન તો તેણી ઘણી સગવડ સાથે વીસરી જઇ શકી હતી.

વલી તેણીનો ઠઠેરો કેવો હતો? રોજ તો તે ભારે કીંમતની નહરેવાર સારીઓ ને પોલકાઓ બદલી નીકલે. કોઈ વેલા તો ઘેરમાંજ દહાડામાં બે વાર જુદી જુદી સારીઓ સાથે દેખાવ કરે, અને તે પોસાકમાં ટેસ્ટનું હમેશ એવું ખુંન કરી નાંખેલું હોય કે જોનારનાં મનમાં માન કરતાં હાંસી વધારે કરીને પેદા કરવાને તે પોશાક ખચ્ચીત લાયક થઇ પડતો, જે કીસમની પોતાની હેમકાતનો તે ઓરતને તો જરા ખ્યાલ વટીક થતો કે હતો નહીં!

એ પહરેણાંઓનાં આવવા પછીથી હું બનતાં સુધી ઘરમાંથી બાહેર જવાનું મોકુફ કરતી, ને સાંહજે છોકરાંને ફરવા લઈ જવાના બી અખાડા કરતી, કેમકે વારયાના જાંહાંગીરને મલી જવાનો મને ભય થતો, અને તે વાતનો વીચાર થતાંજ તેનાથી કાંઈક અપમાંન ખમવાની મને ફાલ પડતી. હું મારા તરફની તેની હીલચાલમાં કશું બી સારૂં જોતી ન હતી, એટલે તેને વીશે હલકું મત બાંધવામાં મેં જરાએ ગેરઈનસાફ કે ઉતાવલ કરી ન હતી.

રોજ રાત બપોરનાં ખાંનાની વખતે જ્યાં વેર પહરેણાઓ હતા ત્યાંવેર છોકરાંઓને ટેબલપર બધાંની સાથે જમાડવાનો મને હોકમ થયો હતો, અને તેથી તેહેમતનની પાસે એક ખુરસીપર બેસી તેને જમાડવાની મને જોગવઈ સાચવવી પડતી હતી. એ દરમ્યાંન હું હંમેશ જોતી કે વાડ્યાનો જાંહાંગીર ટેબલપર મારી સામેની હારપર ઘણું કરીને જગ્યા લેતો, અને અંવારનધાર મારા ભણી એવી રવેસે ટીકતો, કે જેથી મારાં મનમાં તેને માટે ધીક્કાર પેદા થયા વના રેહેતો નહીં.

પ્રકરણ ૧૪ મું.

વાડચાનો જાંહાંગીર.

એ રીતે એક અઠવાડયું વહી ગયું, અને હવે જલદીજ પહરેણાઓ રૂખસદ લેશે એવી વાત થતી હતી. એ દરમ્યાંન એક સાંહજે મારી શેઠાંણી ઉપર આવી ને ફરવા જવાની કશી તૈયારી નહીં જોઈને મારાસે ખુબ વઢ્ઢોરૂં લીધું; તોબી તે વઢ્ઢોરૂં જેમ બને એમ ધીમા સાહાદનું ને વલી બંધ બારણેનું હતું, કેમકે નીચે પહરેણાઓને તેનો અવાજ જાય તો તેની આબરૂના કાંકરા થઇ જાય!

એ સબબે મને તે દીવસે બાહેર જવાની જરૂર પડી, ને હું અંતે છોકરાંઓને લઈ લગાર લાંબે કાવો લઈને પછવાડે કીનારે જવા નીકલી; પણ હું બંગલાથી થોડે છેટે જઈને કીનારે વલવા એક ગલીમાં ગઈ નહીં તેટલાં મારા કાંનની લગોલગ પગલાં વાગ્યાં, ને હું પાછી ફરી જોઉંછું તો વાડ્યાનો જાંહાંગીર મારી બાજુમાં હતો!

જે જાતના અકસમાતોથી આપણે ઘણું બીહીજીએ છીએ તેજ જાતના ચીતી રાખેલા અકસ્માતો બી થઈ નીકલતાં આપણુને

કોઈ રીતે ઓછો ગભરાત થતો નથી. તેજ રીતે વાડયાના જાંહાંગીરને જોઈને હું ગભરાઇ તેમજ ગુસ્સે થઈ ગઈ, કે જે લાગણીઓ મારાં મોં ઉપર તુરત પ્રદિપ્ત થઈ નીકલી.

"મેં તુને બંગલામાંથી છોકરાંઓ સાથ જતાં જોઇ," વાડ્યાના જાંહાંગીરે તુરત મારી આગલ પડી કહ્યું, "અને તેથી એક બાંહાંણું ઉભું કરી તારી પછવારે આવવાને મને મુશકેલ થયું નથી. ખરેખર, આવી એકાદ સુખી ઘરીની હું તો તારે તાંહાં આંઓય તે દાહારથી રાહ જોઉંચ."

"સાહેબ, તમે મને શું કેહોચ તે હું સમજતી નથી." પેહેલી પલનો પુશકલ ગભરાત સમવા પછી મેં જેમ તેમ હીંમત કરી પ્રમાણીક ગુસ્સાના દેખાવથી કહ્યું, "અને તમે શું કેહેવાના છેઓ તે સમજવા હું માંગતી બી નથી."—એટલું બોલી મેં છોકરાંઓને ઘસડી ઉતાવલે પગલાં ભરવા માંડ્યાં, પણ જાંહાંગીર મારા પાસથી ખસ્યો નહીં.

"તું મને સાંભલ તો ખરી શીરીન?" તે વધારે ધીમે સાહાદે—કાંઈક ઓજરખાઇથી બોલ્યો. "તારી ખુબસુરતીથી હું ખરેખર તુંને પેહેલી જોતાંજ છક થયોચ, અને—"

"સાહેબ," મેં ઘણા ગુસ્સાથી કહ્યું, "હું એક નાવારેસ ગરીબ છોકરી છેઉં, ને તેનાસે એવી રીતે વાત કરતાં તમારે શરમાવું જોઇએચ. તમારે ધ્યાંન રાખવાનું છે કે મારી સાથ આએ બચ્ચાં છે કે જેઓ ઘેર જઇ એકની ચાર વાત કરશે, ને હું વગર વાંકે નાહેક લોક નીંદાનો ભોગ થઈ પરશ, વાસ્તે જો તમારામાં જરા બી સલુક, લાયકી, લાગણી કે દયા હોય તો એકદમ મારી પાસથી જતા રેહો."

"હવે તું એમ ઘેલાં ના કાર," તેણે કહ્યું. "તારા જેવી એક હલકી પંકતીની છોકરી મારાં જેવા મોટાં માણસનો એમ ધુચ્છકાર કરે એ વાત હું એક ઘરી બી માંનુ નહીં, ને તેથી એ નખરાં—"

"સાહેબ," મેં મોટે સાહાદે લગભગ બુમ મારીને કહ્યું—અને તે ખામખા તેને દબરાવા ને બેઉ મોટાં છોકરાંઓને દેખરાવાના હેતુથીજ કહ્યું, કે જેથી તેઓ ઘેર જઇને મને બદનામીમાં મુકે નહીં—"તમે મારી આગલથી જાઓચ કે નહીં?"—અને પછી

વલી છોકરાંઓ તરફ ફરી વધારયું." આએ પારસી આપુણે ફરવા જવા દેતા નથી, તેથી ચાલો આપરે પાછા ઘેર જતાં રહીએ."

આ હીલચાલની ધારેલી અસર થઈ. વાડયાનો જાંહાંગીર મેં પાછું ઘેર જવા માંડયું તેથી બીહીધો, ને તેથી 'ઠીક છે ત્યારે હું તુંને બીજી કોઇક જોગવાઇએ મલીને સમજાવી લેવશ,' એટલુંજ બોલી પોતે તુરત ત્યાંથી ચાલતો થયો.

"એ જાંહાંગીરજી શું કેહેતાથા?" તેનાં જવા પછી તુરત મોટા જાલેજરે મને પુછયું.

"એ સારૂં માણસ નથી." મેં તે બચ્ચાંને સમજાવ્યું, (કે તેની સાક્ષી અગત પડે કદાચ મને કામ આવે) "ને તેથી મેં તેના સાથે વાત કરવાને ના પાડી."

એ પછીથી છોકરાંઓનું ધ્યાંન કાંઇક રમતપર ખેંચાયું, અને ત્યારકેડે તેમને ભરાતાં પીખાતાં છુટાં કરવામાં, અફરાયલાં છીંકાયલાં ઉંચકી લેવામાં અને રડતાં ચીંચવાતાં ચુપ રાખવામાં સરેસ્તા પ્રમાણે હું એવી રોકાઇ ગઇ કે તુરત વેલા હું પોતે બી તે વાત વીસરી ગઇ, ને જ્યારે થાકીને હું છોકરાંને લેઇ ઘેર પાછી ફરી ત્યારે મારા જીવને ઘણો આરામ ને ઘણી ધીરજ મલી.

પણ બીજી સહવારે પાછી તેજ જાતની જંજાલનો હું ભોગ થઈ પડી. સહવાર ઘણીજ ખુશનુમા હોવાથી હું મને હોકમ થવા મુજબ નાધલા તેહેમતનને લઇ હેઠે ઉતરી, અને તેવે વખતે વાડયાના જાંહાંગીર તરફથી કશી બી અડચણ થવાની વકી રાખ્યા વગર હું બીનદેહેસ્ત કીનારે ગઇ. ત્યાં જઇને હું એક પથરાપર બેઠી, ને જ્યારે તેહેમતન મારાથી થોડેક છેટે નીરભય રમતો હતો—કેમકે હવે તેના પગ થયા હતા—ત્યારે હું મારા વીચારોના વમલમાં ગુટાઇ ગઇ.

હું વીચાર કરતી હતી કે મારા જેવી કમનસીબ નાવારેસ છોકરીઓ દુન્યામાં કેટલીક હશે કે જેમને માથે કોઇનો આશરો—ખુદા સીવાય કોઇનો બી સાહયો નહીં હોય! વાડયાના જાંહાંગીરનાં અપમાનોનો હું એકથી અનેક વાર ભોગ થઇ પડી હતી, ને તોબી મારા તરફથી લડનારૂં—તેને તેની એ બદચાલની સજા બતાવનારૂં અફસોસ! મારે માંથે કોઇજ નહીં હતું. મારે માંથે એક શીરછત્ર બાપનો બી સાહયો નહીં હતો, કે જે જાંહાંગીર જેવાના બેઅદબ

ડોલા કાઢી લેતે. બાપ ઉપરથી મને વલી મારી ગરીબ કમનસીબ માતા યાદ આવી—માતા કે જે આવું જવાંન, આવું અજબ, આવું અચમ્બુચ મોહત પાંમી હતી. ઓ! મેં દુઃખથી ખ્યાલ કીધો કે બાપ નહીં હોતે ને તે માતા બી હોતે તો તે બી પોતાની બેટીને દુન્યાનાં એવા નાતરસ સંકટોમાં એકલી અનાથ પડેલી જોઇ દુઃખથી ફાટી મરતે!

અને હમણાં તે માતા મુવેલી હતી! તે માતા મુવેલી હતી, પણ જો મુવેલાંઓને પેલી દુન્યામાંથી આ દુન્યાનો ભાસ થતો હોય તો તે માતા શું ત્યાંથી વટીક મને વીસારી મેલશે? એ વાત મારાં માન્યામાં આવી નહીં, ને જોકે ખરેખર તો મને કોઇનો આશરો ન હતો, તોબી તે મુવેલાં વાહાલાંઓની સ્વપ્નવત બચ્ચાંસહી કુમકથી બી મને ઘણો સધ્યારો ને કેટલીક હીંમત આવી.

પણ એ સધ્યારા ને હીંમતની લગોલગ હું ચમકી ઉઠી, કેમકે વાડયાનો જાંહાંગીર વલી પાછો મારી બાજુમાં આવી ઉભો!

"મેં ગઈ કાલે તુંને કહ્યુંતું શીરીન," તેણે સરેસ્તાનાં ઘરચટ-થી બોલવા માંડયું, "કે હું તુંને જલદીથી મલશ, પણ એટલો જલદી મલવાની• તો મને પોતાને બી કશી આશા નહીં હતી. હવે ત્યારે આજે તુંને તારી મરજી હોય કે નહીં હોય પણ મને સાંભલી લેવોજ પરશે• પેલું નાધલું ઘરણભાવ તાંહાં બાજુમાં રમેચ એટલે તેની આપુણે અરચણુ નથી, ને પેલાં બાકીનાં બે તાબુતોને તો તું લાવીજ નથી એટલે પીરા ગેઈ. એવી તક ફરીથી નથી મલ-વાની, તેથી હું કેહુંચ કે આજે તારી મરજી હોય કે નહીં હોય તોબી તુંને હું જે કેહેવાનો છેઉં તે તારે ધીરજથી સાંભરવુંજ પડશે."

હું ધાસ્તીથી ધ્રુજવા પડી. વાડયાનો જાંહાંગીર ઉપલું બોલતાં એવો તો ઉશ્કેરાઈ આવ્યો હતો કે તે મારી નજરમાં રગેરગ વધારે ને વધારે બદમાસ ઠડતો ગયો, અને તેથી તેને કશો બી જવાબ આપ્યા વના ત્યાંથી મેં નાહસી જવા માગ્યું; પણ તે હઠયો નહીં. તેણે તુરત મને પકડી પાડી કહ્યું, "છોકરી, તું જો મારૂં એમ નહીં સાંભરશે તો પરીણામોની દરકાર કરયા વના હું જબરીથી તુંને જે કેહેવાનો છેઉં તે સાંભલવાની ફરજ પારશ. જો સાંભર," તેણે મને વલી દહાઈ વધાઇને ઉભેલી જોઇ નરમ સાહદે વધાર્યું, "હું અતી ઘણો પૈસાવારો છેઉં, ને તું જો મારા સાથે આવવા કબુલ કરશે

તો મારા પૈસા, વારી, ગારી, નોકરનફર તે સર્વે તારૂં પોતાનું થશે."

"સાહેબ," મેં હવે તમામ ધીરજ ખોહી દઇને કહ્યું, "એક નાવારેસ બચ્ચાં આગલ એવી ઢપે તેનું નખોદ વાલવાની તમારે વાત કરતાં ખચ્ચીત શરમાવું જોઇએ. એ ફકત ખરા બદમાસોનુંજ કામ છે. તમે એકદમ મને અહીંથી જવા દેઓ."—અને હું તેહેમતનને કેડપર લઈ જબરીથી જવા નીકલી.

"હું નહીં જવા દેવશ," જાંહાંગીરે જબરીથી મારા હાથનું કાંડું ભચડીને પકડી ધીમે ખોખરે સાહાદે કહ્યું, કે જ્યારે તેના ધ્રુજતા હોઠો તેના હીચકારા ગુસ્સા ને જુસ્સાના પ્રગટ ગવાહ હતા.—"હું નહીં જવા દેવશ. દુકતી, તુંને મારી મરજી પ્રમાણે અમલ કરવોજ પરશે."

હવે હોજાતોજી વધી પડી, ને તે દરમ્યાંન મેં ગભરાઇને બુમ પાડી. એ હોજાતોજી મેં ઉપર જે નાંધલી ગલીને વાસ્તે લખ્યું છે તેના નાંકાપરજ થઈ, અને તે બાજુએ કોઈનો ઝાઓ પગદંડો ન હોવાથી આટલો વાર વેર કોઇ મારી મદદે આવ્યું ન હતું; પણ હમણા-હવેજ, આવાં સંકટનાં સંકડામણમાં મારી મદદે જાંણે આકાશમાંથી નીકલી પડેલો હોય તેમ એક જવાંન કુદકો મારી આવી ચઢયો, ને આવતાંને વાર તેણે ઘણાજ ગુસ્સાથી વાડયાનાં જાંહાંગીરનાં થોબરાંમાં એક મુક્કી લગાવી કાઢી !

જાંહાંગીરે એ જરબથી મારો હાથ મુકી દીધો, ને દમ પર દમ મારા બાબમાં બનેલા નાપસંદ બનાવોથી ગભરાઇને હું અરધી બેફાંમ જેવી પાસેની એક પથરની પાલ ઉપર ફસડાઈ પડી.

બીજી પલે મેં મારા બચાવ કરનાર બાહાદુર તરફ નજર ફેરવી, તો તે દાદીશેઠનો રૂસતમ હતો !

પ્રકરણ ૧૫ મું.

દાદીશેઠનો રૂસતમ.

રૂસ્તમ અને જાંહાગીર દોસ્તો હતા—આ નાપસંદ બનાવની એક બે મીનીટ આગમચ વેર દોસ્તો હતા તે હવે મેં એક તડાકે જોઇ લીધું કે અરસપરસ શત્રુઓ થઇ પડયા હતા ! રૂસતમ મારા પર વાંકો વલી આબરૂથી એક બેરાદરને છાજતી મમતાથી હું સારી

પેઠે હતી કે નહીં તે પુછતો હતો, અને જાંહાંગીર સફેદ પુની જેવો ફીકકો પડી ગુસ્સાથી ઉકલતી છાતી ને ચમકતી ચસમોએ તે દેખાવ ઉપર તીકતો મારા પાસે ઉભો હતો !

"રૂસતમ," અંતે જાંહાંગીરે જબાંન ખોલી, કે જયારે તેનો સાહદ એટલો બધો ખોખરો આવતો હતો કે તે સાંભલતાં હું ધ્રુજવા પડી.—"રૂસતમ આજથી આપણે દોસ્ત નહીં પણ દુશમન છઇએ. તેં જે મારી સાથ નાલાયક ચાલ ચલાવીચ તેને વાસ્તે હું તુંને પુછી લેવશ, પણ તે આએ જગાએ નહીં. અહીં આએ એક એબલ-ગાંમણી દુકતીને ખાતર મારો હુરયો થયલો જોવા હું રાજી નથી, એટલે હમણાંજ કાંઈ બાંહાંણુંથી હું તો અહીંથી નીકલી જવશ; પછી તું તારે ગમે તાંહાં ને ગમે તારે જજે."

એટલું ઘણુંજ ઝડપથી બોલી બીજી પલે પીઠ મરડી જાંહાં-ગીર ત્યાંથી ચાલતો થયો, કે જયારે તે જે બોલ્યો હતો તેના જ-વાબમાં ફકત એક તુચ્છકારનો હુંકારો આપ્યા વના રૂસતમે તેની બીજી કશી દરકાર કે કનવાર કરી નહીં.

તેનાં જવા પછી હવે કેમ કરવું ને શું બોલવું તે બી મને સમજાયું નહીં. હું એશક ને ગભરાતની મારી નીચી મુંડીએ ચુપ બેસી રહી, કે જયારે રૂસતમ ગુપચુપ મારી પાસે ઉભો રહયો. અંતે મેં જબાંન ખોલી. "રૂસતમજી," મેં ધીમે સાહદે કહ્યું, "તમારી ઘણીજ મેહેરબાંની થઇ."—પણ એ બોલતાંજ મારી છાતી ભરાઇ આવી, ને મારી આંખમાં આંસુ આવી ગયાં.

"મેહેરબાંની જેવું મેં કશું કીધું નથી," તેણે પોતાના હમેશના મીઠા ઠંડા શરોદે કાંઇક હસીને કહ્યું. "તમારી જગ્યાએ કોઇબી બીજી અબલા હોતે તો તેના તરફ હું એજ ઢપથી વરતતે. એ હેમકની ચાલ ઘણીજ શરમભરેલી હતી એમાં જરાબી શક નથી. એવા બદમાસ હીચકારાઓને હું ખરાં દીલથી ધીક્કારૂં છું, અને મને જરાબી ખબર નહીં હતી કે જેને હું દોસ્ત ગણતો હતો તે એવા લુચ્ચાઓની સંઘનો એક છે."

"એનાઓ કાંઇ એમજ સમજતા જણાયછ," મેં કહ્યું, "કે અમો ગરીબ નોકર આદમીઓને ખુદાએ તદન લાગણીઓ વગરનાંજ બનાવ્યાં છે, એટલે તુમાખદાર તવંગરોને જે જાતનું અપમાન

એઓ નહીં કરી શકે તે અપમાન પોતે પૈસાવાલા હોવાથી મારા જેવી એક ગરીબ નાવારેસને એઓ જરાબી અડચણ વગર કરી શકે!"

"ધુર પરી એવા પૈસાવાનનાં નામ અને કામપર," રૂસતમે ખરાં દીલનાં જોસથી ખરેખર કહ્યું, અને પછી દેખીતી રીતે કેટલીક આનાકાંની સાથે વધાર્યું, "પણ તમારી ચાલચલણ અને અદામાં હું કાંઈ એટલું બધું ઉંચા પ્રકારનું જોઉંચ કે જો તમારી લાગણીઓ હું ગેરકાયદે દુઃખવતો નહીં હોઉં તો હું કેહુંચ કે તમો આ હલકી પંકતીનો ધંધો કરવા આવી જવાંન—બાલક વએ કેમ નીકલ્યાં તે હું સમજતો નથી."

"હું કાંઇ તવંગર માબાપનું ફરજંદ હતુંજ નહીં," મેં દુઃખથી કહ્યું, "એટલે જો મારાં માબાપ હૈયાત હોતે તોબી હું કાંઇ મોટા ઓધાપર કે મોટી જગ્યાએ આ વખતે હોતે નહીં. વલી કોઇબી પ્રમાણીક ધંધામાં શરમ છે એ વાત હું માનતી નથી, અને તેથી મારાં વાહલાં માત પીતાનાં મરણ પછી ફરજયાત મને આ કામ હાથ ધરવું પડયું છે,"—અને ત્યાં મારો સાહાદ પાછો છેકજ ગગલી પડયો.

"ચીંતા નહીં," રૂસતમે હીંમત આપી. "ભોંયનાં પરયાં કાંઈ ભોંયેજ રેહેતાં નથી. ખુદા જેવો દાતાર માંથે' છે તો હીંમત રાખજો. ને એમજ જો નીતી ને નેકીથી આએ તમારા જોખમ-ભરેલા સંસારમાં ચાલશો તો સુખી થયા વગર રેહેશો નહીં."

તે જવાંન જે પોતે હજી ૨૫ દીવાલીઓ પુરી જોઇ ન રહ્યો હતો તે જ્યારે ગંભીર પણ ખરાં દીલથી ઉપલું બોલતો હતો ત્યારે હું અચરત અને ખુશ થઇ તેના અતી ખુબસુરત મુખડા તરફ ટીકતી ઉભી રહી. ખરેખર, તે જે બોલતો હતો તેમાં એક એવા પ્રકારની સાદાઈ, સચ્ચાઇ, સાહલેસાઇ નજરે આવતી હતી કે તેને એ પ્રકારે બોલતો સાંભલવામાં બી એક ઓર લેહેજત, હીંમત, મોજ અને સધ્યારો હતો! આ બોહલી દુન્યાની સપાટીપર જ્યારે હું નાવરેસની કદર ખરાં દીલની ખાનાર કોઇ—કોઇજ હતું નહીં, ત્યારે આ શું એક સુખની વાત નહીં હતી કે એક કુલવાન, કેલ-વાયલો જવાંન મારી આવી કદરે પોંહોંચતો હતો?

"મેં તમોને પેહલે દીવસે જોયાં તે ઘરીથીજ મારી ખાત્રી હતી કે તમારી કીસમનાં સાધારણ નોકર આદમીઓની સંગનાં તમે નહીં હતાં," રૂસતમે જરા થોબીને કહ્યું. "ઉંચ તરબીયત

ને તોખમ તમારો સોહાંમણો ચેહેરો એક આયના માફક બતાવી આપે છે, અને તેથી જો સંસાર નહીં નીભવાથી તમોને એ જાતનું બી કામ લેવું પડયું તો તેમાં શરમાવાનું જરા બી નથી. હું સદા તમારાં ભલાંને માટે કાલજી રાખશ, અને તેથી જો તમોને અડચણ નહીં હોય તો કાલે આએજ વખતે મને આએજ જગ્યાએ મલવાની જોગવઇ કરજો, ને મને જેટલું તમારી આગલી હાલતના સંબંધમાં કેહેવા જોગ હોય એટલું કેહેજો. હું તમોને ખાત્રી આપુંચ કે એ રીતે કાલે તમોને મલવાની મારી ઉલટમાં ડાગાભરેલું કે પાપભરેલું જરા બી નથી, અને. તેમ છતાં તમોને મને મલવાનું ઘટારત નહીં લાગે તો તમારી મરજી ઉપરાંત મને મલતાં બી ના. જાંહાંગીર તો હવે અહીંથી જતો રહોજ હોશે, એટલે હવે મને બી કાલે બપોરે અહીંથી ઉઠાંગરી કરવી પડશે, અને તે આગમચ જો ફરીથી કાલે સહવારે હું તુમોને મલી લેવશં, તો મને ઘણી ખુશી ઉપજશે.”

હયાં તે મને દુરથી સેહજ નમ્યો, ને મારા જવાબ માટે ખોટી રહયા વના ચાલતો થયો. તેનાં ગયા પછી હું બેધ્યાંન તેની પીઠ પાછલથી તેની ખુબસુરત ચાલ ઉપર ટીકતી બેસી રહી. આવો ભલો, આવો અસીલ, આવો લાયકીવાલો જવાંન મેં કોઇ નહીં જોયો ને જાંણ્યો હતો, કે જેનો ચેહેરોજ જાંણે પ્રમાણીકપણાં ને નીરદોશપણાંનો એક નાદર નમુનો હતો!

તેણે મને બીજી સહવારે મારો હાલ સાંભલવા તેડી હતી, અને જોકે મારી ખાત્રી હતી કે વાડયાના જાંહાંગીરથી એ દાદીશેઠનો રૂસનમ બાલકુલ ઉલટા ખવાશનો હતો, તોબી એવી એક મુલાકાત થવા દેવી કે નહીં તે વીશે હું હવે ગુચવાડામાં પડી ગેઈ; પણ એ વીશે તુરત હું કાંઈબી નક્કી કરી શકી નહીં. હાલ તો સુર્ય તપવા માંડતો હતો, ને નાઘલો તેહેમતન ઘણા વારનો મારા ખોલામાં ઉંઘાઈ ગયો હતો, એટલે તેને લઇ હું ઉતાવલે ઘરમાં જતી રહી, ને મારા ઓરડામાં જઇ કોઈનું બી ધ્યાંન ખેંચાયા વના તેનાં પાલણાંમાં મેં તેને સુવાડી દીધો.

પ્રકરણ ૧૬ મું.

મેજબાંનીની એક મીજલસ.

ઉપલા બનાવ જે દીવસે બન્યા હતા તે રાત્રે અમારે ત્યાં એક મોટું ખાનું હતું. આ ખાંનું મારાં શેઠ શેઠાંણીએ ખાશ કરીને પોતાના મેહેમાંનો જાંહાંગીર ને રૂસતમની ત્યાંથી થનારી વીદાયગીરીનાં માનમાં આપ્યું હતું—વધારે ખરી રીતે બોલતાં તેઓને જતી વખતે પોતાના ભપકાનો ખ્યાલ આપીને મોકલવા મારી શેઠાંણીએ ખાશ કરીને આ પૈસાનો ખાંણુપાંનરૂપી ધુમાડો કરાવ્યો હતો, અને તેથી મોટા પાયાપર તે ફીશીયારીખોર ખાનાંની તૈયારીઓ થઇ હતી.

પણ એ મોટા ઉમંગમાં નાઉમેદીની પેહેલી શરૂઆત તો એ થઈ કે વાડયાનો જાંહાંગીર અતી જરૂરનાં કામસર 'એક અગતનો તાર' મલવાની જુઠી વાત કરી તે ખાનાનીજ સહવારે (જે સહવારે મારા લગતી ખટપટ થઈ તેજ સહવારે) ત્યાંથી જતો રહ્યો. તે ગયો તેનો ખરો સબબ તો વાંચનારાંઓને રોશણ છે, અને તેટલાજ સારૂ તે બંને માટી બઇયેરો તરફથી ગમે એટલી બોંહસ ને કાલાવાલા થવા છતાં તે પોતાનો વીચાર ફેરવી શકયો નહીં.

ખાનાંને માટે 'મોટે ખાંચરે' ધુમ નોતરાં ગયાં હતાં. 'સારે ઘેર'ને 'મોટે ખાંચરે'નાં લોકોપર મારી શેઠાંણી મરી ફીટતી હતી, ને ગરીબોને હીણીને 'મોટાંઓ' વચ્ચે માંથુ મારવાની તેની પુશકલ નહારી તબેહ હતી, એટલે આજનાં ખાંનાપર સારે સારે ઘેરનાં બાંનુઓ ને ગ્રહસ્થોને ઈજન કરવામાં આવ્યાં હતાં. બાંહણું બુચાની શેઆલગરેહતું કીધું હતું.

એ માટે બંગલાને ખાનાંને દીવસે ઘણી રોણુક આપવામાં આવી હતી. તેના નાઘલા કંપાઉંડમાં રોશણી કરવામાં આવી હતી, ને ખાનાની ટેબલને માટે નીચલો પાછલો હાલ અગત કરીને ખાલી કરવો પડયો હતો.

મેનીજ મરનાર શેઠ હોરમજ પાવડીની હતી. તે કુશલ ગ્રહસ્થ—બાવરચી બપોરથી પોતાની ઘેરની ગાડીમાં આવ્યો હતો, અને પોતાની સરેસ્તાની ધીરજ ને કુનેહથી કામ કર્યો જતો હતો; પણ તેમાં બી વારંવાર મારી શેઠાંણી માંથુ મારવા જતી હતી !-તે એટલે

સુધી કે હોરમજ પાવડી રાંધણીમાં રોકાયલા હતા તેટલાં ટેબલને મારી શેઠાંણીએ પોતાને પેશ પડતી ઢપે ગોઠવાવી, ને હોરમજ પાવડીએ તે નાપસંદ ને નાકબુલ રાખી તેથી શેઠાંણી છેરાઈ પડયાં.

તેની હોરમજ પાવડીએ જરાબી દરકાર કીધી નહીં. તેવણે ગુપચુપ પોતાની ગાડી જોડવાનો હોકમ મોકલ્યો, અને જ્યારે શેઠાંણીએ તેમને પોતાની દગલી ખાંધપર મારી જતા રેહેતા જોયા ત્યારેજ ઓતે મરૂં ધરૂં સાથની માંફ માંગી ખસી ગઈ, ને તેવણુને તેવણુની મરજી માફક સઘલું કરવા દીધું. તે પછી તેવણે બધું ગોઠવેલું ગાઠવેલું પાછું તમામ ખોરાવી નાંખ્યું, ને પેહેલી શરૂઆતથી પોતાની મતલબ ને મરજી પ્રમાણે પાછું સઘલું ગોઠવાવ્યું. એ ગોઠવણુ એવી તો 'તેસ્ટફુલ' થઇ કે શેઠાંણી પોતે બી જોઇ શરમાયા વગર રહી નહીં, અને તેણીને કબુલ કરવું પડયું કે જેનાં કામ તેજ કરે.

રાત્રે ઠડાવેલે વખતે ગાડીઓએ આવવા માંડયું. લોકોને તો ફકત નોતરવાનીજ ખોટી કેની? ગાડીઓથી પાસેની ગલી ભરાઈ ગઇ, અને નોતરેલા મેહેમાનોથી આરાસ્તે કરેલો ઉપલો ઓરડો ચીકાર થઇ ગયો.

આંઠ કલાકે સર્વે કોઈ ખાનાંપર બીરાજમાન થયાં. નાધલાં મોટાં ને બૈરાં માટીદા મલી સુમારે ૨૫ આસામીઓની એક ભેગી મીજલસ તે ભપકાભરેલાં ખાંનાને ઈનસાફ આપવા બેઠી હતી. ખાંનું હસાહસ ને વાતચીત વચ્ચે લગભગ ખલાસ થવા આવ્યું, અને તે અરસામાં એક નોકરે દાખલ થઇને શેઠને કાંને લાગી કાંઇ કહ્યું. "તારાં બાઈને કેહે," શેઠે કહ્યું. એ ઉપરથી તે નોકર બાઈ આગલ ગયો, ને તેના કાંનપર પડી કાંઈ બોલ્યો, જેનો શેઠાણીએ તેવેજ ધીમે સાહાદે જવાબ દીધો. નોકર એ ઉપરથી બાહેર ગયો, ને બાઇના ગુસ્સાથી બીહીતો હોય તેમ આનાકાંની સાથે વલી જરા વારમાં પાછો આવ્યો, ને પાછું કાંઈ કાંને લાગીને કહ્યું. "હવે તો બોલાવ તેઆરે અંદર," શેઠાંણી જાંણે બીજો કાંઇ ઉપાય નહીં રેહેવાથી આનાકાંનીથી ફરજયાત કેહેતી હોય તેમ બોલી, અને પછી ઘણુાજ ખુશનુમા ચેહેરાથી પોતાના ભરથાર ગમ ફરી મોટથી બોલી, "એરચશાહા, મેં બીમને અંદર તેરયોચ. બીઆરો એક બાજુએ બેસશે."

"એ ભીમ કોણ છે?" એક મોટાં માથાંના ને જાડી ગરદનના શેઠયાએ એક મોટો દબુસો ભરતાં દમામથી પુછ્યું.

"જી એ મારા બાવાને ઘેર થોરાં વરસપર એક બબરચી ઉતો," મારી શેઠાંણીએ સમજાવ્યું. "માણુસ ઘણુંજ પરમાણીક ને લાયકીવાલું છે, જોકે જરા બોલવાના સકાર ઓછા છે. અમે બધાં તેને ભીમ કાકાને નામે ઓરખીએચ."

તેવામાં ભીમ કાકા આવ્યો. તે એક ગામડયો પારસી હતો. ને તેનો ગામડેની ફેશનનો દ્રેસ વગેરે જોઇને કેટલાંક 'શેઠ' 'શેઠાંણીઓ' એ મોં કુમલાવ્યું. કોઈ કોઇએ તો તેની 'કંપની'ને અંદર દાખલ કરવાની શેઠાંણીની ગેરસલુકાઇ માટે અચરત થઈને નસકોરૂં ચઢાવ્યું, ને વલી કોઇ તો ઠઠા મશકેરીથી હસ્યાં. એ બધું યા તો ભીમ કાકાએ. જોયું નહીં, કે. જોયું તો તેની કનવાર કરી નહીં. તે પાધરો શેઠાંણી આગલ ગયો ને બોલ્યો, "કેમ રે પોરી, એ હું છે? આજે કોણુના વેહા કરવા નીકરેલી?"

"હં: ભીમ કાકા, બેસો તાંહાં બાજુપર પેલો બાંક છે કેની તાંહાં," શેઠાંણીએ કાંઇક ગભરાતથી પગલાતાં કહ્યું; "હું હમણાં તમારી પાસે આવશ."

"અરે તું તારે બેહી રેહે ની ગુપચુપ," ભીમ કાકાએ તોચ્છડાઈથી કહ્યું, ને આસપાસનાંઓ દધાઇને કોહું જોવા પડયાં—કેમકે 'બાવાને ઘેરનો નોકર' વાત કરે તેવી જરા બી ભીમકાકાની અદા હતીજ નહીં!—"આએ આપરે ઇદ્રા બેઠા"—અને તે પોતાના કાદવે ખરડેલા પગ સમેત એક ખાશ ભાડે મંગાવેલા શોભાયમાન સોફા ઉપરે પલાથો ચઢાવી બેઠો.

"છટ, એટલું બધું તે સું કોહુ આપવાનું?" હવે એક બરમુછ્યા પોરયાએ રોબ બતાવા માંડયો. "હલકું માણુસ—નોકર માણુસ ને તે શેઠાંણી જેવી શેહાંણી સાથ એટલી બધી તુંદાઇ ને તુચ્છકારથી વાત કરે?"

"એ કોણુને કેહે?" ભીમે કાંઇક શંકાથી તોબી ગુસ્સાથી પુછ્યું, "આએ પોયરો કાંઈ મારે હારૂ બોલે કે હું?"

શેઠાંણી ને શેઠ બેઉ પતાવીને ના કેહેવા જતાં હતાં, પણ તે બરમુછયો પોરયો ને તેના જેવાજ બે ચાર બીજા "પઇસાવાલાઓ"

એવા છરાઇ પડયા કે તેઓએ ભીમને ભારે અપમાંન કીધું. એક નોકર આદમી તેઓની સંપમાં આવી બેઠો એ ખ્યાલજ તેઓ ખમી શકયા નહીં કેની !

અને હવે ત્યારે પરપોટો ફુટયો. ભીમે ગુસ્સાથી છેરાઈ પડી લોકોની ખાત્રી કરી આપી કે તે કાંઇ બાવરચી નહીં હતો, પણ પઇસાવાલો (શેઠયોજ !) પીઠાંવાલો હતો, ને ભાડેનો રેહેવાસી હતો. વધારે જાંણવાજોગ તો એ હતું કે તે એરચશાહા શેઠનો કાકાસસરો, એટલે મારી શેઠાંણીનો સગો કાકો થતો હતો !

ભીમ ભાડેલો અચબુચ આવ્યો, ને આવ્યો તેવો તેણે શેઠાં-ણીને મલવા માંગ્યું. તે એમ અવારનવાર મુંબઇ આવે ત્યારે કોઈ બી વખતે મલવા આવતો. તેણે મારી શેઠાંણીને કરી લીધેલી હતી, ને તેનાજ પઇસાનાં જોરથી મારી શેઠાંણી એરચશાહાને પરણી હતી. એરચશાહા પોતે તો ફરકા બીલ્લુ હતા, ને તેથી આ 'ગા-મરેની ગોરી' તેઓને ઘણી અનુસરતી થઈ પડવાથી તેઓ તેને પરણ્યા હતા.

પણ ખોરૂં ઘી દીવેલમાંથી જતું નથી. ભીમ ભાડેલાની છોકરી મુંબઇમાં પોતાની ખરી ઓલાદ ને ખરૂં કુલ છુપાવીને એક 'સારે ઘેરની' છોકરી તરીકે રહી હતી, તોબી તેણીનો હલકો ખવાસ કદી બી છુપ્યો રહ્યો ન હતો. અમો નોકર આદમીઓ સાથનાં તેનાં રોજનાં વઢોરાં ને ગાલબેલ ને કાપડયાઓની દુકાંણ-પરની મેં તેની વરણવેલી હલકાઇ એ સઘલું હવે ખાત્રીપુરવક વાંચનારને સમજાશે કે 'નીચ જન્મ'નું અને અગત કરીને અભણ હાલતનું એક પરીણામ માત્ર હતું. પૈસા તે કાંઇ કેલવણી નથી, ને કેલવણી વગરના પૈસા મારી શેઠાંણીને પચતા ન હતા.

આ નહીં ધારેલો પરપોટો ફુટયાથી મારી શેઠાંણીને એટલું બધું મરસ લાગ્યું કે તેણે તે ખાનાંની રાત્રે જીવપર નહીં કીધું એજ એક અચરતી છે. તે જ્યાં જતી ત્યાં 'મારા બાવાજીને ઘેર'ના મોટા મોટા ને જુઠા જુઠા ફડાકા મારતી, અને તે બાવાજી તો કોઈજ નહીં પણ એક તાડીવાલો-પીઠાંવાલો ભાડેલો નીવડયો એ વાત ખાનાંની ટેબલપર આશકારા થતાં મારી શેઠાંણી એક ચીસ્યારી સમેત પાસેના ઓરડામાં ભરાઇ ગઇ, ને નામોશી ને ફીટકાર વચ્ચે તે મોટાં ખાનાંનો મેહેમાર આખર થયો ! પહરોંણાઓને એ વાત

જણાવાથી જાંણે શું એક ડીણુપસ્તી પોંહોંચી ગઈ હોય તેમ ગરો-ગર ગાડીઓ આરડર કરવામાં આવી, ને સર્વે કોઇ જતાં રહ્યાં!

મારો શેઠ બી બચારો પાંણી કરતાં પાતલો બની ગયો હતો, અને તે ભાગ્યેજ પોતાના વીદાય થતા મેહેમાંનો સમ જોઈ શકતો હતો.

એકલો દાદીશેઠનો રૂસતમ પાછલ રહ્યો, ને તેણે ઘણીજ લાયકી ને ઘણીજ મમતાથી શેઠને ઘણોજ સધ્યારો આપ્યો. તેણે શેઠને સમજાવ્યું કે "હલકાં માબાપને ત્યાં અવતરવું એ કાંઈ ના-મોશી નથી, પણ તેમ અવતરીને અભણ હાલતમાં રેહેવું, અને વલી તે હાલતથી શરમાઇને ઉંચ હાલતનો દેખાવ ને દાવો કરવા પોતાને ઉંચાં કુલનાં જાહેર કરવાની ઠગાઈ કરવી તેમાં ખરી ના-મોશી છે. એમ છતાં બની તે નહીં બની થતી નથી, વાસ્તે હવે જે બન્યું છે તે તરફ ધીરજથી જોઇને ઉપાય કરવો."

એ ઉપાયમાં એજ નક્કી થયું કે એવી નામોશી સાથે હવે મુંબઇમાં ટકાશે નહીં, તેથી વરસ છ મહીના ઘેર બંધ કરીને બાહેર જઇ આવવું, કે જે અરસામાં એ વાતની ચરચા લોકોમાં થતી બંધ પડશે, અથવા કદાચ વીસરાઈ બી જશે.

પ્રકરણ ૧૭ મું.

ફેસ્તાનું પરીણાંમ.

નીચે ખાનાં ઉપર થયલા એ ફેસતાને દરમ્યાંન હું કાંઇ ટે-બલપર હાજર ન હતી. મેં તો ફકત જેમ રીપોર્ટ સાંભલ્યો તેમજ ઉપર લખી કાઢયો છે, કેમકે હું પોતે તો છોકરાંઓને લઇને મારા પોતાના ઓરડામાં હતી. પોતાનાં બચ્ચાંનું ચીબાવલાપણું તે માબાપ એવી તો સારી રવેસે જાંણતાં હતાં કે આખી કુંપનીને તેઓ હેરાંન ને પરેશાંન કરશે એવા ડાહપણભરેલા ભયથી તેઓએ તે છોકરાંઓને ઉપરજ રાખવા મને આગ્ના કરેલી હતી, ને તેઓનું ભોંણું અમારા સુવાના ઓરડામાંજ મોકલ્યું હતું.

તે ભોંણું જમી રહ્યાં ત્યાં વેર તો તે ઢુકતાં ઠીક રહ્યાં, ને પછી જોઈ લેઓ તેઓની—અગત કરીને વડા ઢુકતાની—નીચે જવા માટેની મસ્તી! મેં જ્યારે બારણું બંધ કીધું ને તે તેનાથી નહીં ઉઘડયું ત્યારે બધું બારણું અબકાવી નાંખ્યું, ને જ્યારે તેમ

કરતાં કાંઈ વળ્યું નહીં ત્યારે મને રડાવી, ને પોતે થાકી ગયો ત્યાંવેર મને પીખી પીખીને મારી ને નખરયાં દીધાં. તે પછી તે વલી એકાંતમાં મને ધુમ ગાલ દેવા બેઠો. "તું જો તો ખરી રાંન લુચ્છી," તે બોલતો, "હુ માય બાવાને કેહેવસ કે અમે તનડે જણનાં ભોંનાં તું દાકણ એખલી ખાઇ ગેઈ, ને અમુને તો કંઈ ખવારયુજ નથી."—વગેરે.

અંતે જ્યારે તોફાંણ કરતાં કરતાં તે દુકતાં થાકીને ઉંઘી ગયાં ત્યારેજ મારા જીવને જરા કલ વલી—જોકે વાંચનારે ખાત્રી માંનવી કે એ કીસમનો રડાકુટો તો મારે માટે રોજનો હતો!

એ પછી હું મારા વીચારો સાથે એકલી પડી, ત્યારે મને દાદીશેઠના રૂસતમે બીજી સહવારે મલવાને વાસ્તે આપેલો વાયદો યાદ આવ્યો. તે લાયકીવાલા જવાંને 'મને સારૂં લાગે તો' મલવાને અરજ કરી હતી, અને તેની દરખાસ્તપર મેં લાંબો ને ગંભીર ઘોર કીધો. તેણે મને એક અપમાનના જોખમમાંથી પોતાની દોસ્તીની કીંમતે બી બચાવી લીધી હતી, અને ત્યારકેડે સલુક ને પ્યારથી હું એક હલકી પંકતીની નોકર નહીં પણ તેની બરોબરની અબલા હોઉં તેમ મારી આગલી પાછલી વાતોથી મારો કદરસનાસ થયો હતો, એટલે મારી ગઇ ગુજરી કાંહાંણી સાંભલવા મને પાછી તેડી હતી. તેમ તેડવાનો તેને એક હક પોંહોંચતો હતો એમ મારી ખાંત્રી થઇ. વલી હું કેહેવાને શરમાવશ નહીં કે તેની સુંદર સુરત હું મારાં મનમાંથી દુર કરવા ને તેનો મીઠો હલક મારા કાનમાં વાગતો બંધ પાડવા ઘણા બી પછાડા મારતી, ને ઘણુ બી કામમાં ધ્યાંન નાંખી તે વીસરી જવાની હું કોશેશ કરતી, પણ સઘલું ફોકટ! એ રીતે એ બધાં સબબોસર એક વાર હું એ ઠડાવપર આવી કે દાદીશેઠના રૂસતમની છેલ્લી મુલાકાત કરવા અને તેને મારી ઉપરની દુઃખભરી ગઇગુજરી જઇને કેહેવામાં હું ગેરકાયદે કશું કરશ નહીં.

પણ નહીં. વધારે ડાહાપણથી વીચાર કરતાં મને માલમ પડ્યું કે તે જવાંનને તેની ગમે તેવી ભલાઇઓ છતાં જઇ મલવાનું મને શોભવાનું નથી. મને ભય થયો કે તેથી કાંઇ નહીં તો લોક નીંદા જનમ પામશે, અને વલી મારી ને દાદીશેઠના રૂસતમની સંસારી હાલત વચ્ચે એટલો બધો મોટો—આસમાન જમીનનો અંતર

હતો કે તેની ખેરખાહીની બી ખાહેશ રાખવી એ સરતાંપા નાદાન્યત હતી. એ બધા વીચારોથી મેં અંતે ઠડાવથી નક્કી કીધું કે આવતી સહવારે રૂસતમને મલવા જવું નહીં, અને તે રૂખસદ પાંમે ત્યાં તુલક બનતાં સુધી મારે મારા ઓરડામાંજ રેહેવું.

એ ઠડાવ જોકે મેં દીલની ખરી ખુશીથી કીધો, તોબી ભીતરે એવા ઠડાવપર આવવા માટે કાંઇક દલગીરીનો મને ભાસ થયા કીધો. જાંણે દાદીશેઠનો રૂસતમ ચાહીને પોતાની લાયકી, દોસ્તી ને મમતા મને આપવા કરતો હતો તે હું મારી ફરજની મારી નામંજુર કરતી હતી તે મારો ઠેડાવ મને ગમતો બી હતો ને નહીં બી ગમતો હતો !

બીજી સહવારે એક પછી એક મારા શેઠે અમો નોકર આદમીઓને પોતાના ખાનગી ઓરડામાં તેડ્યાં, અને 'જરૂરનાં કામસર' ઘર બંધ કરી વરસ છ મહીના બાહેર જવાને પોતાનો એરાદો જાહેર કરી અમારા પગારો ચુકવી અમોને રજા આપી. આ રીતે જવાનું કારણ વાંચનાર તો જાંણે છે. મારી શેઠાંણીનો ગઇ રાતનાં ખાંનાંપર જે હુરયો થયો હતો તેની નામોશીનું એ પરીણામ હતું !

મારી શેઠાંણી તો એટલી બધી લજવાતી હતી કે દાદીશેઠનો રૂસતમ ગયો ત્યારે તેને વટીક મલી નહીં, ને અમો નોકર આદમીઓને બી મોં બતાવ્યું નહીં. તે પોતાના ઓરડામાં ભરાઇ રહી, અને નોકરોને પટાવાનું પોતાના ધણીનેજ સોંપી દીધું. આ તેની ખેઆલતથી બીજાં નોકર માણસો ખુશી થતાં હતાં, પણ હું ખરાં દીલથી દલગીર થઇ. તે મારા સાથ ઘણી બુરી ચાલતી હતી, તોબી તેનું મેં નીમક ખાધું હતું, અને આવી બેસુમાર હીણપસ્તી વચ્ચે તેને પોતાનું ઘેર ને ગામ મુકી કોઇ પાપનાં પરીણામમાં નહીં પણ ફકત પોતાની તકોબરી ને ગુરખાઇની સજામાં નાહસી જવું પડે એ ખ્યાલથી મને ઘણું દુઃખ લાગ્યું.

જ્યારે શેઠની હજુર હાજર થવાને મારો વારો આવ્યો ને હું તે ભુંડા ગ્રહસ્થને મળી, ત્યારે તેની મારા તરફની હંમેશની મેહેરબાંનીની યાદ આવતાં મારી આંખમાં આંસુ આવી ગયાં. "ગરીબ છોકરી ! ઘણી ગરીબ છોકરી !" મારો શેઠ મારી તરફથી ફરી જતાં બબડ્યો; અને મેં જોયું કે તે પોતાનાં આંસુઓ લુંછાવા ફરી

ગયો હતો. એથી મને ઘણુંજ લાગ્યું, ને પગાર લઇ મેં ઉતાવલથી બાહેર જવા તેયારી કીધી.

પણ પગાર લેતાં મેં મારાં આંસુઓ વચ્ચેથી જોયું કે મારા પગારમાં એ મહીનાનો પગાર વધારે હતો, એટલુંજ નહીં પણ તે પગારનાજ ઢગમાં વલી એક રૂ૦ ૫૦ ની નોઠ વધારે ભેલેલી હતી. મેં તે જુદી કાઢી, પણ શેઠે કાંઇક અધીરાઇથી મને તે લઈ લેવા કહ્યું. "તું લે, એ બધું તું લઇ જા શીરીન," મારા શેઠે કહ્યું. "એ બધું તારે વાસ્તે છે, પણ તારા જેવી એક ખરેખરી ગરીબ ને ભલી છોકરીને જે ઘટે તે કરતાં એ ઘણું ઓછું છે. જા, ને હંમેશ ખુદા તારો નીગેહબાંન થાઓ!"

તેનું—તે ભલા બુજોર્ગનું હેસાંન માનવા મારા પાસ બોલ ન હતા, પણ ખરી લાગણીઓ સમેત મારી આંખોમાંથી જે આંસુઓ રસ્તો લેતાં હતાં તેજ તે હેસાંનની પુરતી જામીનગીરી હતી, વાસ્તે વધુ બોલવાની કોશેશ કીધા વના તે સઘલા પઈસા લઈ એક પલ બારણું આગલ થોભી મારૂં મોં લુછી હું તે ઓરડામાંથી બાહેર પડી.

ત્યાર પછી હું મારા ઓરડાંમાં ગઈ, ને મારો સામાન બાંધ્યો, જે અરસામાં મેં જોયું કે ત્રણે છોકરાંઓને મારી શેઠાંણીએ પોતાના ઓરડામાં તેડી લીધાં હતાં. તે ઉપરથી જ્યારે હું તે મકાંનમાંથી મારા ટ્રુંક અસબાબ સાથ જવા બાહેર પડી, ત્યારે મારી શેઠાંણી અને તે બચ્ચાંઓને એક વાર મલી લેવા મેં મારી ફરજ વીચારી, ને તેથી મેં તેણીનું બારણું ઠોકયું.

"એ કોણ છે રે?" મારી શેઠાંણીએ અંદરથી ગુસ્સાનો ટણકો કરી પુછયું.

"એ તો હું છેઉં, બાઈ," મેં કહ્યું. "તમોને અને છોકરાંઓને જતી વખતે મલવા આવેલી છેઉં."

"હં: સારૂં, સધાવો, હું કામમાં છેઉં," મારી શેઠાંણીએ અણુકાથી કહ્યું, ને તે પોતાની પડી ભાગેલી હાલતની આટલી બધી નામોશી, બેજાબત ને હીણુપરસ્તી વચ્ચે બી જેવી ને તેવી બદમાસ રહી ગઈ હતી તે ઉપર હું અચરત થતી ત્યાંથી ખસી ગઇ. ત્યારકેડે નીચે જઈ મેં એક ગાડી મંગાવી, ને તેમાં મારો અસબાબ મુકી હું મરેલ મારાં ભાઈબેહેનો જ્યાં રહેલાં હતાં તેમના તરફ ગઇ.

હવે મને કયાં નોકરી મલશે અથવા હવે પછી મારૂં શું થશે તે મને ખબર ન હતી. ભવીશ એક વાર પાછું શીહા જણાતું હતું; પણ ખુદા પાસ આશરો ને ખુદાપર સબર માંગી હું તુરત વેલા તો ઉમંગભેર ને ઉલટભેર મારાં વ્હાલા ભાઇ બેહેનોને ગોદમાં દાબવા તેમના તરફ જવા નીકલી.

પ્રકરણ ૧૮ મું.

મારી બેહેનો.

મારાં વાહલાં ભાઇ બેહેનોને ભેટવાનો મારો હરખ ભારી હતો, ને તેથી મારી નોકરી જતી રેહેતાં નાચારેસ અને નીરાધાર બની ફરી એક વાર રવડી પડવાનું મારૂં નવેસરનું દુઃખ તે હરખનાં સુખમાં તુરત વેલા તો બેહેસાબ બની ગયું હતું.

હું ગઈ તેવી પાધરી શેઠ બાપુજી એદલકાકાનાં લાયકીવાલાં વીધવા બાઇ હમાયજીને ત્યાં મારી બેહેનોને મલવા ગઈ. તેઓ મને જોતાંજ હરખ ને અચરતીથી મને આવીને વલગી પડી—અને તોબી મેં કાંઈક દુઃખ વચ્ચે જોયું કે નાધકલી જર જ્યારે મને જોઇને ખુશીથી ઘેલી દેવાંની જેવી બની ગઇ, ત્યારે વચલી નાજાં મારા તરફ તેટલાંજ ખાલેશ દીલની ખરી ખુશી સમેતની ઉલટ બતાવતી ન હતી. નાજાંની મારા તરફની વરતણુંકમાં વાંધાભરેલું કે સરયામ જુદાઇ જેવું જરા બી ન હતું, તોબી મેં મનમાં ઇચ્છયું કે નાજાંની ઉલટ જો જરની ઉલટ કરતાં કાંઇક કમ જણાતી હતી તે તેમ નહીં થતે તો વધારે સારૂં !

મારી બંને બેહેનો મેં છેલ્લી જોઇ હતી ત્યાર પછીથી આજ સુધીના ઉધરભાવમાં સારી રવેસે ઉછરી નીકલી હતી. નાજાં આજે લગભગ ૧૩ વરસની વયે પોંહોંચી હતી, ને 'સારીવાલી છોકરી' તરીકેના તેના નવા ઠેરામાં તેણીની ખુબસુરતી સાથે તે ઘણો મોટો બાહાર મારતી હતી. જર લગભગ ૧૧ વરસની થવા આવી હતી, ને તે બી તેનો વખત આવતાં એક ઘણી મનોહર અબલા નીવડશે એ સેહેલથી અટકલી શકાતું હતું.

પણ વળી એ બંને બેહેનોના ખવાસમાં કાંઇક ફેર પડેલો જણાતો હતો. જર બચગીમાં હતી તેવીજ બોલકણી, હેતવંતી,

ઉલટમંદ અને મલતાવડી હતી, કે જ્યારે નાજાં ઉપર હમાયજીનાં ઘર માંહેલાં સુખની કાંઇક માઠી અસર ઉતરી હોય તેમ જણાતું હતું, કેમકે તે જરા મીજાજી થઈ હોય એવું મને તેના સાથે કરેલી પેહેલીજ મુલાકાતને દરમ્યાંન જણાઇ આવ્યું. કપડાં વગેરેની સુઘડતા અને સફાઈ તો બંનેમાં પુરતી હતી, પણ નાજાં સફાઇ ઉપરાંત એશકાઇપર બી વધારે વખત રોકતી હોય એવું બી મને દેખાયું. અભ્યાસમાં બી તેમજ હતું; નાજાં શીખવાને વાસ્તે કેટલીક હદ સુધી લોઠ ને બેદરકાર બની જતી હતી, કે જ્યારે જર પોતાના અભ્યાસમાં જો બની શકે તો આગલ કરતાં વધુ ઉલટમંદ ને જાસ્તી ચોંપવાલી બની હતી.

હમાયજીનાં ઘરમાં એ મારી બેહેનોને રાંધવા સીંધવા વગેરે ઘરસંસારી કામકાજો ઉપર ધ્યાંન આપવાનું મુતલગ હતું નહીં તે વાત બી હું પસંદ કરી શકી નહીં. આજે આ કડક પણ ખરી મમતાલુ ને ઘરમાતુ બાનુનો આશરો એ બંને છોકરીઓને હતો, પણ જો કાલે તે આશરો કોઇ સબબોનાં પરીણામમાં જતો રેહે તો ઘરસંસારી કામકાજો વચ્ચેની બીનમાહીતગારીથી અને મોજસોખની એક અયાસી જીંદગીના પડી ગયલા સોખ ને તબેહથી કરીને તેઓ હાડમાર ને દુઃખી થયા વના રેહે નહીં એવો મને ગંભીર ભય થયો. અત્યારમાંજ મારી નાજાંને જે કાંઇક મગરૂરીનો સલો લાગુ પડી ચુકયો હતો તે વાતે મારા ભયની ગંભીરતાને ઘણો ટેકો મલ્યો.

હું મારી બેહેનોને હમાયજીનાં ઘરમાં નીચલા ખણુમાં મલતી ભેટતી હતી તેટલાં મારૂં ત્યાં આવવાનું સાંભલીને હમાયજી પોતે ત્યાં આવી લાગ્યાં. તેઓ આંગે ઘણાંજ કદાવર અને મજબુત બાંધાનાં હતાં, ને તેવણુની ઉંમર લગભગ ૫૦ ની ભરતીમાં આવી ચુકી હતી. તેવણુ દીલમાં કાલી સારી ને પગમાં સફેદ મોજાં હંમેશ રાખીનેજ ઘરમાં ફરતાં, ને તેવેજ હાલે મને મલવા ને જોવા આવ્યાં.

ત્યાં આવી પોતાની ખાસ રાખેલી (આંગ પ્રમાણેની) એક મોટી અઢેલવાની ખુરસીપર તેવણુ ગોઠવાઇને બેઠાં, અને પછી એક જાડી લોખંડની ફ્રેમનો એક મોટા કાચનો ચસમો ચઢાવી મારા ભણી પેહેલી થોડીક પલ ચુપકીદી સાથે ટીકયું. "ઉઃ તારે તું તે શીરીન છે?" જાંણે મારો દેખાવ તે ભીતરના મારા ગુણ

અવગુણનું એકંદર સાંકળ્યું હોય, ને તે બાહેરના દેખાવથી બારા ગુણ અવગુણની પરીક્ષા કરી તેઓ કાંઇક રાજી થયાં હોય તે રૂપે શરૂઆતનો હુંકારો આપીને તેવણે કહ્યું. “તારે વાસ્તે દાદાભાઈ દાકટર બી ઘણું સારૂં બોલતોતો, ને હું ધારૂંચ જે તું એવી ને એવી સારી ચાલથી સંસારમાં જોઈ તપાસીને ચાલશે તો અંતે ને પંતે સુખી થશે. અમારાં ગામમાં તારા જેટલી જેટલીઓ તો ઘણી બી પોતાનો સંસાર નહીં એટલે ઘેરેઘેરનાં લદારાં કરવા જાએચ, વાસ્તે તેમાં કંઈ શરમ નથી. શું, સમજણ પરી કેની? બાકી આએ તારી બે બેહેનો છે તે લોક તો મારાંજ ઘેરમાં રેહશે ને હુંજ એ લોકોનો મોરેવેહસે જે મારી નજરમાં આવશે તે રસ્તો કરશ. એ છોકરીઓને પેહલ્લે મેં મારાં ઘેરમાં દાકટરની સીફારસથી બોલાવી ત્યારે કંઇ એટલું બધું એ લોકને ખાતર કરવાની મારી ખુશી નહીં ઉતી, પણ પછીથી આસ્તે આસ્તે એ બેઉ જણીઓની ચાલચલણ વધારે ને વધારે મારી નજરમાં ઉતરતી ગઈ, ને તેથી એ પરાઇ જણીઓને મેં આજ ને કાલ તો પોતાની કરીને રાખેલી છે. એટલા વાસ્તે એ લોકની દેખરેખ ને તરબીયતની બાબદોમાં હું કોઇનું બી મત લેતી નથી, ને લેવાંની બી નથી. શું, સમજણ પરી કેની? હું મારે ગમશે તેમ એ લોકને રાખશ, ફેરવશ ને મોટી કરશ; તેનાં વચ્ચે તારે બોલવા કરવાનું કામ નહીં. વરી કાંઇ તું જાંણે કે તું અહીં જો લાંબો વખત રેહેવા પાંમે તો વારે વરીએ આવી આવીને એ પોરીઓને લસો પોપો કરે તે બી વાત બનશે નહીં. મેં તારા દારાબ ભઇને બી કહી મેલેલું છે જે મહીનાને છેડે એકુ બે વખત મલવા આવવાનું, ને તેમજ તુંને કેહી મેલુંચ. શું, સમજણ પરી કેની?”

તે ડોસાં આ લંબાણ ભાશાંણ પોતાનાં સુભાખીત ‘શું, સમજણ પરી કેની’ સાથે ગોઠવી કરી પરવારયાં, એટલે હવે અઢેલીને દમ ખાવા ને પાસેની ટેબલપરથી વીંઝો લઇને વા ખાવા પડયાં, કેમકે એ લંબાણ ભાશાંણની જેહેમત તેઓનાં આંગ પ્રમાણે તેઓથી સેહેવાય તે કરતાં જ્યાદા હતી. મેં એ ભાશાંણના જવાબમાં સખત તાબેદારીની ખાત્રીઓ આપી, ને મારે માટે તે બાંનુ જે સારા વીચારો ધરાવતી હતી તે માટે તેઓનો આભાર માનીને તે જોકે ઉપર કહેલી અરધી મરેલી બગડેલ ...... તેમની

બરાં દીલની સખાવત સાથે મારી બંને બેહેનોને પોતાને ત્યાં પાલવી હતી તે માટે છાજતા બોલોથી ઘણો ઉપકાર માન્યો.

પણ મેં જોયું કે જ્યારે મારી બેહેનોને વારંવાર મલવા નહીં આવવા વીશે તેવણે મને તાકીદ કીધી ને તેજ તાકીદ દારાઅને બી કરેલી તેવણે જણાવી, ત્યારે મારા વડા ભાઇ ખુશરો વીશે તેવણ ખામખા ખામોશ રહ્યાં, ને તેના વીશે તો તેઓ કશું બોલ્યાંજ નહીં. આ ઉપર હું અચરત થઇ, ને મેં બીહીતાં બીહીતાં તે બાબત ઉપર સવાલ કીધો. "જી તમે મારા વરા ભાઈ ખુશરોને બી એ તમારા વીચારો કહ્યા તો હોશેજ ?" મેં પુછવાની હીંમત કરી.

એ સવાલથી તેવણે તુરત મોં કુમલાવ્યું, અને વધાર્યું, "ખસરૂને તો મેં જુદીજ રીતની તાકીદ કીધીચ. તેને તો મેં કહ્યુંચ જે મારી ઓસરીએ પગજ નહીં મુકે."

"એટલું બધું ?" મેં દલાઈ કહ્યું—કેમકે ખુશરો બગડતો જતો હતો એ મેં તેની કોલાબા ખાતે મારી થયલી છેલ્લીજ મુલાકાતમાં પુરતી રવેસે જોઇ લીધું હતું, પણ તે એટલી બધી હદ સુધી બગડીને લોકોને અલખાંમણો ને અકારો થયો હતો કે તેને તેની બેહેનોને વધીક કોઇ દીવસે મલવાની બી સખત મના કરવી પડે તેટલું બધું સાંભલવા જાંણવા ને માનવા હું તૈયાર થયલી ન હતી. તેથી ઉલટું, ખુશરો મને છેલ્લો મલતાં તેણે સુધરવાના મને આપેલા કરારો ને લીધેલા કસમોપર મને એટલો એતબાર આવ્યો હતો કે તેને માટે મારા જીલ્લામાં હવે પાછી ફરતાં હું સઘલું સારૂં ને સંતોશકારકજ સાંભલવાની ઉમેદમાં આવી હતી, જેથી આવા ખેદકારક હેવાલથી માહીતગાર થતાં મને સ્વભાવીક બેહદ દુઃખ પેદા થયું.

"હા, તે દુકતો મારી ઓસરીએ નહી જોઈએ," હમાયજીએ કહ્યું. "અલબત તેના વીશે હું કાંઇ ઘણું બુરૂં જાંણતી તો નથી, પણ જેટલું જણાયુંચ તેટલુંજ જોઈએ તે કરતાં ઘણું વધારે છે. તે ગામના પોશાગીની ટોલીમાં ભટકેચ, મુવો ચાકરી ધંધો કરતો નથી ને હરાંમખોર બની ગીયોચ એમ બધાં વાત કરેચ. વરી તે છેલ્લો અહીં આવી ગીયો પછી તરતજ મારે તાહાંથી કોઇ દાહારે નહીં ને તે દાહારેજ એ રૂપાનાં ચમચાની ખુમ પરી. મારાં ઘેરમાં ઉંચારે બાણને સુતાં આજવેર એક તનખલું નહીં ગીએલું, ને—"

"ઓ બાઇ," મેં અરધી રડી પડીને દુઃખથી પુછ્યું, "તમે એમ તો નથીજ ધારતાં કેની કે મારો એ કમનસીબ ભાઇ ચોરબી છે?"

"તે હવે જે હોય તે," મારા ભાઇની તરફદારીનો એ મારો સવાલ તે દોસાંને નહીં પસંદ આવ્યો હોય તે ઢપે તેવણે કાંઇ તીખાસ બતાવીને કહ્યું. "હવે ટુંકરૂં કરવાનું. મેં તેને મારાં ઘેરની ઓસરીએ આવતો બંધ કીધોચ, ને તે બસ છે."

જ્યાં મેં જોયું કે તે ચકાસેલાં દોસાં મને મારી બેહેનોની સુખભરી સંગતમાં વધારે વાર ખોટી થયલી જોવાને બી રાજી થતાં નહીં હતાં, એટલે તેમને નારાજી કરી મારી બેઉ બેહેનોને વેદના થયલી જોવા હું ખુશી થઈ નહીં, ને તેથી જોકે વાત તો હજી પુશકલ કરવી હતી— કેમકે વાંચનાર જાંણે છે તેમ અમો તો લગભગ એક વરસ દહાડેજ મલ્યા હતાં—પણ તોબી હયાંજ હું મલી ભેટીને તેઓથી છુટી પડી.

પ્રકરણ ૧૯ મું.

મારા ભાઇઓ.

ત્યાંથી હું દારાબને મલવા દાદાભાઈ દાકટરનાં ઘેર તરફ ગઇ. દારાબ કાંઇ મને મલવાની વકી રાખતો ન હતો, પણ સારાં નસીબે તે ઘરમાં હતો, ને ઓટલાપરજ કઠેરાપર ટેકવેલા બેઉ હાથોની હથેલીમાં માંથુ નમાવી તે કાંઈક ઉદાસ જેવો ઉભેલો હતો. તે મને જોતાંજ મારા ભણી ઘણીજ ઉલટમાં દોડી આવ્યો ને મને મલ્યો, પણ મેં જોયું કે મને મલવાથી તેને થયલાં દેખીતાં સઘલાં સુખ છતાં તે પોતે કાંઇક દલગીર અથવા દુઃખી હતો. આનો મેં તેને સબબ પુછયો, ને સબબમાં તેણે મને જણાવ્યું કે ગરીબ બચારા દાદાભાઇ દાકટરે કાંઇ એક સત્તામાં પોતાનું નાણું રોકયું, ને તેમાં એવા આવી ગયા કે હતું તે બધું ધસડાઇ જવા ઉપરાંત માંગનારાઓની ધરપકડ થવા લાગી, એટલે જેલમાં જવાની નામોશીને લીધે તેજ દહાડે સહવારે તે ભલો આદમી પોતાનું બચરવાલ ઘર છોડી કેડે નાહસી ગયો હતો. વલી તેણે વધારે કહ્યું કે માંગનારાઓ સામાનપર ટાંચ લાવી તે બધું વેચાવી સટાવી નાંખશે, ને ત્યારે તેનાં બધાં છોકરાં બચારાં તે પાછો પોતાના ધંધામાં કેડે બી ગોઠવાય અથવા ઠર પડી બે પઇસા પેદા કરે ત્યાંવેર રવડી રેહશે.

એ દુઃખના સમાચાર હતા, કેમકે અમારાં ત્રાસદાયક સંકટ દરમ્યાંન ખુદાનો અમોને આપેલો એકજ સાચ્ચો દયાળુ દોસ્ત તે એ ભલી મનસનીનો ડાકટર હતો, ને તેનાપર આ રીતે આવી પડેલું સાંભલી જો મારો જીવ તમામ કરમાઈ ગયો, તો દારાબ કે જે તેનાં આટલાં બધાં અનંત હેસાંનોમાં હતો ને જે તે ભલા આદમી સાથ આટલા લાંબા વખતનો રહેલો હતો તેને કેટલું બધું લાગવું જોઇએ ?

પણ વલી દારાબનું દુઃખ કાંઈ એજ ન હતું. તેનું વધારે મોટું દુઃખ તો અમારા વડીલ ભાઇ ખુશરો સંબંધી હતું. "હું આજ વેર તમો ઉપર નહીં લખતો હતો," તેણે કહ્યું, "સબબ એ દુઃખનાં સમાચારથી તમોને નાહેક દુઃખી કરવા મારૂં દીલ ન ચાલતું હતું, પણ હવે વાત એટલી બધી હદ સુધી બેહેકી ગઈ છે કે આજે જો આપરે નહીં મલ્યાં હોતે તો આજે રાત્રે તો હું જરૂર તમારાપર વીગતે બધા સમાચાર લખીને પોસ્ટમાં કાગલ નાંખવાનોજ હતો."

"અરે અફસોસ!" મેં ખરાં દુઃખથી ગભરાઈને કહ્યું, "ખસરૂ એકદમ એટલો બધો તે કેમ ને કયારે બગરી ગયો ?"

"બુરી સોબત તેનું નખોદ વાલે છે," દારાબે ગમગીનીથી કહ્યું. "પેલાં આપરા જીલ્લાવાલા પંકાયલા બે બદમાસો, હરડતા પોસાગીરો કાઉ કાકરી ને બેજુ બુલડાગ—"

"હા, તેનું શું ?" મેં શંકાથી રગેરગ ધ્રુજતાં કહ્યું, "શું એ માનવાજોગ છે કે આપરો ખસરૂ તે લોકની સંફમાં ભરાયોચ ?"

"તે માનવાજોગ છે, ને તેથી વધારે બી માનવા જોગ છે," દારાબે કહ્યું "તે તે લોકની સંફમાં ભરાગોચ ને તે લોકનાં જેવોજ બદમાસ બી થયોચ, અથવા જે વખત જાયચ તેમાં થશે."

આ માહા દુઃખ ભરી હકીકતથી ગોયા મારૂં લોહી મારાં શરીરમાં ફરતું બંધ પડી ગયું !

કાઉ કાકરી ને બેજુ બુલડાગ બે પંકાયલા હરડતા પોસાગીર બદમાસો હતા. તેઓને નામે અમારો આખો જીલ્લો ત્રાહે ત્રાહે પોકારતો હતો, અને તહરેવાર તકસીરો માટે અવારનવાર કેદખાનું વટીક ભોગવી આવેલા તે બંને જાંણીતા ડામીસો હતા. તેવા બેની સંફમાં મારો ભાઇ ભરાઇ ગયો એ વાત માન્યામાં નહીં આવે, અક્કલમાં

નહીં ઉતરે એવી ને એટલી દુઃખ ભરેલી હતી! અફસોસ! એ સમાચારથી મેં તો તેજ વખતે મારા ખુશરોનું એક અલંત સીહા ભવીશ હવામાં ડોલા ખાતું જોયું.

"એ મને થોરા મહીનાપર કોલાબે મલી બી ગીયોતો," મેં અંતે રડીને છાતીને ખલાસી આપવા પછી આંસુઓ લુછતાં કહ્યું, "ને સારે તો ખચ્ચીત સુધરવાની કબુલાત આપીતી."

"મને તે ખબર છે," દારાબે કહ્યું. "તેણેજ તમોને મલી આવ્યા પછી બીજે દાહાડે મને મલતાં એ વાત મારા આગલ કીધીતી, પણ સુધરવાને બદલે તો તે વધારે ને વધારે બગરેલો જણાયો છે. તે મુલાકાત પછીનો તે મને કદી બી મલ્યોજ નથી, ને હું જાંહાં જાંહાં બી મલવા જાઉંચ ત્યાં હાથ આવતો નથી. હું તો ધારૂંચ કે તે મને ખાખસુસ હાથ તાલી આપી ઉડાવેચ, ને વરી વધારે અજાએબ જેવું તો એ છે કે તે તમારી સાથની તેની છેલ્લી મુલાકાત પછીજ તે વધારે બગરી ગીયોચ. તે એઉ પોસાગીરોની ટોલીમાં હવે છચોક ફરેચ એટલુંજ નહીં, પણ તે પછીથી એની પાસે દોઇ રવેસે પઈસા બી ઘણા આવેલા જણાએચ, કેમકે અવારનવાર કાંને આવતી ખબરો પ્રમાણે તે હલકા નાટકો ને એવાંજ બીજાં નજીશ ધામોમાં ધુમ પૈસા ગુમાવે છે."

"ત્યારે તો તે કરજ કરતો હોશે, કે નહીં તો—નહીં તો," અને મેં મુશકેલાઈએ ઘણીજ આનાકાંની સમેત મારૂં વાક્ય અચકી અચકીને પુરૂં કીધું—"નહીં તો તે ચોરી કરતો હોશે."

"હું ધારૂચ જે ચોરી કરેચ," દારાબે ગોયા તેનાં પાપથી પોતે શરમાઈને નીચી નજરથી અને ધીમા સાહદે કહ્યું. "વરી તે અવારનવાર ધોલે દીસે બી પીધેલો ધુન રસ્તામાં ભટકતો સંભરાએચ. હું ધારૂંચ જે એ કમબખ્ત હવે હાથથી ગીયોચ."

"નહીં નહીં," મેં લગભગ ચીચ્યારી પાડી કહ્યું, "હું તે જાંહાં બી હોશે ત્યાં જઇને તેને સુધારી લાવશ. હું તેને સમજાવશ—આપરાં ખાનદાંનની, આપરાં કમનસીબ માય બાવાની આબરૂની તેને યાદ આપશ. મને કેહે દારાબ કે તે કાંહાં હોશે?"

"તે હું ધારૂંચ તે પ્રમાણે તો પેલા ભીખાનાં જાંહીલાં પીઠાંમાં હોશે," દારાબે કહ્યું. "ઘણું કરીને તે લુચ્ચાઓની તાંહાંજ

બેડક છે. પણ ખચ્ચીત, વાહલાં બેહેન, તમે ત્યાં તો નહીંજ જશો કેની?"

"કાંય નહીં?" મેં અચરતીથી પુછ્યું. "એમાં એબ કે પાપ શું છે? હું નહીં જાંઉ તો બીજું કોણ જવાનું છે? તું કેહેચ કે તે તુંને જોઇને તો નાહાસભાગ કરેચ ત્યારે તો હુંજ જવશ. તે મને જોઇને શરમાશે, કદાચ ગભરાશે. હું તેને બાહેર બોલાવશ."—અને હું જવા કરતી હતી.

"પણુ જરા થોભો તો ખરાં બેહેન," દારાબે માંગી લીધું; "હજી તો તમે તમારે પોતાને વીશે મારા સાથે કાંઇજ વાત નથી કીધી, કે નથી દાકટરનાં છોકરાંઓને મલ્યાં."

આ વાતથી મારી ઉશકેરાયલી હાલત વચ્ચે હું કાંઈક શાંત થઇ, ને મેં મારા બાબમાં બનેલો સઘલો બનાવ—મને નોકરી શું કારણથી તજવી પડી હતી તેં બધું દારાબને કહ્યું. દારાબે મને ખાત્રી આપી કે જેકે દાકટરનાં ઘરમાં હાલ બહુ ગમગીની હતી, તોબી મારી કાંઈ નવી ગોઠવણ થાય ત્યાંવેર મને તેજ મકાંનમાં રાખવાને દાકટરનાં લાયકીવાલાં ધણીયાંણી ઘણાંજ ખુશી થશે, ને થયું બી તેમજ. હું જઇને જ્યારે દાકટરનાં છોકરાંઓ ને તેવણનાં ધણીયાંણીને મલી ત્યારે તે બધાંએ મને તેજ ઘરમાં તુરત વેલા રેહેવાને ખરાં દીલથી બોહસ કીધી, ને પોતાનાં આંસુઓ ને ગમી વચ્ચે બી પોતાના પરોપકારને તેઓએ વીસારી દીધો નહીં. મેં તેઓની તે ગમગીનીમાં તેવાંજ આંસુઓ ને તેવીજ દીલોજાન દીલસોજીથી ભાગ લીધો, અને પછી બધાંની હરસે હું ભીખાનાં જાંણીતાં પીઠાં તરફ જવા બાહેર પડી.

ભીખાનું પીઠું જેનું નામ "રાયલ જેક" હતું તે તરફ જતાં મને હજારો શંકા થઈ. હું કયાં જતી હતી! મારા જેવી એક જવાંન છોકરી એવાં એક પાપ અને બોહારીનાં ધામમાં જાય તેમાં જોખમ કેટલો બધો હતો! કાંઈ નહીં તો જો ખસરૂ નહીં મલે તો બેજુ બુલડાગ ને કાઉ કાકરી સરખા બદમાસોથી ભારે અપમાંન ખમી ત્યાંથી પાછું ફરવાનું નહીં થાય?

અને તોબી હું બીનદેહેસ્ત ને બેધડક જતી હતી. આજે શાંત મગજથી વીચાર કરતાં તે મારૂં પગલું સરયામ વાંધાભરેલું નહીં તો ઓછામાં ઓછું તો ખચ્ચીત જણાય છે, ને તોબી તે

વખતે મેં તેમાં તેટલું બી કશું દીઠું નહીં. તે વખતે હું ફક્ત એકજ વીચારથી ઉસકેરાયલી હતી, ને તે વીચાર એક કમનસીબ ભાઈને ખોહારી, ખરાબી ને પાયામાલીના ખડક ઉપર ચઢી જતો અટકાવાનો હતો. એ પવીત્ર આચારમાં મેં મારી પાક ફરજ જોઈ, કેમકે મેં વીચાર કીધો કે જો હું તેની વડી બેહેન એ ફરજ નહીં બજાંઉં તો બીજું કોઈ તે બજા લાવનારૂં છેજ નહીં, અને ત્યારે એ મારા ભાઈની ખોહારી એટલેથી કાંઈ અટકવાની નથી. એટલા વાસ્તે એ મારો પવીત્ર અખીકાર અદા કરવા એક બેહેનના પ્યારથી દોરાઈ જઈ હું તે પીઠાં આગલ ધસી જતી હતી !

મારો રસ્તો અમારાં અસલી ઘરપર થઇને જવાનો હતો—તેજ ઘર, તેજ અમારૂં માનીતું પ્યારૂં મુકાંમ-મકાંન કે જ્યાં અમો સર્વ ભાઇ બેહેનો એક મોહબતવંતી માતા ને શીરછત્ર પીતાના પુજ્ય સાહયા હેઠલ ગરીબી વચ્ચેના સંતોશનાં સઘલાં સુખ સાથે મોટાં થયાં હતાં ! મારા માતપીતાનાં મરણ પછી અમારો સંસાર નહીં નીભવાથી અમો ભાઈ બેહેનો છુટાં પડી ગયાં ત્યારે—છેલ્લાં એક વરસની વાતપર—મેં તે મકાંન તજ્યું હતું, ને હવે એટલે લાંબે અંતરે તે મકાંન તરફ મારાં પગલાં વલતાં મારી છાતી હજારો જુસ્સાઓ સમેત ઉંચકાઈ ઉંચકાઈ જતી હતી.

અને તે મકાંન આવ્યું. તે મકાંન તરફ હવે આજે હું મારી ચશમો હટાવી શકી નહીં, કેમકે એક અત્યંત દુ:ખ ભરી ગઇ ગુજરીની યાદથી મારી આંખમાં ખડાં થઈ નીકલેલાં આંસુઓ વચ્ચેથી મેં જોયું તે કે સદાનું શાંત, સુઘડ અને ગરીબ તોપણ શોભીતું મકાંન આજે કાંઇજ નહીં પણ ફેસાદનું ધામ ને પાયામાલીનું એક ચીત્ર થઈ પડયું હતું. તેમાં કોઈ પારસીનુંજ કુટુંબ વસતું હતું, પણ અંદરથી ફેસાદના પોકારો આવતા હતા, અને આંગણાંમાં બે પાંચ તમામ ડરટી પોરયાંઓ કાદવમાં રમતાં હતાં. તેની આગલની વાડ ભાગી ટુટી ગયલી હતી, અને તેની અંદરનો ચોક (વાડી) જે મારી માતા જતનથી તહરેવાર જાતનાં ફુલોથી હંમેશ ખુશનુમા રાખતી હતી તે એક કંગાલ્યતનો દેખાવ માત્ર હતો. વલી બારણાંમાં એકાદ બે મારીજ ઉંમરની છોકરીઓ સારી અથવા વાસ્કુત વગર માત્ર પેટીભર ઉભી હતી, અને પોતાના તે બેમહલાજે નક્શ દેખાવથી શરમાઇને અંદર ભરાઈ રેહેવાને બદલે જાંણે મારી ચલણમાં, મારા

પોશાકમાં કે મારા ચેહેરામાં શું એક ધ્યાંન ખેંચનારૂં હોય તેમ મને મુતલગ નહીં પીછાંણવા છને ટીંગાઇ ટીંગાઈને મને જોતી હતી, અને આપસ આપસમાં મારી તહરેવાર ઠીઠીહાહા બનાવતી હતી.

ઓ તે દેખાવ! તે હું વાંચનારને ખાત્રી આપું છું કે એક ખરાં દુ:ખનોજ દેખાવ હતો, કે જે હું એકાદ બે પલથી વધુ જોઇ વટીક શકી નહીં, કાંયકે મને લાગ્યું કે મારાં ગુજરેલાં માતપીતાનું તે મુબારક મકાંન એવાં બદજાદ લોકોને બસ પડવાથી કાંઈજ નહીં પણ અપવિત્ર બન્યું હતું!

પ્રકરણ ૨૦ મું.

" રોયલ જેક."

'રોયલ જેક' અમારા જીલ્લામાં લુચ્ચાઓનાં ધામ તરીકે જાંણીતું થયલું ભીખા કલ્યાણીવાલાનું એક પીઠું હતું ત્યાં હું પોહોંચી, અને તેનું બારણું એકાદ બે કદમ દુર હતું તેટલાં મારી બાજુમાં તેની એક બારી આવી હતી તેમાંથી દોકાવીને મેં અંદર જોયું, કાંયકે અંદરથી એક અનીતીમાન ગાયણનો નઝીશ 'શરોદ' આવતો હતો, અને તે 'શરોદ'માં મેં મારા ખસરનો સાહાદ આબાદ પીછાંણ્યો હતો!

સારાં નસીબે મારાં એમ દોકાવીને જોવા તરફ તે ઓરડામાં ભેગી થયલી 'ચંડાલ ચોકડી' માંથી કોઇનું ધ્યાંન ખેંચાયું નહીં. તે 'મીજલસ' મેં જોયું કે પંચભેલ જાતની બનેલી હતી, અને તેમાં જે લોફર મુસલમાંનો વગેરે સાથે પાન સોપારીનાં ડુચા ચાવતા લાલ લોહી જેવા હોઠવાલા બે પાંચ પારસીઓ બેઠેલા હતા તેમની વચમાં મારો ખસરૂ હતો.

તે ત્રાસદાયક દેખાવ જોતાં હું બેભાંન નહીં થઇ ગઈ એજ એક અચરતી હતી, કાંયકે તે વેલા મને કેવું દુ:ખ થયું હશે તેનો વાંચનારને સેહેલથી ખ્યાલ થઇ શકવાનો નથી. મારા ખસરૂની ગરદન આસપાસ કાઉ કાકરીએ પોતાનો પાપી હાથ વીતાલેલો હતો, અને તેના પોતાના હાથમાં દારૂનું એક ગલાસ નહીં પણ માપતું હતું. તેનો ચેહેરો લાલ થયલો હતો, અને તે આ નાપાક ધામમાં દીલોજાંન ખુશી મેલવતો હોય તેવો તેનો ઉશકેરાયલો હાલ હતો.

અને તેના પેલા અંગત હમશરીકો કાઉ કાકરી ને બેજુ બુલડાગ કેવા હતા ?

કાઉ કાકરી સુમારે ત્રીસથી તે પાંત્રીસ વરસની ઉંમરનો એક-વરયાં જેવો તોબી ઉંચો ને મજબુત એક પોસાગીર હતો, કે જ્યારે બેજુ બુલડોગ ફક્ત એક ખરેખરો 'બુલ' હતો. તે બટકો, ભરેલો, ભયભીત મોંઢાંનો, ઘણી જાડી અને ઘણીજ ટુંકી ગરદનનો મોટાં દાંતનો અને ઘણાંજ ચપતાં બેઠાં પોહલાં નાકનો કાલો રીધી ભાઇ જેવો એક બદમાસ હતો. કાઉ કાકરી ને બેજું બુલડાગ બેઉ અસલી જાંની મીત્રો હતા, કેમકે હું જે દીવસની સમજમાં આવી તે દીવસથી તેમનાં નામો દરેક પાપી કામોની હરોલમાં ને સંબંધમાં સાથેજ સાંભલતી આવેલી હતી.

તે બંને 'કસબી ટોપીવાલા' હતા. છોલેલા બોકંડા જેવાં તેમના બોરેલાં માંથા ઉપરની તેઓની સેરયાં જેવી પોહલી ને ઉંડી કસબી 'ચીલમ' તેમને ઘણીજ શોભી રેહેતી હતી. વલી બેજુ બુલડાગને લીલો ને કાઉ કાકરીને પીલો રૂમાલ ગલપટા તરીકે હંમેશ પોત પોતાની ગરદન આસપાસ વીંટાલવાનો ચાલ હતો, જેથી જો તેઓ સુદરો કુશતી નહીં રાખે તો પારસી કરતાં તેમને કોઈ બી જોનાર મુસલમાંન તરીકે ઓલખવાને વધારે લલચાય એવો તે હરામખોરોનો હાલ હતો. તેઓનો સદરો જામા જેટલો લાંબો હતો, જે અદબની કસર તેમના લેંગાના પાયજા વાલી આપતા, કેમકે તે પોહલા મોઢાંના પાયજા તેમના નજીશ બેબદશા પગ અરધા ઉઘાડા રહે તેટલી હદસુધી ખોસવાની તે બુરાઓને તબેહ હતી.

તેઓ 'જામા પીછોરી' સાથેજ શેહરમાં ફરવાવાલા 'સદ અહસ્થો' હતા. તેઓએ ડગલી પાઘડી માંથે પેહેડવાના તો કસમજ લીધા હતા, પણુ જો કાંઈ લાંબો ટપો જવો હોય તો ઉપર વરણવેલા પોશાકમાં એક વાસ્કુતનો ઉંમેરો થતો, ને વાસ્કુત (રૂપાંનાં હારે કટાર સુમારે દોઢ દજણુ બટનો સાથનું) જો દીલપર ઓલવ્યું, તો તે તેઓનો ફુલ ડ્રેસ કંપલીટ થયલો સમજવો! એમ છતાં તેઓની આંગલીઓપર સુનાની રૂપાંની અને હીરાની વટીક વીંટીઓના તો ઢગલા હતા એમ મારે સમજાવવું જોઇએ, ને વાસ્કુત પેહેડે તો વાસ્કુતનાં ગજવાંમાં, કે નહીં તો લેગાંના ડપમાં અથવા ઓટીમાં એકેક મોટું રાસકોપ ઘડયાલ બી તેઓ સાથે લેઇને ફરતા હતા.

ત્યાં હું ધારૂં છું કે બેન્જુ બુલડાગ અને કાઉ કાકરી કેવી કીસમનાં આસામીઓ હતા તે વીશે વાંચનારને જોઇતો ખ્યાલ આપવાને હું બનતું લખી ચુકી છું—અને મારી વારતાનાં વલાંથી વેગલી જઇ મેં તેમને વીશે એટલી વીગતે લખવાની જરૂર જોઈ છે તો તે એટલાજ માટે કે એ બંને બદમાસો મારી વારતાના બોહલા સપ્રાઓપર અગતના ભાગો હવે પછી ભજી બતાવનાર છે.

જ્યારે હું તે પીઠાં આગલ જઇ પોંહોંચી હતી ત્યારે લગભગ રાતનો સમો થયો હતો, અને બતી તરતની થયલી હતી. જે ઓરડામાંથી ઉપર કહેલા 'મીઠા શરોદો' આવતા હતા ને જ્યાં દોકાવી જોતાં મેં મારા ખુસરોને તે હરાંમખોરોની સંગત ને સંપમાં બેઠેલો જોયો હતો તે ઓરડામાં બી તેમના પાસ મુકેલા બાંકપર એક ભાગેલી અને ધુમાડાથી અરધી કાલી થઈ ચુકેલી ચીમનીનો દીવો સલગાવીને મુકેલો હતો. વલી આસેપાસે દેવાલ ને ગોખલાપર એકાદ બે છુટાંછવાયા કેરોસીનના ચીમની વગરના દીવાઓ મસાલ જેવા સલગાવી મુકેલા હોવાથી ધુમ ધુમાડો કાઢતા હતા. તે ધુમાડામાં ત્યાં બેઠેલા બીડી પીનારાઓની બીડીના ધુમાડાથી, મનમાનતો વધારો થતો હતો; ને સામટી રીતે તે ઓરડામાં એક મીનીટ બી ઉભા રેંહેતાં કોહેલાં કલેજાં લઈને બાહેર આવવાનો નક્કી સંભવ અને સોદો હતો !

ખસરૂનો પોશાક અત્યંત હાલહવાલ હતો. તેને મેં છેલ્લો જોયો હતો તે વારે તે જેવો કપડાંની બાબદમાં કંગાલ હતો તે કરતાં આ વખતે તે વધારે લેવાયલો લુટાયલો હતો. તે એક સારાં માણસનાં ફરજંદ કરતાં હલકી બુન્યાદના બદમાસ જેવોજ જણાતો હતો !

એ ઉપર વરણવેલો સેતમકારક દેખાવ એક ઝપાટે દોકાવીને જોઇ લેઈને હું બીહીને બારી આગલથી બાજુ થઈ ગઈ, ને મારાં તમ્મર ખાતાં ભેંજાંને એકાદ બે પલ મારો હાથ દાબીને મેં જીવ ઠેડચો. તે પછી મેં જેમ તેમ હીંમત જમા કરી, અને હું તે પીઠાંનાં બારણાં આગલ ગઈ.

ત્યાં એક સદરાબર પારસી આગણામાંજ ખુરસી લઈ બેઠેલો હતો, જે મેં તુરત અનુમાનથી ખાત્રીપુર્વક જાણ્યું કે એ પાપનાં ધામનો માલેક હતો. તેના સદરાને બોરયું વટીક નહીં પરોવેલું

હતું, ને તેની એવી બેમહલાજે હજુરમાં હાજર થતાં મારે બરડે પાણી ઉતરયું.

તે મને જોઈને ચમકીને ઉભો થયો. "હોલ્લો, એ કોણ પ્યારૂં પંખેરૂ?" તે નીચ બેમહલાજે બોલ્યો.

"જરા મારા ભઈને બોલાવા દેશોજી?" મેં બીહીતાં બીહીતાં ને ધ્રુજતાં ધ્રુજતાં ધીમે સાહાદે પુછયું.

"તારો ભઇ?" તે પીઠાંવાલાએ બેશુમાર અચરતીથી કહ્યું, ને પગથી માંથાવેર મને તે ટીકી ટીકીને જોવા પડયો.

"હાજી, મારો ભઈ," મેં ઘણાં દુઃખથી કહ્યું. "હું પેલા ખરશેદજી અંદર બેઠાચ તેવણને વરે કેહુંચ."

"અંઃ હંઃ આપરો ખસરૂ? ખસરૂ ખલેરી? તારે એમ કેહેની!"–અને પછી મોટેથી પોકારયું, "અરે ખસરૂ, ઓ ખસરૂ, આએ તારી બેહેન થતી તુંને મલવા આવીચ."

"બેહેન?" ખસરૂએ અંદરથી ચમકીને પોકારયું, ને તે પેહેલા ગભરાતમાં એક કુદકે બાહેર આવ્યો.

"બેહેન?" અંદરથી બે ચાર સાહાદોએ અચરતીમાં પડઘા માર્યા, ને બીજી પલે કાઉ કાકરી, બેજી બુલડોગ વગેરે પાંચ સાત જણાઓ ખસરૂની પુઠે બાહેર દોડી આવ્યા. તેઓને એક આબરૂદાર અબલા જાતીને પીઠાં તરફ આવેલી જોવાની તો એક નવાઈ, એક તમાસો, એક મોજેજોજ હતો, ને તેથી જાંણે ખસરૂને તેની બેહેન મલવા માંગે ને તે બી પીઠાં આગલ આવીને મલવા માંગે એ વાતજ અક્કલમાં નહીં ઉતરે તેવી હોય તેમ પોતાનાં મેલાં દીલના બેવીશ્વાસ વચ્ચે સઘલા બાહેર જોવા ધસી આવ્યા.

ત્યાં ખસરૂપર મેં ધારયા કરતાં અતી ઘણી વધારે ગંભીર અસર થઈ. તે મને જોઈને એકદમ ગભરાઈ ગયો–તમામ તોતરો બોબરો થઈ ગયો. પેહેલાં તો જાંણે ખરેખર હુંજ છું એમ તેની આંખ વટીક કબુલ ન કરતી હોય તેમ તેને લાગ્યું! તે મને એટલી દુરં પડેલી સમજતો હતો ત્યારે તેને સ્વપ્ને વકી નહીં છતાં હું તે હતો તેજ જીલ્લામાં ને વલી તે હતો તેજ પાપનાં ખુદ ધામમાં તેને ઢુંડવા આવી એ વાત તેને જેટલી તાજુબી ભરી તેટલીજ ભયભીત ને ચમકાવનારી જણાઈ. તેને માટે—તેની તરફના મારા પ્યારને માટે મેં આ કેવો મોટો જોખમ ખેડયો હતો તે તેણે એક તડાકે

જોઇ લીધું, ને તેથી મેં ધારયું હતું તેમ તે શરમાયો, બીહીધો, ગભરાયો, ફીકકો પડી ગયો!

"કોણ? શીરીન?" તે મને જોઈ બોલ્યો.

"હા હુંજ છેઉં, ખુશરો," મેં હજી બાહેરજ ઉભી રહી કહ્યું. "ખુદાને ખાતર તું ચાલ મારી સાથે અહીંથી, મારે તુને કાંઈ જરૂરનું કેહેવું છે."

"તે નહીં બનશે," બેજુ બુલડાગે પોતાનાં રાક્ષસી કદ પ્રમાણેનાં ભેંસાસુર સાહાદે આગલ પડીને કહ્યું. "છોકરી, આવતી હોય તો અંદર આવ, નહીં તો રસ્તો પકર."

"હા આવતી હોય તો અંદર આવ," કાઉ કાકરીએ બેમલાજે બની કહ્યું. "આપરે બે જણાં ભીખાનો ચોખ્ખો બેવરો જો ગલાસ ગલાસ લઈશું કેની તો વાઉવાહ!"

આ તેનાં બોલવાથી તે આખી બદમાસ કુંપની પેટ પકડીને હસવા લાગી, કે જયારે મેં બીહીક, ગભરાત ને બેશુમાર ઓસકથી નીચે જોયું.

ખુશરો એ દરમ્યાંન બહુજ ગુંચવાતો હતો. તેને આવી જગ્યાએ જોઈ કાઢવાથી સ્વભાવીક પેદા થયલા ગભરાટ ને શરમને સબબે તેને મારો આંક્રોશ લાગતો હતો તેથી તે આવવા તો માંગતો હતો, પણ બેજુ ને કાઉની તે ધાક કરતો અને તે કુંપનીની હસીમાં આવી પડવાનો તેને ભય થતો હતો વાસ્તે તે અધવચ્ચે અચકી ઉભો હતો.

"કેમ ખસરૂ, તું આવેચ કે નહીં?" મેં વલી ફરીથી જેમ તેમ હીંમત એકઠી કરી કગલીને પુછ્યું.

"હા, હું આઉંચ આઉંચ શીરીન, તું જરા ચાલતી થા, હું આઉંચ," ખસરૂએ જવાબમાં કહ્યું.

"શું આઉચ? આઉંચ?" બુલડાગે ખીચ પાડીને બરાડ મારી. "બચ્ચા કાંઈ શરમ બી છે કે નહીં? બાયલાની કાંની બઈરાંઓની સોરમાં શાંનો ભરાવા તૈયાર થયોચ?"

"જો તું એમ રાંડયાઓની સોર સાંધે તો તારે ને અમારે નહીં બનવાનું," કાઉ કાકરીએ હવે દમ ભરાવ્યો.

"તેના કરતાં તો એ પોરીને અંદર બોલાવ," હવે એક ત્રીજા બદમાસે મત આપ્યું, "અને એને જે કેહેવું હોશે તે એ અંદર કેહશે."

અહીં વલી એક ચોથાએ મારી ખુબસુરતી ને પાંચમાએ મારા હલક વગેરેની તારીફો ચલાવી, અને તેને સર્વ કોઇ એકમત થયાં, જેથી ત્યાં ઠર્યું એમ કે ખુસરોએ મારા સાથ ત્યાંથી જવું નહીં તો નહીં, પણ મને બી ત્યાંથી જવા નહીં દેવી, ને અંદર તેડીને બેસાડવી.

"ઓ ખુસરો, ખુસરો," મેં ખરાં દુ:ખથી કહ્યું, "મને આવી રીતે અપમાનપર અપમાનો થાય છે ત્યારે તું ઠંડે કલેજે ઉભો રહી તે બધું સાંભરયા કરેચ!"

"દોસ્તો, મને એક બે મીનીટ જવા દેઓ," હવે ખસરૂએ જેમ તેમ હીંમત કરી એકદમ કહયું. "જો બે ત્રણ મીનીટમાં પાછો નહીં આવે તો——" અને કમબખ્ત ખસરૂ ધીમે સાહાદે કાંઇ બાકીના બોલો બબડયો, જે હું સમજી જઇ શકી કે કાંઇ નીચ કસમોના હતા.

બીજી પલે તે મને આવી મલ્યો, અને અમો ત્યાંથી ઉતાવલે આગલ ચાલવા લાગ્યાં, જે દરમ્યાંન કાઉ કાકરીએ વલી પીઠાંનાં બાહેરનાં બારેણાં આગલ આવી બુમ મારી, "જોજે હ: બચ્ચા ખસરૂ ખલેરી, જો તન મીનીટથી સવાતન મીનીટ થઇ તો અહીં તારાં પાણી ભરાઈ રેહેલાંજ સમજજે."

પ્રકરણ ૨૧ મું.

મેલાપ.

તે પીઠું વટાડી અમો પાસેની એક ગલીમાં જઇ પુગ્યાં, અને ત્યાંથી આગલ વધવા ખસરૂએ સાફ ના પાડી, એટલે જ્યારે ત્યાંજ હું ઉભી રહી ત્યારે તેટલા વારની ગંભીર ચુપકીદી ખસરૂએજ તોડી. "તું અહીં કેમ આવી? તુંને અહીં કોણે મોકલી?" તેણે ઘુખરાયલે સાહાદે કહ્યું.

"દારાબે," મેં હીંમતથી કહ્યું. "ઓ ખસરૂ, આએ તારા શું હાલ! સુધરવાના આવાજ તારા કસમો? આવાંજ તારાં વચનો કે? અરે દેવાના, એ તુંને શું સુઝ પરેચ? જરા આગલ પાછલનો નો ખ્યાલ કર!"

"જો રે બેઈ," ખસરૂએ હવે તમામ તુંદાઇથી—એક પોસાગીરનેજ છાજતી અદાથી કહ્યું, "સલુકથી પાધરેપાધરી વાત કરવાની હોય તો કર, નહીં તો અહીંથી આબરૂમાં ચાલતી થજે, હું તુંને સાફ કેઉંચ. તારાં એવાં તાહેલાં તવાંણાં હું કંઈ સાંભરવા બાંભરવાનો નથી. બે ઘરી બે દોસ્તારો વચ્ચે બેસીને—"

"દોસ્તારો ?" મેં પોકાર મારી કહ્યું. "આવા અધમ બદમાસ, માહા પાપી બુરાઓ તે તારા દોસ્તદાર? ઓ ખોદા ! ખસરૂ, તારૂં ભેંજુ કાંહાં જતું રહ્યું ? જો આપરાં માય બાવા જીવતાં હોતે તો તે લોક આગલ તું આએ પોસાગીરોને તારા દોસ્તદાર કેહેવાની હીંમત બી કરતે કે ?"

"હવે તું પંચાત કારની," તેણે કાંઇક ફીકરથી વારંવાર પછવાડે ડોકીયાં કરતાં કહ્યું, "એજ છે કે કાંઈ બીજી વાત બરીચ ?"

"વાત એજ છે, પણ તે કલાકના કલાક કરસું તોબી બસ નહીં કેહેવાસે એટલી બધી છે," મેં રડી દેતાં કહ્યું. "ખસરૂ, તું માય બાવાનાં મરવાથી બેહેકી ગીયો, પણ તારી આવી ચાલથી બેહેસ્તમાં તે લોકનાં રૂવાંન વટીક કમકમતાં હોશે તે તો ધ્યાંન કર ! તું કોણ, તારૂં ખાનદાંન કોણ, ને આએ તારા દોસ્તદારો? તું અમારો વરો ભઈ છે તો અમો લોક તો આજે તુંનેજ મુરબી ગણીએ ! આજે તો તારે અમારે માથે વાંસે થવું જોઇએ ! તારા વગર અમારૂં બીજુ કોઈ બી છે? તું જરા વીચાર તો કર ! તું બાપ જેવો ભઇજ જ્યારે એમ પાયમાલ થઇ જવા પરયોચ ત્યારે હવે અમારૂં શું થશે ?"—અને એમ બોલતાં હું મારા દચકાં જે આસેપાસેથી છુટાં છવાયાં જતાં રાહાદારી લોકોને લીધે દાબી રાખવાં પડતાં હતાં તેથી એટલી બધી ગુંગલાઈ ગઈ કે આગલ કશું બોલી શકી નહીં.

ખુસરોપર એ મારાં બોલવાથી ઘણીજ અસર થઈ. છેલ્લું બોલતાં બોલતાં મેં તેનો એક હાથ મારા હાથમાં લઇ ચાંપીને પકડયો હતો તે છોડવવાની કોશેશ કીધા વગર—કશું બી બોલવા વગર તે ચુપ ઉભો રહયો, ને મેં જોયું કે તે જરૂર સમજશે. "જો ચાલ મારી સાથે," મેં એક બચ્ચાંને પટાવે તે ફીસમે તેને પટાવીને કહયું. "તું કેહશે તાંહાં આપરે બધાં જઇને રહીશું—હવે તો એમ બી ને એમ બી બધાં ભાઇ બેહેન સાથેજ રહીશું. બોલની તું આવશે કે ?"

ખસરૂ જવાબ દેવા જતો હતો—કદાચ હાજ કેહેવા જતો હતો તેટલાં ગલીની બાજુમાંથી (પીઠાં તરફથી) કાઉ કાકરીનો પાછો પોકારો આવ્યો, "કેમ રે બચ્ચા ખસરૂ, તારી તન મીનીટ કેદારે પુરી થવાની છે?" તેણે પુછ્યું,—અને તે તેમજ એજુ બુલડાગ ને બીજા એકાદ બે તે તરફ આવતા હોય એમ લાગ્યું.

"જા, જા, જતી રેહે તું હવરાં તો શીરીન," તે લોકનો સાહાદ સાભલતાં તે સેહેતાંન્યત સાહદમાંજ કાંઈ જાદુ હોય તેમ ચમકીને પોતાપર થયલી સઘલી ગંભીર અસર ઉડારી નાંખતાં તેણે કહ્યું. "હું તુંને કાલે ડાકટરનાં ઘેરમાં આવીને મલી જવશ—ખચ્ચીત મલી જવશ."

એટલું બોલી તે મારો હાથ છોડાવી નાહઠો. મેં તેને થોભાવાને મીનતજારી કીધી—પકડવાને કોશેશ બી કીધી, પણ તે થોભ્યો નહીં, ને જઇને અધવચ રસ્તે તે બદમાસોને મલ્યો, જેઓએ મારા તરફ દુરથી કાંઈક કપટના ડોલા કાઢી તેની ગરદન આસપાસ હાથ નાંખ્યા, ને પછી કાંઇ નજીસ રાગ લલકારતા બધા પાછા તે પીઠાંમાં—દોજખમાં!—ઘુસ્યા.

તે દેખાવ મેં ફાતફાત થતી છાતીએ જોયો, અને પછી ભારે દીલ સાથે ને આંસુ ભરી આંખો સાથે ધીમે કદમે હું ત્યાંથી દાકટરનાં ઘર ભણી પાછી ફરી.

પ્રકરણ ૨૨ મું.

ભીખાદારૂ ધબ્બુ.

દાકટરને ઘેર પાછી ફરી મેં દારાબ આગલ સઘલી બનેલી બીના બ્યાંન કરી, અને ખુશરોની ખોહારી અને ખરાબી વીશે અમો બંને ભાઇ બેહેનોએ નવેસર સાથે રડી અમારાં આંસુ ભેલ્યાં.

તે રાત મેં ભલા દાકટર દાદાભાઈનાં લાયકીવાલાં ધણીઆંણી અને છોકરાંઓ સાથે તેજ ઘરમાં તોડી પાડી, અને પછી બીજે દીને મને ખબર પડી કે કોઇ કલ્યાંણીવાલા નામનો પારસી અમારી પડોસનાંજ એક ઘરમાં ઉતરેલો હતો, અને તેને કલ્યાંણી ખાતેનાં તેનાં ઘરમાં કામકાજ માટે મારા જેવી એકાદ આદમીની જરૂર હતી. આ ઉપરથી હું દારાબને લઈને તેને મલવા ગઈ, અને સારાં

નસીબે તે ઘરમાંજ હતો. દારાબે તેને અમારો કમનસીબ હાલ ટુંકમાં સમજાવ્યો, અને આબરૂ દરકારથી કોઈબી બચરવાલ કુટુંબમાં કામકાજ કરવા રેહેવાની જે મને ફરજયાત જરૂર થઈ પડી હતી તે બધું કહી સમજાવ્યું.

આ કલ્યાંણીવાલો પારસી કોઈ મોબેદ હતો, પણ મોબેદીના ધંધા કરતાં ગાંધીના ધંધામાં વધારે આએપત અને આમદાંની જોઈને તેણે પેહેલા કરતાં એ છેલ્લો ધંધો પસંદ કીધો હતો.

તે હવે મોબેદીનું જેમ કામ કરતો ન હતો તેમજ સફેદ પાઘડી બી પેહેડતો ન હતો. વલી તેનું નામ ભીખાદારૂ હતું, પણ તેણે પાછલથી "દારૂ" થી શરમાઈને "જી" કરાવ્યું હતું, જેથી હમણાં તે કલ્યાંણીમાં તેમજ બાહેર તેનાં ઓલખીતાં પીછાંણુતાંઓ વચ્ચે ભીખાજી કલ્યાંણીવાલા અથવા ભીખાજી ધબ્બુને નામેજ ઓલખાતો હતો.

તે કરકટી જેવો તમામ પતલો અને સીધો હતો, અને વલી એક ચુશયાં જેવી લાંબી ને પતલી તેવીજ એબદશા જેવી દાઢીથી તે વધારે અવરદશા જેવો જણાતો હતો. તેની ઉંમર કાંઈ ઘણી ન હતી, પણ ભુખમરાથી તવાઈ ગયલો હોય, ને જવાંન ઉંમરે ઘરડો બની ગયો હોય એવો તેનો સઘલો દેખાવ હતો. તેનાં મોઢાંમાં નોશાકરી બોલી ઝાઝી ન હતી, અને તેથી સામટી રીતે તે પોતાની મોબેદીથી શરમાતો હોય એમ લાગતું હતું, કે જ્યારે લોકોમાં તે એક મોટા ધરમચુસ્ત જરથોસ્તી તરીકે જણાયલો હતો. તે ધરમપર જીવ આપનાર હોય ને ખુદા તરફના એતેકાદમાંજ ચસીવસી રહેલો હોય એવીજ તેની સઘલી બોલી અને અદા હતી!

"હઃ તેરે છોકરી તું આપરે તાં રેહેવાની છે?" તેણે દારાબનું બધું સાંભલી લેઇને બેઉ હાથે પોતાની લાંબી અણીવાલી દાઢી પસવારતાં કહ્યું.

"જી હા," મેં જવાબ દીધો.

"વારૂં, પણ તે તું પનનાર ગણનાર છે કેની? જંદ અવસ્તા બધી ગણુ ગણુ ભણીં જાંણેશ કે?" તેણે મારી લાયકાતો વીશે પુછતાં પેહેલો સવાલ કીધો.

"જી હા, હું જરૂર જોગું ભણી બી જાંણું છું," મેં કહ્યું.

"ને જંદ અવસ્તા વાંસતી બી તો હોશેજ?" તેણે વલી પુછયું, ને વલી મેં હા પાડી.

"ઉં: હવે બચ્ચાંને રમારી રાખી જાંણુશે કે?" તેણે પોતાના સવાલો જારી રાખ્યા, ને મેં તેના જવાબમાં બી હા પાડી.

"ને ફાતુતુટું સીવી સાંધી બી શખશે કેની?"

"જી હા, હું સારી રીતે સીવી ભરી જાંણુંચ," મેં કહ્યું.

"મારાં ઘેરમાં ચોખ્ખાઈ પાખ્ખાઈ ઘણી છે," વલી તેણે એકજ હવરકુટો ચલાવ્યો, "અને તેથી બધું કામકાજ હું ને મારી એક ગરીબ ગાય જેવી બઈરી છે તે રાજી થાય તેમ કરશે તો તારો પગાર બી વધારી આપશું. કપરાં અમારે આપવાની બોલી નહીં, પણ એમ કરતાં કોઈ કોઈ વખતે મારી બઈરીની રદ કારી નાંખેલી એકાદ ફાટી સારી કે તુટી ઈજાર કે સદરો અવારનવાર વાર તેહેવારે પેહેરવા આપશું."

આ તેનો સખી દીલગુરદો જોઈ હું તો ખુશ થઇ ગઈ, અને જ્યારે તેણે મારો પગાર નક્કી કીધો ત્યારે તો ઘણીજ વધારે ખુશ થઈ ગઈ—એટલે સુધી કે જો મને તમામ પારકે આધારે (દાકટરનાં ઘરમાં) પડી રહીને તેઓના એવા બતંગ હાલ વચ્ચે બોજો થઈ પડવાનું દુઃખ અને વસવસો નહીં હતે તો હું જરૂર એ નોકરી નાકબુલ કરતે, પણ હાલ તેમ કરવા જેવો સમો હતોજ નહીં. હું કોઈને બી આશરે આબરૂ સાથે રહી શકુ એવું હતું નહીં, ને નવી નોકરી બીજે કેઠે તુરત મલી આવવાનો જરાએ જોગ જણાતો ન હતો, એટલે કાંઈ વધારે સારૂં બાહેર મલી આવે તેટલાં આ જે મલતું હતું તેવું અને તે બી ગણીમત ગણવામાં મેં ડાહપણ જોયું.

"તો હું આજે બપોરની મેલમાં અહીંથી જાવાનો છેઉં," તેની નોકરી તેના કરેલા કરારો અને સરતો મુજબ મેં તુરત વીચાર કરીને બાહાલ રાખી એટલે તેણે કહ્યું, "અને તુંને મારી સાથે આવવું પડશે. તેવું હોય તો હાં આવજે, નહીં તો ઈસ્ટેશનપર હાજર થજે."

"નહીં જી, હું પાધરી આએ મારા ભાઈ સાથે સ્ટેશનપરજ વખતસર હાજર થવશ," મેં કહ્યું,—અને હું તેની રજા લઈ ત્યાંથી દાકટરને ઘેર પાછી ફરી.

પણ અમો જ્યારે તે કલ્યાંણીવાલાને મલીને તેનાં ઘરના ઓટલાપરથી ઉતરતાં હતાં તેવામાં ઘેલો બેહેલઈ એક મોટો પેટારો માથે ઉંચકીને તે ઘરમાં દાખલ થતો અમને મલ્યો. આ પેટારો

વલી દોરી દોરડાંથી બાંધી લીધેલો હતો, અને તે શું હતું અને કોણને માટે કોણ તરફથી લાવ્યો હતો તે અમો કાંઈ સહમજી શકયાં નહીં.

ઘેલો બેહેલઇ અમોને જોતાંજ ખુશીથી અચકી ઉભો. "હં: થીરીનબઇ ને દારાબથા," તેણે અમોને ઓલખી કાઢવાની પોતાની હોસ્યારીથી મનસે મલકાઇ છલકાઇ જઈને કહ્યું, "તેમ કેઓ?"

"અમો સારી કાંની છઈએ, બા .બેહેલઈ," મેં મમતાથી કહ્યું, "તું એક પઇસો લેશે?" અને મેં તેને બે દોઢયાં આપવા માંડયાં.

"લેઓ, થાદું પેટ ભઇને," તેણે હસીને કહ્યું,—અને જાણે અમો પોતે ગરીબ અને મોહતાજમંદ હતાં તે બધી વાત તે ગરીબ ઘેલો બરાબર સમજતો હોય તેમ પોતાનો બોજો ઉપાડી હસતો હસતો તે દોઢયાં લીધા વના ત્યાંથી ચાલી ગયો.

એ પછી હું જઇને મારી નાઘલી બેહેનોને ફરી એક વાર મલી આવી, અને મેલ ત્રેનનો વખત થતાં હું દાકટરનેજ ઘેર જમીને તેમનાં ધણીઆણી અને છોકરાંઓને મલી ભેટી દારાબ સાથે સ્ટેશનપર ગઇ. ત્યાં ભીખાજી ધખ્ખુ (મારો નવો શેઠ) બી આવી લાગેલો હતો, ને તેણે મને થર્ડ કલાસની ટીકીટ કરાવી આપી, એટલે હું બઇરાંઓની ગાડીમાં જઇ બેઠી.

પણ બેસવા અગાઉ અમોએ જોઈ લીધું કે ભીખાજી ધખ્ખુ પોતાનો જે થોડો ઘણો સામાન ઉંચકાવીને પોતાના કલાસમાં મુકાવાની ધરપકડ કરતો હતો તેમાં પેલો દોરડાંથી સીકરી લીધેલો એક પેટારો જે ઘેલો બેહેલઈ લઈ આવ્યો હતો તે બી હતો. વાંચનાર ધારશે કે જો ભીખાજી કલ્યાંણીમાં ગાંધીનીજ દુકાંણ ચલાવતો હોય તો એ વાતમાં કાંઈ દમ જેવું ન હતું, કેમકે તે પેટારામાં તેના ધંધાને બરની કાંઈ ખરીદી હોવી જોઈએ. પણ છેક તેમ ન હતું. અમારા જીલ્લામાં સારી રવેશે જાણીતું હતું કે કાઉ કાકરી ને બેજુ બુલડાગ પોતાના ચોરી લુટફાટના ધંધા ઉપરાંત કોઇ બીજો બી ધંધે ચલાવતા હતા, ને તે અવારનવાર એવા પેટારાઓ દોરી દોરડાંથી સીકારેલા અને સીલબંધ ઠેકાંણે ઠેકાંણે મોકલી આપવાના હતા. એ પેટારાઓમાં તેઓ શું પેક કરી મોકલતા તે કોઇને ખબર પડી શકતી ન હતી, પણ તહરેવાર જુદાં જુદાં ગાંમોથી તેઓને 'આરડર' મલતા, ને તેના જવાબમાં તેઓ એ ભરમભરેલા બાકસો તૈયાર

કરી "પોસ્ટ આફીસની કેરમાં કંઈ ન પુગે" એવી ઢપે વારંવાર રવાના કરતા એ વાત પ્રસિદ્ધ હતી. તેથીજ આ વખતે મજકુર પેટારો જોઇ અમને વેહેમ ગયો. મને ગભરાત થયો કે રખેને કલ્યાંણીવાલો કાઉ કાકરી ને બેજ્જુ બુલડાગ જેવા એ હરડતા બદમાસો સાથે કોઇ રીતનો બી સંબંધ રાખતો હોય, અને મેં એ મારો વેહેમ મને મુકવા આવેલા મારા કદરદાંન ભાઈ દારાબને કહયો બી વટીક, પણ તેણે તે ખ્યાલ હસી કાઢયો ને મને ઘણીજ ધીરજ આપી. કેમકે એવો એક ખ્યાલ કરવાને પુરાવો એકે અમારી પાસ મોજુદ ન હતો.

અંતે ત્રેન ઉપડવાનો ઘંટ થયો, ને તે પેહેલાં મુંબઇથી મારીપર અવારનવાર ખબર અંતરો લખવાને મેં દારાબને તાકીદ કરી. તેણે ખુશરોની ખબર રાખીને તેને વીશે મને અવાનવાર લખવું હતું એટલુંજ નહીં, પણ વલી તેનું પોતાનું ટટ્ટુ કેમ ચાલે છે તે બી જણાવવું હતું. દાદાભાઇ દાકટરપર આવી પડવાથી તેને કદાચ નોકરી વગર રવડી પડવાનું થાય તે માટે હું ફીકરમંદ હતી, વાસ્તે તે ને તે વતરોગે મારા બીજાં ભાઇ બેહેનો વીશે બી મારાપર જાથુક લખવાને મેં એ મારા ગરીબરા ભાઇને ખુબ તાકીદ સાથ અરજો કરી.

પ્રકરણ ૨૩ મું.

મારી બીજી નોકરી.

અમો કલ્યાંણી ઉતરયાં, ને ત્યાંથી એક બલદની ગાલ્લીમાં મારા નવા શેઠને ઘેર પોંહોંચતાં ઘણી વાર લાગી નહીં, કેમકે તે ઘર સ્ટેશનથી ઝાઝું દૂર ન હતું.

અમોને બારણાંમાંજ એક જવાંન અબલા મલી, જે ફકત એક પેટી ભર હતી, અને પગ વટીક ઉઘાડા હતા. તે ચેહેરે ખુબસુરત હતી, પણ તવાયલી અને સુકાયલી જેવી થઈ ગયલી હોવાથી તે ખુબસુરતી જરાએ બાહાર મારતી ન હતી. તેનાં દીલમાંનાં કપડાં ઘણાં મેલ ખાધેલાં હતાં, ને જોકે તે મેં પાછલથી જાંણ્યું તેમ મારી શેઠાંણી હતી તોબી સાંમટી રીતે ઘરની શેઠાંણી કરતાં મારા જેવી કોઇ મુફલેશ ચાકરડીથી વટીક નબેહેતર જણાતી હતી!

"ચાલો મરૂં, આયા કે? ભલે આયા!" મારા શેઠને જોતાંજ તેણીએ ખુશાલી બતાવી.

"હા આયા તો ખરા," ભીખાજી શેઠે કાંઈક તોરમાંજ જવાબ દીધો, જે તેની બઇએરના પ્યારભરયા ને કાલજીભરેલા સવાલના જવાબમાં મને ખચ્ચીત ઘણું ઘાતકી અને તોચ્છડું લાગ્યું.

તે પછી મારી શેઠાંણીનું મારાપર ધ્યાંન ખેંચાયું, અને તે કાંઈક વસવસાથી મારા ભણી જોવા લાગી, કે જયારે હું કોણ હતી તે તેણીની અચરતી વચ્ચે બી પોતાના ખાવંદને પુછવાને તે બીહીતી હોય, ને તે ખુલાશો મેલવવાને તેણીની છાતી નહી ચાલતી હોય એવી તેણીની સઘલી અદા હતી.

"હું કેહેતોતો તેમ આએ પોરીને કામકાજને વાસ્તે મમબઇથી લેતો આયોચ," મારા શેઠે અંતે દગલીના કસ છોડતાં છોડતાં પોતાની પરણેતરને મારી પીછાંણ આપી. "સારી છોકરી છે—લાગેચ તો ઘણી સારી. કેહજે પનનાર ગણનાર બી છે, એટલે ચાલશે."

"વારૂંજી," મારી શેઠાંણીએ ધીમે સાહદે જવાબ દીધો, —અને તોબી તેણી બારી આંખે મારા ભણી જે નજરો નાંખતી હતી તે બતાવાને બસ હતું કે તે મને જોઇને રાજી થતી ન હતી!

મને જેમ આગમચથી ખબર મલી હતી તેમ ભીખાજી કલ્યાણીમાં ગાંધીની દુકાંણ રાખતો હતો, ને તેને એ નાહનાં ગાંમડાંમાં પુશકલ ઘરાકી હતી. તે એક ગાંધીનો સઘલો સામાન લોકોને પુરો પાડતો હતો. ઘી, તેલ, ગોલ, કરીઆંણાંથી મસાલા સુધ્ધાં તેને ત્યાં જે જોઇતું તે મલતું. તેની દુકાંણપર તે પોતે રેહેવા ઉપરાંત તેનો રાખેલો એક મોબેદનો જવાંન છોકરો બી રેહેતો હતો, જે ઘરાકો સાચવવાનાં કામમાં એટલો માહીતગાર બની ગયો હતો કે ભીખાજીની ગેરહાજરીમાં બી તે દુકાંણ એટલીજ ફતેહમંદીથી ચલાવી શકતો હતો.

ભીખાજીને ત્યાં બધાં મલી ચાર આદમીઓ હતાં. દુકાણમાં બે ને ઘરમાં બે. દુકાંણમાં ઉપર કહેલા મોબેદના પોરયા ઉપરાંત એક દુબરાનો પોરયો ફેરાઆંટીના કામકાજ સારૂ હતો, ને ઘરમાં વાસણકુસણ ને કચરાપુંજાનાં કામ સારૂ એક ઘરડી ઘાંચણ આવતી જતી હતી.

તે ઘરમાં છોકરાં છ હતાં—ત્રણ છોકરા ને ત્રણ છોકરી, તેમાં સૌથી નાહની એક દુધમલ્લ છોકરી હતી, કે જ્યારે વડો દીકરો દશ વરસની ઉંમરનો હતો.

પણ એવાં ગરીબ ગાય જેવાં બચ્ચાં કોઈનાં થશે નહીં. છોકરાં એટલાં હદ બાહેર ગરીબ હતાં કે તેમની ગરીબાઈ ખુદરતી ગરીબ સ્વભાવનાં પરીણામ ઉપરાંત જુલમ અથવા સખત ધાકનું બી પરીણામ સ્પષ્ટ જણાતું એ મેં પેહેલેજ દીવસે જોઈ લીધું. તે બચારાંને દબાઈ વધાઇને એકડાં એક ખુણાંમાં બેસી રેહેતાં શીખવવામાં આવ્યું હતું. ને જ્યારે તેઓને છુટાં પડીને રમવા સમજાવ્યું ત્યારે વડા છોકરાએ હોથપર આંગલી મુકી ગભરાયલે ફ્ગલાયલે ચેહેરે કહ્યું, "બાવા ગરબર કરવા નથી દેતા. રમસુ તો બાવા આવીને મારી નાંખશે."

આ સઘલું બતાવાને બસ હતું કે મારો શેઠ ઘરમાં 'એક મોહા જુલમગારનીજ જગ્યા રાખતો હતો. તેની પરણેતર પોતે અને તેનાં કોમલ બચ્ચાં તેનાથી બીહીતાં ધ્રુજતાં ફરતાં હતાં તેજ તેની ઘરખાતાંની બેશરમ ચાલચલણના ઓસ્તવાર પુરાવા હતા.

મારી જુની નોકરીમાં મેં જે જોયું ને અનુભવ્યું હતું તેથી ઉલટોજ કારોબાર અતરે હતો. ત્યાં એક વેચાયલો વર બઈરીના કબજામાં એક ગુલાંમ જેવો હતો, કે જે જુલમગાર ઓરત આખાં ઘરને માહુ માહું બોલાવતી હતી.—હયાં એક રાંક અબલા એક જુલમગાર ભરથારના ત્રાસનો ભોગ થઈ પડી હતી, કે જે જાલેમ બની આખાં ઘરને બેજાર અને હેરાંન કરતો હતો! તેનો જુલમ એકજ ન હતો. તે બાહેર જેટલો સાધુ જણાતો હતો તેથી દશ હજાર દરજ્જે ઉલટી કીસમનો ઘરમાં એક ઠગારો બદમાસ હતો. તે તમામ મખીચુસ હતો, ને પઇસા એકઠા કરવાપર એટલો બધો મરી રહેલો હતો કે ઘરમાં કદી કોઈને પેટ પુરતું ખાવા બી નહીં આપતો હતો!

ખાવાનું તેનાં ઘરમાં બધું હસાબપર હતું, અને તેના બાંધી આપેલા કાયદાથી વધતું ખાવાની કોઇને રજા ન હતી—જોકે તે કાયદા કરતાં ઓછું ખાવાની તેની મના ન હતી! એ કાયદામાંથી' તેણે પોતાને બી બાકાત રાખ્યો ન હતો. દાખલા તરીકે તેનાં રાતનાં ખાણાં સાથે ચોકસ રકમનું શાક ને બેજ રોટલી ખાવાનો તેનો ધારો હતો, ને તેથી ઉપરાંત તે કદી ખાતો ન હતો. ખરેખર, તે પારસી એટલો બધો સુમ ને કંગાલ હતો કે જો તેનું કરેલું થતું હોતે તો ઘરમાં તદન નહીં ખાવાનો બી કાયદો તે જરૂર પસાર કરાવતે!

તેને ત્યાં અમો ચાર નોકરો હતાં તે બી બાહેરના પોતાના સાધુ દેખાવને ટેકો આપવાને વાસ્તેજ તે ખમતો હતો. ઘરમાં બે ને દુકાંણુમાં બે આદમીઓનું કામ તો હતુંજ, પણ તોબી ભીખાજી ઘમ્મુ જેવો કંજુસ તેટલો ખરચ બી જો ચાલતું હોય તો રાખે નહીં. દુન્યામાં ઘણુંક માણુસો એવાં બી આવે છે કે જેઓ જીવે નથી ખાતાં, પણ બાહેર રોબ રાખવા ગજવાંની ગુંજાસ ઉપરાંત ખરચનો ઠાઠ બતાવાના ફાંફાં મારે છે, અને તે કીસમનો આ મારો નવો શેઠ હતો.

ઘરમાં મારૂં કામકાજ બી કાંઇ એક તહરાંનું ન હતું. મને સવારના બરીફઝરથી ઉઠતું પડતું હતું, અને જો જરા મોડું થતું તો મારો શેઠ નીચલા માલપરથી દાદરનાં પેહેલાં પગઠ્યાંપર ઉભો રહી ગગડાત જેવો ઘાંટો કાઢી મને એકદમ ઉઠીને સોજ્જું કરવા તાકીદ કરતો. મને છોકરાં રાખવાં ને રમારવાં પડતાં—તે લોકને જમાડવા નહેવાડવા વગેરેની સઘલી દેખરેખ ને મેનેજ મારે હાથ હતી—જોકે ગામડાંમાં વસવાનું એટલે મુંબઈ જેવી સુઘડાઇ ને સફાઇની કાલજી તો કોઇને ત્યાં હતીજ નહીં. વલી મારી શેઠાંણીને સહવારથી બપોર સુધી રાંધવાસીધવામાં મને હાથ લાગવું પડતું, બીછાંણું મારે કરવાં પડતાં, ફાતુતુટું સીવી સાંધી આપવાનું મારૂં કામ હતું, ને તે ઉપરાંત ધોબી બે મહીનાની એકજ ખેપ કરતો, વાસ્તે ઘરમાં કપડાંની ધોલઇનું કામ બી કરવું પડતું, ને ધોબણ તરીકે મને ને મારી ગરીબરી શેઠાંણીને પાણી છાંણીમાં રગડોલાવું પડતું! એ બધી શોખાઇ ને હરાંમખોરીથી મારા શેઠને તો ફાયદો થતો હતો, કેમકે ઘણાંખરાં કપડાં એમ ઘરમાં વીછરાવીને તે પેહેડાવતો, ને ધોબીના ખરચમાં બી એ શરમભરેલી કસરથી તે મોટો ઉગાલો કરતો.

પેહેલા ત્રણેક દીવસ સુધી તો હું મારી શેઠાંણીને ગમી નહીં, પણ એ અરસા સુધીમાં તેણીએ મારી ચાલચલગતમાં ઘણુંક એવું જોઇ લીધું કે જેથી હું તેણીનું સારૂં મત જીતી શકી, અને ત્યારે રફતે રફતે તે મારા જોડે મન મુકીને મલી જતી ગઈ. તે પછી એક વખત તેણીએ મને મારી ગઈ ગુજરી પુછી, અને જ્યારે મેં મારાં માબાપની આબરૂ અને તેઓએ મને આપેલી સઘલી રૂડી વલાંણો ને સારી તરબીયતની વાત કરી, ત્યારે તેણીને મારા તરફ

કાંઈક વધુ વીશ્વાસ આવેલો જણાયો, કેમકે મેં જોઇ લીધું કે મારા તરફનો તેનો અવલ અણગમો હું જવાંન અને દેખાવલી હતી તેના સંબંધમાં હતો. તેણીએ મને સદા નીતીની રાહે ચાલવાને ઘણી સલ્લાહો આપી, ને તેમ કરવા મેં તેને ભરોસો આવે એમ ખાત્રીઓ આપી, એટલે તે મારા સાથે પછીથી ઘણીજ હલી મલી ગઈ.

તે બચ્ચાંઓ ને તે અબલાપરની ભુખમરાની કાંહાંણી વીગતે વરણવવા બેસી હું મારી આ અતી લંબાણ વારતાને વગર અગતે લંબાવશ નહીં. એટલુંજ કે રોજ જમતી વખતે તે બચારાં બચ્ચાં અરધાં ભુખાં રડીને ઉઠતાં. જ્યાં વેર તેઓ જમતાં ત્યાં વેર તે ઘાતકી બાપ તેમના સામે બેસી રેહતો, જેથી ગમે એવાં ભુંખાં હોય પણ એકજ ચીજ વધારે અથવા ફરીને માંગવાને તેમની છાતી ચાલતી નહીં, ને બાપનાં ઉઠી જવા પછી તેઓ પોતાની માનાં પાસાંમાં ભરાઇને રડતાં, અને તે કમનસીબ મા દીકરાં સાથે પોતાનાં આંસુઓ ભેલતાં.

દુન્યામાં તહરેવાર કીસમનાં આસામીઓ આવે છે તેમાં આ મારા નવા અનુભવમાં આ નવી તહરેના એક ભરથાર અને બાપને જોઈને હું ઘણી અજબ થઇ. શું તેને પોતાની પરણેતર કે પેટનાં બચ્ચાંઓનું કશું લાગતુંજ નહીં હતું કે તે ખાધાપીધાની બાબદમાં વટીક આટલો ઘાતકી થઇ શકતો હતો!

એક દીવસ હું દાદરપરથી ઉતરીને હેઠે જતી હતી, અને તેમ કરતાં જે ઓરડામાં મારો શેઠ પોતાની દુકાંનને બરનો સામાન રાખનો હતો ત્યાંથી મને પસાર થવું થયું. તે ઓરડાનું બારણુ બંધ હતું પણ અંદરથી મારા શેઠનો સાહાદ આવ્યો, ને મેં તુરત જાંણ્યું કે તે કાંઇક અસાધારણ ખુશ મીજાજમાં પોતાની પરણેતર સાથે વાત કરતો હતો, જે વાતચીત ઉપર મારી મરજી ઉપરાંત એકાદ બે પલ મારૂં ધ્યાંન ખેંચાયું. "હવે સમજી?" તે બોલતો હતો, "આએ વખને મુંબઇથી હું જે બાંધેલો બાકસ લાયોતે। તેમાં એ બંધી ન્યાંમત હતી."—અને અહીં તે ખુશ મીજાજે હસી પડયો.—"જો આએ રાઈમાં અરધી અરધ ભેરી, ખાંનમાં અરધી રેતી નાંખી, આરારોટમાં આટો ભેરયો, ને પેલી પેટીમાંનો ભુકો આએ દરેલી કારીમાં નાંખ્યો. એ રીતે કામ ચાલે ને એમ ધંધા ધીકે! જોયું? બાહેર સાધુમાં નામ રાખી આંટ એવી સાચવીએ કે

આપરા જેવો અશો ને સાચ્ચો માણસ બીજો કોઇ કબી બી નહીં થાય, ને ધંધામાં આવી ધાલમેલ રાખ્યે તો બે બાજુના બેવડા તરાકા પરે."

હું આગલ સાંભલી શકી નહીં. તે ઠગારો બદમાસ તો હજી કાંઈ બોલ્યો જતો હતો પણ તે લુચ્છાની એ પાપભરી પતરાજીથી હું જેટલી અચરત તેટલી દુઃખી થઇ, અને દુન્યામાં કેવા કેવા ધરમઠગ ધુતારાઓ વસે છે તે વીશેના મારા તમામ નવા અનુભવો વચ્ચે બેશુમાર વીશમય થતી હું ત્યાંથી તુરત વેલા ખસી ગઇ.

પ્રકરણ ૨૪ મું.

એક દોસ્ત.

આ મારી નવી નોકરીમાં મને દાખલ થવાના બે માસ વહી ગયા—બે આખા મહીના કે જે અરસામાં મેં મારા "અશો" શેઠને એક જબરા ધરમઠગ તરીકે જોઇ લીધો. તે રોજ ઓટલા ઉપર બેસી માથા ઉપર તુવાલ નાંખી સાંજ સહવાર દહાડામાં બે વખત બબે કલાક સુધી ભણતો, અને લોકોમાં પોતા વીશેં ઉંચું મત બેસાડતો, કે જ્યારે ઘરમાં તે કેવો પાપભરી હદ સુધી મખીચુસ હતો, અને પોતાના ધંધામાં કેવી ઠગાઈભરી હદ સુધી તે લુચ્છો હતો તે સઘલું વાંચનારને હવે વીદીત થઈ ચુકયું છે!

વલી એ બે મહીનાના અરસામાં મને મારા ભાઈ દારાબ તરફથી બી અવારનવાર કાગલો મલતાં હતાં, જે માંહેલાં છેલ્લાંમાં એક ખુશીની ખબર એ હતી કે દાદાભાઈ દાકટર એક દોસ્તની સાહેતાથી પોતાનું સઘલું કરજ અદા કરી પોતાનાં મકાંનમાં હોરમત સાથે પાછો ફરી શકયો હતો, અને ધંધામાં પાછો મંડાયો હતો. તેની અસલથી ચાલતી આવેલી ભલાઈઓના સબબે તેને તેનાં અસલી ઘરાકોએ પોતાના વીશ્વાસમાં પાછો લીધો હતો, અને તેથી તેનું ટટુ પાછું ઠીક ચાલવા માંડયું હતું, પણ દારાબ મને ખાત્રી આપતો હતો કે એ અસલી ઘરાકી છતાં દાકટરની અસલી ઉલટ અને તેનો આગલો રોબ આજે રહ્યો નથી, ને પોતાપર વીટેલા હાંદેસાઓના સબબે તે કામકાજ કરવાની શક્તીમાં બી અતી ઘણો નબલો પડી ગયો છે.

ખુશરોના તો ખાનાખરાબીનાજ સમાચાર જારી હતા. તે તો નોકરી ધંધો તમામ મુકી મેલી બેઠો હતો, ને કાઉ કાકરી ને બેજુ બુલડાગની સાથેજ હવે છચોક ફરતો હતો. તે દારાબને મલતો તો અખાડા કરી સટકી જતો, અને પોતાના સઘલાં ભાઇ બેહેનોથી અલગ થઈ જઈ મલવા ભેટવાનું તો રહ્યું, પણ કાગલપત્રો વટીક વીસરી ગયો હતો!

એ ખરાં દુઃખની--ભારે સંતાપની વાત હતી. એજ આજે તો માબાપને તોલનો અમારો વડો ભાઈ, અને તેજ દુન્યાથી રદ થતો ચાલતો હતો, કે જ્યારે તેને એ ખરાબીના ખરાબાપર ચઢી જઈ એક હીણપસતી ભરયાં મોહતે મરતો બચાવનાર હાથ • આ બોહલી દુન્યાંમાં અમારાં કમનસીબે એક બી હતો નહીં!

એ ઉપર કહેલા બે માસ વીટી ગયા બાદ હું એક સાંહજે કાંઈ કામ ઉપરથી પાછી ફરતી હતી 'તેટલાં રસ્તામાં મેં દુરથી થોડાક સારા દેખાવના ચાર પાંચ પારસીઓનું એક ટોલું આવતું જોયું, અને તેમાં તુરત મેં દાદીશેઠના રૂસતમને જોયો. તેને જોતાંજ મારી છાતીમાં કાંઈ નહીં સમજાય એવી ફાલ કે ખુશીના સબબે જોશથી ધબકારા થવા લાગ્યા, અને એ ભલા જવાંનની વાછાના જાંહાંગીરના સંબધમાંની સઘલી ભલમણસાઇઓ ખ્યાલમાં આવી જતાં મને આ વખતે સમજ નહીં પડયું કે મારે આ નહીં ધારેલા મેલાપથી ખુશી થવું કે દલગીર થવું.

વાંચનાર જાંણે છે કે વાછાના જાંહાંગીરનાં નીચ અપમાનોમાંથી મને બે વાર બચાવનાર દોસ્ત એજ હતો, અને મને તેણે છેલ્લાં અમો જુદાં પડયાં ત્યારે બીજે દીને ફરી મલવા કહ્યુ હતું, પણ એવી મુલાકાતથી કાંઇ સારો સાર નીવડે નહીં ને નાહક મારી હોરમતને ધોકો પોંહાંચી જાય એ ખ્યાલથી હું તેને નહીં મલી હતી. તે વાતની હમણાં મને યાદ થતાં એ મારી ચાલચલણમાં કાંઈક નીમકહરાંમી જેવું મને લાગ્યું, અને તેથી હું બહુજ ઓશકાઈ.'

મેં જોયું કે દાદીશેઠનો રૂસતમ પોતાના બે ચાર પોતાના જેવાજ લાયકીવાલા દોસ્તો સમેત ફકત અમારાં ગામડાંમાં ફરવા આવેલો હતો, અને મેં ચાહ્યું કે તે મને જોયા વના પસાર થઈ જાય, પણ તેમ થયું નહીં. તેનું તુરત મારાપર ધ્યાંન ખેંચાયું ને મને જોતાંજ તેનો ચેહેરો ખુશીથી ખીલી નીકલ્યો હોય એવું

કાંઈક એકાદ પલ જોઈને મેં તુરત મારી ચશમ નીચી કીધી. બીજીજ પલે રૂસતમ પોતાના દોસ્તોને આગલ ચાલતા થવાનું કહી મારી સાઈડમાં આવી ઉભો.

"તમે અહીં છેઓ, શીરીનબાઈ?" તેણે આવતાંને વાર શેકહેંડમાં મારો હાથ લઈ કહ્યું—કે જ્યારે તેના જેવા એક મોટા દરજ્જાના વગવાલા અને કુલવાંન જવાંને મને એમ શેકહેંડ કરી દેવાના બનાવ ઉપર હું એટલી ઓશકાઈ અને ગભરાઈ ગઈ કે મારાથી તુરત જવાબ વટીક આપી શકાયો નહીં, મારો ચેહેરો તમામ લાલ થઇ ગયો, અને હું તન બદને જાંણે તે જાતના ખુશાલ ગભરાતે ધ્રુજવા પડી.

રૂસતમના અવાજમાં એવો મીઠાસ, તેની વાત કરવાની ઢબમાં એવી અદા—એવી સાહલેસ. સભ્યતા, અને તેની દરેક હીલચાલ તથા વર્તણુંકમાં એટલી બધી ગૃહસ્થાઈ લાયકી સમાઈ હતી કે તેના સાથે વાત કરવા થોબવા જેટલી હું પોતે પોતાને ભુલી ગઈ! તેની જગ્યે જો કોઈ બીજો અમર્યાદશીલ હતે—વાછાના જાંહાંગીર જેવો કોઈ ધનવાંન શેઠયો લગાર બી અમર્યાદશીલ બની મને વાત કરવાં થોબાવતે, તો હું એક નાકૌવત અબલા છતાં મારા તીરસ્કારથીજ તેને હરધુત સાથે હરકાટી કાઢી આજેજ કરી શક્તે, પણ દાદીશેઠનો રૂસતમે તો મારો હાથ વટીક લઈને શેકહેંડ કરી, અને તોબી તેનાસે હું ગુસ્સે થઈ શકી નહીં!

"તમે બોલતાં નથી, શીરીનબાઈ?" રૂસતમે નરમ ઠપકો દીધો. "તમને ઓલખીને થોબાવામાં મેં કાંઈ ગેરસલુકાઈ કીધી હોય એ હું માનતો નથી."

"નહીં જી, જરા બી નહીં," મેં હજી તેના ખુબસુરત ચેહેરા ભણી જોવાની હીંમત કીધા વના તમામ નીચી નજર રાખીને કહ્યું,—કે જ્યારે મને લાગતું હતું કે મારા ગાલ અને આખો ચેહેરો સ્વભાવીક શરમના પુશકલ રતાશથી તપતા હતા. "મારા જેવી એક નાવારેસ ગરીબ સાથે તમે એમ વાત કરવા ઉભા રેહો એજ તમારૂં મોટું મન બતાવી આપે છે."

"આપણે છેલ્લાં છુટાં પરયાં ત્યારે મેં તમોને મને બીજી સહવારે મલવા અરજ કીધી હતી," રૂસતમે યાદ આપી, "પણ તમે મને મલ્યાં નહીં. હું ધારૂં છું જે તમારી શેઠાંણીની હેમકાતને

લીધે તે ઘેર જે નહીં ધારેલી રીતે વેરવીખેર થઇ ગીયું તેથી થયલા ગભરાતમાં તમને તેમ કરવાની કાંઈ તક નહીં મલી હશે."

"નહીં જી, તેથી નહીં," મેં પ્રમાણીક ખુલાસો કીધો. "મને તમોને મલવા ગમ્યું નહીં. તમારા ને મારા વચ્ચે દરજ્જાનો એટલો બધો અંતર છે કે મને ખચીત લાગ્યું કે એમ તમોને મલવાથી હું તમોને બી નુકશાંન કરશ, ને મારી આબરૂ વાસ્તે બી નીંદાખોરોને બોલવાનો ખોરાક પુરો પાડશ, અને એજ વીચારથી હું તમોને નહીં મલી."

"તમારા વાસ્તેનાં મારાં હંમેશનાં ઉંચાં મતમાં આએ તમારાં ખરાં દીલના સાચ્ચા એકરારથી જો થઈ શકે તો બેશક ઘણો મોટો વધારો થાય છે," રૂસતમે હસતાં હસતાં કહ્યું; "અને પેલો જાંહાંગીર જે તમારે માટે લેભાગુ વીચાર લેઈ દોડયો હતો તેથી ઉલટુંજ મત બાંધવામાં મેં જરા બી ભુલ નથી કીધી એમ મારી તમામ ખાત્રી થાય છે. પણ તમોને ખબર કે?" તેણે હસીને વધાર્યું. "તમોને કરેલાં અપમાંન વાસ્તે તેની સાથે કલબમાં એક વખત મને સખત હોજ્જાતોજી થઇ, ને તે દરમ્યાંન ઘોડાના ચાબકાઓપર વાત આવી જતાં તે બચારો નાહક ચાબકનો સખત માર ખાઈ ગીયોચ."—અને અહીં રૂસતમ ખુશ મીજાજે તે જોખમભરેલા બનાવની યાદથી ખરખર હસવા પડયો, કે જયારે હું તેણે મારે માટે કરેલા એ નાપસંદ રંજના ખ્યાલથીજ હેબત ખાઈ દબાઈને ખા મોશ ઉભી રહી.

"અમોએ તેને અમારી કલબમાંથી બી રીઝાઇન થવાને ફરજ પાડી," રૂસતમે જરાક થોબીને પાછું કહ્યું,—અને મેં જોયું કે તે જયારે એ સઘલી ખબર મને આપતો હતો ત્યારે મારૂં સારૂં મત જીતી લેવાના આપસવારથી હેતુઓથી અથવા પોતાની પતરાજી કે બડાઇ હાંકવાના ખ્યાલોથી તે તેમ કરતો ન હતો, પણ તમામ નીરદોશ સાદી ઢપે મારા બાબમાં બનેલા બનાવોનું એક સેવટ સમજાવાની જરૂરયાતમાંજ સેહેજ બોલતો હોય તેવીજ તેની ઢપ હતી.

"તમારાં એટલાં બધાં હેસાંનોનો મારાથી શું અવેજ વાલી શકાશે?" મેં તેને સાંભલી લેઇ અંતે ધીમે સાહાદે કહ્યું.

"જો એમાં હેસાંન જેવું તમે માંનતાં હો તો તેના અવેજમાં મારે એટલુંજ માંગી લેવું છે જે આપણા વચ્ચે દરજજાની નડતલ

જે તમો સમજો છો તે બુરો ખ્યાલ તમારાં દીલમાંથી તમામ દુર કરી નાંખો વલી આ ગામડું અને અહીંની નોકરી તમારે બરની નથી. તમારી આએ નોકરીમાં તમે જરા બી સુખી નથી એ હું તમારા ચેહેરામાંજ વાંચી શકું છું, તો મારી અરજ એટલીજ છે કે મારે લાગવગે મારાં પુશકલ ઓલખીતાં પીછાંણનાંઓમાંથી કોઇબી આબરૂદાર કુંટુંબમાં દાયાની નહીં પણ તેથી વધારે ચહતી પંકતીની હું એકાદ જગ્યા તમોને મેલવી આપું, ને તે તમો કબુલ રાખવાની મને કબુલાત આપો."

"મારાં જીગરના અંતરના આશીશથી હું તમારો ઉપકાર માંનું છું, રૂસતમજી," મેં કહ્યું, "પણ એ બધી તમારી મેહેરબાંનીઓ મને માંફ કરો. હું તે બધું નાકબુલ કરૂં છું તે કાંઇ અમથી ચીબી થવા કરૂંચ એમ માનવાનો તમે મને ગેરઇનસાફ તો કરશોજ નહીં, પણ જેટલાં મારાં તેટલાંજ તમારાં ભલાંને વાસ્તે હું માંગી લઉં છું કે આપરા વચ્ચે પીછાંણ જેવું કાંઈ છે એવું બી તમે લોકમાં જાહેર થવા દેઓ ના. તમારા ને મારા વચ્ચે હું ફરીથી કહું છું કે દુન્યાઇ દરજ્જાનો એવો અંતર છે કે આપણા વચ્ચેના પવિત્ર એખલાસને ખરો સમજી તેને માન આપે ને ખરા તરીકે માંની શકે એવાં આએ દુન્યામાં સો માણસોએ બે આદમી બી મલવાનાં નથી, ને તેથી તમારાં માન પામેલાં કુટુંબમાં નાહેક કંકાસ ને મારી હોરમતની ધુલધાંણી થાય તે કરતાં આપણે હંમેશના અજાણ્યાં કે પારકાં હોઇએ તેમ રહીશું તેમાં શોભા છે, વાસ્તે હવે મને માંફ કરજોજી, હું જાઉંચ."—અને હું તેનાં આગલથી ચાલતી થઈ.

મેં જોયું કે રૂસતમ મારો સેવટનો એવો ઠડાવ સાંભલી બેશુમાર દુઃખી થયો, ને હું છેકજ એવા તોરછોરના ઠડાવ ઉપર આવશ એવી વકી નહીં હોવાથી તે અચરત થઇ ગયો. તે અચરતી વચ્ચેજ તેણે મને પોતા આગલથી ચાલતી થવા દીધી, ને એક વાર ચાલતી થવા પછી મેં દીલમાં ચાહયું કે હજી બી રૂસતમ મને પાછો પકડી પાડી પાછો મલે !

ઓ માણુસાઈ નબલાઈ ! જ્યારે મેં ઉપર મુજબનો ઠડાવ રૂસતમને જાહેર કર્યો ત્યારે તે ખરાં દીલનો અને ખરાં દીલથી જાહેર કર્યો, ને તોબી હવે મેં ચાહ્યું કે રૂસતમ હજી બી મને પકડી પાડે, ને તેનો મીઠો ઠંડો શરોદ હું એક વાર ફરીને સાંભલું !

પણ નહીં. રૂસતમ મારી પુઠે આવ્યો નહીં, અને આવ્યો નહીં તેથી મારાં મનની નબલાઈ વચ્ચે પેહેલી એકાદ પલ હું જે દલગીર ને નામુરાદ થઈ હતી તે નબલાઇને મેં તુરત દીલમાંથી ખંખેરી કાઢી તે બનાવપર હું ખરાં દીલથી ખુશ થઈ. જો તે આવતે તો તેની હોરમત વીશે હું જે તમામ ભલું-તમામ નીશકલંક વીચારતી હતી તેમાં બી કદાચ હું ઓછી વધતી ફેરવાતે, અને તેથી તે નહીં આવ્યો તે બી તેની હોરમતમાં જાબજા બોલી બતાવતું હતું. જેથી સાંમટી રીતે હું તેનાં મારી પુઠે નહીં આવવાથી ખચ્ચીત ખુશ થઈ.

અને તોબી અફસોસ ! એ ખુશીના ખ્યાલો વચ્ચે બી મારાં ઉપર દલગીરીનું દબાંણ ઓછું ન હતુ. આ દુન્યામાં મારી દયાનો ખાનાર—મારી કદરે પોહોંચનાર ખરાં દીલનો દોસ્ત એકે હતો નહીં, અને મારાં સુભાગ્યે આ એકજ દોસ્ત—આવો મમતાલુ, આવો દયાલુ, આવો સખી, આવો શીખેલો ભણેલો, ને એટલી લાયકીવાલો હાથ આવતો હતો તેને બી હું મારાં હીણભાગ્યે ખોઈ બેસતી હતી એ શું અફસોસ ન હતો ? ગરીબાઇનાં અનેક સંકટો માંહેલું એ બી એક નહીં ખમાય એવું સંકટ ન હતું ?

એ સંકટના ખ્યાલે મને રડાવી, અને હું અરધે રડેલે હાલે મારાં મુકામ ઉપર પાછી ફરી.

પ્રકરણ ૨૫ મું.

નહીં નોતરેલા પહુરોણા.

તેજ રાત્રે સુમારે સાતેક વાગતે હું નાધલી છોકરીને એક ઓરડામાં બેસી રમાડતી હતી, અને દુકાંણ બંધ થયલી હોવાથી તેમજ મારો શેઠ બી તરતનો ભણીને ઉપર આવેલો હોવાથી નીચલું બારણું બંધ કરેલું હતું, કે જ્યારે તે પોતે હું જે ઓરડામાં હતી. તેની પાસેના ઓરડામાં કાંઇ કામસર રોકાયલો હતો. હયાં મારે જણાવવું જોઇએ કે હું જે ઓરડામાં બુચીને રમડાતી હતી તે અવલ તો એક સલંગ આખો મોટો ઓરડો હતો, પણ મારા શેઠે તેમાંથી બે કરીને વચ્ચે દેવદારી ફરેકાર ભરાવી લીધી હતી, જેથી હાલ હું જે ઓરડામાં હતી તે ઓરડામાં કાંઇ દુકાંણને બરનો

સામાન ભરવાનું ને તે જે પાસેના ભાગમાં હતો ત્યાં ખાવા જમવાનું થયું હતું.

એ રીતે અમો મજકુર બે ઓરડામાં રોકાયલાં હતાં, તેટલાં નીચેનું બંધ કરેલું બારણું ઠોકાયું, અને દુકાંણમાંનો દુબરાનો પોરયો (જે હજી ઘરે ગયો ન હતો ને મારા શેઠ સાથે પાસેના ઓરડામાંજ કાંઈ દાબરા પેક કરવામાં રોકાયલો હતો તે) મારા શેઠના હોકમ મુજબ એ કોણ આવ્યું હતું તે જોવા નીચે દોડયો.

તે જરા વારમાં પાછો ફર્યો, અને તેણે જે મારાં શેઠને કહ્યું તે હું પેલી ફરેકારના સબબે બરાબર સાંભલી શકી. "કોઇ બે મમભાઇથી પારહી આવેલા," તે પોરયાએ ખબર આપી. "કોઇ હારાં મનહ નીહસે, કેમજે કરીને મમભાઇ વેરથી સતે દગલી પાઘરી વગર આવેલા."

"અને તારી બાઇ કાંહાં છે?" મારો શેઠ આ સમાચારથી કાંઈક ગભરાયો હોય તેમ ઉતાવલે બોલ્યો.

"બાઇ તો ઈફા પસારી રાંધરીમાં દેહું," તે પોરયાએ જવાબ દીધો.

"ત્યારે તે લોકને આએજ ઓરડામાં લાવીને બેસાર, ને કેહજે કે હું હવણાં આઉંચ," મારા શેઠે કહ્યું. એ પછી તે દુબરાનો પોરયો જ્યારે નીચે ઉતરી ગયો ત્યારે મારો શેઠ બીજા માલ ઉપર ગયો, તે મેં તે બંનેનાં જુદી જુદી તરફ જતાં પગલાં પરથી જાંણ્યું.

એ પછી જે એકાદ બે પલ હું મારા વિચારો સાથે એકલી પડી તે દરમ્યાંન મને ભયના ધ્રુજરાં છુટવા માંડયાં. મુંબઇથી સપોતે દપોતે આવેલા બે પારસીઓ વીશે સાંભલતાંજ મારૂ માંથું ટણકયું, અને તે કોણ બે નેકનામો હોવા જોઇએ તે વીશે મને મજબુત વેહેમ ગયો. વલી આ તો દીસ્તુંજ હતું કે મારા શેઠને હું પાસેના ઓરડામાં હતી એમ જરાએ ખબર ન હતી, કેમકે જો તેણે તે બદમાસોને પોતાની પરણેતરથી છુંપું મલવા માગ્યું તો મને બી તે રાંધણીમાં કે બીજે કહીં રોકાયલીજ સમજતો હોવો જોઈએ: નહીં તો મને આ ફરેકારવાલા પાસેના ઓરડામાં જાંણવા છતાં તે એ ઓરડામાં તેમને બેસાડવાનું કેહતે નહીં.

પણ હું મારા વીચારો સાથે લાંબો વખત એકલી રહી નહીં. બીજીંજ પલે બે ખંદારી બુટોની જોડીનાં દાદર ઉપર પગલાં વાગ્યાં,

અને પેલો દુબરો તે બે મુલાકાતે આવેલા સદ ગ્રહસ્થોને બેસવાનું કહી જમવાના ઓરડામાં છોડી ગયો, જે ઓતેફાકથી હું નહીં ધારેલી રવેસે પાસેના ઓરડામાં થતી ગુફ્તેગો સાંભલવા પડી.

"બચ્ચા કાઉ, આએ હસાબે તો આએ જોખતાનું કારખાનું સારૂં ચાલતું હોવું જોઈએ?" બેજ્જુ બુલડાગે—કેમકે વાંચનારને ખબર આપવાની અગત નહીં રહી હોશે કે આ નવા આવનારાઓ કોઈજ નહીં પણ મારા કમનસીબ ભાઇના નવા દોસ્તો કાઉ કાકરી ને બેજ્જુ બુલડાગ હતા તેઓ એકલા પડતાંજ છેલ્લાએ—કહ્યું.

"તો, કારખાનું સારૂં ચાલે કાંય નહીં?" કાઉ કાકરીએં જવાબ દીધો. "આપરા જેવા બે બીલ્લુઓ એને સુનાનો ભુકો પુરો પારે તો પછી પુછવુંજ શું?"—અને તે બંને બદમાસો અહીં ખોલ્લે મોટે સાહાદે ખડખડ હસી પડયા.

"પણ આપરે છે તે કાઉ," વલી જરા વારે બુલડાગે પુછ્યું. "પેલા આપરા ખસરૂ ખલેરીની બેહેન બી અહીંઆંજ રહેલી છેની વારૂં?"

"હાસ તો વરી," કાઉએ કહ્યું. "બચ્ચા વરી જાંણેચ ને અનજાંણી અમા શાનો થાએચ?"

"હા, પણ પોરી જબરી દેખાવલી છે," બુલડાગે ટીકા કીધા.

"ને રાંન દેખાવલી છે તેટલીજ દેવજાદી છે," કાઉએ મત આપ્યું. "જોયું કેની પેલા પોરયાને તે દાહારે ધસરી જવા છેક આપરાં પીઠાં વેર આવવાની હીંમત કીધીતી તે? એમ કોણ હીંમત કરે?—હા પણ સમાલ, પેલો આવેચ; બેજ્જુ હુશીયારી રાખજે બચ્ચા."

"અરે તું જોતો ખરો," બેજ્જુએ સધ્યારો આપ્યો, ને બીજીજ પલે મારો શેઠ ઓરડામાં આવ્યો તે મેં તેના પગલાંપરથી પીછાંણ્યું.

તેણે અંદર આવી સંભાલથી બારણું ઢાંકયું, અને પછી તરતજ તેનો પુછવાનો સાહાદ આવ્યો, "કેમ શેઠયાઓ, શું હોકમ છે?"—અને તે ધણા ગંભીર ટેક ને તોરથી બોલતો હોય એવો તેનો સાહાદ હતો. "તમે કાંઇ મારા સાથે ખાનગી વાત કરવા આયાચ?"

"તો વરી મારા સાહેબ ખાંનગી નહીં તો શું જાહેર?" બેજ્જુ બુલડાગે તેની રીત પ્રમાણેનાં કુતરો ધુરે તેવા સાહદે જસીને

કહ્યું. "વરી આપરો વેહેવાર ને ધંધો ખાનગી તો વાતચીત ખાનગી નહીં હોય ?"

"હા, પણ આપરા ધંધા કે વેહેવારમાં એવું તો કાંઈ નથી કે જેથી તમોને ચાલી ચલાવીને મારાં ઘેરવેર તજદી લેવાનું થાય?" મારા શેઠે અરધા ગુસ્સા ભરેલા સાહાદે પુછ્યું.

"ના રે સાબ, એ બી અમારો ધંધોજ છે," કાઉએ કહ્યું. "પણ બચ્ચા બેજુ એમ ગોલ ગોલ શું દોરયા કરેચ ? જે કેહેવુંચ તે ખરી ખખરાવીને ખોલેખોલ્લું ને ખરેખરૂં કહી દેની ?"

"હેં, તે વરી કેહેશે નહીં તો મુકશે કે ?" બેજુએ કહ્યું ;- અને પછી વધારયું, "વાતમાં કાંઈ દમ નથી, સાહેબ. વાત એટલીજ છે કે અમારો હાથ જરા હમણાં ભીરમાં આવી ગીયોચ, ને કાલે મારી બેહેન આએ કાવજીશેઠના ભાઇ સાથે નાતરૂ કરી જવાની છે તેથી અમુને સો પચાસ રૂપીઆની એકદમ જરૂર છે."

"સો પચાસ રૂપીઆ ?" મારા શેઠે ફાલ ખાઈ જઈ કહ્યું.

"હા, સો પચાસ રૂપીઆ," કાઉ કાકરીએ ઠંડે કલેજે કહ્યું ; "પણ તમો એટલા ગભરાઓચ કેમ, મારા સાહેબ ? અમો કાંઇ તમોને લુટી લઈ જવા આયા નથી. એ રૂપીઆ તો અમોને હાલ હાથ ઉછીણા આપો, અને પછી તમો જે અમારા પાસથી માલ મંગાવો તેમાંથી વસુલ કરતા જજો."

"અરે પણ દેવાના છેઓ ?" મારા શેઠે ખીજવઇ પડી કહ્યું, "તમારો તે કચરો તો હું સો વરસે બી સો રૂપીઆનો ખરીદી નહીં રેહું ?"

"હવે જોબો એ શેઠયા," બેજુ બુલડાગે પોતાના થથરાવી નાંખનારા દમામથી કહ્યું, "એ બધા ઢોંગ ધતુરા તમે બી છોરી દેઓ ને અમે બી છોરી દઇએ. તમે સો વરસે કેટલો માલ ખરીદશો ને કેટલો નહીં ખરીદશો તેની અમુને જરા બી પરવાહ નથી. અમુને હમણાં રૂપીઆ જોઇએચ, ને રૂપીઆ પચાસની એક રકમ લીધા વગર અહીંથી જાએચ કોણ કમબખત જે ?"

"એટલે ?" મારા શેઠે ભીણુ ફેરવ્યાં, "એ તે શું જુલમની વાત ? હું હમણાંજ પોલીસને બોલાવી મંગાવશ, અને—"

"એ બધી ખાલી ભપકી છે," હવે કાઉ કાકરીએ પોતાનો દમ કસવા માંડ્યો. "પોલીસને બોલાવો ને અમુને ઝીલાવી આપો તેની

સાથેજ તમુને બી આવવું પરશે, કેમજે અમારાં મોરાંને કોઈ તાળું મારવાનું નથી, એટલે માજીસતરને અમે ખબર અપવાને જરાબી બીહીવાના નથી કે ભીખાદારૂ ધમ્મ્બુ લોકો ધારેચ તેવો અસો આદમી નથી, પણ પોતાની દૂકાંણુમાંની ખાધાપીધાની જણુસમાં અમારી પાસથી નજીસ નસો ખરીદ કરીને તેનો કમકમાત ભરેલો ભેર કરેચ."

"હા, અમે કહીશું," હવે બેજાનું ઉપરચું, "કે મુવેલાં ગામ ઢોરનાં કોહેલાં સરેલાં કલેજાં લઈને તેને બારીક વાટીને અમે જે ભુકો ભુંજીએચ તે ભુકો દરેલી કાશીમાં ને એવીજ વસ્તુઓમાં ભેરવા ભીખાદારૂ અમારી પાસથી ખરીદેચ. કેમ કાઉ, એમજ કેની?"

"એમજ નહીં તો?" કાઉએ ટાપસી પુરી—"અને જો એ સમાચાર જણાયા તો પછી તમારા મુસકાતાત બંધાએલાજ છે, ને તમે સેસીનમાં બી નોંધાયલાજ છેઓ, ને પછી આંઠ દસ વરસ બટંબે બી ગીએલાજ છેઓ."—અને મારા શેઠ આગલ એ ભયભીત ચીત્ર ખડું કરી તે બંને બદમાસો ખરખર હસવા લાગા, કે જ્યારે હું રખેને મોટો ફેસાદ ને મારામારી થઈ પડે તેના ખ્યાલથી થરથર ધ્રુજવા પડી.

"એ બધી તમો લુચ્છાઓની લતરાજથી હું કાંઈ બીહી જવાનો નથી," મારો શેઠ જે ૩૦ ૫૦ નાહેકના ખોહી બેસવાના જુલમાતભરયા ખ્યાલથી જીવપર આવી છેલ્લેજ પાતલે બેઠો હતો તે જોસથી બોલ્યો. "હું સાફ કેહુંચ કે જો તમે ગુપચુપ અહીંથી નહીં જશો તો હું હમણાં પોલીસને બોલાવી મંગાવશ, પછી જે થવાનું હોય તે થાય. તે કરતાં જો આજે તમે અહીંથી જરા બી ગરબડ કીધા વગર જતા રહેશો તો હું તમુને કાલે તમારાં મુકાંમ ઉપર પાંચ રૂપીઆ પોંહોંચતા કરવા વચન આપુંચ."

"ઠીક છે, ઠીક છે, બચ્ચાજી એમજ છે તો અમે તમુને જોઈ લઈશું," બેજા બુલડાગે ઘણુંજ ઝનુનથી કહ્યું,–ને તે ફફડીને ઉભો થયો હોય એવો સાહાદ આવ્યો. "ચાલ કાઉ."

"તમારીથી થાય તે કરી લેઓ," મારા શેઠે બી તેટલાજ રસપર ચઢીને કહયું, "મને તમારી જરા બી દરકાર નથી."

"વારૂં, ત્યારે એમ કરો," ખાલી હાથે પશેમાંન થઇને જવા નહીં ગમ્યું એટલે ખીજવાત તેમજ બેજાતલના મારથા કાઉકોકરીએ

દરખાસ્ત કીધી, "ચાલો એમ કરો કે જે પાંચ રૂપીઆ કાલે પોંહોંચતા કરવા કેહોચ તે હમણાંજ અમુને આપો, ને અમે ગુપચુપ અહીંથી ચાલતી પકડીએ."

મારો શેઠ તુરત કાઇ બોલ્યો, નહીં, જેથી મેં જાણ્યું કે તે વીચાર કરવાનો વખત લેતો હતો.

"હાલ આએ બે રૂપીઆ લેઓ," મારા શેઠે અંતે કહયું, ને મને બે રૂપીઆનો ધીમો ખણખણાત બી કાંને આવ્યો, "ને ત્રંણ તમોને કાલે તમારાં મુકાંમ ઉપર મલશે."

તે લુચ્છાઓએ મુંગે મોંઢે તે બે રૂપીઆ બી હાઉ કરેલા જણાયી, કેમકે બીજીજ પલે તેઓ ઓરડામાંથી બાહેર નીકલ્યા, ને મારો શેઠ તેમને નીચેવેર વલાવા ગયો.

પ્રકરણ ૨૬ મું.

એક રાતના બનાવો.

તે રાત્રે મને ઉંઘ આવી નહીં. મારા વીચારો વચ્ચે દાદીશેઠના રૂસતમનો સુંદર મુખડો અને તેનો ઠંડો હલક મને વારેવારે યાદ આવતો, ને તે ભલા જવાંને મારે માટે જે જોખમ ખેડયા અને જે લાગણીઓ બતાવી તે સઘલાંની યાદ થતે તેના તરપનાં હેસાંનથી હું આજેજ થતી.

વલી તે ઉપરાંત પેલા બે હરડતા બદમાસોની હું હતી તે મકાંન માંહેલી મુલાકાત ઉપર બી મારે ઘણો ગંભીર ઘોર કરવાનો હતો. હું એક કેવા નાલાયક--માણુસાઇ ખવાસોથી બી અલગ આદમીની સેવામાં હતી તે ખ્યાલથી ઘણીજ દુ:ખી થઇ, ને તે પછીની પેહેલી તારીખ આવતાં કોઈ બી જોખમે તે નોકરી છોડી જવાનો મેં કસદ કીધો. મારો બદમાસ શેઠ લોકોને જે ખાધા પીધાની જણસ વેચતો હતો તેમાં પઈસાના લાભના લોભ સારૂ ઝેર ભેલતો હતો—મુવેલાં ઢોરોનાં કોહેલા કલેજાંના ભુકાનો ભેલ કરતો હતો એ ખ્યાલજ શુ તમામ કમકમાત ભરેલો ન હતો ?

અને તે બદમાસ એક જરથોસ્તી થઈને તેવું કરતો હતો, ને વલી એક ધરમચુસ્ત જરથોસ્તીમાં ખપવાનો દાવો કરતો હતો! એવા નાલાક જરથોસ્તીઓ જીવતા કરતાં દસ હજાર વાર મુવેલા ભલા!

વલી એજ નહીં હતું. એ મારા તકસીરવાર શેઠ—જેને શેઠનો એલકાબ વટીક છાજતો નથી તે—ની મારા તરફની વર્તણુકમાં બી હું છેલ્લા એકાદ બે દીવસોથી કાંઈક વાંધાભરેલું જોતી હતી. જોકે હજી તુલક તેની ચાલચલણમાં શરયામ અમર્યાદશીલ કે તમામ ફ-રયાદ કરવા જોગ કશું થયું ન હતું, તોપણ હું જોતી હતી કે જેવી સખત લાયકીથી તે મારા તરફ એક શેઠ તરીકે ચાલવો જોઇએ તેવું નહીં હતું, અને તેથી કાંઈ બી ખુલ્લાં ગેરસલુકથી મને તે અપમાન આપે તે પેહેલાં પેહેલી તારીખ જે તદન માંથે આવી હતી તે આવતાંજ દરેક રીતની આ નજીસ અને મને તમામ ના-પસંદ થઇ પડેલી નોકરી તજી જવાનો મેં નીશ્ચય કર્યો.

એ ઠડાવ સાથે ઉંઘ મારાપર ગાલેબ આવી, અને કેટલાક કલાક જવા પછી હું ભયભીત સ્વપ્નાથી બીહી ઉઠી હોઉં તેમ ચમકી ઉઠી. મેં જોયું કે હું તમામ પાણીપાણી થઈ ગઈ હતી, અને મારી છાતીના ઢપકારા વટીક એવાં જોરથી થતા હતા કે તે હું પ્રગટ સાંભલી શકતી હતી!

વલી એજ વખતે નીચે જમવાના ઓરડાની બાજુનું એકાદ બારણું અફલાતું હોય અને ત્યાં કાંઇ ગડબડ થતી હોય એવો સાહાદ આવ્યો. એ શું ? મને તુરત મારી છેલ્લી નોકરીમાં એક રાત્રે જે ચોર પેધા પડયા હતા તે વાત યાદ આવી ગંઈ, અને તેથી હું ઘણીજ બીહીધી.

નીચલા ઓરડાની ગડબડ વધતી ચાલી. હું અજબ થઈ કે તે ઉપર તે ઘર માંહેલાં બીજાં કોઈનું ધ્યાંન નહીં ખેંચાયું ને કોઇ જાગ્યું નહીં ?

મેં કાન કરી સાંભલ્યું, અને મારી ખાત્રી થઇ કે વલી આ ઘરમાં બી ચોર લાગુ થયલા હતા, ને તેજ સાંહજની કાઉકાકરી ને બેજુ બુલડાગની તે ઘર માંહેલી મુલાકાત મને યાદ આવી ગઇ. ત્યારે શું તે બે અથવા બેથી વધુ બદમાસો હમણાં ઘરમાં ભરાયા હતા ?

હું હીંમત કરી ઉઠી, ને ચાલમાં ગઈ. ત્યાં સઘલું શાંત હતું, અને અજબ જેવું એ હતું કે ચાલમાં જઈને સાંભલતાં મને સઘલું ત્યાં શાંત લાગ્યું ને જરાએ ગડબડનો અવાજ આવ્યો નહીં ! હું ઘણો વાર થોબી, કે જે દરમ્યાંન રખે કોઈ પછવાડેથી નીકલી આવી મારો તોટો પકડે તે માટે હું થરથર ધ્રુજ્યા કરતી હતી!

પણ હવે મને ગડબડ જેવું કશુંજ જણાયું નહીં, ને મારી ખાત્રી થઈ કે હું અમસથી કાનના ભણકારાથી વેહેમાઇનેજ બીહીધી હતી. આથી મને હીંમત આવી, ને હું બારણું ઢાંકીને જઇને પાછી સુઈ ગઈ.

પણ નહીં. બીજો પા કલાક જવા પછી પેલોજ ખખડાત પાછો જારી થયો, અને મારી છાતી પાછી જોશથી ધપકવા લાગી. કોઇ ખોટી કુંચીઓથી અથવા કાંઇ હથ્યારથી કબાટખાંણું ઉઘાડવાની કોશેશ કરતું હોય તેજ કીસમનો આબાદ અવાજ હતો !

હવે મારી ધીરજ રહી શકી નહીં, ને મેં ચાહ્યું કે હું ગરબડ કરી ઘરને જગાડી મેલું, પણ એકદમ ગરબડ કરવાને બે કારણથી મારી છાતી ચાલી નહીં. એક તો જો હું ધારતી હતી તેવું કશું હોય નહીં તો બધાંને નાહક જગાડીને હું પોતે પોતાનો ફેસતો કરૂં, ને બીજું તો હું જો મારી ગરબડથી ઘરનાંને જગાડવા નીશફલ થાઉં તો ચોરો આવીને મનેજ મારી નાંખે, અથવા કાંઇ નહીં તો સલામત છટકી જવા પામે !

આથી મેં અવલ તો ખાત્રી કરવાનો કસદ કીધો, ને હું મીનબતી સલગાવી ઘણીજ ધીમેથી--ઘણીજ સંભાલથી બાહેર નીકલી. ગોયા મેં દમ લેવાનું બી મોકુફ કીધું, કે જ્યારે ખરેખર તો ધાસ્તીથી મારો દમજ બંધાઈ ગયો હતો !

હું ધીરે ધીરે તપાસી તપાસીને દાદર ઉતરી, અને જ્યારે એમ સંભાલથી ઉતરવાનું હોય છે ત્યારેજ દાદર હઠીલો થઈ આપણા પગ તલે કરરર કરરર અવાજ કરે છે, તેમજ હમણાં બી થયું !

હું દરેક પગથીયું ઉતરીને પીઠ પછવાડે ફરીને જોતી, કેમકે ભીતપરના મારાજ ઓલાથી ચમકીને તે ઓલાને હું કાઉકાકરી કે બેજુ બુલડાગ બની મારા ભણી ધસી આવતા જોવાનો દરેક પલે એવકુફીભરેલો ભય રાખતી ! ખરેખર, એમ દાદર ઉતરી જવાની મારી હીંમત અથવા હુલડાઈ ઉપર હું પોતે આજે અજબ થાઉં છું, ને તે હીંમત મને એકદમ કેમ ને કયાંથી આવી તે પોતે હું આજે સમજવાને કે સમજાવાને બી અશકત છું.

હું સઘલા દાદર ઉતરી રહી, ને મેં કાંન કરી સાંભલ્યું. ગરબડ કશી હતીજ નહીં. આથી મને વધારે હીંમત આવી, ને જમવાના ઓરડાનાં બારણાંપર મેં હાથ નાંખ્યો. તે અલગુંજ હતું,

ને ઉંઘડી ગયું. એમ કેમ? તે મારા શેઠે આજે રાત્ર મારા દેખતાં સરેસ્તા પ્રમાણે બંધ કરી તાલું મારયું હતું!

ઓરડામાં તમામ અંધારૂં હતું, ને તોબી હું હાથમાં મીનબતી લઇ ધાસ્તીથી ઉજલી પુણી જેવી બની ગયલી ધાસ્તીનાં ધ્રુજરાં ને લખલખાં વચ્ચે ફાટેલા ડોલાએ ધ્યાંનમાં ને ધ્યાનમાંજ ઓરડામાં દાખલ થઇ. એકજ પલ—ને બીજી પલે કોઇ બે કાલા આકારોએ મારાપર ધસી આવી બતી બુઝાવી નાંખી, ને હું મદદની ચીસ પાડું તે આગમચ મને પોતાની હાથી સમાંન બલવાંન બાથમાં પકડી મારૂં મોં જબરીથી દાબી દીધું, કે હું તે ધાતકી હાથોમાં તુરતજ બેભાંન થઈ પડી!

પ્રકરણ ૨૭ મું.

એક ખુંની કોશેશ.

હું કેટલો વખત એમ બેભાંન રહી તે મને ખબર નથી, પણ જ્યારે હું પાછી સુદ્ધિમાં આવી ત્યારે, ઓ આફ્રત! મને કોઇ ધાતકી હાથોની બેકદર બાથમાં મજબુત ઉપાડીને પકડેલી હતી, અને મને ઊંચકીને કોઇ બે આદમીઓ ઝપાટામાં રસ્તો માપતા હતા!

અમો રસ્તામાં હતાં એ તો મેં હોસ્યારીમાં આવતાં તુરતજ જાંણ્યું, કેમકે ઠંડી સરદ હવા જાંણે મારૂં તન બદન ફાડી ભીતરે પેસવા માંગતી હોય તેવી રીતે મારાં દીલસે વાગતી હતી, અને મારાં દાંત વટીક કરકર થતા પ્રગટ સમજાતા હતા!

એ શી આફ્રત હતી?

મેં માહા ગભરાત વચ્ચે હોસ્યારીમાં આવતાંજ આંખ ઉંઘાડીને ધાસ્તીનાં બેશુમાર ધ્રુજરાં ને લખલખાં સાથે આસપાસ જોયું, પણ રાત એટલી સીહા અને ફીલ્યાંણ સરખી અંધારી હતી કે મને એક અરધા વારને છેટે શું હતું તે બી દેખાયું નહીં. ખરેખર, જે બદમાસો મને ઉપાડી ચાલતા હતા તેઓ મને કયાં લઇ જતા હતા અને કાંય લઇ જતા હતા તે તુરત ને તુરત સમજવું જેટલું કઠણ કામ હતું, તેટલુંજ તેઓને એવાં સીહા અંધારાં વચ્ચે રસ્તો કેમ નજરે આવતો હતો અને એવી ભયભીત વેરાંન જગ્યાઓ વચ્ચેથી પસાર થવાની હીંમત કેમ થતી હશે તે બી અચરતીભરેલું હતું!

હું હોસ્યાર થઈ તેની પેહેલી એકાદ બે પલ તો એ શું બનાવ હતો તે હું સમજીજ શકી નહીં, અને ફરી હું એક ભયભીત સ્વપનો જોઈ ઉઠી હોઉં અથવા હજી જોતી હોઉં તેવોજ સઘલો મને ખ્યાલ થયો; પણ બીજી પલે મારા શેઠનાં ઘરમાં ચોરો ભરાવાનો મને થયલો ભય અને તેની જુસ્તેજોમાં મારૂં નીચે ઉતરવું, કે જ્યાં મને કોઈ બે બદમાસોએ આવીને પકડી લેઈ મારૂં મો દાબી દીધું હતું ને હું બેભાંન થઇ પડી હતી તે સઘલું મને એક તડાકે યાદ આવી ગયું. અને ત્યારે મને હવે સમજવાને મુશકેલ પડ્યું નહીં કે તેજ ચંડાલો મને આ રીતે ઉપાડી જતા હતા!

પણ કયાં? કાંય?

જવાબ તમામ મુશકેલ ન હતો. દીસ્તુંજ હતું કે મારા શેઠનાં ઘરમાં ભરાયલા બદમાસો કોઈજ નહીં પણ બેજુ બુલડાગ ને કાઉકાકરી હોવા જોઈએ, અને તેમને તેમનાં પાપ વચ્ચે મેં પકડી કાઢ્યા તેના ખારમાં તે ઝનુની ચંડાલો કદાચ શેહેરની બાહેર મારૂં ખુંન કરવા મને લઈ જતા હતા!

ખુંન? ઓ એ ખ્યાલ થતાં હજી હમણાં વટીક મને ગભરાનની કંપારી છુટી આવે છે તો તે વખતે એ ગજબનાક ખ્યાલ થતાંજ મને કેટલો ભય-કેટલો ત્રાસ થયો હશે તે લખવા કરતાં વાંચનારને વીચારી લેવા સોંપવાનું મને વધારે લાયક જણાય છે. મને બે બદમાસો ઉપાડી ચાલતા હતા એ ખ્યાલમાંજ આખી દુન્યાનો ગજબ, ધાસ્તી અને ગભરાત હતો, અને તેમાં વીજલીની ઝડપે ઉપર દરશાવેલા ખ્યાલો મારાં ભેજામાં થઈ જવા પછી તો એટલો બોહલો વધારો થયો કે મેં તુરત મદદની ચીસો પાડવા માંગી પણ જાંણે હું અવાચક બની ગઈ, અને ફરી એક વાર અને હવે તેજ રાતમાં બીજી વાર મારી જીંદગીના ભયભીત જોખમોના ખ્યાલ વચ્ચે ડર ખાઈ જઈ હું બેસુદ્ધ થઇ ગઈ!

ત્યાર પછી હું પાછી સુધીમાં આવી ત્યારે તેઓ કાંઈ ઢલાવ ચઢતા હોય તેમ લાગ્યું, અને તે ઢલાવ બી ઘણો મોટો સીધો ને ઉંચો હતો, કેમકે તે ચઢી રેહેતાં ઘણી વાર થઈ. એ સઘલું હવે હું પુરં હોસ્યારીમાં જોતી અને જાંણુતી હતી, કેમકે ધાસ્તીથી જોકે મારા હાથ પગ અકડી ગયા હતા ને જબાંન ખેંચાઈ ગઈ હતી, તોબી મારી મનશકતીની ઉસકેરાયલી હાલત વચ્ચે મારી

આસપાસ શું બનતું હતું તે જોવાને અને જાણવાને હું જોઇએ તે કરતાં વધુ ખબરદાર બની હતી. વલી હું એ બીજી વારની બેભાંનીમાંથી બેદાર થઈ તે વારે પુર્વમાં ચંદ્ર પોતાની મુસાફરીએ નીકલવાને ખડો થઇ ચુકયો હતો, અને તેની નુરમંદ નુરાંણીથી તે બીહામણું ઉજ્જડ ખેતર અને તે ઢેલાવનું ચઢાંણ વગેરે હું જોઇ શકતી હતી.

તે મોટી ટેકડી (વધારે ખરી રીતે કહીએ તો નાહનો પાહાડ) તેઓ ચઢી રહ્યા, ને બરાબર અધવચ્ચે જઈ થોભ્યા. "બસ, જરા સબર કર, કાઉ," હવે પેહેલી વાર બુલડાગે પોતાના કઠોર ઘાટકી સાહાદે કહ્યું—કે જે સાહાદ મને તે વખતે જેવો ઝનુની ને ઘાતકી લાગ્યો તેવો આગલ કદી લાગ્યો ન હતો—"સબર કર ને જરા દમ ખા. વરી કોણ જાંણે ચાંન બી નીકરયોચ, ને કોઈ અહીંયાં જોકે આએ વખતે હોય તો નહીં પણ ભુલું ચુકું હોયું ને તેનું ધ્યાંન એઆંન ખેંચાયું તો આપદા."

"હા રે, ને મારો તો દમ બી ભરાઇ આયો!" કાઉએ કહ્યું. "એક તો સત્યાનાશગીયાં મારાં બુટનું સોલ ગેપ છે, ને તેં ચલાવી ચલાવીને મારો આટો કારી નાંખ્યો."

ત્યાં બુલડાગે મને જોરથી જમીનપર પટકી. જાંણે હું એકાદ લાકડાંનો ભારો કે લાકડાંનો ટુકડો હોઉં તેજ મુજબ તે દયાહીણ ચંડાલે મને ભોંયપર પછાડી, ને મારૂં આંગ ખોખરૂં થવા સાથે જરાતરા માથામાં ને બરડામાં વાગવા સીવાય વધારે ગંભીર નુકશાંન કશું થયું નહીં એ એક મોજેજો હતો.

હવે મારી આંખ વીંચેલી હતી, અને તે ઉઘાડવા જેટલી બી હાલ મારામાં હીંમત રહી નહીં. મારી સમજ શકતી સીવાય મારા દરેક અવયવોની દરેક શકતી તમામ સુન મારતી ગઈ હતી.-જે ઘડી જતી હતી તેમાં બે જાલેમ ખુંનીઓ તે ભયભીત જગ્યામાં મારૂં ખુંન કરનાર હતા તેના ત્રાસથી હું અત્યાર આગમચ અરધી મરણ પાંમી ચુકેલી હતી, અને હવે મારૂં ખુંનજ થવાનું છે એમ ખાત્રી થતે મેં મારા પાક પેદા કરનારની ટુંકમાં ફટફટ થતાં જીગરે છેલ્લી યાદ વટીક કરી લીધી. કે જેમાં જે નાવારેસ ભાઇ બેહેનોના ભુકાને હું મારા પાછલ છોડી જતી હતી તેમના ઉપર દયાની દુવા બી ચાહી લીધી!

"એ ટેકરીને માહાર ટેકરી કેહેચ," મને ભોંયપર પટકયા પછી જ્યારે તે બદમાસો લગાર દમ ખાવા બેઠા ત્યારે મને હજી તમામ બેભાંન સમજીને તેઓએ પોતા વચ્ચે વાત ચલાવી ને તે દરમ્યાંન બુલડાગે કાઉ કાકરીને ખુલાસો આપ્યો, કે જ્યારે હું તેઓની નજીશ સોડમાં—તે બે જાલેમ ખુંનીઓનીજ વચમાં તેમના એક કમનસીબ ભોગ તરીકે મુરડાં જેવી પડેલી હતી! "કેહજે કચ કંઇ વરસપર એ ટેકરીપર એક માહારનું ખુંન થયુંતું, ને તાહારથી એ ટેકરી માહાર ટેકરીને નામે કલ્યાંણીમાં ઓરખાએચ."

"પણ તે તું એ ટેકરીની પછવારે દરયો કેહુતોતો તે?" કાઉએ પુછયું.

"તે ઉભો થઇને જોની," બુલડાગે કહ્યું. "આંખ છે કેની આએ કોરે જે ઉંડાણમાં ખીન દેખાય છે તેની પેલી બાજુએથી દરયાનું પાણી ભરતી વખતે અંદર આવેચ."

હયાં કાઉ ઉભો થયો, ને મેં જાંણ્યું કે તે ખાઇ તરફ જતો હતો. "બચ્ચા જોજે રે," બુલડાગે બેઠાં બેઠાંજ સલ્લાહ આપી. "નહીં તો હેરયું લેઇને આએ પોરી નીચે જાય તેટલાં તું મારા મુવા બાપને તેરવા ગબરી બબરી ના જતો. પગ તરેથી એક ધેફું એફું ખાસતાં પગ જો સરયો કે ની તો લાગલો નીચેજ જો! છેક નાકે ના જા."

"પણ હવે એ પોરીમાં દમ બાકી કાંહાં રેહયોચ જે?" કાઉએ પાછો ફરતાં કહ્યું. "ચાલની રસ્તો કારતે."

"હું મકું જે ચાંન એકાદ વાદલીમાં ભરાય તો તાલ ઠીક આવે તેથી ખોટી છેઉં." બુલડાગે કહ્યું.

"લે, લે, બચ્ચા માગેચ તેવુંજ મલેચ," કાઉએ ખરખર હસીને કહ્યું—કેમકે એજ વખતે ચંદ્રમા એક શીહા વાદલીને ઓથે છુપાયો, ને ત્યાં ઝઝકલાં વચ્ચેનું અંધારૂં થઈ ગયું

તેજ પલે બુલડાગ બી કુદાકો મારી ઉઠયો, ને મેં જાણ્યું કે મારી ઘડીઓ વટીક ગણાઈ ચુકી હતી. તે ચંડાલોએ મને ઉંચકી. એકે ટાંટયા ને બીજાએ માંથું પકડી મને એક ધીમો ઝોંક આપ્યો ને બીજી પલે મને તેઓએ વગર દયાએ ખાહીમાં ફેંકી દીધી!

પ્રકરણ ૨૮ મું.

રાખનાર ખુદા !

તે મરતેતોલ ઘડીએ એક પતગ્યાં પેરે તે ઉડાંણ ખાહીમાં ઉડી જતાં એક સ્વભાવીક ચીચ્યારી તે આઘોર અરણ્યને ગજાવી મેલવા મારાં ગલાંમાં જોસ સમેત ઉભી થઈ, પણ તે મારા હોઠ બાહેર આવવા પાંમે તે પેહેલાં ત્યાંજ ગુંગલાઈ ગઈ, અને ફક્ત એક દચકાંના ધીમા અવાજ સાથે તે આખર થઈ ગઈ !

પણ તે છેવટની ઘડીના માહાભારત ગભરાતે મારા સર્વ અવયવોને સજાગૃત કરી દીધા, અને દુબતું માણુસ મોજાનાં ફીણને વલગે તેમ જે હાથમાં આવે તેને વલગી પડવા મેં તે ત્રાસનાં વલખા વચ્ચે મારા હાથ પ્રસારયા.

આ કોશેશમાં હું નીશફલ થઇ નહીં. મારનાર ને જીવાડનાર તે સાહેબ છે, તે કરાંમતી કીરતાર જો રાખનાર છે તો મારનાર શત્રુઓ તેમની ગમે એવી જાલેમ કોશેશમાં આંધલા ને ઉંધા છે. જેવી મને ધીમા આંચકાથી ફેંકવામાં આવી તેવીજ હું છેક નીચે ખાહીમાં નહીં ઉડી પડી, પણ તે ટેકડીનો જે ખાઇની બાજુએ ધીમો ‘સ્લોપ’ હતો તે ઉપર આગલથીજ પડી, અને એક ગોલ પથ્થર પેરે નીચે એકાદ બે ગબડયાં ખાધાં નહીં ખાધાં તેટલાં તો એક નાહનું ઝાડ જે તે તરફ ઉગેલું હતું તે મારી યારીએ આવ્યું ! વલી તે બાજુએ તે ‘સ્લોપ’ (ઢલ) ખુદાની કરાંમતી બક્ષેસથી વધારે સમો અને ચોરસ થઇ જતો હતો એટલે બી મારૂં ગબડવાનું અટકી પડયું, અને હું તે ઝાડને વલગીને તે બાજુએ સમી થઇ શકી—બલકે તે ઝાડની બાજુમાં ધ્રુજતી ધ્રુજતી અને હાંફતી હાંફતી ભરાઇને બેઠી !

મારાં સારાં નસીબે પેલા બદમાસોએ ઉપરથી ટીંગાઇને જોવાની કનવાર કરી ન હતી, કેમકે તેઓ તો ખાત્રીપુર્વક મને ખાહીનાં છેક ઉંડાં પેટાંમાં ગબડી પડેલી માનતા હતા—જો તેઓ જોતે તો મને જોઈ કાઢયા વગર રેહેતેજ નહીં, એટલી બધી હું ઉપર ને ઉપર અટકી પડવાને ભાગ્યશાલી હતી. નીચાંણમાં તે ઉંડી—ઉંડી બીહાંમણી ખાહી હતી, કે જેમાં હેઠે દરયાનાં પાણીનો ધીમો ધીમો ગુરગુર અવાજ કાંનને ભયભીત બની અઢડતો હતો. તેનાં

હેહાંણુમાં—તેનાં તમર આવે એવાં ઉડાણુમાં એક આડો નજરે જોવાની વટીક મેં હીંમત કરી નહીં.

ચંદ્ર પેલી સીહા વાદલીમાંથી હવે બાહેર આવી ચુકયો હતો, અને પાછો પુર્ણ તેજસ્વી બની પ્રકાશવા માંડયો હતો, પણ હું જે ટેકડીના ઢલમાં ભરાઇ હતી તે ઢલજ મારો બચાવ કરનાર બાપ હોય તેમ તે ભાગમાં અંધારૂં હતું, કે જ્યારે આસપાસ નીચે તેનાં રૂપેરી કીરણોનો પ્રકાશીત ઉજાસ સઘલી હસ્તીને હરીઆલીથી હસતી બનાવતો હતો.

"ચાલ હવે બેસ પાછો જરા વાર" ઉપરથી મને બુલડાગનો સાહાદ આવ્યો, એટલુંજ નહીં પણ તે પોતાનાં ભારી આંગ સમેત જોસથી ભોંયપર પડયો—બેડો તેનો બી મને બરાબર સાહાદ આવ્યો. એક તો ત્યાં સઘલું સ્મસાંન સરખું શાંત અને ચુપચુપાટ હતું તેથી અને વલી હું છેકઁ ઉપરજ અટકી હતી તેથી તે બે ચંડાલ ખુંનીઓની વાતચીત સાંભલતાં મને જરા બી મુશકેલ થયું નહીં. "બેસ ને જરા બરાબર થાક ખાઈ લઈએ. આજ રાતની આપણી જોહેમત ને તેનું આએ સેવટ ખરેખર થાકવી નાખનારૂં છે."

"પણ હું તો સમજી બી નથી શકતો, બેન્જુ," કાઉ કાકરીએ કહ્યું, "કે એ શું તારાં ભેજાંમાં વારૂં આવી ગીયું કે તે પોરીને અહીંવેર લાવીને પુરી કીધી? એમ બી ને એમ બી આપુને તે રાંનને ઠેઠ પોંહોંચારવીજ ઉતી તો તાંહાં શોહેરમાં ઘેરમાં નહી બનતે?"

"તું તો કોઈ બરો ઉજબખ ને અદૂખરો છે," બેન્જુ બુલડાગે કાંઈક ખીજવાતનાં ઝનુનથી કહ્યું. "અક્કજ, એટલી બી અક્કલ નથી? તાહાંને તાંહાં જો એને પુરી કરતે તો તણ લાકરે કોણ તું ચરતે કે તારો બાપ? પણ વારૂં લાવ, પેલી બબાની પેંટ કાર; જરા જરા ગરીએ તો કાંઈ વાત સુઝ પરે. તું બી એક સહરૂકો ખેંચશે તારે તારાં કીટાયલાં ભેંજામાં હું જે બધું સમજાવશ તેની સમજ ઉતરશે."

"લે ની, તે વાતની આપુણે કાંહાં ના છે?" અને અહીં દારૂની એકાદ પેંટનું માંથું ભાંગેલું હોવું જોઈએ, કેમકે જરા વાર ત્યાં પાછી ચુપકીદી પસરી રહી, જે પછી હોઠ મચમચાવી બુલડાગે પાછું ચલાવ્યું. "જો સમજ, સહવારે પેલો જોખતો જારે પોતાનાં ઘેરમાંથી ને દુકાંણુમાંથી સઘલો કીંમતી અવેજ પસાર થયલો જોશે

ત્યારે તેનો શક એકદમ પેહેલાં તારી ને મારીપર પરશે, સબબ આપરે આજેજ પેહેલી રાતના તેને આપરી મુલાકાતથી નવાજી આવેલા છઇએ; પણ પછીથી તરતજ જણાશે કે આએ પોરી ઘેરમાંથી નાહસી ગયલી છે, અને તારે તારા પરનું વાદલ વીખેરાઈને તેના તરફ ખેંચાઈ જશે કેમ, હવે ધ્યાંનમાં આયું ?"

"તદન," કાકુએ ખાત્રી થઇ હોય તેમ કહયું. "હવે સઘલું વાદલ જાંણે આએ મુવેલી પોરીપર આવશે, એટલે આપુને નાહસભાગ કરવાની અને નાસોગોસો રમવાની અગત રેહેશે નહીં. કેમ, એમજ કેની ?"

"એમજ," બુલડાગે સમજ આપી. "છેલ્લા પેલા ખસરૂ ખલેરી સાથે આપરે એજ પોરીના છેલ્લા શેઠને ઘેર હાથ મારી આયાતા તારે કેમ બધો છાંડો સાંતી રાખીને સઘલું તોફાંણ નરમ પરી ગીયું તારે તે વેચી સાટીને વેંહેંચી લીધું'તું, તેમજ આએ વખત બી કરવાની સગવડ થશે."

હયાં ત્યારે મારે માટે એક નવું અજવાલું હતું ! મારી છેલ્લી કોલાબા ખાતેની નોકરીમાં ચોરી થઇ હતી, અને તેના ચોર હજી તક પકડાયા ન હતા તે એજ બદમાસો હતા એ એક નવો ખુલાસો હતો, પણ તે ખુલાસાની હરોલમાં મેં જ્યારે જાંણ્યું કે તે ચોરીમાં મારો કમબખત ભાઇ બી સામેલ હતો ત્યારે મને જે,, છાતી પ્રાતે તેવું દુખ થયું તેનું બ્યાંન કરવુંજ બેજા છે. હવે મને એક તડાકે લુચ્ચા ખસરૂની સઘલી તે લુચ્ચાઇ ધ્યાંનમાં આવી ગઈ, ને બે મહીના સુધી તેના બદમાસ હમશરીકો ઉપર હું જરાબી શક નહીં લાવી શકી તેથી હું બેહદ અચરત થઈ. વાંચનાર જો તે પ્રકરણ પાછું વાંચશે તો ખબર પડશે કે ચોરી જે રાત્રે થઈ તેજ સાંહજે ખસરૂ ખામખા મારી મુલાકાતે આવ્યો હતો, ને તે મારા શેઠશેઠાંણીના ઓરડા ને મારા ઓરડા વીશે વાકેફગાર થઈ ગયો હતો, તેમજ જતી વખતે અમો કુત્રાં રાખતાં હતાં કે નહીં તે બી એક કલાથી પુછી ગયો હતો.

ઓ ! મારો મા જણ્યો ભાઈ એવો કરપીણ ઠગારો અને ચોર થયો હતો એ એક વીચારમાં આખી દુન્યાનું દુ:ખ સમાયલું હતું, અને જોકે હું હજી મોહત જીવત વચ્ચે ડામાડોલ ઢપે તફડયાં મારતી હતી—નીચે આબ અને ઉપર આભ વચ્ચે હું જાંણે અદ્ધર

લટકેલી હતી તોબી—ને મારી પોતાની જીંદગીનાં ભયભીત જોખમે વચ્ચે બી એક દુઃખનું દચકું—એક ગમની હાય મારી છાતીમાંથી નીકલવા વના રહી નહીં.

"પણ તોબી હજી તેં એ નથી સમજાવ્યું કે ધસરતો ધસરતો તું એ પોરીને અહીં કાંહાં છેક હોમાવા લાયો ?" કાઉએ પાછું પુછ્યું.

"જો એને ઘેરમાંજ ટાટો ભચરીને કે એવીજ કોઈ બીજી રીતે પુરી કીધી હોતે," બેજુએ સમજાવ્યું, "તો એનું મુરદું હાથ લાગતાં ચોરીનેજ વાસ્તે આપરે ફસતે એમ નહીં પણ સેહેજ દાહારામાં તે ખુંનને વાસ્તે બી તું ને હું તણ લાકરાંપર હીંચ ખાવા ચરતે. વરી જો એને લાવતાં લાવતાં કોઈ કુવા તલાવમાં બી હોમાવતે તો ત્યાંથી બી એ રાંનનું રૂવાંન ફુટી નીકલતે, ને આપરી ચુગલી ખાઇ આપુને ફસાવતે, તારે તે બધાં કરતાં સાહેબ સોભ આએ કેવું મજાનું ? કાંમનું કામ થાય ને કોદડા ને કોદડા ! મને એ માહારે ટેકરી સારૂં થયું જે યાદ આવી. એક વખત દીના લેવટા ને પેસુ બાંગબોઇ સાથે હું ફરવા આણી તરફ આવેલો, ને તારે એ ખીણ ને ખાહી જોઇને મેં ધ્યાનમાં રાખેલી."

"બા તું જંબરો," કાઉએ ધુમ હસીને કહ્યું. "તુંને કોઇ નહી પોંહોંચે. પણ આપરે છે તે બેજુ, પેલો પોરચો ખસેરી જો જાણશે કે તેની બેહેનને આપરે ખારાં પાણીની હવા ખાવા મોકલી આપીચ તો ?"

"વરી તો શું ?" બેજુએ તુચ્છકારથી કહ્યું. "તે ઘધેરાના બાપનું શું આપુને ઓસ્યારૂં છે ? પણ પેહેલી વાત તો એ કે આપરે આજે કલ્યાંણી તરફ આયા તે વાતની તેને જાત ખબર નથી, ને ખબર પરે ને આએ પોરી વીશે તે જો વેહેમ લાવે તો ખરી ખખરાવીને ખરૂં કેહી દેવાનું, કેમજે તે તો સાંભો એ સાંભરીને ખુશી થશે. તેના રસ્તામાં એ રાંન કવાબમાં હારકાં જેવી ઉતી, ને તેથી તેને આપરી સાથે નીરાંતે રેહેવા ગમતુંતું નહીં, વાસ્તે એને પોતાના રસ્તામાંથી દુર થયલી જોવાથી તે તો ઓર ઘણોજ ખુશી થશે."

"હા, પણ બચ્ચા સારૂં થયું જે એ દુકતી ચાલી ચલાવીને સાંબી નીચે આવી. કેમજે જો નીચે આયા વગર ગરબર કરી દેતે તો બારી વાટેથી ઉતાવલમાં નાહાસભાગ કરતાં આપરાં હારકાં પાસરાંનો કદાચ ખુરડો થતે."

• •

"ચાલો, જે થયુંચ તે સારૂંજ થયુંચ," એજુ બુલડાગે સુગરાના કીધા. "લાવ, વરી નાક સુકાયુંચ તે ઠંડી લાગેચ જરાજરા ગરતે ને પછી અહીંથી હેરયું લેતે. કોઇ કોલીનું ઘાસનું ગાડું બાડું મલી જાય તો ઠીક, નહીં તો પગ રસ્તે ચાલતું જવું પરશે. આજે આએ જોખમ સાથે તરેનમાં જવાની સલાંમતી નહીં."

"હા, પણ યાર મેં તુંને કહ્યુંની જે મારાં તો બુટનું સોલ–"

અને અહીં તે લોક દારૂ પીતા ને વાતચીત કરતા ત્યાંથી ઉઠી ચાલતા થયા!

પ્રકરણ ૨૯ મું.

ઘરમાં પાછી.

તે ખુંનીઓ ત્યાંથી ચાલી જવા પછી બી હું નજદીક બીજી પાંચ મીનીટ તે મારી જગ્યામાં ભરાઇ રહી હા, પાંચ મીનીટ! પાંચ મીનીટ તે ભયભીત બીહાંમાંહાંણ જગ્યામાં મારા ભયભરેલા જોખમો અને ધાસ્તીઓ વચ્ચે હું એકલી જેમની તેમ થોબીને બેસી રહી, કે જે પાંચ મીનીટ એક આખી જીંદગીના જાલેમ જમાના કરતાં વધારે લંબાણ, વધારે કંટાલા ભરેલી—વધારે ત્રાસદાયક હતી!

પ્રીય વાંચનાર! મારાપરની તે રાતની ગુજરેલી કાંહાંણી ને સંકટના ભયભીત બનાવો હું મરશ ત્યાંસુધી વીસરી જઈ શકશ નહીં, અને આજે જ્યારે તે યાદ કરી હું વીગતવારે લખું છું ત્યારે બી તેના ખ્યાલો મારાં તન બદનને ધ્રુજાવે છે. એવો તે એક બનાવ હતો કે જે જેટલો અજબ જેવો તેટલોજ દુઃખ ભરેલો હતો, અને દેખીતી રીતે જેટલો અસંભવીત તેટલોજ સાચ્ચો હતો!

અંતે ઉપર કહેલી પાંચ મીનીટનો સુમાર થવા પછી હું હવે બાહેર નીકલવા હીંમત એકઠી કરી તૈયાર થઇ. હીંમત? જ્યાં જીંદગીનીજ લડતનો સોદો હતો ત્યાં હીંમતનો સવાલજ કેવો જોઈએ? જીંદગી સર્વેને પ્યારી છે. ખુંનના વાંક સારૂ ફાંસીના માંચરાપર ચઢનાર કોઇ કમબખ્ત કંગાલને જીંદગી કેટલી વહાલી છે તે અને તેની કીંમત પુછો, અને દુન્યાનાં દોજખ જેવાં ખુંણામાં એક તુચ્છમાં તુચ્છ ભમાતુ ભીખારી રખડતી જીંદગીએ બી તે

જીવવાને રાજી થવાનો! એવી ને એટલી જીંદગી માણસને પ્યારી છે, તો પછી જ્યાં તે જીંદગીના બચાવનોજ સવાલ ને સોદો હતો તો સાધારણ બનાવોમાં જ્યાં હીંમત કદી બી નહીં આવે તે આવી વખતે મને જેટલી જોઇએ તેટલી આવી શકી એમાં અચરતી શી છે?

બેસુમાર હાડમારી અને બેજારી વચ્ચે હું મારે મકાંને જ્યારે પોંહોંચવા પાંમી ત્યારે પાછલી રાત થયલી હતી, અને ઘરમાં મારી શેઠાંણી તુરતનીજ ઉઠેલી હતી. વાંચનાર જાંણે છે કે ચોર કાંઈ આગલે બારણે ઘરમાં ભરાયા ન હતા, અને તેથી આગલું બારણું તો હજી બંધજ હતું, જે મેં ઠોકતાંજ મારી શેઠાંણીએ તે આવીને ઉઘાડયું; અને તે મને તમામ હાલહવાલ અને ધુલ મટોડાંથી ખરાબ થયલા પોશાક સાથે અને અરધી બેભાંન જેવી હાલતમાં આવે કવખતે બાહેરથી આવેલી જોઈ અચરતીથી દંગ થઈ ગઈ! તે મને છોકરાંઓ સાથે મારા ઓરડામાં સુતેલી સમજતી હતી, અને દરેક પલે મારી નીચે આવવાની વકી રાખતી હતી ત્યારે એ રવેસે હું બાહેરથી નીકલી આવી એ વાત નજરે જોવા છતાં જાંણે તેનાં માન્યામાં બી આવી શકી નહી!

પણ ઘરમાં પોંહોંચ્યા પછી ફકત મારી હરખની લાગણીઓ ને થાકથી હું આજેજ થઈ ગઈ. ઘરે પોંહોંચવાના ઉમંગના જોસમાં હું સઘલા સંકટો વીંટાડી આસાનીથી ચાલી આવી શકી, પણ એક વાર ઘરનાં આંગણાંમાં દાખલ થયા પછી મારી તે હીંમત ને ઉમંગ સલામતીનાં સુખના આજેજ કરનારા ખ્યાલમાં આખર થઈ ગઈ!

મોહને મોહનું મોહતને તેને ઘરવેર મલી આવવું એ શું નાહની વાત છે? ખુદ મોહતનાં મોંનામાંથી બચી આવવું એ શું ઓછો સધ્યારો છે! એવા એતેફાક—એવા એક સંજોગ—એવા ખુદાઈ મોજેજા પછી જીંદગી સૌથી વ્હાલી લાગે એ શું અચરતી છે? અને તેનો ખુદરતી હરખ મને આજેજ કરે તેમાં નવાઈ શું છે?

"બાઇ, ઓ બાઈ, મને અંદર જવા દેઓ, મને સુઈ જવા દેઓ," મારી શેઠાંણીએ બેહદ અચરતીમાં જે પુછાયું તે પુછેલા તહરેવાર ઉતાવલા સવાલોના જવાબમાં મેં તેવીજ ને તેટલીજ ઉતાવલથી કહ્યું. "મારો જીવ ઘણો ફરેચ—હું ઘણી થાકેલી છેઉં, મને જવા દેઓ, હું તમુને પછી બધી વાત નીરાંતે કેહેવશ—ઓ મને પકરો,"—અને હું મારી શેઠાંણીના હાથમાં બેભાંન થઈ પડી.

હું જ્યારે સાવધ થઈ ત્યારે બપોર થઈ ગઇ હતી, અને હું ઉંઘમાંથી બેદાર થઇ હોઉં તેમ જાગી ઉઠી. મારા ઓરડામાં મારી ખીદમતમાં મારી ભલી શેઠાંણી ખરી કાલજીથી ખડી હતી. મને પુશકલ ઓઢાડેલું હતું—બારીઓ બંધ કરેલી હતી—અને પાસેના એક નાધકલાં સ્ટેંડપર બ્રાંદી, કોલોન વગેરે માંદા માણસોના ખપને લગતી સીસીઓ પડેલી હતી.

હું હોસ્યારીમાં આવતાંજ મેં જોઈ લીધું કે એ સઘલો શું બનાવ બન્યો હતો તે જાંણવાને મારાં શેઠ શેઠાંણી અધીરતાની તાપથી તપતાં હતાં, અને તેથી જોકે મને ઘણી નબલાઈ લાગતી હતી તોબી મેં તેમને સઘલું કહી દેવાની અગત પીછાંણી. એટલા વાસ્તે મેં ગલાં સુધી ઓઢીને મારા શેઠને બી તે ઓરડામાં તેડાવી મંગાવ્યો, અને પછી તે બંને ધણી ધણીયાંણીને અવલથી તે આખેર વેર સઘલી બીના કહી સંભલાવી.

હું તે બે મદમાસોને આગમચથી પીછાંણતી હતી, ને તે રાતની તેમની મારા શેઠ જોડેની મુલાકાતથી બી બેખબર હતી નહીં એ વાત સાંભલી મારા શેઠની અક્કલ ગુમ થઇ ગઇ, પણ જ્યારે તે પછી મેં મારાપરનાં વીટંબણાંની વાત વીગતે બ્યાંન કરી ત્યારે તેઓને જે બેહદ ગભરાત ને બેશુમાર અજાયબી પેદા થઇ તે હું વરણવી શકતી નથી. મારા જેવી એક નાતવાંન છોકરી એ ઓ-ચંબાભરેલાં હાંડેસાંઓમાંથી સલાંમત બચવા ને જીવતી પાછી ફરવા પાંમી એ વાત તેઓને એટલી તો તાજુબી ભરેલી લાગી કે જો સચ્ચાઈની પ્રગટ નીરદોશતા જે મારાં મોંપર ગુવાહ તરીકે પ્રદીપ્ત થઈ હતી તે નહીં હતે તો તેઓ તે વાત માંનતે બી નહીં. મારી શેઠાંણીએ તો હાથ હાથ આંગલા કરડી કહ્યું, "ઓ માય! તારી જગાએ હું હોતે તો કેની તો તે મરી ગીયા મને ઘેરમાં પકરતે તેટલાંજ હું તો ધાસ્તીથી ખરેખર ઘેરમાં ને ઘેરમાંજ મરી જાતે; તો તું તો ખાઈ ને ખીણમાંથી બી પણ પાછી જીવતી આવવા પાંમી એ શું કેહેવાય ?"

"હવે જો શેઠ એકદમ મુંબઈ જઇને તે બદમાસોને મલે તો તે લોક જરૂર પકરાઈ આવશે, એટલુંજ નહીં પણ ચોરાયલી સઘ-લી મતા ને કીંમતી અવેજ બી હાથ આવશે."

"હા, તેજ મારો વીચાર છે," મારો શેઠ જે કેટલો વખતથી મારી હીંમત ને હુશીયારીની પુશકલ તારીફ કરવા પડયો હતો તેણે ઉશકેરાઈ આવી કહ્યું. "હું ત્રણ વાગેનીજ ગારીમાં ઉપરી જાઉંચ, ને જો તે હરામખોરો સેહલ સલુકે મને બધી મારી મતા હવાલે કરશે તો એ વાત જાંણે કંઈ બન્યુંજં નહીં હોય તેમ આપરે બધાં વીસરી જશું, અને—"

"શું?" મેં ઘણા ગુસ્સાથી કહ્યું, "શેઠ, તમે તે લોકને મારે વાસ્તે પકરાવાના નથી? મારીપર કીધેલી ખુંની કોશેશ વાસ્તે તે મુવા મુજીઓને તમે જીવતા જવા દેશો? હું નાવારેસ છું તો તમારે તો મારા બાપની જગ્યા રાખી આજ ને આજ તે લોકને પકડાવાની દોર ચોર કરવી જોઈશે—" અને મારો શેઠ પોતાની મતા મલે તો સઘલું ચુપ કરી દેવાની શરમભરેલી એકલપેટી આપમતલબી દુરંખાસ્ત લાવ્યો તે ખ્યાલમાંથીજ મને એટલું તો દુઃખ થયું કે મારાં માબાપને આ વખતે ઘણાંજ દુઃખથી—એવડા ને ચોવડા સંતાપથી યાદ કરી હું દુસકે દુસકે રડી.

"અરે તું સમજતી નથી, પોરી" મારા શેઠે મારો કકલાત જોઇ દયાને બદલે કંટાલા ને કાંઇક ખીજવાતથી કહ્યું—અને પછી મારી બાઇ તરફ ફરીને તોરમાંજ વધાર્યું, "હું મુંબઈ ઉપડી જવાની તૈયારી કરવા જાઉંચ. તું એને બધું બરાબર સમજાવી લેજે,"—અને તે ઉતાવલમાં જતો રહ્યો.

પ્રકરણ ૩૦ મું.

ઢાંકપીછોડો.

તે પછી મારી શેઠાંણી પાસે હું હઠ લેઈ બેઠી કે તે માહા બુરાઓને મારી તરફની તેઓની નાતરસ ચાલ માટે જરૂર પકડાવવા, કેમકે વાંચનારને કેહેવું પડશે નહીં કે તે પાપીઓનું નેહેસ્ત કદમ કોઈ બી રવેશે મુંબઇ ને તેની આસપાસથી નાબુદ થઇ ગયેલું જોવાને હું ઘણીજ આતુર હતી. મેં જોયું કે જયાંવેર તે દોજખીઓ મુંબઈ ને તેની આસપાસે હશે ત્યાંવેર તેમની સંગતમાં ભાંણ ભુલેલા મારા કમાનસીબ ભાઈને સુધારીને સીધે રસ્તે ઉતારવાની દરેક કોશેશ અને ઉમેદ રદ જવાની, પણ જો મારી તરફ ચલા-

વેલી ઘાતકી ચાલ અને ખુંની હુમલાની સજામાં કદીને તેઓને દેશતરીપારની સજા ફરમાવામાં આવે તો મારૂં વેર વલવા ઉપરાંત મારી એ સર્વોતમ મતલબ બી સરે. એટલા માટે મેં બજીદાઇથી મારી શેઠાંણીને કહ્યું કે તે લોકને પકડવામાં આવે, પણ મારી બાઈએ આંખોમાં આંસુ સમેત માંગી લીધું કે મારે એ જીદ નહીં કરવી. "મારી દીકરી," મારી શેઠાંણીએ રડીને કહ્યું, "હવે હું તુંને પેટની દીકરી કરતાં વધારે ચાહતાં શીખીચ—એટલી બધી હું તુંને દયાલુ, ભલી ને ભોલી જોઉંચ,અને તેથી દીકરી તરીકેજ હું તારા પાસ માંગી લેઉંચ કે તે મુવાઓને તું જતા મેલ, ને એ વાતની ગરબર થવા ના દે. તેનું કરણ તો તું જાંણેચજ. જો તે મુવાઓ તારા શેઠની બધી નાલાયકીની વાત હોહા કરશે, ને તેવણ જે મુવો ભેર કરીને બધું વેચેચ તે વાત લોકમાં જણાશે તો અમે બધાં જીવતાં મરી જશું. અમારો આધાર બધો એ દુકાંણપર છે, ને જો દુકાંણ ગગરી ગેઈ તો અમે ભુખેજ મરશું, ને તેમાં વરી તારા શેઠપર જો કાંઈ સરકાર તરફથી કાંતી આવી તો અમારૂં નખ્ખોદજ વરી જશે. તેથી અમારે ખાતર નહીં તો અમારાં કમનસીબ બચ્ચાંઓને ખાતર તું તે મુવાઓને છેર ના, ને જતા મેલ."

આ અસરકારક 'અપીલ' સામે હું ટકી શકી નહીં. મારી ગરીબડી શેઠાંણીનાં કગલવાથી અને રડવાથી મારાં પેટમાં એટલું ચુંથાઇ આવ્યું કે તેને ખાતર સઘલું ખમી જવા ને વીસરી જવા હું તૈયાર થઈ, ને મેં જ્યારે આસુઓ વચ્ચે તે કીસમની તેને ધીરજ ને ખાત્રી આપી, ત્યારે તેણે ઘણું હેસાંન ને ઘણા હરખથી મારા હાથ લઇ આંખમાં દાબ્યા.

તે પછી પાછી ઘણી થાકી જવાથી—કેમકે હું અતી ઘણી નાતવાંન બની ગઇ હતી—હું મારી શેઠાંણીની સલ્લાહ મુજબ નીરાંત કરી સુતી, અને તુરત વલી ઉંઘાઈ ગઈ.

છેક રાત પછી મારો શેઠ ઘેરમાં પાછો ફરયો, અને મારી શેઠાંણીની મારફતે તેની મુંબઈની મુલાકાતના સંબંધમાં મને જે ખુલાસો મલ્યો તે વાંચનારની જાંણ માટે અતરે ઉતારવો જોઈશે.

તે મુંબઈ જઈને પરેલમાં જ્યાં બુલડાગ ને કાઉકાકરી જે એક ખોપટાંમાં અલાહેદા રેહેતા હતા ત્યાં ગયો, પણ તે ખોપટાંને તાલું હતું, ને તે બંને નેકનામો ઘરમાં ન હતા. કદાચ તેઓ ચા-

જતા નીકલવાના સબબે હજી આવી પોંહોંચ્યા નહીં હોય એ અનુમાન મારા શેઠને તુરત થયું, પણ વધુ ખાત્રી કરવા તેને કોઈએ સુચવ્યા મુજબ તે "રોયલ જેક" માં તેમની ખબર કાઢવા ગયો. ત્યાં બી તેઓ ન મલવાથી તે શું કરવું તેનાં ગુંચવાડા ભરેલાં વમાસણમાં તેમનાં પેલાંજ ખોપટાં તરફ પાછો વલ્યો, તેટલાં તો સાંમેથી તેજ બંને અશો આદમીઓ દેખીતી રીતે તમામ થાકીને લુસ થયલા, કાદવ કીચલ ને ધુલ ધુમાડાથી ખરડાયલા લચરાયલા, ટાંટયા ઘસડતા ઘસડતા આવતા જણાયા!

મારો શેઠ તુરત તેઓની સાંમે થયો, ને અપરાધી અંતઃકરણ હોવાથી તેઓ તેને જોતાંજ ફગલાયા ને ગભરાયા. તે પછી તેઓને મારા શેઠે સઘલી વીગત કહી સંભલાવી, અને જ્યારે તેઓએ જાંણ્યું કે જેને તેઓ કલ્યાંણી ખાતેની બાહાર ટેકડીની નીચેની ઉંડી ખાહીમાં ગબડી પડી દરયાના મોજા સાથે કયાંની કયાં મુવેલી ઘસડાઈ ગયલી જાંણતા હતા તે તમામ જીવતી જાગતી ને સલામત છે, ને તે તેમનાં પાપ માટે તેમને સપડાવી દેવા એક પગે છે ત્યારે તેઓ ગમે એવા હંમેશના પાપમાં પ્રવીણ હોવા છતાં ધુજવા પડ્યા, ને જે ચોરયું લુટયું હતું તે સઘલું પઈએ પાઈ કાલાવાલા સમેત આપી દેવા તૈયાર થયા. મારા લોભી અને આપમતલબી શેઠને બી ફકત એજ જોઇતું હતું, ને તેથી તે તેઓ પાસથી સઘલી અસકેયાંમત દોકડે પાયકે પાછી મેલવી ફતેહથી મલકાતો ઘરે પાછો આવ્યો હતો.

એ રીતે ગઈ રાતના ભયભીત બનાવોનું સેવટ આવ્યું—બનાવો કે જેથી જાંનથી બેજાંન થતાં હું એક મોઅજેજાથીજ બચી, અને જે બનાવોનાં સાંટક ને સંકડાંમણના સબબે મારાપર જુલમ ગુજારનાર ખુંનીઓને સલાંમત છટકી જવા દેવાની મને મારી મરજી ઉપરાંત ફરજ પડતી હતી!

જેમ વાંચનાર ધારશે તેમ મારાપર એ ગુજરેલી જાલેમ વીપતીનાં પરીણામમાં હું ઘણી હલાક થઈ ને માંદી પડી. પેહેલી તારીખે તો મારા શેઠની એકથી અનેક તહરાંની કમકમાત ભરેલી ચાલના સબબે મને આ બીલકુલ નાપંસદ થઈ પડેલી નોકરી હું મુકી જનાર હતી, અને તે મારા ઠહાવની હું કાયદાસર મારાં શેઠ

શેઠાણીને ખબર બી આપી ચુકી હતી, પણ જ્યારે ૧ લી તારીખ આવી ત્યારે તો હું માંદગીનાં બીછાંણાંપર હતી !

આંઠ દીવસ હું ઘણી હલાક થઇ, કે જે દરમ્યાંન તાપ અને માંથાનો દુખારો વગેરે માંદગીઓ મને સોસવી પડી. આ વેલા મારે ઈનસાફને ખાતર કબુલ કરવું જોઈએ કે મારી શેઠાંણીએ એક દાયા અથવા વધારે— માતાનીજ ગરજ સારી, ને જોકે દવાદારૂ પછવાડે એક દોઢયું ખરચતાં મારા શેઠનો તો જીવ જાન નીકલી જતો હતો, પણ શેઠાંણી તેનાથી હરૂસે પોતાની ગીરેથી મારાપર ખરચતી, ને મારીપર દેખરેખ રાખી દવાદારૂની જતનથી તેણે આઠ દીવસમાં મને સાહાજી કરી. તે પછીના બીજા આઠ દીવસ બી મારા બીછાંણાંપરજ ગયા—જોકે ત્યારે ફકત નાતવાંની ને નબલાઇ વતરેઝે બીજું મને કશું દુઃખ ન હતું.

હું જરા લગાર તટાર થઈ એટલે મેં દારાબપર જે બન્યું તે સઘલું વીગતે લખી વાલ્યું, ને મેં મારી ગરીબડી શેઠાંણીને આપેલા કરાર મુજબ તે બદમાસોને જતા મેલવા ને એ સઘલી વાત છાંનીજ રાખવા તેને મારા કસમ આપીને માંગી લીધું, કેમકે મને ભય હતો કે મારાપર થયલી આ ખુંનની કોશેશની વાત જાણતાંજ મારા એ બાલક ભાઈનું જવાંન લોહી ઉશકેરાઇ આવવાનું, અને તે કોઈ બી જોખમે તે ચંડાલોને પકડાવીને વેર લેવાની તજવીજ કરશે. એટલા માટે મેં સઘલું તેને સમજ પાડીને લખ્યું, અને તે ભલી બાઇને માટે ને તેનાં ગુલાબ જેવાં બચ્ચાંને ખાતર તે ખુંનીઓને વધારે નહીં છેડવા મેં માંગી લીધું.

પણ વલી તેજ કાગલમાં મેં અરજ કરી કે તેણે પેહેલી જોગવઇએ ખુશરોને મલી સઘલી કેફીયત બ્યાંન કરી કેહેવી, ને તેને તેની બેહેનનાજ ખુંનીઓનો પાપી પડખો એકદમ તજી દેવાને વીનવીને ફરજ પાડવી.

એ કાગલનો મને જલદીજ પાછો જવાબ મલ્યો, જેમાં મારાપર ગુજરેલાં વીટંબણાં માટે એ મારા કદરસનાસી બાઇની હજારો દીલસોજી લખાઇ આવી, અને તે ઉપરાંત મારા ખુંનીઓ છટકી જવા પામતા હતા તે ઉપર ભારે અફસોસ બતાવેલો હતો "તેમ છતાં વ્હાલાં બેહેનજી," દારાબ પોતાનાં કાગલમાં લખતો હતો, "એક ભલી અબલાનું ભલું સાચવવા તમે

એ ભલાઇનું પુન લેઓ છો તો હું તેમાં આરે આવતો નથી, ને તે પાપીઓને મોરે વેહલે તેઓનું પાપ મારશે તે પરજ હું સબર પકડું છું. વલી ખુશરોને તમે એ વાત કેહેવા લખો છો, પણ તેનું જાંણવું એ કે તે આપણો કમનસીબ ભાઇ ખુદા જાંણે કયાં જતો રહ્યો છે તે જણાતું નથી, ને પેલા બેઉ બદમાસો બી ઘર બંધ કરી કેઠે જતા રહેલા જણાય છે, જેથી મને ભય છે કે તે તેઓની ખુંની સંફમાં તેમની સાથજ કેઠે જતો રહેલો છે."

આ રીતે દારાબ લખતો હતો, અને ખુશરોને લગતા આ વધુ ખાનાખરાબીના સમાચાર વાંચી હું જે વધુ દુઃખી થઇ તે વીગતો બ્યાંન કરવા હું અતરે લાંબું કરશ નહીં.

પ્રકરણ ૩૧ મું.

કસાકસી અને હરીફાઇ.

બરાબર પંદર દીવસે હું ઘરમાં ફરતી હરતી થઇ, ને બીજા પાંચ સાત દીવસમાં હું પુરતી તટાર થતાં તે નોકરીમાંથી નીકલી જવાનો વિચાર રાખતી હતી; પણ જે દીવસે હું પેહેલી તટાર થઇને નીચે આવી તે દીવસે મેં કાંઇ નવોજ મેહેમાર જોયો. મારો શેઠ અતી ઘણો ઉશકેરાયલો ને મોંમાંથી ગાલો ભાંડતો ઓરડામાં એમથી તેમ પાંજરાંમાં ઘાલેલા વાઘની પેઠે દોડતો હતો, અને મારી શેઠાંણી ઘણા ગમખાર ચેહેરે બારીમાંથી બાહેર જોતી હતી. એ શું હતું?

મારો શેઠ એવામાં બાહેર ગયો, એટલે હું બારી આગલ ગઈ, ને સઘલો ખુલાસો થયો. મેં આગલ કેહેલું છે કે મારા શેઠના હાથ નીચે એક મોબેદનો છોકરો હતો, જે ઘરાક સાચવવાનાં કામમાં એટલો માહીર બની ગયો હતો ને ઘરાકો સાથ એવો પલોતાઈ ગયો હતો કે તે મારા શેઠની ગેરહાજરીમાં બી મજકુર દુકાંણ ઘણીજ ફતેહમંદીથી ચલાવતો. આ છોકરાએ માંથું ઉચક્યું હતું, અને તે મજકુર સઘલી ગડબડ ને ગભરાતનું મુલ હતો. તેને ગઈ સાંહજે કાંઇ નજીવા વાંકપરથી મારા શેઠે ઠપકો આપ્યો એટલે તે છેરાઇ પડયો, અને તુરત તેણે નોકરી મુકી જવા માગી. મારો શેઠ જાંણે કે તે ભપકો કરતો હશે કરીને ખીજવાઈને કહ્યું, "પણ ગોલામના ખાધા કાલે જાતો હોય તો આજેજ કાંય નથી જાતો? કંઈ બીહીધરાવેશ કે શેં?"—અને જમસુને તેજ જોઇતું હોય તેમ તે તુરત જતો રહયો!

તે પછી બીજી સહવારે જ્યારે મારો શેઠ ઉઠીને દુકાંણુ ઉંઘાડવા ગયો ત્યારે તેણે શું જોયું? બરાબર સાંમેનુંજ એક નાઘલું ઘેર ને તેની નીચેની દુકાંણુ જે ઘણુંની ખાલી હોવાથી બંધ કરી મેલેલી હતી તેમાં જમસુએ ઘણાજ ઠાઠથી—મુંબઇનીજ શોભીતી દુકાંણોની રોણકની ઉપપર એક મોટી દુકાંણુ ઉંઘાડેલી; ને તેનાં તહરેવાર પાટયાં લટકાવેલાં! આ ખઆખરખર ઘરને સમારકામ ને રંગ ચુનાનું કામ તો બહુ દીવસોથી ચાલતું હતું, ને તેપર સૌનું ધ્યાંન ખેંચાયું હતું, પણ કોઇને સ્વપ્ને બી ખ્યાલ ન હતો કે જમસુ છુપી રીતે નવી દુકાંણુ ઉઘાડવાની તે સઘલી પગભર તૈયારીઓ કરતો હતો! ખરેખર, તે ઘર પંદર દીવસ પછી મેં જોયું ત્યારે તેની ફેરવાયલી રોણક નો ઠાઠ જોઈને હું બી ઘણીજ અજબ થઈ. ટુંકમાં, જમસુએ ઘણુ દીવસો આગમચથી મોટા પાયાપર છુપી રીતે તૈયારીઓ કરવા માંડેલી હોવી જોઇએ, અને સઘલું તૈયાર થઇ રેહેતાં તે ફકત એકાદ છીટાં કે બાહણાંને વાસ્તેજ ખોટી હતો, જે મલતાં મજકુર પરપોટો ઘડાકા સાથે ફુટયો હતો. તેણે પોતાનું કામ એવી તો સીફતથી ને કુનેહથી કીધું કે જ્યારે સહવારે દુકાંણુ ઉંઘાડતાં સાંબેના ઘરપર પાટયાં ને કાગલો ચોંટાડેલાં મારા શેઠે જોયાં, ને અંદર એક સફાઈદાર દુકાંણુ ને રાચરચીલાં સાથ દીપતો એક ગાંધીની દુકાંણને બરનો બેસુમાર સામાન જોયો ત્યારે તે અચરતીથી બેસુદ્ધ નહીં થઇ પડયો એજ એક અચરતી હતી. જાંણે અરેબ્યન નાઇટસ માંહેલા અલાદીનની વીટીવાલા એકાદ જીને રાતોરાત ને ચુપચુપ સઘલું તૈયાર કરી આપ્યું હોય એવોજ સઘલો ત્યાં મેહેમાર હતો!

વલી જમસુની દુકાંણુપર પાટયાં કેટલાં ને કેટલી તરેહનાં હતાં! વચમાં એક ધ્યાંન ખેંચનારૂં મોટું પાટયું હતું, જે પર નીચે પ્રમાણે લખેલું હતું:—

માબેદ જંમશેટજી ઘંનજીભઇ હાતઊશ
જનરલ મારચન.*

વલી જમસુ હાતઉસ એટલુંજ કરીને ઘરાયો ન હતો. તેણે મારા શેઠપર એક ટપાલ મારફતે કાગલ લખ્યો હતો તે બી સહવા-

* આ પાટયાંઓ જેવાં અશુદ્ધ હતાં તેમજ અતરે ઉતારયાં છે.

રનાં પોહોરમાં મલ્યો હતો, ને તેમાં ખુલ્લો એકરાર કરેલો હતો કે તે મારા શેઠને તેનાં નીચપણાં ને મખીચુસપણાંને લીધે હંમેશ ધીક્કારતો હતો, પણ ફકત તેનું કામ જોઈ લેવા ને ઘરાકો પસરાવી લેવા સારૂંજ તે આટલા બધા મહીના તેના હાથતલે નોકરી કરતો હતો.

આટલી બધી ઉંધાડી ગેરસલુકાઈ ને નીમકહરાંમી—કે જે કદાચ મારા શેઠને તેનાં પાપની સજાજ હશે–તે પછી મારો શેઠ જેમ છેરાયો તેમ છેરાય ને ખીજવાયો તેમ ખીજવાય તેમાં નવાઈ જરાબી નથી. તે વાસે વઢે તે માહેલો આદમી થઈ પડયો, ને દુકાંણમાંથી માલપર ને માલપરથી દુકાંણમાં તે ગાંડા હાથીની પેઠે દોડયા કીધો, કે જ્યારે તેનાં મોંમાંથી જીવ કમકમાવનારી હજારો ગાલો જમસુ માટે ઝુરાબંદ બાહેર પડતી હતી.

તેને જરાએ કરાર ન હતો. ને તે પોતાના ગુસ્સા ને જુસ્સામાં પોતાનું અશોપણું અથવા તે ઠગાઈભરેલા અશોપણાંના ઢોંગ બી બચારો ભુલી ગયો હતો! તે જેમ જેમ જમસુની એ પાક બેહાઇ માટે વધુ વીચાર કરતો તેમ વધુ ચીરડાતો, ને વધુ ચીરડાતો તેમ વધુ હાથપગ પછાડતો. તે કમબખત ઉપર આવતો તો જમસુનો ખાર સઘલો બઇરી છોકરાંપર કાહડતો. જો તેની બઈરી ચુપ બેસતી તો ફપડતો કે—'ગોલામની ખાધી બેશીને માજનું જોએશ, પણ કંઇ બોલતી નથી,' ને જો બચારી દયા ખાઇને કાંઈ બોલતી તો કેહ જે "શત્યાનાશની ગીયેલી ભેજું ભાજી ખાઇ જાએશ, ને જરા કામકાજ સુઝ નથી પરવા દેતી." તેમજ વલી બચ્ચાં જો તેના આગલ તેનો ફપડેલો હાલ જોઇને જવાના અખાડા કરતાં તો કેહ જે, "રાંન નાપાખ આગલ રહીને બાપ થતાને બચ્ચાં ધીકારે તેવું શીખવેશ," ને જો બચ્ચાં બચારાં આગલ જતાં તો કહે જે આવાં તેવાં "કાઉ કાઉ કરીને મારો જાંન લેઇ નાંખશ."

એવો મારા શેઠનો હાલ બની ગયો હતો. કેમકે જમસુએ ગાંધીનીજ દુકાંણ કાઢી એટલુંજ નહીં, મારા શેઠની દુકાંણ કરતાં સરસ, વધારે મોટી ને વધારે ભપકા ભરેલી દુકાંણ કાઢી એટલુંજ નહીં, મારા શેઠની દુકાંનની બરાબર સાંમે–જાંણે મારા શેઠની છાતીપરજ દુકાંણ કાઢી બેઠો એટલુંજ નહીં, પણ વલી તહરેવાર જાતનાં

નાહનાં મોટાં પાટયાંથી મારા શેઠનું ગેરવીને બધું પલેઠર કરી મેલ્યું! તેનાં કાલી સાહીનાં, રાતી સાહીનાં, બલુ સાહીનાં વગેરે પલેકારડો ને પાટયાંના એકાદ બે નમુના નીચે મુજબ છે:—

નમુનો નંબર ૧ લો.

નજીશ ભેરંમભેરાની કાફીઠી દુર રેહેજો!!!

"કેતલાક હલકા દુકાંણુડારો સોજી ડરેલી મોખા કાફીને નામે કચરો વેચેજ તેથી તપાશજો, ને હમારે તાંહાંની તદન સોજી ડરેલી ખાતરીપુરવ ને ખરેખરી ચોખી કાફીની અજમાઈશ એક વાર કીધાથીજ ખાતરી થશે."

નમુનો નંબર ૨ જો.

(આ નમુનાવાલાં પાટયાંપર એક મોટી ચાની ટીપાટ પાડેલી હતી.)

"આખા હીનદુસથાંણમાં અમારા જેવી સોજી સોરંમદાર ને સવાદડાર ચાહે બીજું કોઇ વેસતું નથી. અમે ચીનના શેહેનશા સાથે ડર વરસે તાંહાંની ચોખી ચાહેની ૫૦૦૦૦ પેટી ખરીદવાનું ખાશ કંતરાજ કરેલું છે, ને તે મુજબ તેનો પેહેલો જથો ગઈ કાલેજ આવી પોંહોચયોચ."

[વાંચનારે ખાત્રી માંનવી કે આ ૫૦૦૦૦ પેટીનો પેહેલો જથો તે બચારાએ કયાં ગોડાઉનમાં સીચાવ્યો, ને કયારે ને કેમ આવી લાગ્યો તે બધું સમજાવાને આપણા જમસુ હાટઉસે જરા બી તકલીફ લીધી ન હતી]

નમુનો નંબર ૩ જો.

(આ નમુનામાં દેવલના મીનારા અથવા સેસના પરાના આકારમાં ખાંડનો ઢગલો પાડી બતાવ્યો હતો.)

"અમારી ખાંનમાં આટા કે રેટીનો જરા બી ભેર નથી. બીજા બદમારો તેવા ભેરની નજીસાત વેચેચ વાસ્તે તપાસજો! તપાસજો!! તપાસજો!!!

નમુનો નંબર ૪ થો.

"અમુને સાંભેની દુકાંણવારા સાથ જરા બી લાગતું વરગતું છે નથી. અમો પોતે સવતંતર અને આએ દુકાણના એખલા માલેક ને હઇઆત ધણી છઈએ, વાસ્તે સવુએ આએજ દુકાંણમાં આવવું ને પુછવું.

અમારા ભાવ ઘણાજ સસતા, ઘણાજ નજીવાછે!!!

હવે આવી ઢપની હરીફાઈથી મારો શેઠ બચારો ગભરાઈને દેવાંનો થઈ જાય તેમાં નવાઇ હતી? તેની વરસોથી મચેલી ને કંઈ કઈ જોહેમતે મચાવેલી દુકાંણ પાયામાલ થતી હતી! તેનું નામ, તેનું નાક—તેની નોંક જતી હતી, ને તે સઘલું શું ઠંડે કલેજે ખમે?

નહીં. તે લાગલો કલ્યાંણીમાં એકજ હાલહવાલ છાપાખાનું હતું ત્યાં દોડયો, ને એક દહાડામાં એક હજાર હેંડબીલ **"ચેતવણી!!!"** નાં મોટા કાલા ટાઈપનાં મથાલાં હેઠલ છપાવી લાવ્યો. આ હેંડબીલમાં 'સાંમેની દુકાંણવાલા' ને ઝુરાબંધ ગાલ હતી, ને તેનો માલ નજીસ હતો ને નકામો હતો તે બધું વીગતે સમજાવ્યું હતું.

આ હેંડબીલો આપીને બીજી સહવારથી તેણે એક દુબરાના પોસ્યાને બેઉ દુકાંણુની બરાબર વચમાં ઉભો કીધો, ને તે આવતાં જતાં લોકોને થોબાવીને તે હેંડબીલ આપવા લાગ્યો. હવે જમસુ કાંઈ થોએ? તે તેજ છાપાખાંનાંમાં જઈને ૧૦૦૦૦ હેંડબીલ છપાવી આંણ્યો, ને પેલા અવલ હેંડબીલ વેંહેંચનાર પોસ્યાની સોડમાંજ પોતાનાં માણુસને ઉભો કીધો. હવે આ બેઉ હેંડબીલ વેંહેંચનારા ત્યાંથી આવતાં જતાં કામકાજનાં લોકોને એક કંટાલો બલકે મરકી જેવા થઈ પડ્યા! ખરેખર, આ ફારસ એટલી હદ સુધી રફતે રફતે આગલ વધતો ચાલ્યો કે હવે ફક્ત ભીખાદારૂ ધણ્મુ ને જમશેદદારૂ હાતઉસ રસ્તામાં અધવચ્ચે ઉતરીને ફાઈટ રમે. અને તેમના માણુસો વચ્ચે 'પારટી ફીલીંગ'ની એક નાહની જેવી જંગ જાગે એટલીજ રમુજ બાકી હતી, અને તેવું બી જલદીજ થશે એવો મને ગંભીર ભય થયો!

પ્રકરણ ૩૨ મું.

નવી નોકરીની વકી.

પણ એ ફેસાદખોર ફારસનું સેવટ શું આવ્યું તે જોવા કે જાંણવા હું પાંમી નહીં, કેમકે તે સેવટ આવે તે આગમચ તો મારા ઠરાવ મુજબ મને આ તમામ નાપસંદ થઈ પડેલી નોકરી મુકી જવાનું થયું.

આ નોકરી મુકી જવા પછી વલી મારૂં શું થશે ને હું કોણને આસરે જઈને રેહેવશ તે ઓશીઆલાંપણાંનો મને અફસોસ મોટો હતો, પણ મેં આપેલી નોટીસની અવધ પુરી થાય તે આગમચ ખુદાએ જાંણે એજગેબી મને એક નવી નોકરી મેલવી આપી. હું એક દીવસ નીચે આવી તેવીજ મને શેઠાંણીએ ખબર આપી કે એક શેઠયાનાં ઘરમાં મારી કીસમની એક દાયાની જરૂર હતી. "એ ખબર મને કાંહાંથી મલી," મારી શેઠાંણીએ પોતાના દુઃખથી ફીક્કા પડી ગયલા ચેહેરા સાથે ફીકકું હસીને કહ્યું, "તે હું તુંને વીગતે સમજાવી શક્તી નથી; પણ જો તારી મરજીજ હોય તો હમણાંજ તું તે શેઠયાને બંગલે જઈને મલી આવ, કેમકે પુનેથી મુંબઈ જતાં તે લોક અહીં હમણાં ઉતરેલાં છે, ને કાલે તો વલી અહીંથી ઉપડી જવાનાં છે."

મેં આ ખુશ ખબર માટે મારી શેહાંણીનો ઉપકાર માન્યો. મને એ અબલાની તેના કડ્ડેરા વરને સબબે ઘણીજ દયા લાગતી હતી, અને તે પોતે બી મને એક પેટનાં બચ્ચાં પેરે ચાહતાં શીખી હતી, વાસ્તે તેણીએ મને પોતાની નોકરી નહીં મુકી જવાને ઘણું સમજાવ્યું હતું, જે વાત હું ઘણાક સબબોસર મંજુર કરી શકી નહીં. અવલ તો મેં આગલ એસારો કીધો છે તેમ મારા ધરમઠગ શેઠની નીતી સાંમે મને મજબુત વાંધો હતો, અને તેજ એ નોકરી તજી જવાનું જોઇએ તેવું મોતેબર કારણ હતું. વલી તે ઉપરાંત તે ફેસાદખોર ધામમાં મારા શેઠના જુલમાત ને મારી ગરીબરી શેઠાંણી અને તેનાં તેવાંજ નીરદોશ બચ્ચાંના કકલાત વચ્ચે બી ટકવાનું મને ભારી પડયું હતું. એ અને એવા બીજા એકઠા સબબોનેસર મેં આ નોકરી છોડવાનો જે ઠડાવ કીધો, તે ઠડાવની લાચારી જોઈ મારી શેઠાંણીએ પોતેજ મારે માટે આ કાંઈ નવી નોકરીની કદરદાંની સાથે દોરચોર કરેલી જણાતી હતી.

એમ છતાં તેણીએ જ્યારે મુંબઇના એક જાંણીતા શેઠયાનું મને નામ અને ઠેઘાંણી આપી, ત્યારે એવાં એક શ્રીમંત કારખાનાંમાં મારી ગરીબરી શેઠાંણીનો વગ કેમ પોહોંચી શકયો તે ઉપર હું ઘણી અચરત થઇ. મેં એ ખુલાસો મારી શેઠાંણીથી ચાહાવાની કોશેશ બી કરી, પણ જાંણે એ વાતમાં કાંઈ ભરમ હોય તેમ વલી તેણીએ મને હસીને એ સવાલ ઉડાવ્યો, અને ત્યારે ચાંપીને મને તે પુછવા ગમ્યું નહીં, એટલે હું ખામોશ રહી.

આ નવી નોકરી શેઠાંણીનાં કેહવા મુજબ મુંબઈના જાંણીતા શેઠ હીજી શેઠખાનદાનને ત્યાં હતી આ ધમકવાલા શેઠને હું કાંઇ ઓલખતી ન હતી, પણ તેનું નામ જાંણીતું હોવાથી એક મોટા ધનવાંન પારસી તરીકે તેનું નામ ઘણી વાર મારાં સાંભલવામાં આવ્યું હતું.

પણ નહીં ધારેલી રવેસે એ મોટાં કારખાંનાંની મને નોકરી મલવાનો જોગ થયો ત્યારે તે મેલવવા જવું અને તે કબુલ કરવી કે નહીં તે વીશે હું શંકાશીલ થઇ. પૈસાદારોના તોર તુમાખ ને ફાંટાઓ વીશે મને ઘણો ઓછો વીચાર હતો, ને તેથી તેવી એકાદ ફાંટાદાર શેઠાંણીના દોરમાં ફસી પડવાના ડરથી હું ઘચુપચુ થઇ, પણ મારી શેઠાંણીએ મને હીંમત આપી, ને 'એક સારૂં ઠેકાંણું' નહીં જતું

મેલવાની મને ભલાંમણ કરી, એટલે હું હીજી શેઠની ધણીઆંણીને મલવા મને આપવામાં આવેલી ઈધાંણીબંધ ગઈ.

તે મુકાંમ ગામડાંને બરતું તોબી તે ગામડાંમાં સૌથી ઉંચી પંકતીનું સુઘડ અને શોભઈતા એક બેઠા બંગલા સરીખું હતું, અને હું એક રાજ મેહેલમાં જતી હોઉં તેમ બીહીતી બીહીતી અંદર ગઈ. ત્યાં એક બાહેર ઉભેલા નોકરને જઈને મે શરમાતાં શરમાતાં ને અચકાતાં અચકાતાં મારૂં કામ સમજાવ્યું. તે કોઈ ભલો આદમી હતો. તેણે તુરત મને લઈ જઈને એક આગલા ખણમાં બેસાડી, અને પછી પોતાની શેઠાંણીને મલી આવીને તે મને પોતા સાથે લઈ ગયો.

જે ઓરડામાં તે શેઠાંણી હતી તે એક મોટું દીવાનખાંનું હતું, અને ત્યાં એક સોભઈતા સોફા ઉપર તે ખુબસુરત જવાંન અબલા અરધી અલેટાયલી હતી. તેનાં આંગમાંનો પેહેરવેશ ઘણોજ મોંઘો કીમતનો અને શોભઈતો હતો, જોકે હું જેટલી ચાહું તેટલી સાદાઈથી બી તે પોશાક કોઈ રીતે ખાલી ન હતો.

તે જવાંન અબલા જે સોફાપર અલેટાયલી હતી તે સોફાની સોડમાંની એક આરમચેર ઉપર મોટાં માથાના સફેદ દુધ જેવા બાલવાલા એક દોસાજી બેઠેલા હતા. તેનાં આંગમાં એક અસલી શેઠયાને બરનો સઘલો મોંઘી કીમતનો પેહેરવેશ હતો. ઉંચા અલેચાની ઈજાર ને અલેચાનીજ તોપી હતી, જ્યારે ખરી અસતરીનું આડાબંધનું વાસ્કુત હતું.

તે દોસાજીની ઉંમર ૭૦ ઉપરની જણાતી હતી, જેથી અનુમાન સેહેલ હતું કે પેલી જવાંન અબલાનો બપાવો અથવા તો બાપ થતો હતો. તેનો ચેહેરો રોબવાલો અને ઘણો ગંભીર હતો, અને તે ચેહેરો એક આયનાની માફક તે પોતાની પદવી કે પૈસાપર ઘણોજ મુસ્તાક ને તુમાખદાર હોય તે બતાવતો હતો.

હું જ્યારે ઓરડામાં દાખલ થઇ ત્યારે તે દોસાજીએ જાંણે મારા ભણી દોકું ફેરવીને જોવામાં બી તે એક નવાજેશ ફરમાવતો હોય તેમ ઘણાજ દબદબાથી જોયું. તેજ પલે વલી તે જવાંન અબલા મને જોતાંજ ધીમે ધીમે સોફાપર ઉઠીને બેઠી, અને પછી ઘણા મીઠાસથી પુછ્યું, "મારાં છોકરાઓને વાસ્તે જે છોકરીની મને આટલી બધી ભલાંમણ થઇચ તે તું છે કે?"

મેં હા પાડી, જે ઉપરથી મારૂ નામ ને મારી ઉંમર વગેરે પુછી લેઇ તે અબલાએ વધાર્યું, "ઠીક છે ત્યારે શીરીન, તુંને કાલને કાલ અમારે તાંહાં આવવું પરશે ને—"

"એ શું નાદાંની કરોચ જો, પીલાંઉ ?" હવે તે દોસાજીએ વચ્ચે પડીને કહ્યું, ને તે અબલા સાથે ઘણાજ પ્યારથી-ઘણા લાડથી બોલતો હોય તેમ જણાતું હતું. "એ પોરીની ચાલચલગત કેવી છે કેવી નહીં તે જાણ્યા જોયા વગર તું એને રાખી શું દેચ ? દોસાને કેહ કે એને વીશે બરાબર ખબર કારે, ને પછી વાત."

"તમે ચપી જશોજી ?" પીરોજા અથવા પીરોજબાઈ (પીલાંઉ !) કે જે મારી શેઠાંણીનું નામ હતું તેણે ઠપકાથી નહીં, અનકાથી બી નહીં પણ તેવાજ લાડથી કહ્યું. "હું પછી તમુને બધું કેહવશ, હીજી. મેં એ છોકરીની ઘણી તારીફ સાંભરેલી છે." --ને તેણીએ પોતાના બરફ જેવા સફેદ હાથે તેનો કરચલી વલી ગયલો હાથ દાબ્યો.

આ વાતચીત અને તેની ઢપછપથી મારી આંખ ઉઘડી કે આ દોસો હીજીશેઠ પોતે હતો, અને આ જવાન છોકરી તો તેની પરણેતર ધણીયાંણી હતી ! આ કજોડું જોઈ હું હેરત થઈ ગઇ. મેં ઉપર કહ્યું તેમ મારી શેઠાંણી એટલી છોકરવન અને જવાંન જણાતી હતી• કે તેણીની ઉંમર ભાગ્યેજ વરસ ત્રેવીસેકની હોય, અને તેના બપાવાને લાયકની ઉંમરનો આ દોસો તે તેનો ભરથાર થતો હતો એ ખેદયુક્ત દેખાવ ને બનાવ જોઈ હું ખચ્ચીત અચરત થઈ.

"એમ છે, મારી પીલાંઉ ?" તે દોસાજી પોતાની પરણેતરના જવાબથી ને બોલીના મીઠાસથી ખુશ થઈ ગયા હોય તેમ કહ્યું. "જા, તારી મરજીમાં આવે તેમ કર, પણ તું બધી વાતમાં મને એમ સમજાવી સમજાવીને ફાવી જાએચ, હઃ લુચ્છી ?"-અને જાંણે હું એક કમીની નોકર આદમી તેથી મારો અંદાજો કરવાની જરાએ જરૂર ન હોય તેમ તે શ્રીમંત શેઠયાએ પોતાની જવાંન પરણેતરના ગાલ ઉપર પ્યારથી એક ધીમો તમાચો મારયો.

મેં ઓશકાઈને નીચે જોયું.

"સમજી કેની શારીન ?" મારી શેઠાંણીએ હવે પાછું મારી તરફ ફરીને મારાપર ધ્યાંન આપ્યું, "દોસો કરીને અમારો એક

કારભારી છે તે બધું તારા પગાર વગેરેનું નક્કી કરશે—નવાં નોકર-નફરો રાખવા મુકવાનું બી અમે તેનેજ સોંપેલું છે. તે આપરા આએ મોટા શેઠનો"—અને તેણીએ પોતાના બુઢા ભરથારને બતાવ્યો—"ઘણાં વરસનો એકીનદાર કારભારી છે; પણ તુંને પગાર તારાં મનમાનતો મલશે તેથી તું તારે કાલથી આવજે."

"હા, કાલે સક્કારે સહવારનાં પોહોરમાં," દોસાજી વલી વચ્ચે બોલ્યા.

"હા સહવારનાં પોહોરમાં, શીરીન," શેઠાંણીએ ટેકો આપ્યો. "અમે સહવારના સાતની ગારીમાં તો મુંબઇ આપરા પોતાના બંગલામાં જશું: કેમ એમજ કેની, જી?" અને એ છેલ્લો સવાલ તેણીએ પોતાના ભરથારને ખુશ મીજાજે હસીને પુછયો.

"હા એમજ તો, પીલાંઉ," શેઠે કહ્યું. "પોરી તું છ વાગામાં અહીં આવજે રે," તેણે તોરમાં મને હોકમ કીધો.

મેં આ હોકમ બજા લાવવા તાબેદારી બતાવી, ને પછી હું તેમની હજુરમાંથી બાહેર પડી.

તે પછી મારી જુની નોકરીને મુકામે પાછી વલતાં આ મારી નવી નોકરીના સંબંધમાં જે જોયું અને જાંણ્યું હતું તે ઉપર હું ઘણી અચરત થઈ. આવાં મોટે ખાંચરે મેં ઉપર કહ્યું તેમ મારી ગરીબરી શેઠાંણીનો વગ પોંહોંચે એ માનવાજોગ હતુંજ નહીં, ત્યારે કોણની સીફારસ અથવા ભલાંમણથી હું આ નોકરી મેલવવા પાંમતી હતી તે મારો ગુંચવાડો હતો. વલી બીજા હાથપર આ એક સુખવાસી નોકરી એટલી સેહેલથી મલી જવા સારૂં હું પોતાને ભાગ્યશાલી સમજતી હતી, કેમકે નોકરી સુખવાસી થશે એ તો મારી શેઠાંણીના સ્વભાવ વગેરેનું મેં જેટલું જોયું તે ઉપરથી હું ઘણાં સેહેલથી અનુમાન કરી શકતી હતી. મારા શેઠ સાથ મને કશું કામ લેવું ન હતું—એવાં મોટાં કારખાનાંઓમાં શેઠયાઓ નોકરનફરોનાં કામમાં માંથુ મારતા નથી તે મને ખબર હતું—ને મારી શેઠાંણી મેં જોઈ લીધું કે એક ઘણીજ ભલી સાહલેશ અને કદરસનાસી અબલા હતી; પેહેલીજ નજરે હું તેને માટે સારૂ મત બાંધી શકી હતી, એટલે આ નોકરી સારી નીવડશે એમ માનવાને હું વેહેમ ખાતી ન હતી.

મારા પગારનું નક્કી ન થયું હતું તેનો બી મને જરાએ વસવસો કે અપસોસ ન હતો, કેમકે દેખીતી રીતે જે છુપ્યા દોસ્તની સીફારસથી આ નોકરી નક્કી થઈ હતી તેણેજ કરેલી ગોઠવણ મુજબ તે પગાર ઘણોજ મનમાનતો હોવો જોઈએ એમ મારી નવી શેઠાંણીનાં બોલવા પરથી તુરત સમજાઈ આવતું હતું, અને તેથી એ એક વાત ઉપર બી હું તદન નચીંત હતી.

બીખાદારૂનાં ઘરમાં પાછી ફરીને મેં મારી ભલી શેઠાંણીનો ઘણો ઉપકાર માંન્યો. તે બચારીનો દહાંડા દેખીતી રીતે દીન ઉગે વધું પડતો આવતો હતો જમસુ હાટઉસ હરીફ થઇ લાગવા પછીથી બીખાદારૂએ પોતાનું ઘરમહંગપણું બી તદન વીસારી દીધું હતું, અને તે રીતે જેમ ઘરમાં તેમજ જાહેરમાં તે તેની ખરી ચાલચલણ સાથે અજવાલાંમાં આવતાં તેની ઘરાકી એટલી બધી તુટતી ચાલતી હતી કે જંલદીજ ઘરમાં ખાવાના વાખા પડશે એવો હીંગાંમ જણાતો હતો. આથી તેણીનું મને ખરાં દીલથી ઘણું લાગતું હતું, પણ તે તેણીનું કમનસીબ ઉલટાવા કે અટકાવા હું કશુંએ કરી શકું એમ ન હતું, એટલે હું લાચાર હતી.

બીજે દીને સહવારને પોહોરથી મેં તેણીની રૂખસદ લીધી. છોકરાં તો સુતેલાં હતાં એટલે તેમને તો હું બરાબર મલી શકી નહીં, ને મારો શેઠ તો જમસુ હાતઉસની વીરૂદ્ધ એક મસ મોટી જાહેર ખબર છપાવી લાવ્યો હતો તે પોતાની દુકાંણનાં બારણાંપર ચોંટાડવાની ધામધુમમાં પાછલી રાતથી રોકાયલો હતો, એટલે તેને મલવાને તો હું ચાહતી હતી તેમજ સગવડથી અખાડા કરી શકાયા.

પણ મારી શેઠાંણીથી છુટું પડતાં મને ઘણું લાગ્યું. તેને મારો ઘણો સહવાસ થયો હતો, તેથી તે જ્યારે મારાથી છુટી પડતાં ઘણું રડી, ત્યારે હું પણ તેને આંસુઓ વરસાવ્યા વના છોડી જઈ શકી નહીં.

પ્રકરણ ૩૩ મું.

મારી ત્રીજી નોકરી.

હીજી શેઠખાંનદાંનનો ઠઠેરો ભારી હતો. તેની સાથ મુસાફરી કરતા. નોકરનફરોનો એક ખાસ્સો મોટો રસાલો હતો તેજ તેના

ઠઠેરાનો જોનારને અભ્યાસ કરાવતો હતો. ખરેખર તો મેં જોયું કે તેને ત્યાં મારી જરૂર જરા બી નહીં હતી, કેમકે છોકરાંની દેખરેખ સારૂ જોઇએ તે કરતાં વધુ આસામીઓ હતાં, જેઓમાં એક તો અમીના કરીને આયા બી હતી, અને ત્યારે મને ફક્ત પોતાનો દબદબો વધારવા અથવા પોતાના કોઇ દોસ્તને રાજી કરવાજ તે મોટાં કારખાનાંમાં લેવામાં આવી હોય એવું ખુલ્લું જણાતું હતું.

અમો જ્યારે બધાં ભાયખલાનાં સ્તેશનપર ઉતરગાં ત્યારે મેં જોયું કે બે બબ્બે ઘોડાની અને બે એકેક ઘોડાની એમ ચાર ગાડીઓ અમો સર્વેની સગવડ માટે સ્તેશન બાહેર તૈયાર આવી ઉભેલી હતી. આ ચારમાંથી બે તેજી ખુબસુરત ઘોડાની એક શોભાયમાન વીકટોરીયામાં મારા શેઠ ને શેઠાંણી બેઠાં, કે જ્યારે પછવાડે એક જોડીની બ્રુહામ હતી તેમાં હું અમીના અને શેઠનાં છોકરાં બેઠાં; તે પછી બાકીની બે ગાડીઓ અરચુટણ પરચુટણ નોકર નફ્રેથી ભરાઈ, અને અમારી ગાડીઓ સઘલી ત્યાંથી ઉપડી ગંઈ.

અમીના એક બહુ બોલી તેમ બહુજ ભોલી—જે મજખમાં આવે તે ભટ દઇને બોલી દેનારી—મલતાવડા ખવાસની ને હસમુખા સ્વભાવની પારસી કુટુંબોમાં પલોટાઇ ગયલી આયા હતી. તેણે મને આખે રસ્તે રમુજ આપી હતી, ને મારાં નવાં શેઠ શેઠાંણીને લગતું જે જે જાંણવાજોગ હું નહીં જાંણતી હતી તેથી મને માહીત કીધી હતી. તેણીએ મને જણાવ્યું હતું કે હીજીશેઠ ઘણાજ પઇસાવાલા હતા, અને તેમના મુંબઈ પુના વગેરે ઠેકાંણે ઠેકાંણે મોટા બંગલા હતા. હમણાં તેઓ પુનામાં સીઝન ગુજારવા ગયાં હતાં, જ્યાંથી દોઢ મહીને તેઓ પાછાં ફરતાં હતાં, ને મુંબઇમાં દરયાના મુખડાપર અને પાહાડનાં ઉંચાંણપર વાહાલકેશ્વર ખાતે તેઓનો એક ઘણોજ ખુશનુમા બંગલો હતો ત્યાં અમે જતાં હતાં.

મારી શેઠાંણીને શેઠ સાથ પરણ્યાને ફક્ત પાંચ વરસ થયાં હતાં, અને એક પગ દખમાંમાં તેવા એક 'બુદ્દા જપ' સાથ પરણી આવવાનો તે મારી શેઠાંણીને શું શોખ થયો હશે તે અમીનાની અચરતી હતી, પણ વલી એ અચંરતી પોતેજ બતાવી પોતેજ તેનો ખુલાસો બી આપતી હતી કે દેખીતી રીતે મારી શેઠાંણીએ મારા શેઠનાં મોટાં નામપર—ને અગત કરીને પઇસાપર જીપલાવ્યું હતું.

અમો બંગલામાં પોહોંચ્યાં, ને તેના વીસતીર્ણ કંપાઉંડની સરલ વાટ વચ્ચેથી જ્યારે ગાડીઓ અંદર દોડી જઈ બારણાં આગલ ઉભી, ત્યારે અંદરથી કોઈ જાત પરજાત પાંચ સાત નોકર આદમીઓ પોતાનાં શેઠશેઠાંણીને લેવા દોડી આવ્યાં, અને નમી નમીને સલાંમ કરવા લાગ્યાં. આ વખતે તે બંગલાનો ઠાઠ જોઈ હું છક થઇ ગઇ. અંદર પેસતાંજ મોટો હાલ (જે આપણાં ગરીબનાં ઘરમાં ખડકી ગણાવી જોઇએ તે) બેસુમાર ઠાઠથી સજેલો હતો, અને વલી બંને બાજુએ જે હારબંધ ઓરડા કાઢેલા હતા તે બી તેનાં ઉંઘાડાં રહી ગયલાં બારણાંઓ માંહેથી મેં જોયું કે તેવાજ કુસાદે અને વલી તેવાજ આરાસ્તે હતા.

બાજુમાં એક મોટો સંગેમરમરનો દાદર હતો, જેની પોહોલાઈ એટલી બધી હતી કે બાર આસામીઓ હાથમાં હાથ ભેલવીને આસાનીથી ઉપર જઈ શકે! વલી દાદરની દરેક વલાંણપર શોભાયમાન લાંપ ગોઠવેલાં હતા, કે જે તહરેવાર ફીસમના આખાં માણસનાં કદની પુતલીઓના હાથમાં આપેલાં હોવાથી ઘણાં મજેહનાં લાગતાં હતાં.

બીજે માલે ઇંગ્રેજી ઢપ ઉપર 'નરસરી' એટલેં બચ્ચાંઓને સુવા રમવા જમવાના ઓરડા હતા. તેઓનો રમવાનો જે હાલ હતો તે ઓરડામાંથી ગરીબને ત્યાં છ ઓરડા થાય! તેમાં જાડા ગલીચા નખાવેલા હતા કે બચ્ચાં રમતાં પડે ઝીખાય તો વાગે નહીં, કે જ્યારે તેમાં સસતી તેમજ મોંઘી કીંમતનાં દેશી તેમજ ઇંગ્રેજી કારીગરીનાં શોભાયમાન રમકડાંઓમાંથી તો જાંણે એક રમકડાવાલાની ત્યાં મસ મોટી દુકાંણજ વસાવી દીધી હતી. ટુંકમાં, જેવા બંગલાના બીજા ભાગો રોણકમાં ને રાચ રચીલાંમાં ધ્યાંન ખેંચનારા હતા, તેથી કોઇબી રીતે આ 'નરસરી ફ્લોર' ઓછુ ધ્યાંન ખેંચનારો હતો નહીં.

નોકરનફરોનો તો મેં કહ્યું તેમ એ મારા ધનવાંન શેઠને ત્યાં એક ખાસ્સો મોટો રસાલો હતો. સૌથી વડો કારભારી એક પારસી નામે દોસાભાઈ (દોસો) હતો, જે નામે દોસો હતો તેમ ઉંમરે બી એક બાલ પાકેલો દોસોજ હતો. એમ છતાં તેનો રોબ ઘેરમાં એક શેઠના જેવોજ હતો. તે બધાં નોકરનફરોને ઠરાવીને પોતાના તાબામાં ને હોકમમાં રાખનારો હતો. વલી તેના પોતાના હાથ નીચે

બે માણુસો આપેલાં હતાં, જેઓ પારસીજ હતા, અને એ પારસીઓના હાથ નીચે લાલ્યા અને ફરંગી હતા. તબેલામાં વડો કોચમેન નાધલા કોચમેનપર હોકમ ચલાવે, ને નાધલાં કોચમેનના હાથ નીચે વલી ઘોડાવાલાની સંખ્યા દજણેકની થતી હતી. રાંધણીમાં બી બાવરચીઓનો એવોજ રફેલ હતો.—વડો બાવરચી અને તેના હાથ નીચેના બાવરચીઓ. વડો બાવરચી ફક્ત પોતાના હોકમો આપીને ખસતો રેહતો, કે જ્યારે કામનું સઘલું લડોરૂં તો તેના હાથ નીચેના બાવરચીઓનેજ કરવું પડતું હતું!

નોકરનફરોનું એ રવેસે જેમ મોટું ખાતું હતું તેમજ તેઓ વચ્ચે મોટા ફેસાદો અને મોટી ચોરીઓ બી હતી. મોટાઓ નાહનાઓ પર હોકમો ચલાવી પોતે અલગા થઇ જવા માંગે તે "ઈતરાત" સાંમે બાજે વખત હીંમતવાન હાથ નીચેનાઓ બંદ મચાવતા, ને તેથી આપસઆપસમાં નોકરોના ખણુમાં રોજનો ચાલુ ટંટો ને ચાલુ પંચાતો જોવામાં આવતી હતી.

તેમજ વલી ધોલે દીસની લુટફાંટ વીશે બી જાંણવું. જેના હાથમાં તેના' સાથમાં હતું, ને તેમાં સૌથી મોટો સાહુ ચોર શેઠનો "વીશ્વાસુ" કારભારી દોસો હતો. તે શેઠની દોલતે પોતાને ઘેર હમાચીજ મુફ્ત પોંહોંચતી કરતો હતો. બજાર હાથનો હોકમ આપી તે તો ખસી જનારો, એટલે બજાર લાવનારા નોકરો પ્રથમ પોતાની ચાંસ મારીને દોસા આગલ હસાબ રજુ કરે, ને દોસો વલી તેમાં પોતાના આકડા ઉમેરીને બીલનું બીલાડું તૈયાર કરી પ્રમાણીક દેખાવથી શેઠ આગલ રજુ કરે! દુધવાલો, ઘીવાલો વાંણ્યો, લાકડાંવાલો વગેરે વગેરે અમારી ધરાકી સાચવનાર દરેક ધંધાદારી સાથે સરત કે પોતાના આંકડાંમાં એકનું દોઢ માંડીને લાવવું, કે જેથી ઉપરનું અરધું જે જે કારભારીને હરતક તે આંકડો રજુ થવાનો હોય તેને હાઉ કરવાને બની આવે. એમ કરતાં જો કોઈ પ્રમાણીક લાગણીનો ધંધાદારી એવી અપ્રમાણીક નીતીથી કામ કરવા ના કહે તો પછી તેને ખસ્તો કરી બીજાને તેની જગાએ બોલાવેલો છેજ, કે જ્યારે પેલો બાપડો પ્રમાણીક માણુસ શેઠ શેઠાંણીના કાંનપર પોતાની ફરયાદ લાવવાને હજારો હજાર ફાંફાં મારી અંતે થાકી થાકીને ઘેર બેસે.

પણ વલી શેઠ શેઠાંણી એ વાતથી બીનમાહીતગાર હતાં એવું બી કશું હતું નહીં. તેઓ તે સારી રવેસે જાંણતાં હતાં અને સમજતાં હતાં, પણ તેઓનું અનુમાન એવું હતું કે નોકર આદમી નામ જાત ચોર, અને તેથી જો નવો 'સ્ટાફ' રાખવામાં આવશે તો તેબી રેહતે રેહતે એવીજ લુચ્ચાઇમાં રમવાનો. એમ કરતાં વલી પોતે "પૈસાવાલા" પડયાં, એટલે નોકર આદમીઓ સાથે નજીવી રકમો માટે રકજીક કરી તલ્લાસ કરવાનું તેઓને શોભે નહીં એમ બી એ 'મોટે ઘરનાંઓ'નું અભીમાન હોય છે, પણ હું અચરત છું કે તેમને જોવાને આંખ ને વીચારવાને ભેજું નથી કે જો જરા વધારે સાવચેત રહીને પોતે વધારે મેહેનત લે, ને નોકરનફરોને પ્રમાંણીક ચાલવાને ફરજ પાડે તો તેઓ એક એવી ગંજાવર વારસીક આવક જુદી બચાવી શકે, કે જે માંહેથી તેઓ લાચાર બેચાર ગરીઓને માટે કોઇ ઉપયોગી ધરમખાતું ચાલુ કરી શકે, અથવા કાંઇ લાયક સખાવતના દરવાજા ખુલ્લા કરી શકે!

મેં જોયલા અનુભવથી મને ખબર છે કે શેઠ શેઠાંણીનાં ઉતરેલાં કપડાં જપાજપ હાથમાં આવે એમ કરવાને લુચ્છાં નોકર નફરો તહરેવાર ઉપાયો યોજે છે. દાખલા તરીકે જો શેઠના એકાદ દગલાપર નજર બેઠી તો તેનું શું કરવું તે એક ચોરાંટયાં નોકરને ખબર છે. તેનાં એકાદ બે બટનને રોજ જરા જરા ખેંચી તાંણીને ધીલ્લાં કીધાં એટલે તે ડગલો જુનો થયો! જો એકાદ શેઠાંણીની સાડી અથવા વાસ્કુત જોઈતું હોય તો શેઠાંણીએ કેઠે બાહેર જમી આવ્યા પછી રાત્રે તે કાઢીને વખાતું નાંખ્યું હોય તે ઉપર માંખણ કે ઘીના એકાદ બે છાંટા નાંખ્યા એટલે બસ! તે છાંટા ગઈ રાતની પારટીમાં રસના કે ઘીના પડેલા સમજી મોટે ઘેરનાંઓ "મરેરે! મરેરે!" વગેરેનાં ટચ ટચ સાથે બી તે ફરીથી નહી પેહેડતાં કાઢી નાંખવાનાં. કેટલાંક "મોટાં માણસો" પોતાના દરજજા પ્રમાણે એક દાઘ પડેલું કે એક વાર જરા બી ફાટયા પછી પાછું સીવી લીધેલું કદી બી પેહેડતાં નથી, ને તેવાં મોટે ખાંચરેનાં તુમાખદાર શેઠશેઠાંણીઓનાં નોકરનફરોને તેમના પોશાકો આઈતા ઉતારી લેવાની હરાંમખોરીમાં ઘણીક સવલતા અને સગવડ થાય છે એ વાત તેમની તે તુચ્છ તકોબરીનો જાંણીતો બદલો છે!

પ્રકરણ ૩૪ મું.

એક ખુલાસો.

મારા નવા શેઠની નોકરીમાં દાખલ થયાને ત્રણ માસ ગુજરી ગયા, જે અરસામાં વાંચનારને જાણવાજોગ કશુંબી બન્યું નહીં. હું એ મારી નોકરીમાં ઘણીજ સુખી હતી. મારો પગાર ધારવા કરતાં બી ઘણો વધારે હતો. મને સોજું ને પુરતું ખાવા પીવાનું અને સુઘડ પેહેડવા ઓઢવાનું મલતું હતું, અને દરેક રીતે મને ફરયાદ કરવાને જરા બી કારણ ન હતું. મને ફકત અમીના સાથેજ કામ લેવાનું હતું, ને તે મારા સાથ એટલી પલોટાઈ ચલી હતી કે બીજાં નોકરનફરોમાં જે અસંતોશ, ફરયાદ અને ફેસાદ જારી હતો તેથી અમો લોક તદન અલગ અને જુદાં હતાં.

વલી મારો વ્હાલો ભાઈ દારાબ એ ત્રણ મહીનાના અરસામાં મે તેને ઇઘાંણી લખેલી હોવાથી મને પોતે આવીને એક વાર મલી ગયો હતો, અને હું એવી સાહેબ સોખ ને સુખવાસી જગ્યામાં આવી વસી હતી તે ઉપર પોતાનો સંતોશ બતાવી ગયો હતો. તેજ વખતે તેણે ખસરૂની મને ખબર આપી હતી કે તેની નસલ નાબુદ થઈ ગઈ હોય તેમ અમારા જીલ્લામાં તેનો મુતલગ પતો લાગતો નથી, અને તે કયાં ફરે છે અથવા કયાં ભટકે છે તે કાંઈ જણાતું અથવા સમજાતું નથી. વલી તેણે સમજાવ્યું કે બેજુ ખુલડાગ ને કાઉકાકરી બી તે તરફથી કેડે બીજે કહીં ઉઠાંગરી કરી ગયા છે, કેમકે જોકે તેઓ અવારનવાર લાંબે વખતને છેટે પોતાનાં પલીદ મુકામમાં દેખાવ દે છે, તોપણ હવે આગલ પેરે ત્યાં ઠરીને તેઓ રેહેતા નથી. આ ઉપરથી ધારવાનું સેહેલ હતું કે જ્યાં તેઓએ પોતાનું નવું મુકાંમ માંડયું હોય ત્યાંજ અમો ભાઈ બેહેનોને વટાવા અને ઉડાવા મારો કમનસીબ ભાઈ જઈ ભરાવો હોવો જાઈએ.

હવે એક દીવસે સાંહજે હું અને અમીના છોકરાંઓને તૈયાર કરી સાંજે કીનારે ફેરવવા લઇ જવા તૈયાર થતાં હતાં તેટલાં મારી શેઠાંણીએ અમોને થોબવા કેહવાડયું, કેમકે કોઈ ગ્રહસ્થ મલવા આવ્યો હતો તેને છોકરાંઓને મેલવવા તે ઉપર લઈ આવતી હતી.

જરા વારમાં તેઓ ખુશ મીજાજે વાતચીત કરતાં અને હસતાં બોલતાં ઉપર આવ્યાં, અને જેવો તે પારસી ઉંબરમાં આવ્યો કે હું ચોંકી, કેમકે તે કોઈજ નહીં પણ પેલો વાડયાનો જાંહાંગીર હતો!

મારા હાથમાં સૌથી નાધલી બુચી હતી, અને તેને મારા ગભરાત વચ્ચે મારા હાથમાંથી તુટી પડતાં મેં જેમ તેમ બચાવી. જાંહાંગીરે બી મને જોતાંજ ઓલખી ને તે પોતે બી જંખવાનો પડી ગયો, પણ બીજીજ પલે તેની હોરમત સાચવવા ને ગઈ ગુજરી વીસરી જવાના કાલાવાલા કરનારો એક આંખનો એસારો કોઇ નહીં જુવે તેમ તેણે મને કરી લીધો.

પણ તો બી તે એસારો મારી શેહાંણી જોયા વના રહી નહીં. તેણીએ મારો ગભરાત જોયો, અને વલી પછી વાક્યાના જાંહાંગીરનો ફીકકો પડી ગયલો ચેહરો જોવા ઉપરાંત પેલો એસારો બી જોયો, એટલે અમો એકમેકને તમામ અજાંણ્યાં ન હતાં એમ તે ચતુર અબલા તુરત ચેતી ગઈ.

"તમો આએ છોકરીને આગલ કેડે મલ્યા હોશો, જાંહાં-ગીરજી?" હવે તે ઉપરથી મારી શેઠાંણીએ કાંઇક શરૂ થતા શક વચ્ચે સવાલ કીધો.

"હઃ હા-નહીં જી, હા જી," શું જવાબ દેવો તે સમજ નહીં પડયું હોય તેમ વાક્યાનો જાંહાંગીર જે બોલાતું તે બોલતો ગયો, અને વલી ઉપરથી સુધારતો ગયો.

"એવણને બરાબર યાદ આવતું નથી," હવે શેહાંણીએ પોતાની આતુર ચશમો મારા તરફ ફેરવીને કહ્યું. "શીરીન, તુંને કંઇ યાદ હોશેની? તું એવણને ઓરખેચ કે?"

"જી હા," મેં એકદમ તોબી ઘણી ઓશકાઈ—લાલ થઈને સાચ્ચો જવાબ દીધો. "હું કોલાબે એક ઠેકાંણે ચાકરી હતી ત્યાં એનાઓ—"

"ઓ, હા જો ખરી વાત," જાંણે યાદ આવી ગયું હોય તેમ વાક્યાના જાંહાંગીરે મને અટકાવી નાંખી. "મને યાદ આયું, પીલાં-બાઈ. હું એ છોકરીને તાંહાં મલ્યોતો, પણ ખરેખર આપરે આપરા ક્રેન્ડોને તાંહાં નોકરનફર એટલાં ઢગલે ઢગલે જોઇએચ કે તે બધાંને કાંહાં યાદ કરીને યાદ રાખવા બેસીએ?"—અને તે તાંણી તોડીને મોટે સાહાદે હસ્યો.

મારી શેહાંણી કાંઇક ગંભીર દેખાઈ. તેણીને એ ખુલાસો મનપતીજ થયો હોય એમ લાગ્યું નહીં. તેનો ચેહરો જે એકાદ બે પલ આગમચ તે ઓરડામાં દાખલ થઈ ત્યારે તડકાંવાલા દીવસ

પેરે ખુશીથી ખુશનુમા થઈ રહયો હતો તે અંધારી રાત પેરે એક-દમ ગંભીર બની ગયો. એ શું ?

"હા, પણ હું છોકરાંઓને મલવા ઉપર વેર આયો, ને તે વાત તો વીસરીજ ગીયો," વાડ્યાના જાંહાંગીરે વાત વીસરાવા મારી શેઠાંણીનું તુરત ધ્યાંન ખેંચ્યું—અને તે અકેક પછી સર્વે છોકરાંઓને ભેટયો. મારા હાથમાં નાધલી બુચી હતી, પણ તેને તે પોતે મારા હાથમાંથી લે તે આગમચ મારી શેઠાંણીએ મારા હાથ-માંથી લીધી, અને પછી તેણે પોતે તે બાલકને તેના હાથમાં આપ્યું. એજ રવેસે એકાદ બે મીનીટ રમાડયા પછી તે બચ્ચું મને પાછું તેજ ઢપે સપુરદ કીધામાં આવ્યું.

"ચાલશું તેઆરે ?" તે બેબીને પાછું મને સપુરદ કીધા પછી તુરત વાડયાના જાંહાંગીરે દરખાસ્ત કરી—બધી રીતે તે જેમ બને એમ જલદી મારી હજુરમાંથી બાહેર જવાને અધીરો થઇ રહયો હોય તેવું જણાતું હતું ! તેને પુશકલ પ્રજેત લાગતું હતું, અને મારી ઓલખાંણ ઉડાવા જતાં તે જે પકડાઇ આવ્યો હતો તેની ઓશકની અકરવકરથી પોતે ઘણો લજવાતો હતો.

તે પછી તેઓ બંને બાહેર ગયાં. મારી શેઠાંણી જે ત્યાં આવી ત્યારે ઉલટમંદ અને ખુશીમાં હતી તે હવે ગંભીર અને શાંત હોવાથી ચુપકીદી વચ્ચે તેઓ બંને તે ઓરડો છોડી ગયાં.

ત્યાર પછી અમો છોકરાંને ફરવા લઈ ગયાં, અને સરેસ્તા પ્રમાણે કીનારે જઈને જ્યારે પથરા ઉપર બેઠાં ને છોકરાં રમવા પડયાં ત્યારેજ અમીનાએ વાત છેડી. "એ આજે બાઈને શું થયું હોશે ?" તેણીએ મોગમ ને ભરમનો બધો દેખાવ કરીને પુછ્યું. "જાંહાંગીરજી તુંને ઓરખતાતા એવું જાણ્યું કે તેવણને અતીશે દુઃખ લાગ્યું હોય તેવું દેખાયું !"

"હા, મેં બી તે જોયું તો ખરૂં," મેં કહ્યું ; "પણ હું તેનો સબબ કાંઇ સહમજી નથી શકતી."

"હું સહમજી શકુંછ," અમીનાએ વલી લાં ભરમની આંખો મારી કહ્યું. "હું બરાબર સહમજી શકુંછ, ને જો તું કોઈને કેહ નહીં, શીરીન, તો હવે મને જે વેહેમ ગીયોચ તે હું તુંને કેહું."

તેણીની સઘલી ઢપછપ બતાવાને બસ હતી કે તેણીનાં મનમાં કોઈને બી વિશે કાંઈ બી બુરૂં હતું, અને એવા જેવફ્રીભરેલા

વેહેમની વાતને વધારીને કોઇને નાહક ગેરઈનસાફ કરવા મારી પ્રમાણીક લાગણીઓ સાથ હું એકમત થઈ શકી નહીં એટલે મેં કહ્યું, " મારે એ ઉપર આગલ વાત કરવી નથી, અમીના. તારા વેહેમ તું તારા પાસેજ રેહવા દે; મને તે સાંભલવા ગમતા નથી."

" હા; પણ તે બધું તારે પોતાને વીશે છેની ?" અમીનાએ ઉકમાઇ લઇને કહ્યું.

" મારે વીશે ?" મેં ખરેખરી અચરતી વચ્ચે પુછયું.

" હા," અમીનાએ કહ્યું, "કેમકે જ્યારે તું વાડ્યાના જાંહાંગીરને ઓરખેચ ત્યારે દાદીશેઠના રૂસ્તમ સાથ તો તુંને અજાંણું હોશેજ નહીં ?"

" હા," મેં ધીમેથી કહ્યું,—ને રૂસતમની યાદ થતાં ને તેનો શોહાંમણો નહીં વીસારી શકાય એવો સુંદર મુખડો મારા સામે ખડો થઈ આવતાં હું સ્વભાવીક શરમથી ને ઓશકથી લાલ થઈ આવી !

" જોયું કેની ?" અમીનાએ ખુબ હસતાં તુરત કહ્યું. " હવે તું કેવી સપડાઈ ગઈ ? પણુ જો શીરીન તું કોઈને કેહેતી ના જો ! કાંયજે મને રૂસતમ વીશે તારી આગલ કાંઈ બી નહીં કેહવા બાઈએ ઘણી તાકીદ કીધીતી."

હવે એક તડાકે ત્યારે મને સમજ પડી. મને આ નોકરી કોણની મેહેરબાંનીથી મલી, અને કોણે મારી સીફારસ કરી મારે માટે મનપતીજથી જ્યાદા પગારે આ સુખવાસી નોકરી નક્કી કરી દીધી તે તુરત અજવાલાંમાં આવ્યું !

પ્રકરણ ૩૫ મું.

અમીનાનું અનુમાન.

" એ રૂસતમ શેઠાંણી સાથે માસી માસીનાં થાએચ," અમીનાએ કહ્યું, " અને તું તેને કલ્યાંણીમાં કાંઈ મલી હોશે. પછી રૂસતમે બાઈપર તારી ઘણી વખાંણુ લખીને અરજ કીધી કે પુનેથી જતી વખતે કંઈ બાંહણે કલ્યાંણી ઉતરીને તુંને પોતાની નોકરીમાં લઈ લે. શેઠાંણીએ તેમ કીધું, ને પછી ગારી મોકલીને તારી જુની બાઈને—પેલો કોઈ ઘેલો અંધારૂ કેહેચ તેની બઈરીને તેસવી મંગાવી. તેને આપરાં બાઇએ તારે વાસ્તે તહરેવાર પુછયું,

ને તેના જવાબમાં તે તો તારી એટલી તારીફ કરે કે જો તું તે સાંભરવા પાંમતે તો બેશક છકીને છાપરે ચરી જતે!"

અમીનાના આ ભોલાઈ સાથે ભુલભરેલા રીમારક ઉપર મારાથી હસ્યા વના રેહવાયું નહીં, જે જોઇ તેણીએ મને રસ ઉપજાવનાર પોતાની તે કેફીયત વધારે ઉલટથી કેહવા માંડી:—

"જ્યારે તે અંધારૂની બઈરીએ તારી ઘણીજ તારીફપર તારીફ કીધી ત્યારે આપરાં બાઈએ તેને કહ્યું જે તમો કેહોચ તે હું બધું માંનુચ, કેમજે મારા એક માસીના છોકરાએ બી એની ઘણીજ તારીફ લખીચ. વરી તેવણ કેહજે 'તેણે તો દાખલા સીકકે લખેલું છે કે તે કેઠે કોલાએ ચાકરી ઉતી તાંહાં કોઇ તનાજ દોસ્તદારે તે છોકરીને તહરેવાર ફાંદામાં ઉતારવા માંગી, પણ એ છોકરી કોઇ એવી નેકબખત કે દરેક વખતે તેણે તેને હરધુત કર્યા કીધો. એટલા વાસ્તે એ છોકરીને હું મારા રૂસતમને ખાતર મારી ચાકરીમાં રાખવા ખુશી છઉં. તે એવો ભલો ને લાયકીવાલો છોકરો છે કે કોઈની ખોટી તારીફ કદી બી કરે નહીં, ને જ્યારે તે એટલી સીફારસથી તે છોકરીને કોઈ સુખવાસી ને સારી જગ્યા અપાવાને આતુર છે, ત્યારે મારી ખાત્રીજ છે કે તે છોકરીથી મારાં બચ્ચાંને બી ફાયદોજ થશે."

"એમ કોણે શેઠાંણીએ કહ્યું?" મારે વીશેનાં તેનાં ઉંચાં મત માટે મનમાં રાજી થઇને મેં સેહેજ પુછ્યું.

"હા," અમીનાએ કહ્યું. "ને વરી એમ બી તે તારી બાઈને કહ્યું કે રૂસતમની મારફતે તુંને એ ચાકરી મલેચ એમ તો તુંને ખબર પરવા દેજ નહીં. "રૂસતમ લખેચ," તેણે કહ્યું, 'કે એ છોકરી એટલી શરમાલ ને રાંક છે કે જો એ જાંણશે કે મારા મારફતે એને એ નોકરી મલે છે તો જરૂર નહીં રેહશે, ને તેથી મારૂં નામ બેશક ખાંનગી રાખવું, તેમ તે નામ આજવેર ખાંનગી રાખવામાં આયું, પણ બા હવે તે વાત મારાં પેટમાં રહી નહીં શકી."

આ સઘલી હકીકત મેં લાગણીઓનાં એવાં તો જોશ વચ્ચે સાંભલી લીધી કે તે લાગણીઓ વાંચનારની સમજમાં ઉતારવી મને મુશકેલ જણાય છે. પ્રથમ તો દાદીશેઠના રૂસતમ જેવો એક મોટો કુલવાન કેલવાયલો જવાંન મારા જેવી એક ગરીબ ચાકરડી માટે એટલું ઉંચું મત ધરાવે—અને વધારે, આટલી બધી કાલજી રાખે એ

ખ્યાલજ તમામ હરખથી મારૂં હૈયું ભરી નાંખવાને બસ હતો, પણ જે સબબોસર આજવેર એ ભલા જવાંનની ઉદાર દોસ્તીનો ખ્યાલ કરવાથી હું પાછી હટતી હતી તેજ સબબો વીજલીને વેગે વલી એક વાર મારા સામે ખડા થયા, ને એકાદ બે પલ બી તેને વીશેની ખુશાલીને મારાપર ગાલેબ આવવા દેવા કાજે હું ગોયા પોતે પોતાપર ગુસ્સે થઈ. બીજા હાથપર મારી છેલ્લી શેઠાંણીએ આટલી ભલાઈથી મારી વખાંણ કરીને મને આ સુખવાસી નોકરીમાં મોકલી આપવાને પોતાનું બનતું કીધું તેના તરફનાં હેસાંનથી મારી છાતી ઉંચકાઈ જવા લાગી. કે જ્યારે ભલા રૂસતમની તેવીજ ભલી મશીયાઇ બેહેને નાજુક કાલજીઓ ને સંભાલથી મને જરા બી માંઠું નહીં લાગે તેમ ગોઠવણો કરી પોતાની નોકરીમાં લીધી તેને માટે તે જવાંન બાનુ વીશે મને સૌથી રૂડો--સૌથી ઉંચો અભીપ્રાય બેઠો.

"કાંય શીરીન," હવે અમીનાએ પાછું પુછ્યું, "એ બધી તારે લગતી હકીકત જાંણ્યા પછી હવે તું આપરી બાઇનાં આજનાં રૂસણાંનો સબબ શું ધારેછ?"—અને વલી પેલાજ ભરમભરેલા આંખોના ઇસારા ને ખભાંઓનાં ઉંચકવા સાથે તેણે કહ્યું—"હું તો ધારૂંચ કે જેવું તેં કહ્યું કે કોલાબા ખાતેની નોકરીમાં તું વારયાના જાંહાંગીરને મલી હતી તેવુંજ શેઠાંણીને રૂસતમનું કાગલ યાદ આવી ગયું, અને તરતજ તેઓએ અનુંમાન કીધું કે ત્યાં તુંને ફંદામાં લેવાના પછારા મારનાર એક દોસ્તદાર વીશે રૂસતમે જે લખ્યું તે કોઈજ નહીં પણ એ જાંહાંગીર હોવોજ જોઈએ."

"ને ઘડીભર બાઈને એમ અનુમાન થયું બી હોય," મેં મને સહમજ નહીં પડવાથી કહ્યું, "પણ તેથી તેવણુને એકદમ ગુસ્સે થઇ આવવાનું શું કારણ હોય?"

"કારણ?" અમીનાએ મારા સવાલના જવાબમાં પાછો સવાલ કીધો, અને પછી મારે કાંને લાગી કાંઇ ઘણુંજ ખાનગી કેહેવાની બધી અદાથી કહ્યું. "કારણમાં હું ધારૂંચ જે શેઠાંણી આપરે ધારયેચ તેવી સારી ચાલની નથી, અને તેથી તેને તારી અદેખાઈ લાગી."

"અરે દેવાંની," મેં તદન ગુસ્સે થઈ ઉભી થઈ કહ્યું, "એ તું શું સુદ્ધ વગરની બકબક કરેચ? કાંઈ અકકલ બી બરીચ કે નહીં?

આવી ભલી—આવી અસરાફ બાઇને વાસ્તે એવું બુરૂં બોલતાં ને વીચારતાં તુંને શરમ વટીક નહીં આવતી ?"

"પણ ત્યારે બીજું કારણ શું હોય?" અમીનાએ પોતાનો એવો બેવકુફીભરેલો વેહેમ બોલ્યાથી મને તમામ ગુસ્સે થઇ ગયલી જોઇ કાંઈક ફજેત બની પુછયું.

"કારણમાં ત્યારે તો આટલું દેખાઇતું છે," મેં તેનો આ પાપભરેલો વેહેમ વધારે વજનદાર કારણ આપી દુર કરવાની અગત પીછાંણી એટલે કહ્યું, "કારણમાં દેખઇતું છે કે કોલાબામાં મારા સાથે વારયાના જાંહાંગીરે ચલાવેલી શરમભરેલી ચાલ માટે તેઓ જાંહાંગીરપર મનમાં ઘણાં ખીજવાયાં, અને તેવા એકને ઘર-વટ જેવા વિશ્વાસથી શેઠશેઠાંણીએ દોસ્ત બનાવ્યો છે તે ઉપર તે-વણ તરત મનમાં ઘણાં દલગીર થયાં."

"હોય બી," અમીનાનાં ધ્યાનમાં આ મારૂં આપેલું કારણ ઉતરયું હોય, ને તે પોતાનાં એ સરયાંમ બેવકુફીભરેલાં અંનુમાન માટે હવે પસ્તાતી હોય તેમ તેણે વીચારવંત રૂપે કહ્યું.

ત્યાર પછી જોકે તેણીની એ નાદાનયત મેં તેને બહુ બોલી ને બહુ ભોલી સમજી તુરત માફ કરી, તોબી તે નાદાનયત તેણીએ બતાવાની બેવકુફી કરી એટલે નીરાંતે બેસીને તેની સાથ રોજની પેરે બીજી તહરેવાર બાબદોપર તાહેલાં ચલાવા મને તે સાંહજે ખુદરતીજ ગમ્યું નહીં, તેમજ વલી ઘેર છોકરાંને પાછાં લઇ જવાનો સમો બી થઇ ચુકયો હતો, એટલે છોકરાં જે અમોથી જરા વેગલે ઘણા ગેલથી રેતીમાં રમતાં હતાં તેમને બોલાવી લઇ અમોએ તુરત ઘર તરફ ચાલું મુકયું.

પ્રકરણ ૩૬ મું.

જુના "દોસ્તો."

પણ રસ્તામાં અમો ઘણાં આગલ વધ્યાં નહીં તેટલાં કોઈએ પાછવાડેથી "હીરીનબઇ, ઓ હીરીનબઇ," કરીને મને હાંક મારી, ને તે અવાજ પીછાંણતાંજ મેં તુરત પાછું ફરી જોયું તો તે ઘેલો બેહેલઈ હતો!

ઘેલો બેહેલઇ છેક આવા દુરના જીલ્લામાં કેમ ?

તે બચારો અમારા જીલ્લામાં હતો તે કરતાં ઘણે મોટે દરજ્જે પોશાકની બાબતમાં વધારે મેલો અને વધારે ફુવડ હતો. તેનાં આંગમાં કપરાં ન હતાં—માત્ર ફાટાં તુટાં ચીથરાં હતાં, કે જેનાં નીકલી ગયલાં લબતરાં એકમેકને સાથે વલગી કેમ રેહવા પામતાં હતાં તેજ એક અચરતી હતી. તેની ટોપીના વાવટા ઉડતા હતા—પગમાં પગરખાં ન હતાં—દીલમાં વાસ્કુત બી નહીં હતું—સદરો લેંગો મેલો ખાર હતો, ને કસ્તીપર મણ મણ મરોડું હતું. તેનો એવો લેવાયલો લુટાયલો રડમસ હાલ જોઇ મારી આંખમાં લગભગ પાણી આવ્યાં, કે જ્યારે તેના તરફની મારી એ દયાલુ લાગણી જોઈ તેનાપર બી ઘણી અસર થતી જણાઈ.

"ઓ તમેઘ કેઓ કેની, ઠીરીનબાઈ?" તેણે મને જોઈ ઓલખીને કહ્યું.

"હા," મેં કહ્યું. "પણ તું કેમ છે, બા બેહેલઈ? તું અહીં કેમ આયો?"

"ખરાબ માણથો મને લાયા," તેણે દબાયલી બીહીઘેલી ઢપે કહ્યું. "મને ઘણું આપવા ટેહ્યું—ઘણા પઇહા, ઘણું ખાવાનું, થઉં; પણ પછી મને ટેજે ચોરી ટર! હાઘું પેટ ભઇને, હઃ!"

"તે કોણ ખરાબ માણસો ઉતા?" મેં પ્યારથી પટાવીને પુછ્યું,—કે જ્યારે તે કોણનાં નામ કેહશે તે વીશે હું અરધી ચોક્કસ બની ચુકી હતી.

"બેજુ ને ટાઉ," બેહલઇએ આંખ મારીને કહ્યું. "પેલા પોસાથી આપરા રથતાપર રેતાથા તે? તે લોટ મને અહીં લાયા, પણ હું તે લોટ પાઠથી નાહઠી આયો."—અને તેણે પોતાની બીહીઘેલી ચસમો આસપાસ દોડાવી, કે રખેને તેના શત્રુઓ તેજ વખતે તે આસપાસથી ફુટી નીકલે ને તેને પાછો ઘસડી જાય.

"લે ચાલ શારીન," હવે અમીના જે મારે લીધે મારાથી થોડેક દુર ખોટી હતી તેણે કંટાલીને કહ્યું, "એ કોઈ બીચારા ઘેલાને પઇ બે પઇ આપીને ચાલ; ઉભું રેહેતાં મારા પગ દુઃખેચ."

"તું ચાલ અમીના, હું હમણાં આવી," મે કહ્યું. "આએ બીચારો ગરીબ મારો ઓરખીતો છે તેનાસે બે વાત કરીને હું આવી,"—અને અમીના આગલ ચાલવા પછી મેં બેહેલઇને પુછ્યું, "પણ વારૂં તેં એ લુચ્છાઓ સાથ મારા ભઇ ખસરૂને કોઈ

દાહારે જોયો તો, આ બેહેલઈ? જોઉંચ તો વારૂં, મને યાદ કરીને બરાબર કેહે તો?"

"આધલ જોયોથો," બેહેલઇએ ઘણી વીચારવંત ઢપનો દેખાવ કરી કહ્યું, "પણ હમણાં નથી જોયો."

ત્યાં હું તેને કાંઈક વધુ પુછવા જતી હતી, પણ તેટલાં તે એકદમ ચોંકયો, ને ઘણો બીહીધો હોય તેમ તે ગરીબ કમનસીબ ઘેલો મારા ઓથામાં ભરાઈ ગયો. આ ઉપરથી ચમકીને મેં બી જે બાજુએ જોઈને તે બીહીધો હતો તે તરફ નજર દોડાવી, ને મારા ગભરાત વચ્ચે સાંમેની એક ગલીમાંથી મારા ખુંની શત્રુઓ બેજુ ગુલડાગ ને કાઉકાકરીને બાહેર આવતા દીઠા!

પણ તે લુચ્છાઓ અમોને જોતાંજ જે ગલીમાંથી તેઓ એક પલ આગમચ બાહેર આવ્યા હતા તે ગલીમાં તુરત પાછા ભરાઇ ગયા, અને બીજી પલે ત્યાંથી ગુમ થઈ ગયા. સઘલી દેખીતી રીતે તે બંને બદમાસો મારાથી બીહીતા હતા, કેમકે તેઓએ મારો જવાંન જાંન લેવાની કરેલી ખુંની કોશેશનાં વેરમાં હું તેમને જોતાંજ સપડાવી દેવશ એમ તેઓને ભય થતો જણાતો હતો.

પણ તેઓ જેટલા અમોને જોઇને બીહીધા તેથી કોઈ બી રવેશે હું અથવા ઘેલો બેહેલઇ તે ખુંનીઓને જોઇને ઓછાં બીહીધાં નહીં. વાંચનાર જાંણે છે કે તેમને સદંતર જતા મેલવાને હું મારી છેલ્લી શેઠાંણી સાથ બંધાઈ ચુકી હતી, અને વલી હવે તો એટલું અસુરૂં થયું હતું કે તેમને સપડાવાની કશી બી હીલચાલ કરવાનું કેવલ બેવકુફીભરેલું થઇ પડે; તેમ છતાં એ સઘલી વાતથી બીનવાકેફ જેમ તેઓ મને જોઈને બીહીધા, તેમજ એવા બે ખુંની બદમાસો સાથે ફરી એક વાર રૂબરૂ એક થતાં મને જે હેબત ભરાઈ તેની ફીકરથી હું બી જ્યાંસુધી તેઓ નજરે દેખાતા દુર થયા નહીં ત્યાં વેર મોકલી થઈ શકી નહીં.

ઘેલા બેહેલઇને બી એ રીતે તેમનાં અલોપ થઈ જવાથી ઘણી ધીરજ મલી,—તે ગરીબ કમનસીબ ઘેલો કે જેને વાહીને પોતા સાથે તહરેવાર લાલચો ને સમજાવતોથી લાવીને તે લુચ્ચાઓએ પોતાનોજ પાપનો પેસો આપવા માંડયો હતો, ને જે તેમ કરવાને પોતાની પ્રમાણીક લાગણીઓ સાથ એક મત નહીં થઈ શકવાના સબબે તેમની અનેક પ્રકારની હાડમારીઓનો નીરદોશ ભોગ થઈ પડયો હતો!

એમ છતાં બેહેલઇ એક વાર તેઓને તે તરફ જોઈ ચુકયો હતો વાસ્તે હવે ત્યાંથી વંજો માપી જવાને દેખીતી રીતે આતુર હતો, જેથી મેં ઉતાવલથી ગજવાંમાંથી એક રૂપ્યો કાઢયો, અને તે તેને આપવા જતાં પુછયું, "આએ શું છે તે તું જાંણેછ, બેહેલઈ?" અને કાઉ ને બુલડાગને તરતના જોયલા હોવાના સબબે હજી મારા હાથ પગ ધ્રુજતા હતા વાસ્તે તે રૂપીઓ મારા હાથમાંથી નીકલી પડયો.

ઘેલા બેહેલઇએ તે તુરત ઉપાડી લીધો, અને તે મીનીટ બે મીનીટ જોઈ તપાસીને કહ્યું, "હા, મને ખબર ડે. એ તો આખો ઉપીઓ ડે; પણ નેહીં બા, હું એ નેહીં નેવાનો. હીરીનબઇ બચારાં ગરીબ ડે, હું નહીં નેવાનો."—અને હજી તો હું કશું વધારે કહું તેટલાં મારી અચરતી વચ્ચે તે રૂપ્યો મારા હાથમાં પાછો મુકીને ત્યાંથી કુદકા મારતો તે નાહઠો!

ગરીબ બચારો! તેનો ચીંથડેહાલ અવતાર જોઈ મને ઘણીજ દયા લાગતી હંતી, અને તેથી મેં ઘણું બી ચાહયું કે તે હજી બી આવે ને તે રૂપીઓ કે જે તેને એટલો કામ આવત તે લઇ જાય; તેને પાછો તેડવા મેં હાંકો બી મારી, પણ તે જાંણે કમાંનમાંથી છુટેલા તીરની પેઠે ત્યાંથી નાહઠો, ને ગુમ થઇ ગયો.

અંતે એ રીતે તે મને દેખાતો બંધ થવા પછી હું ઘણાં ભારી દીલ સાથે ઉતાવલે ઘર તરફ જવા લાગી, કેમકે અમીનાને ચાલી જવાને ઘણો વીલંબ થયો હતો, ને તેથી મને પછવાડે રેહવા માટે કદાચ ઠપકો મલવાનો જોખમ હતો.

પ્રકરણ ૩૭ મું.

હું અને મારા વિચારો.

પણ ઘરે જવા પછી મોડી રાત્રે કામકાજથી પરાગત થતાં હું જ્યારે મારાં સરેસ્તાનાં સાદાં બીછાંણાંમાં મારા વીચારો સાથે એકલી પડી, ત્યારે તે સાંહજના તરેહવાર બનાવો ઉપર પાછું મારૂં એક વાર ધ્યાંન દોડયું. ઘેલા બેહેલઇએ કહ્યું હતું કે તેણે બી મારા ભાઈને કાઉ કાકરી ને બુજુ બુલડાગની સંપમાં જોયો હતો, એટલે મને માનવાને કારણ હતું કે તે કમબખ્ત જવાંન હજી તે માહા બુરાઓની સાથેજ હતો, ને કદાચ આ મારાજ જીલ્લામાં—

જ્યાં હું હતી તે તરફજ કેઠે હતો ! તેને એ પાપ ભરી સંગતથી કેમ અલગ કરવો તે ફરી એક વાર મને ગુંચવણ ભરેલો સવાલ થઈ પડયો, ને જેમ એ સવાલ ઉપર હું વધતો વીચાર કરતી તેમ વધતી ગુંચવાતી—તે એટલે સુધી કે આયંદે એ મારા હીણાં કરમના ભાઈને માટે જેલનાં બારણાં ને ફાંસીનાં લાકડાં મારી કલ્પનામાં તૈયાર થયલાં જોઈ હું કમકમી ધ્રુજીને એ ખ્યાલ પડતો મેલતી.

ખસરૂના ખ્યાલપરથી મારૂં ધ્યાંન દાદીશેઠના રૂસતમ ઉપર દોડયું. અમીનાએ કરેલા ખુલાસા મુજબ આ સુખવાસી નોકરી માટે હું તે અસીલ અને લાયકીવાલા જવાંનનેજ આભારી હતી, તે સુખ ભરેલા ખ્યાલમાં મારૂં મન લાંબો વખત વેર રોકાઇ રહ્યું, કે જે દરમ્યાંન રૂસતમની સોહામણી સુરત હું ગમે એટલી કોશેશ કરવા છતાં મારી મરજી પ્રમાણે મારી આંખ આગલથી બીલકુલ ખસેડી શકી નહીં !

ત્યાર બાદ એક પલ—એકજ પલ મારી શેઠાંણી વીશેનાં અમીનાનાં અપમાન ભરલાં અનુમાન ઉપર મારૂં મગજ દોડયું, અને જોકે અમીના ધારતી હતી તે કીસમનો એક બી બુરો વીચાર એ મારી ભલી શેઠાંણીને માટે દીલે વસાવાનો હું તેને ગેરઈનસાફ કરી શકી નહીં, તોબી તેણે વાડયાના જાંહાંગીરને હું પીછાંણુતી હતી એ સોહોધી કાઢતાં આજ સાંહજના જે હીલચાલો બતાવી હતી તે તરફ હું અજાયબ થવા વના રહી નહીં.

છેલ્લે એક વાર ફરીને મને ઘેલો બેહેલઈ યાદ આવ્યો, અને તેની નાચાર નાવારેસ હાલત માટે મને દીલોજાંન દયા પેદા થઈ. વલી બેહેલઇની લગોલગ મને પેલા બે બદમાસ દેવોની સુરતની યાદનો ત્રાસ થયો, કેમકે તેઓનું તે તરફનું આવવું વલી મને અતી અશુભસુચક જણાયું. તે બદમાસો હું જે બી અને જ્યાં બી નોકરીમાં જતી તે ઘરપર દરોરો પાડવાનાં ઠડાવથીજ જાંણે કસમ લઈ બાહેર પડયા હતા, કેમકે પેહેલાં કોલાબેની મારી નોકરીમાં ને પછી કલ્યાંણી ખાતેની મારી નોકરી દરમ્યાંન તેઓએ પોતાના નેહેસ્ત દેખાવો આપી લુટ ચલાવી હતી.

એ સઘલા સુખ ભરેલા અને દુઃખ ભરેલા તહરેવાર મિશ્રીત વીચારોની હરોલમાં ઉંઘ અંતે મોડી રાત્રે મારાપર ગાલેબ આવી, અને બીજી સહવારે જ્યારે હું ઉઠી ત્યારે હું સરેસ્તાની ખુશ અને તંદોરોસ્ત હાલતમાં ન હતી. મારૂં માથું દુઃખતું હતું, અને જીવને ઘણી બેચેની જણાતી હતી.

એ સીકનેસને સબબે સરેસ્તા પ્રમાણે તે સહવારે હું છોકરાંઓ સાથે ફરવા જઈ શકું એમ ન હતું, અને તેથી મેં બાઇની રજા માંગી અમીનાને એકલીનેજ નાધલી બુચીને આપી ફેરવવા મોકલી, કે જ્યારે બંને મોટાં છોકરાંઓને મારેજ ઘરમાં રાખવાં એમ નક્કી થયું. બાઇ તો ગાડી જોતરાવી આપીને અમીના સાથે સઘલાં છોકરાંઓને ફરવા મોકલવા રાજી થયાં, પણ મોટાં છોકરાંઓની બી કાંઈ તે સહવારે ફરવા જવાની મરજી થઈ નહીં, અને તેથી હું જ્યારે તે બંને બકલ્યાંઓને લઈને ઘરમાં રહી ત્યારે અમીના નાધલી બુચી તેહેમીને લઈને એકલીજ ફરવા ગઈ.

તેનાં ગયા પછી બેઉ મોટાં છોકરાંઓને મેં તેઓનો રમકડાંનો બાકસ આપ્યો એટલે તુરત તેઓ તેમાં ઉમંગથી રોકાઈ ગયાં, અને પોતાના ગાડી, ઘોડા, ભમરડા, મેંઢાં, ઘેર, ઢોલ, ડોલ વગેરે વગેરે અનેક તરેહનાં રમકડાંથી તે ઓરડો ભરી નાંખ્યો. બીજા હાથપર હું પોંતે બી રોકાયલી રેહવાથી મારી બેચેની વીસરી ગઈ, ને મેં બે કાગલ ચીતરી કાઢયાં.—એક મારા વ્હાલા ભાઈ દારાબ ઉપર ને બીજું મારી ભલી જુની શેઠાંણી ઉપર. પેહેલાં કાગલમાં મેં દારાબને મારી નોકરીને લગતી વીગતો લખી હતી, અને વલી ગઈ સાંહજની ઘેલા બેહેલઈ તથા બુલડાગ ને કાઉની મુલાકાતનો એસારો કીધો હતો, કે જ્યારે બીજાં કાગલમાં મને આવી સુખભરી નોકરી મેલવી આપવા કાજે મેં મારી ભલી શેઠાંણીનો ઉપકાર માંની તેણીની અને તેનાં ગરીબ બચ્ચાંઓની ખેરઆફીઅત પુછાવી હતી.

એ રીતે એ બે કાગલો લખવા કરવામાં સુમારે કલાક એક ગુજરી ગયો, અને હું તે માન માન તૈયાર કરી રહી તેટલાં એકાએક હેઠેથી કાંઈ ઘણી ગરબડ ને મોટાં ગોંધ્યારાંનો મને સાહાદ આવ્યો, ને હું ચમકી ઉઠી. સઘલાં ભેગાં અવાજે બોલતાં ને બુમ પાડતાં હતાં, જે બતાવતું હતું કે કાંઈ બી ગભરાતભરેલું બન્યું હતું, અને તે શું બન્યું હતું તે જોવા અને જાણુવા હું પોતે બીજી પલે હેઠે ઉતરી ગઈ.

હેઠલ જઇને જોતાં મને માલમ પડયું કે એ સઘલી ગરબડનું મુલ અમીના હતી, ને તે એટલી બીઘેલી ને ભાંણુ ભુલેલી હતી કે જાંણે તમામ અવાચક બની ગઇ હતી, કે જ્યારે મારી શેઠાંણી રડતી અને શોહોર મચાવતી હતી. એ સઘલાંનો સબબ સમજતાં

મને ઘણી મુશકેલી પડી, પણ મેં સબબ જાંણુતાં જે સાંભલ્યું તે સઘલું વાંચનારની જાંણ કાજે હું એકઠી વીગતમાં નીચે ઉતારૂં તે આગમચ એટલું સમજાવા જરૂર છે કે નાધલી તેહેમી અમીનાના હાથમાંથી ચોરાઇ ગઈ હતી! તે સૌથી નાધલું બોલકણું હસતું રમતું અને ઘણુંજ ખુબસુરત એક બાલક હોવાથી આખાં ઘરમાં નાધલાંથી મોટાં સુધી સર્વેને ઘણું પ્યારૂં થઇ પડયું હતું, ને તેથી જ્યારે મેં બી જાંણ્યું કે તે બચ્ચાંને અમીનાના હાથમાંથી બે ગોસાંઈઓ ચોરી ગયા હતા ત્યારે મને બી જે અચરતી અને દલગીરી પેદા થઇ તેનું બ્યાંન કરી શકાશે નહીં.

પ્રકરણ ૩૮ મું.

ભવીશ કેહનારા ગોસાંઇઓ.

પણ અમીના એટલી તે સુદ્ધબુધ વગરની કેમ થઈ કે તે બાલક ધોલે દીવસે તેના હાથમાંથી લુટાઇ ગયું તે જાંણવાને મારાં વાંચનારાં આતુર હશે, માટે તેના સંબંધની વીગતો હું એકઠા સરવાલામાં નીચે ઉતારી લેવશઃ—

અમીના બેબીને લઇ ગઈ તેવી અમારી સરેસ્તાની બેઠક તરફજ ગઇ, અને ત્યાં કીનારે મુકેલા બાંકો વચ્ચે એક મોટાં ઝાડની નીચે એક બાંક હતો તે ઉપર બેઠી. એ રીતે ત્યાં તેણીને બેસવાને બહુ વીલંબ થયો નહીં તેટલાંમાં પછવાડેથી કોઈ બે ગોસાંઇઓ નીકલી આવ્યા, જેમાં એક તમામ બુઢો હતો ને બીજો જવાંન હતો. બંનેના આંગમાં ગોસાંઈ બાવાનાં ભગવાં લુગડાં હતાં, ને ભભુત ને રાખના લેપરા તેમજ ખોટા બાલોની ચોટલીથી બંને ભુત જેવા લાગતા હતા. અમીના તેમને જોઇ ઘણી બીહીધી, પણ બેબીને છાતીમાં ચાંપીને બેસી રહી, જે જોઇ પેલા વડા ગોસાંઈએ આગલ આવી એક પઇસો માંગ્યો. અમીનાએ તેમની પીડા કાઢવા એક દોઢયું તેમને આપ્યું, પણ તે ઉપરથી તો જવાને બદલે દુવા દેવાને મસે ત્યાંજ ઉભા રહીને તે બંનેએ કાંઇ એવો ને એટલો પટપટારો ચલાવ્યો કે અમીના તેમને સાંભલતાં કંટાલી ગઈ. હવે ને પછી તેઓએ આગલ પગલાં ભરવા માંડયાં, અને અમીનાનો હાથ જોવા માંગ્યો, તથા તેનું ભવીશ સઘલું તરાતર ને ઝરાઝર

કહી દેવાની માંગણી કરી. આ વાતથી અમીના કે જે તમામ અભણ અને વેહેમી હતી તે તુરત લોભાઇ ગઈ. તેણીએ પાછલથી મારા પાસ કબુલ કીધું તેમ જોશી બાવાઓ વગેરેનો તેને હંમેશનો ધખારો હતો, અને તે જ્યાં ત્યાં પોતાનો હાથ બતાવી નસીબ પરખાવા હંમેશ આતુર રેહતી હતી, જેથી આ બુઢા જોશીને હાથ બતાવાને તેને હીંમત તેમજ લાલચ થઈ. એ ઉપરથી તે વડા જોશીએ તેના હાથની હથેલીપર તેનીજ પાસે એક બીજો રૂપીઓ મુકાવ્યો, અને પછી તેને તેનું ભવીશ કેહેવા માંડ્યું, જે સઘલું એટલું તો લલચાવનારૂં હતું કે તેના ખ્યાલની ખુશીમાંજ બેવકુફ અમીના જાણે છાકટ બની ગઇ. તે વડીલ ગોસાંઇએ અમીનાનાં ભવીશમાં વરત્યું કે તે ઘણીજ પઈસાવાલી થશે, ને તેને કોઇ ગામનો નવાબ ફરતો ફરતો એક વાર જોશે કે તેનાપર કુરબાંન થઈને પરણી જશે. એ સઘલી બેવકુફી ભરી વાતપર અમીના ઈતબારં લવવાની નહીં માંફ થઈ શકે એવી નાદાંન્યત બતાવી શકી, સબબ એક તો તે અભણ ને વેહેમી હતી, ને બીજુ તો એ કે તે ગોસાંઈએ પેહેલી શરૂઆતમાં મંડાણ કીધું ત્યારથીજ તેણીનું નામ, તે ક્યાં ને કોણને ઘર નોકરી હતી તે અને બીજી આસપાસની વીગતો સાચ્ચે સાચ્ચી કહી આપી હતી ! એ રીતે અનામીપર પોતે વરતેલાં ભવીશની એટલી બધી અસર થયલી જોઈ તે બંને ગોસાંઈ બાવાએ હજી આગલ પગલાં લેવા માંડ્યાં. તેઓએ પુછ્યું કે તેઓ અમીનાને જે નવાબ પરણી જશે તે નવાબ હમણાં ને હમણાં બતાવી આપે તો કેમ ? અને એ સવાલથી અમીનાને પોતાના ભવીશના તે મોટા ભરથારને જોવાને એટલો ઉમંગ થયો કે તે ગોસાંઇ જો તેને બતાવી આપે તો તેણીનાં ગજવાંમાં જે સવા રૂપીઆની રકમ હજી બાકી હતી તે બધી તેને આપી દેવા તે તૈયાર થઈ. એથી તેણે (તે વડીલ ગોસાંઇએ) તેણીને ફરમાસ કરી કે તેના હાથ માંહેલાં બેબીને તેણે તેના મદદનીશ (નાઘલા ગોસાંઈ)ના હાથમાં આપવું, કે જેથી તેનાં જાદુમાં કસર રહે નહીં. એ પછી અમીનાએ તે પાંચ મીનીટના અરસા સુધી મનમાં મણતર ભણે તે દરમ્યાંન આંખે પાટા બાંધી બેસી રેહવું, જેથી તેને અંતે મંતરની લેહે પોંહોંચશે, ને તેની બંધ આંખ વચ્ચે એક ખાબ ખડો થશે, જેમાં તે પોતાના ભવીશના નવા ભરથારને પોતાના મેહેલમાં એશ કરતો જોઈ લેશે. અમીના આ સઘલી હેમકાત માંની શકી, અને વલી તે ઉપર અમલ વટીક કરી

શકી એ અચરતીજ નહીં પણ ગુસ્સો પેદા કરનારી વાત છે, કે જેમ તેના ઉપર ઘરનાં એકેએક નાથલેથી મોટાં સુધી ગુસ્સે થયાં, અને તાણાજાંણી ને ઠપકાથી તેને વીંધી નાંખી બેબાખરી બનાવી દીધી.

હવે અમીનાએ તુરત તેહેમીને તે નાથલા ગોસાંઈને સોંપી, અને પોતે અધીરી પડી આંખે પાટા બાંધી ગુપચુપ બેસી રહી. એ રીતે નજદીક પાંચ મીનીટ વહી ગઇ, પણ પછીથી નહીં અમીનાને તેનો ભરથાર દેખાયો કે નહીં કશાં મંતર ભણતરનો સાહાદ આવ્યો, ત્યારે (જોકે વચમાં બોલવાની તેણીને વડા ગોસાંઈની સઘલી મના હતી તોબી) તેણે ધીમે ધીમે તે "બાવા"ને હાંક મારવા માંડી, અને જવાબ નહીં મલતાં ઘણા ગભરાત વચ્ચે આંખ ખુલી જુએ છે તો નહીં તે બેઉ જોગીઓ કે નહીં તે નીરદોશ બાલક! કમબખ્ત અમીનાની ત્યારે એ વખત જે હાલત થઈ તે ખરી દયા ઉપજાવાજોગ હતી. તેને હવે તેની સઘલી નાદાંન્યત એક તડાકે સમજવામાં આવી ગઈ, અને તે સાધુઓ તે બાલકને ચૌરી જવાનાજ હેતુથી આવ્યા હતા એમ તુરત તેને ખ્યાલ થવાથી હવે તે પોતાના શેઠ શેઠાંણીના ગુસ્સાનો ડર કરી ઠરઠર ધ્રુજવા પડી. એ વખતે તે બાપડીને તુરત શું કરવું તે કાંઇજ સુજયું નહીં, ને આંફ્લી ફાંફ્લી તે એમથા તેમ ઘેલી જેવી દોડવા ને રડવા લાગી, ને રસ્તે જે મલતું તેને પોતાના સવાલથી તે અચરત કરી નાંખતી, કેમકે તેમને તે પુછતી કે બે ગોસાંઈ એક બચ્ચાંને ચોરીને નાહસી જતા તેમના જોવામાં આવ્યા હતા કે નહીં!

અંતે જ્યારે તે ચોરેનો કે ચોરાયલી કીંમતી મતાનો કશોજ પતો નહીં મલ્યો ત્યારે તે રડતી કુટતી બંગલામાં દોડી આવી. ત્યાં આવતાંજ પાધરી તે શેઠ શેઠાંણી બેઠાં હતાં તે ઓરડામાં ધસી ગઈ, ને પોતાને જે કેહવું હતું તે કેહવાને છાતી નહીં ઉપડી શકવાથી ને લાગણીઓએ તમામ આજેજ થવાથી અરધી બેસુદ્ધ જેવી ફસડાઇ પડી. તુરત તેને ચાંપતા ઉપાયોથી હોશ્યાર કરવામાં આવી, અને પછી સઘલાંઓનાં—અગત કરીને મારાં શેઠ શેઠાંણીના બેહદ ગભરાત ને દુઃખ વચ્ચે તેણે ત્યારે જે ભાગોતુટો ખુલાસો કીધો તે આખાં ઘરને ગજાવા અને ધ્રુજાવા બસ હતો, અને તેજ ધ્રુજારા વચ્ચે હું મારા ઓરડામાંથી ચમકી ઉઠી હેઠલ આવી હતી.

પ્રકરણ ૩૯ મું.

સંતાપ.

મારી શેઠાંણી તો પોતાનાં પ્યારાં બચ્ચાંને ખોહી બેસવાના જોખમના ખ્યાલથી હેબત ખાઇ અરધી બેસુદ્ધ થઇ, પણ શેઠે નોકરનફરોની પુશકલ દોડ કરી નખાવી, અને સઘલાઓને જુદા જુદા લતાઓપર તે ગોસાંઈઓની ભાલમાં દોડાવી દીધા. વલી એક જણને પોલીસને ખબર આપવા દોડાવ્યો, કે જ્યારે બીજાને તે લુચ્છાઓનો પતો મેલવી આપનાર માટે રૂપીઆ ૫૦૦ નું ઈનામ છપાવ્વા મોકલ્યો.

થોડા વારમાં પોલીસના બે ચાર માણસો એક યુરોપીઅન કાનસ્ટેબલ સાથે વધુ વીગત મેલવવા આવ્યાં, ને તે કાનસ્ટેબલે મારા શેઠ શેઠાંણીને પુરતી ધીરજ આપી. તેણે સમજાવ્યું કે એટલી બધી ધાસ્તી કરવાની કશી જરૂર નથી, કેમકે તે લુચ્ચાઓને પકડી કાઢતાં પોલીસને વાર થવાનો નથી, ને બીજું તો તે બચ્ચાંને તેઓ કશો અજાબ આપવા અથવા મારી નાખવાના નથી. "દેખીતી રીતે," તે કાનસ્ટેબલે સમજાવ્યું, "તે બચ્ચાંને ચોરી લઇ જઈને તમારા પાસથી એકાદ મોટી રકમ કઢાવી લેવાનું આ કાવત્રું રચાયલું જણાય છે; વાસ્તે કલા અને કુનેહથી એ કાવત્રાંના આગેવાનોને જો આપણે પકડી કાઢશું તો તેઓ પોતાની નેમમાં બી હાર ખાઈ જશે, ને તે બાલક જેવું ને તેવું આપણને પાછું મલશે."

આ સઘલા સધ્યારાથી મારી શેઠાંણીને બી ઘણી ધીરજ આવી, અને તુરત વેલા સઘલું શાંત થયું. ગરીબ બચારી અમીના! તે તો ફરતાં ફરતાંની તાણાજાંણી અને હાડમારીનો એવો શીકાર થઇ પડી કે તેને તાપથી સસરતી બીછાંણે લઇ જવામાં આવી, ને ત્યાં તેણીની માંદગી શરૂ થઇ.

તે આખો દીવસ ઘલી ગયો,—એક આખો દીવસ કે જે દરમ્યાંન પોલીસની જુસ્તેજો અથવા અમારે ત્યાંના પુશકલ નોકરનફરોની દોરદપટ કાંઈ કારગત લાગી શકી નહીં, અને તે બંને ઠગારા ગોસાંઈઓનો કે તે પ્યારાં બાલકનો જરાબી પતો મલી શક્યો નહીં. જેમ જેમ તે દીવસ ઘલતો ગયો તેમ મારી શેઠાંણીની એકઠી કરી મેલેલી હીંમત ને ધીરજ બી હવે ઉડતી ગઈ, અને

તે પોતાનાં ફરજંદને માટે વધારે ને વધારે અધીરી પડતી ગઈ, જે સઘલાં છતાં તેણીને મદદ કરવાને આસપાસનાંઓ તદન લાચાર હતાં.

મને બી ઘણું લાગતું હતું. એક તો મને તે નાધકલાં બકલ્યાંનો પડોશ ઘણો હતો, ને બીજું તો મારી શેઠાંણીને એટલી બધી દુ:ખી થતી જોઇને હું ઘણીજ દુ:ખી થતી હતી; પણ મારાં મનમાં મજબુત વસવસો હતો કે મોડે વ્હેલે તે બાલક હાથ આવ્યા વના રેહેનાર નથી, કેમકે પેલા કાનસ્ટેબલનું સમજાવેલું મારા કાનમાં વાગ્યા કરતું હતું કે ફકત પઇસાની ઉમેદ વતરોગે તે બચ્ચાંને ચોરી જવાની બીજી કશી મકસદ એ કામમાં હોવી જોઈએજ નહીં.

એ ચોરીનો પાયો બી આગમચથી રચાયો હોય એવી સઘલી સાહદતો મોજુદ હતી. અમીનાને તે ગોસાંઇઓએ સઘલું ખરેખરૂં કહી આપ્યું—તેઓએ તેને તેનું નામ, બુચીનું નામ, શેઠ શેઠાંણીનું નામ વગેરે કહી આપ્યું—તેજ બતાવતું હતું કે એ ફીસમની એક લુટની યોજના આગલથી કરવામાં આવી હશે, અને તેથી આસપાસની વીગતો વગેરે નામ નીશાંણ સુદ્ધાં આગમચથી જાણીને નક્કી કરી મેલવામાં આવી હશે.

એ યોજના પાર ઉતારવામાં તે બદમાસોને જાંણે ખુદરતી મદદ થઈ! હું જો સાથે જઇ શકતે તો એ કાવત્રું ચાલતેજ નહીં, પણ માંદગીને સબબે હું રહી પડી ને અમીના એકજ બચ્ચાંને લઈ એકલી ગઈ તે બધું એ બદમાસોને જોઈતું હતું તેજ જાંણે થયું, અને એ સંજોગોની હોનારતથી તેઓ પોતાની પાપભરી ધારણામાં ફાવી ગયા.

તે દીવસે ઘરમાં ભરી ભુખે કોઈએ ખાધું નહીં. સઘલી ગમગમીની અને ચુપકીદીનો ઘરમાં અખત્યાર હતો; જાંણે તે નીરદોશ બાલક અચબુચ ગુજર પાંમ્યું હોય તેવોજ સઘલો દેખાવ હતો!

તે સાંહજે દીવા થયા પછી હું બેઉ છોકરાંઓને લઈને ઉપર હતી તેટલાં મારી બાઈએ મને તેડાવી, ને હું છોકરાંઓને લઈને નીચે ગઇ. ત્યાં તે બચ્ચાંઓને મારી શેઠાંણીએ એટલા હાવભાવથી રડીને બકીઓ લીધી કે જાંણે તે નાધલાં લાડકાં બચ્ચાંની જુદાઇનું દુ:ખ તે માતા તે બે બાલકો પ્રત્યેનાં અચબુચ ફાટી નીકલેલા બેહદ પ્યારનાં સુખમાં વીસરવાના પછાડા મારતી હોય તેવું લાગતું હતું. આ વખતે શેઠ બી ત્યાંજ હતા, વાસ્તે હું તે છોકરાંઓને

તેમનાં માબાપ પાસે મુકીને ચાલી જવા કરતી હતી, પણ મારી શેઠાંણીએ મને ત્યાંજ થોભવા ફરમાસ કરી.

એ ઉપરથી હું થોભી, પણ મારી શેઠાંણીનો કકલાત જોતાં મારાથી બી રડી દેવાતું હતું, વાસ્તે હું જઈને બાજુએ બારીની બાહેર માથું કાઢી ઉભી રહી.

બારીમાંથી હું કશું જોતી—જોઈ શકતી—હતી નહીં. મારી આંખમાં આંસું હતાં જેથી સામેનો સઘલો દેખાવ બંધ થઇ જતો હતો, પણ જ્યારે જેમ તેમ મારી નજર ઠરી ત્યારે જ્યાં ત્યાં બેધ્યાંનપણે મારી નજર ખેંચાવા લાગી. એમ કરતાં મેં જોયું કે બાહેર રસ્તા ઉપર બી અંધારૂં થઇ ચુકયું હતું, અને ગેસલાઇટો સલગાવેલી હતી, કે જેવી એક ગેસલાઇટનો થાંબલો હું ઉભી હતી તે બારીની સામેજ હતો. તેની હેઠે કોઈ એક શખશ ઉભો રહી અમારી બારી ભણી ટીકંતો હતો. તે મનેજ જોતો હતો એમ બી માનવાને હવે મને લાલચ થઈ, કેમકે તે મને બંગલામાં સલગેલી રોશણીની દીપકમાં જોઈને ઓલખી ચુકયો હતો, ને મને હેઠલ તેડવાની અસારત કરતો તે હવે સામી ઓરદુપરથી છેક અમારા કંપાઉંડની રેલીંગ (કટેરા)ની લગોલગ આંવ્યો. તે એ રીતે આગલ આવ્યો, કે મેં તેને બરાબર જોયો, ને ઘણીજ અચરતી વચ્ચે તુરત પીછાંણ્યો કે તે ઘેલો બેહેલઇ હતો!

પ્રકરણ ૪૦ મું.

મદદ.

ઘેલો બેહેલઈ શું મારીજ વાટ જોઇ ખોટી હતો?

તે આબાદ હવે અમારી નજર એક થતાં મને હેઠલ આવવાની અસારતો કરતો હતો, અને મને એક તડાકે વેહેમ થયો કે આ તેની મુલાકાતનો તે ચોરાયલાં બચ્ચાં સાથે કાઇ બી પણ સંબંધ છે ખરો. એ ઉપરથી તુરત મેં તેને ઉભો રેહવાની અસારત આપી, અને પછી ફોકટ હમણાંથી ગરબડ નહીં ઉઠાડવા કાજે મેં એક બીજુંજ ભલતું બાંહાંણું બતાવી શેઠાંણી પાસ એક પાંચ મીનીટની રજા માંગી લીધી, ને કોઇનું બી ધ્યાંન ખેંચ્યા વના હું ગુપચુપ નીચે ઉતરી જઇ બેહેલઇને મલી.

ત્યાં મારે અગત કરી ખુલાસો આપવાની જરૂર છે કે ઘેલો બેહેલઇ હવે પછી આવતાં એકાદ બે પ્રકરણમાં મુખ્ય ભાગ ભજી બતાવશે, માટે વાંચનારને તેની તોતરી બોબરી બેબારતથી કંટાલો નહીં ખવાડવાના હેતુથી હું તેના જોડેની મારી સઘલી વાતચીત તેની પોતાની જબાંનમાં રજુ નહીં કરતાં શુદ્ધ રીતે નીચે ઉતારશ.

તે મને જોતાંજ મારા ભણી. દોડી આવ્યો, અને અમો જ્યારે રસ્તાનાં એક એકાંત ખુણાંમાં જઇ ઉભાં ત્યારે તેણે કહ્યું, "હું કેઆરની તમારી વાટ જોઇને ખોટી હતો! હું બપોરનો બંગલાની સાંબે ઉભેલો છેઉં, પણ મને ભોંરયાં (સીપાઇઓ) ની બીક લાગેચ તેથી જરા જરા વારે જતો રહીને પાછો આવતો હતો."

"એવું તે શું છે, બા બેહેલઇ?" મેં આશાઓથી ધડક ધડક થતી છાતીએ તેને પટાવીને પુછ્યું—અને મેં જોયું કે જોકે ફુવડપણાં અને કંગાલ્યતમાં તો મેં તેને જે હાલતમાં ગઇ કાલે જોયો હતો તેજ હાલતમાં આજે બી તે હતો, પણ આજે તે મનની હાલતમાં કાંઈક વધારે ઉસ્કેરાયલો—વધારે સચેત થયલો હતો! મેં વારંવાર સાંભલેલું અને વાંચેલું હતું કે એવાં અરધાં ઘેલાં આદમીઓ બાજે વખત તેમનાપર ઘણી ગંભીર અસર કરી નાંખનાર કોઇ વાતમાં એવું બતાવી શકે છે કે ખરાં દાહ્યાં માણસોની બુદ્ધીને હેરતમાં નાંખી દીએ, ને તેમ આ કમનસીબ ઘેલાની બુદ્ધીની જોત હમણાં અને આજેજ કાંઇક વધુ તેજસ્વી બની પ્રકાશી નીકલી હોય એમ તેની સઘલી વાતચીત, હીલચાલ અને ઉલટ ઉપરથી પ્રગટ જણાતું હતું!

"હી-હી-હી," ઘેલા બેહેલઇએ પોતાની ફતેહથી હરખાઇ જઈને ખુશીની એક "ચકલ" સાથે હસતાં હસતાં કહ્યું. "મેં તે લોકને જોયા. હું તે ગોસાંઈઓને ઓરખુંચ. બેહેલઇ ઝારની પછવાડે ગુપચુપ સંતાઈ રહ્યો, ને પેહલ્લેથી છેલ્લે સુધી બધું જોયું, હી-હી-હી!"

"ખરેખર?" મેં હદ બાહેર ખુશાલીથી છક થઇ જતાં કહ્યું, "તું સઘલું કાવત્રું જાંણેછ? તું તે લોકને ઓરખેચ? અરે ત્યારે ચાલ એકદમ મારી શેઠાંણી આગલ, ને એ વધાઇની વાતથી તેને વાકેફ કરશું તો તે તારાપરથી મરી મરી જશે."—અને મેં ઉલટમાં આવી તેને હાથ પકડી ઘસડવા માંડ્યો.

"અંદર નહીં આઉં," ઘેલા બેહેલઇએ એક "ઇડયટ"ની અદા ને જીકરથી એકદમ લાકડું થઈ જતાં કહ્યું. "અંદર તો કભી બી નહીં આઉં, ને જો તમે બોહસ કરશો તો હું હમણાં અહીંથી નાહસીને જતો રેહેવશ."

"નહીં, નહીં, ઘોબ બા બેહેલઈ, હું બોહોસ નહીં કરશ," તેનાપર ઘેલાપણાંની અસર પાછી ફરી વલશે તો ધારેલું કામ પાર નહીં ઉતરશે એમ જાણી મેં તેને તુરત સમજાવી લીધો. "ચાલ, અંદર ના આવતો, પણ ત્યારે તું શું કરેવા માંગેચ?"

"હું જેમ કેઉં તેમ જો તમે કરશો તો આપરે જરૂર છોકરાંને છોરવી લાવશું," બેહેલઈએ સરત કરી.

"હા, પણ તું શું કરવા માંગે છે?" મેં પાછું પુછ્યું. "તું મને કેહે તો ખરો કે તે ગોસાંઇઓ કોણ હતા? કદાચ તે છોકરૂં પેલા ચંડાલો કાઉ ને બેજુ—"

"તેજ," બેહલઈએ જાણે તેના વીચારો હું વગર કેહવે પારખી શકી તે તેને ઘણુંજ ગમ્યું હોય તેમ ખુશામાં આવી કહ્યું. "તેજ, અને તે બચ્ચુ કાંહાં છે તે બી ને તેને કેમ છોરવી લાવવું તે બધું હું જાણુંચ.—હી—હી—હી!"

"પણ તે કેમ? જરા સમજાવ તો ખરો?" મેં પાછું કગલીને પુછ્યું.

"આપરે વેશ બદલશું. સીધીભાઈ આદામુદી થઇશું. હી–હી હી," તેણે કહ્યું.

જેટલો આ તેનાં હસવાનાંથી તેટલોજ તેની તોતરી જબાંનથી બોલાયલા બોલોના તાકીદે અર્થ ઉહાડી તેની મતલબ પાંમી જવાની મારી મુશકેલ્યતથી મને કંટાલો આવ્યો, પણ જરા વધારે ધીરજ રાખી મેં તેને સાંભલી લીધો, ને ત્યારે તેની પુરી મતલબ મારાં ધ્યાંનમાં આવતાં હું ડર ખાઇ ગઇ. બેહેલઇનાં કેહવા પ્રમાણે તો કાઉ કાકરી ને બેજુ બુલડાગની ઉશકેરણીથી બે ભમાતુ જોગીઓએ નાધલી તેહેમીને દાગાથી ઉપાડી જઇને તેઓ એક હલકા લતા ઉપરનાં જે એક પીઠાંમાં રેહતા હતા ત્યાં સપુરદ કરી હતી, માટે બેહેલઇની મતલબ એ હતી કે આજ રાત્રે છુપ્યા લેબાસમાં તેણે ને મારે તે પીઠાંમાં જઇને તે બચ્ચાંને ઉપાડી લઈ આવવું!

આ અખતરો રગેરગ જોખમથી ભરેલો હતો, ને તે મેં બેહેલઇને સમજાવ્યું પણ તેના ફીટાયલાં ભેજાંપર તે સમજાવતની જરા બી અસર થઈ નહીં. તે એકજ હડાવથી આવ્યો હતો, અને તે એ કે મને પોતા સાથે લઇ જવી, અને તે હડાવથી એક ડગ આમ કે તેમ નહીં ફરવાને ત બજીદ થઇ બેઠો!

"તમોને કોઇ જરા હલાક નહીં કરે," ઘેલો બેહેલઈ જેની બુદ્ધિ આ એકજ બાબમાં અજબ પ્રકાશી નીકલેલી જણાતી હતી તેણે કહ્યું. "તમે મારી સાથે ચાલો, ને જોવો કે શું થાએચ."

"પણ તે કેમ બને?" મેં હજી સાફ ના પાડતાં કહ્યું; "મારાથી તારા સાથ અવાયજ નહીં."

"ત્યારે હું નાહસી જવશ ને છોકરૂં તમુને કોઇ દાહારે બી મલવાનું નથી," તેણે રીસાયલી ઢપે કહ્યું.

ખરેખર, આ બુબખને કેમ મનાવવો એ મારી મુશકેલી હતી. જો હું તેને મુકીને જાઉં તો ફરીને તે હાથ આવવો તમામ મુશકેલ હતો, ને કોઈને વાસ્તે નહીં તો મારી ભલી શેઠાંણીને ખાતર તે બચ્ચું મેલવવાની આ તક હાથથી જતી નહીં મેલવાની મારી ઘણીજ મરજી હતી. એટલા માટે મેં હજી બેહેલઇ સાથ ઘણીજ જીકર કરી, પણ જ્યારે તે નહીંજ સમજ્યો ત્યારે જે બને તે ખરી કરી તેના સાથે જવાના જોખમમાં વટીક જીપલાવાને હું તૈયાર થઇ!

એમ કરવાને મને હીંમત ક્યાંથી આવી તે હું જાંણુતી નથી. એક તમામ ઘેલાપર વીશ્વાસ લાવવાને અને તેની સાથે રાતની વખતે જીવ સતોસત જોખમનાં ધામમાં જવાને હું કેમ તૈયાર થઇ શકી એ આજે બી મારી અચરતી છે, પણ એ અચરતીઓમાંજ મારી કાંહાંણી છે ને એ કાંહાંણીનીજ અચરતી છે, એટલે આટલું તો ખરૂં કે અંતે બેહલઈની બજીદાઈ આગલ લાઈલાજ થઇને બાહારોબાહેર મેં તેની સાથે જવા કહ્યું. તેણે મને સઘલો "પલાન" સમજાવ્યો, અને તે કેહેવામાં અરધા ઘેલાઓને બરની જે "લુચ્છાઈ" તેનામાં પ્રગટી રહી હતી તેણે મને તેના ઉપર વીશ્વાસ લાવવા ને તેના સાથ જવા લલચાવી એ વાત તો ખરી!

બેહલઈ મને સાથે લઈ જઈ શકવાની પોતાની ફતેહથી ને "ઘણું હસવાનું" થવાની ઉલટથી પુર ખુશીના બાહારમાં હતો, કે જ્યારે આખે રસ્તે મારી તો છાતી કેવી રીતે ધડકતી હતી તે

મારા ખુદાને ખબર છે. હું કલાક બે કલાકમાં તે બચ્ચાંને સાથે લઈને પાછી આવવાની આશામાં હતી, ને તેજ આશાની મને હીંમત હતી.

બેહેલઈએ નાકાઉપરથી એક ગાડી કરી લીધી હતી, અને તેને એક કોઈ ચોક્કસ મોહલ્લાનું નામ આપ્યું, જે મોહલ્લો આવતાં બહુ વાર થઈ, ને તે એક લગભગ અંધારી, ગીચ અને તમામ ગલીચ ગલી હતી. સારાં નસીબે અગતજોગા ખરચના બે ચાર રૂપીઆ તેજ વખતે મારાં ગજવાંમાં હતા તે મને ઘણુાજ કામ લાગ્યા, કાંયકે બેહેલઇએ તે ગીચ ગલીના એક ચોક્કસ લતા ઉપર ઉતરીને ગાડીને રૂખસદ કરી.

તે પછી તે મને ચલાવતો એકાદ બે ઘર આગલથી ગયો, અને ત્યારે મને કાંઈ નહીં સમજાય એવાં ગભરાતનાં ધ્રુજરાં છુટતાં હતાં; તથા આ જોખમના અખતરામાં ઝીપલાવવા સારૂ હું પસ્તાતી હતી. મેં હજી બી હીંમત હારી પાછું જવા માંડયું, પણ તે ઘેલાનો મીજાજ જતો રહયો, ને ત્યારે જે થાય તે જોવા અને ખમવા હું તેના સાથે ગઈ.

બેહેલઈએ જઇને એક કંગાલ જેવાં ઘરનું બારણું થોક્યું, અને અંદરથી "કોણ હએ?" કરી કોઇએ પોકાર મારયો.

"હમ હય, આદમ મીયાં, બુલડાગકા આદમી હય," બેહેલઇએ હોસ્યારી અને હીમતથી સાહાદ આપ્યો, અને ત્યારે કોઇ જઈફ મુસલમીને તુરત બારણું ઉંગાડયું.

ત્યાં અંદર જવાની મેં પુશકલ આનાકાંની કરવા જેવું બતાવ્યું, અને તેથી બેહેલઇએ મને હવે નહીં હઠવા કોપરયું મારી સાવધ કીધી, એટલે દબાયલી ગભરાયલી હું અંદર ગઇ.

"આઇએજી, આઇએજી," મને જોઇને તે બુઢા મુસલમીને કહ્યું, ને "પ્રાતમાબુ!" કરી કોઇ ઓરતને પોકાર માર્યો, કે પછવાડેના એક કંગાલ જેવા ઓરડામાંથી એક મુસલમીન ઓરત "હાંજી" "હાંજી" કરતી દોડી આવી.

પ્રકરણ ૪૧ મું.

દારુયો "ઘેલો."

તે ઓરત ને તે મરદ જીવતાં હાડપીંજર હતાં! તે બંને બુઢાં ખખ હતાં—કંમરમાંથી વલેલાં હતાં, અને તોબી બુજોર્ગીની એ નાંતવાની વચ્ચે બી તેઓ પોતાનો ધંધો સાથે મલીને ધીકતો ચલાવતાં હતાં. આ ધંધો લુચ્ચાંઓને મદદ કરવાનો હતો. તે મુસલમાન અસલ રંગારો હતો, અને રંગારા ઉપરથી વધીને ઠગારો થયો હતો, કેમકે લોકોને ખોટા બાલ ને ખોટા પોશાકો વગેરે પુરા પાડવાનું તેનું કામ ને ધંધો હતો.

એ વાતથી મને બેહેલાઈએ વાકેફ કરી રાખી હતી, અને તેથી જ્યારે તે ઘરમાં તહરેવાર નાધલાં મોટાં જાત પરજાતનાં કપડાંના ખડકીમાંજ ઢગ મારેલા મેં જોયા ત્યારે હું કોઈ રીતે અચરત થઇ નહીં.

પણ જેઓને ત્યાં એવાં કપડાંચપડાંના ઢગ મારેલા હતા તેમનાં પોતાનાં આંગ ઉપર જરૂર જેટલાં બી પાધરાં કપડાં ન હતાં! તે બંને કંગાલો ગરીબીનાં છેક દાચાંમાં બેઠેલાં હોય તેવાં ચીથરેહાલ હતાં—અને તોબી આસપાસ મારી દધાયલી ચશમો ફેંકતાં મને માનવાને કારણ હતું કે તેમનો ધંધો ધીકતો ચાલતો હતો!

દુન્યાં કોઈથી—કશાંથી ખાલી નથી. મુંબઈ જેવાં શેહેરમાં એવી બી ઠગાઈનાં ઠગારાં ધામો છે એમ જો મેં વાંચ્યું હોત કે મને કોઈએ કહ્યું હોત તો હું માનતે બી નહીં, પણ આ નજરોનજર જોઈને મારી અક્કલ હેરત રહી!

ઘેલા બેહેલાઇએ આદમમીયાંને અમારી મકસદ સમજાવી. અમો ક્યાં જનાર હતાં તે તેણે તેમને કહ્યું નહીં, પણ અમારી જવાની મતલબ ને રૂપરંગ ફેરવઈ જાય એવો અમને પેહેરવેશ ને ફેરફાર જોઈતો હતો તેજ તેણે કહ્યું, એટલે આગલ તેણે વધતું ઓછું કશું જાંણવા માંગ્યું નહીં. એવી જાતનાં પઈસાનાં ગુલામોને આજુબાજુ જોવાને આંખ, વધતું ઓછું પુછવાને જબાંન કે લાંબું ટુંકું સમજવાને જાંણે ભેજું બી હોતુંજ નથી!

આદમમીયાંએ બેહેલાઈને તુરત અમારી મકસદ જાંણતાં પોતાને હવાલે લીધો, ને ફાતમાબુએ મને પોતા સાથે માલ ઉપર જવા

કહ્યું. આથી મને વલી કાંઈક આનાકાંની કરતી જોઈ બેહેલઇએ તુરત હીંમત આપી. "તમે બીહો ના શીરીનબાઇ," તેણે ઘણા વીશ્વાસથી કહ્યું. "એ "અમા" તમોને એવી રીતે ફેરવી નાંખશે કે તમો પોતે અજબ થઈ જશો."

અને ખરેખર તેમજ થયું! એક ખડયા ખરખર ને ભાગાટુટા દાદર ઉપર થઈને તે મરેહાલ અબલા મને માલ ઉપરના એક તેવાજ સુક્યાણા પણ કપડાંચપડાંઓથી, બાલ, ખોટાં ઘરેણાં ને તહરેવાર છુપા વેશોને બરની સઘલી સામગ્રીઓથી ખચખચ ભરેલા ઓરડામાં લઈ ગઇ. ત્યાં તેણે મને બેહેલઇનાં શીખવવા પ્રમાણે એક અરધી ઘરડી સીધણ બનાવી. એ બધું મારી મરજી ઉપરાંત— ખરેખર મારી વકી ઉપરાંત થયું! બેહેલઇ સાથે ઉતાવલી ઉલટમાં દોડી આવવા આગમચ એ બધા બારીક જોખમોનો જો હું એકજ પલ વધુ ગંભીરતાથી વીચાર કરતે તો એ હીંમત હું કદી બી કરતે નહીં, પણ હવે કદમ દર કદમ આ અજબ સંજોગોના જોખમમાં ઉઠાવ્યા પછી એટલું અસુરં થયું જતું હતું, કે તેમાંથી બચવાનું કે હઠવાનું જરા બી ન હતું!

છેલ્લે, જ્યારે હું એક અઢોર દેશી સીધણ તરીકે તૈયાર થઈ ત્યારે મારો ચેહેરો હું આરસીમાં જોઈ પોતેજ ધુજવા પડી, પણ તે અબલાએ મને હીંમત આપવાને ઉતાવલ કરી કે મારે જરા બી બીહીવું નહીં, કેમકે ગરમ પાણીના એકજ છટકાવથી એ "સવાંગ" તમામ દુર થઇ જતાં હું મારાં અસલ રૂપ રંગમાં પ્રગટ પડશ. એમ છતાં હાલ તુરત તો મારામાં એટલો બધો ફેરફાર થયો હતો કે મારાં ભાઈ બેહેન કે મારાં માબાપ પણ મને શીરીન તરીકે ઓલખી કે પીછાંણી શકે તો તે એક મોજેજો કેહેવાય!

ગોયા હું પોતે પોતાને પીછાંણી નહીં શકતી હતી! મારો પેહેરવેશ બી મારાં રૂપ રંગ ને મારી દેખીતી ગ્નાત જાતને તમામ અનુસરતો હતો. માથા ઉપર તેવાજ અધકચરા પાકેલા બાલ હતા, ગલાંમાં કચકરાંના હાર હતા, ને સામટી રીતે હું એક સીધી ગ્નાતની ગરીબ કંગાલ અઢોર અબલા હતી!

અમો હેઠે ગયાં. ત્યાં બેહેલઇ મારી રાહ જોઇ ખોટી હતો. તે બી તેના કાલા જભા ને કાલા સીહાઈ સરખા ચેહેરા સાથે હતો તેમાં પુરો એવો તો એબદસા જેવો સીધી બન્યો હતો કે તેને

જોતાંજ મેં ચીચ્યારી પાડી દીધી—એટલી બધી હું બીહીધી, કે જ્યારે તે તો મને જોઈને પોતાની સરેસ્તાની "હી—હી—હી"થી પેટ પકડીને હસ્યો. બીજી એક પલ, ને તે દોસા દોસીને થોડા વારમાં પાછું આવવાનું કહી ઘેલો બેહેલઈ મને તે ઘરમાંથી બાહેર લઈ ગયો.

તે બુઢયા જ્યારે મને "ડ્રેસ" કરતી હતી ત્યારે તેનો મારી સાથનો પટપટારો મેં ખામખા અતરે ઉતારયો નથી, કેમકે તેની વાતચીતમાં "પઈસા" મુખ્ય હતા, ને પઇસાને સારૂં જે કેહે તે કરવાને તે બેઉ ધણી ધણીયાંણી તૈયાર હતાં એથી વધુ કશું તે વાતમાં ન હતું. તેઓ દેખીતી રીતે કોઇને ઈજા નહીં કરે એવાં તો હતાં—ફક્ત પોતાના ધંધાની હદની બાહેર તેઓ કશું કરી જાંણુતાં ન હતાં.

તેણે વલી મને કેમ બોલવું ચાલવું તે બી શીખવી મેલેલું હતું—જોકે મારાં ધ્રુજરાં ને ગભરાત વચ્ચે તેણે જે કહ્યું તે સઘલું સમજવા ને શીખી લેવા જેવી હાલતમાં હું હતી નહીં.

આખે રસ્તે હું પોતે પોતાસાથે ખુબ બીજવાયા કીધી. જાંણે મને ફાંસી દેવા લેઈ જવામાં આવતી હોય તેવીજ મારાં મનની ઉસ્કેરાયલી હાલત હતી, અને એક ઘેલા સાથે ઘેલી થઇ આ તમામ દેવાના અખતરાના જોખમમાં જીપલાવા ખાતર હું પોતે પોતાને હવે મગજથી બેમગજ થયલી માનતી હતી! મારા મોંઢાં ઉપરનો અને શરીરના દરેક દેખાતા ભાગો ઉપરનો રંગ અને લેપ જાંણે મને બાલીને કોયલો કરતો હોય તેમ લાગતું હતું, અને એવો એક અવતાર ધારણ કરી અચબુચ હું પોતે પોતાની નજરમાં વડીક નીચી પડી જવા ખાતર હું ઓશકાતી—લજવાતી—ધ્રુજતી ચાલ્તી હતી!

પણ એ સઘલાં માટે પસ્તાવાને હવે ઘણું-ઘણુંજ અસુર થયું હતું. હવે તો મારા પગમાંની તે બુઢયાએ આપેલી ખંદારી સુકી છોરાં જેવી સપાટ જેમ ઉંચકાય તેમ ઉંચકીને બેહેલઇ સાથ ઘસડાતી ચાલ્યા વના ઉપાયજ ન હતો.

"હવે જોવો હું કેહું તેમજ કરજો, શીરીનબાઈ," તે દાહ્યા "ઘેલા"એ મને પાઠ શીખવવા માંડયો. "આપરે જાંણે ભઇ બેહેન છઇએ, ને હું બચારો તમામ મુંગો ને બેહેરો છેઉં, તમારે બધી વાત

મારા સાથે અસારતે કરવાની, ને હું બધો પાછો જવાબ બી તમોને અ-સારતથીજ કરશ. હવે ખુલડાગ જે પીઠાંમાં રેહેલો છે તાહાં આપરે જશું; ને પછી આપરે જરૂર ખુચીને ઉંચકી લાવશું.-હી—હી—હી!"

ત્યાં બેહેલઇની બુદ્ધીની જોત અચબુચ કેટલી તેજ બલતી હતી તે જોઇ હું ખચ્ચીત હેરત થઇ. તેને આ બંધુ કાવત્રું કેમ અક્કલમાં આવતું ને કયાંથી સુજતું હતું એ ખરી અજાયબી હતી, પણ દરેક દેવાનાના બાબમાં ચોકસ બાબદોની ઝેણુ વચ્ચે એવી હોસ્યારી પ્રગટી નીકલે છે એ બાહોસ તબીબોનું સતાવાર મત છે તે વાત યાદ કરી હવે તો તેનાં "ડાહાપણુ" પુરે ઘસડાવામાંજ મેં મારી સલાં-મતી• જોઇ.

ઘેલો બેહેલઈ બોલવા નહીં માંગતો હતો તે તેનું અકસર ડાહાપણુ માત્ર હતું. જો તે બોલે તો તેની તોતરી જબાંનના સબબે તે લુચ્ચાઓ વચ્ચે તેજ ઘડીએ ઓલખાઈને પકડાઈ આવ્યા વના રેહેજ નહીં એ વાતનો મને ખ્યાલ થયલો હતો, પણુ તેણે અજબ જેવી હોશીયારી ને સમયસુચકતાથી તેનો ખ્યાલ કરી ટુંકડેથીજ ઉપાય કીધો હતો!

"પણુ આપરે તે પીઠાંમાં શું બાંહણાંથી જઇએ, બેહે-લઇ?" મેં ખેંચાતી જબાંને પુછ્યું.

"શું વેરી, દારૂ પીવાનાં?" બેહલઇએ જાંણે તે એ મારા સવાલથી મારી ભોલઇ ઉપર હેરત રેહેતો હોય તેમ કહયું. "આ-પરે દારૂ પીશું, નહીં પીશું તે આપરી મરજી, પણુ દારૂ માંગવાનો તો ખરેજ, કે તેટલાં તે છોકરાં વીશે જે હોશે તે બધી ખબર પરી આવશે."

વાંચનારને ફરી ફરી યાદ આપવા જરૂર નથી કે બેહેલઈ આ જે સઘલું બોલતો હતો તે તેનીજ ઢપે—તોતરી ને લઠડતી જબાંને ભાગાંતુટાં ને એકદમ નહીં સમજમાં આવે એવાં વાકયથી બોલતો હતો, પણુ વાંચનારનો કંટાલો બચાવા હું તે એકઠા આકારની વાત-ચીતમાં સામટું રજુ કરૂં છું. ખરેખર તો તે ઘેલાનું અકેકું વાકય સમજતાં ને ધ્યાંન પર લેતાં મને જે મુશકેલીઓ થતી હતી તેજ એ મારી નાદાંન્યતની મને જાંણે સજા હતી!

અંતે તે મોહોલ્લો—અને પછી તે દોજખ (પીઠું) આવ્યું, કે જેનાં નજીશ બારણાંમાં મારે દાખલ થવાનું હતું. તે એક ત્રણ

મજલાનું ઘર હતું, અને તેની સાઇડેની બારીએથી નીચલા ખણુમાં ડોકાવીને જોતાં મારી હીંમત હું તમામ હારી ગઈ, ને મેં અંદર જવા સાફ ના પાડી. ત્યાં ચીમનીના દીવાઓની ભભુકદાર રોશણી હેઠલ સઘલું ધીંગાણું અને તોફાંણી રંગ રાગ હતો. ત્યાં જાત પરજાત હલકાં આદમીઓ ભેગાં મલેલાં હતાં, ને લુચ્છાઓ પોસાગીરો અને ખુંનીઓ માટે તે એકજ– એજ પીઠું ને એજ જગ્યા હોય તેમ ત્યાં તેઓ એક ભાગીતુટી લાંબી દેવદારી ટેબલ આસપાસ એકઠા બેઠેલા જણાતા હતા. દારૂના વાસો ને બીડીઓના ધુમાડાથી તે ઓરડો ભરાઈ જઈ બેહેક બેહેક થતો હતો, ને એવાં એક નજીસ, અધમ, એઠાં, પાપી, પલીદ ધામમાં પગ મુકવા ને કદમ ઠડાવા હવે તો મેં ઠડાવથી ને હીંમતથી ઘેલા બેહેલઈને સાફ ના કહી !

પ્રકરણ ૪૨ મું.

જોખમભરેલો અખતરો.

પણ મારી મનાએ ઘેલો બેહેલઇ મનાયો નહીં. તે દાહયો ઘેલો મને સાથે લઈ જઈનેજ નાધલી તેહેમીનો છુટકારો કરવા દીલ લગાડી રહયો હતો, અને તેથી જ્યારે મેં તે ફેસાદખોર દોજખની સીડી ઓલંગવા ઠડાવથી સાફ ના પાડી ત્યારે તે એક નાધલા બુચ્ચાની પેરે તમામ છેરાઈ પડયો !

એમ છતાં વલી મેં તે પીઠાંમાં જવા ના કહ્યું તેમાં બી નવાઇ નથી. પેહેલી ઉતાવલી ઉલટમાં આગલ પાછલનો ધીરજથી વીચાર કરવા જરા બી થોભ્યા વના હું તે ચસકેલા ચકરમ સાથે દોડી આવી ખરી, પણ પછી કદમ દર કદમ તેની સાથે આગલ વધતાં જેમ જેમ વધુ અસુરૂં થતું જતું, તેમ તેમ હું વધતી ને વધતી પસ્તાતી જતી હતી, જે સઘલું છતાં અંતવેર મેં હીંમત રાખી, પણ તે પીઠાંનાં બારણા આગલ જ્યારે અમો આવી લાગ્યાં ત્યારે તે એકઠી કરી મેલેલી મારી થોડી ઘણી હીંમત બી તુટી જતાં હું સ્વભાવીક રીતે હેબતથી આજેજ બની.

તે આખો મોહલ્લોજ મેં જોયું કે તમામ ભ્રષ્ઠ વરણનાં લોકોથી ભરાયલો અને વસાયલો હતો. ગલીચી ને ગંદકી, ફેસાદ અને તોફાંણી રંગ રાગ તે મોહલ્લાનાં દરેક ઘરનો સૌથી ધ્યાન ખેંચનારો

દેખાવ હતો. હમણાં રાત ઘણી આગલ વધેલી હતી, તોબી બીજાં આબરૂદાર લતાનાં ઘરો પેઠે ત્યાં કશી બી ચુપકીદી કે શાંતીનો દેખાવ તો હતોજ નહીં. તે આખા મોહલ્લાની હવા વટીક ગલીચ ને એક ગભરાયલાં—ઉસ્કેરાયલાં મગજને વધુ ઉસ્કેરી આપે એવી ગરમ હતી! બંને પાસે ઉંડી ગટરો દોડતી હતી, જે માંહેલું સાહી જેવું કાલું મેલું ગદલું પાણી જો તે બાજુની નેહેસ્ત ગંદકીમાં કશી બી કમી હોય તો તેને સંપુર્ણ બનાવી આપતું હતું, કે જ્યારે દરેક ઘરનાં આંગણાં ઉકરડા પેરે બેદરકારીથી બાહેર ફેંકેલા તહરેવાર જાતનાં કચરાના ઢગથી ઉભાઈ જતાં હતાં.

એ મોહલ્લા માહેલાં ઘરો વટીક ભાગાં તુટાં ને ઘણાંખરાં બીસ્માર પડત હાલતનાં હતાં. કાચની બારીઓ કોઈ કોઈને જોવામાં તો આવતી હતી, પણ તે માંહે એક બી આખો કાચ મેં એક બી ઠેકાણે જોયો નહીઃ યાતો છવીસ તરેહ પડેલા કાચો, કે કાચની જગ્યે બ્રાઉનપેંપર વલગાડેલાં કે કપડાંના દુચા ખોસેલા નજરે આવતા; અથવા નહીં તો કે તે ભાગેલા કાચના ઉઘાડા ગાલા તે ઘરનાં ઘરવાલાંઓની નજીસ બેપરવાહી ને તે ઘરમાં રેહેવાલાંઓની કંગાલ કંગાલ્યત બતાવી આપતા હતા.

બારણાંઓની બી તેજ પ્રકારની હાલહવાલી જોવામાં આવતી હતી. મોહલ્લામાં ભાગ્યે અરધી દજણ ઘરનાં નીચલાં બારણાં બંધ કરેલાં જોવામાં આવ્યાં હોય, કેમકે બાકીનાં સઘલાં પોરપખાર ઉંઘડાં હતાં. તે બંધ કરવાની જરૂરજ ન હતી, સબબ કે તે માંહેલાં ઘણાંખરાં તેનાં મીજાંગરાંમાંથીજ ઉતરી પડેલાં કે ભાગી ગયલાં વાકાંચુકાં નમી પડેલાં હતાં!

જેવો મોહલ્લો અને તેનાં ઘરો તેવાંજ તેમાં રેહેવાવાલાંઓ બી હતાં. તે મોહલ્લો પંચભેલ પ્રજાથી વસાયલો હતો. ગલીચી ને ગરીબીમાં મરી રહેલાં દરેક વરણનાં લોકો ત્યાં જોવામાં આવતાં હતાં, જેમાં પારસી બી કાંઈ અપવાદ ન હતો. અકેક ઘરમાં અકેક ગામ વસાયલું હોય તેમ લોકો રહેલાં હતાં, ને અકેક ઓરડી રાખીને તહરેવાર નીતીભ્રષ્ટ કુટુંબો, તદન જુદી જુદી કોમો તે મકાનોમાં વસ્તી છતે, વગર કનવારે તેમાં એકઠાં રહ્યાં હતાં!

મેં મુંબઇના સુઘડ અને શ્રીમંત લત્તાઓ ઘણા જોયા હતા, પણ તેજ રંગીલી નગરીમાં આવું બી ગલીચપણું ને એટલી બધી

બી કંગાલ્યત વસેલી છે એ વાતની જેમ મને સ્વપને બી ખબર ન હતી, તેમજ મારાં વાંચનારાંઓને બી તે વાત માન્યામાં આવવાની નથી. એમ છતાં મેં જે ચીત્ર ખડું કર્યું છે તે જરાએ સહરાગત વનાનું તમામ ખરેખરૂં મેં જે જોયલું અને જાણેલું છે તેજ માત્ર છે એમ મારે ખાત્રી આપવા અગત કરીને જરૂર છે. એવો એક મોહલ્લો અને એવા તેના આસપાસના ભયભીત દખાવો જોઇ ભયથી ગુંમતા મારાં મગજ વચ્ચે હું અરધી બેહોસ બની, અને ત્રાસનાં લખલખાંથી મારૂં તન બદન છેક તેના સાંધે સાંધામાંથી ધ્રુજ્યું !

એજ સબબોનેસર મેં પીઠાંમાં જવાની ના પાડી. મેં જોયું કે તે મોહલ્લામાં સૌથી ફેસાદખોર ધામ તે દોજખ હતું, કે જ્યાં મેં તેની બારીમાંથી જોયું તેમ તમામ હલકી વરણનાં આસામીઓ—પારસી પોસાગીરો ને મુસલમીન બદમાસો સુદ્ધાં, ચોરો લુચ્છાઓ ને ખુંનીઓ વટીક—એકઠા સરવાલામાં નજીસ મોજમજાહ વચ્ચે એકઠાં બેઠેલાં હતાં, અને ત્યારે તેવાં દોજખમાં મારૂં પવીત્ર કદમ લઈ જઈ તેને અપવીત્ર બનાવાને મને ધીરજ કે હીંમત ક્યાંથી રહે ?

પણ ઘેલો બેહેલઈ મારી મનાએ મનાયો નહીં. તે એવી ગાંડી રવેસે ખીજવાઈને છેરાઈ પડયો કે તે પીઠાં આગલના જીવસતોસત જોખમ વચ્ચે તેને તુરત શાંત કરી મનાવી લેવા વના મને ચાલ્યુંજ નહીં, અને ત્યારે ફરજ્યાત તેની મરજી સાચવવા તેનાં કેહવા મુજબ તે પીઠામાં દાખલ થયા વના બી મારે માટે કશો બીજો છુટક રહ્યો નહીં !

અંતે તેથી ઘેલા બેહેલઇએ ગોખાવેલો પાઠ યાદ કરી તથા મારી તમામ હીંમતને મારી મદદે બોલાવી હું તે પીઠાંમાં ગઇ.

પેહેલાં હુંજ ઉપર ગઈ, ને બેહેલઇ મારી લગોલગ મારી પછવાડે ચાલ્યો, કાંયેકે તે તો બેહેરા ને મુંગાનો ભાગ ભજી બતાવનાર હતો, ને સઘલું બોલવા કરવાનું તો મારેજ માથે હતું !

હું અંદર ગઈ કે અમારા જેવાં "નવાઇનાં પહરોણાંઓ" ઉપર સર્વ કોઈનું ધ્યાંન ખેંચાયું, અને એક પારસી જે તે પીઠાંવાલોજ હશે (ને જે દેખાવે એક લટખટ લુચ્છો ને પોસાગીરજ હતો) તેણે પોકાર મારી પુછ્યું, "હોલો, કોણ હએ રે તુમ, કાલા મેમ સાબ ? ઇધર કેઆ મંગતા ?"

"અમારા એ ગરીબ ભાઈકે બારતે થોડા દારૂ ચઇતા," મેં ખેંચાતી જબાંને જેમ તેમ હીંમત પકડી ભાગીટુટી જે આવડી તે હીંદુસ્તાનીમાં કહ્યું, ને સીધીબઇ આદાંમુદી જેવા ઘેલા બેહેલઇને બતાવ્યો.

"હો? હો? એસા હએ?" તે પીઠાંવાલો ખુબ હસીને બોલ્યો. "દારૂ તો ચઇતા, પણ તુમારી પાસ દારૂ ખાનેકે બારતે પેસા હએ?"

"જી હાં," મેં કહ્યું, "એક રૂપીઆ હએ."

"હાં તબ તો આઇએ," તે પીઠાંવાલાએ આ નહીં ધારેલી ઘરાકીથી ખુશ થઇ જઇ કહ્યું. "આઇએ ઇધર, બેઠીએ મેમ સાબ," અને હવે તેણે મારી ખાતરદારી ને ધામધુમમાં દોડાદોડી કરી મેલી.

દેખો મેમ સાબ," હવે એક તાર જેવો ઉંચો ને તેવોજ કદાવર પોસાગીર હું બેઠી હતી ત્યાં આવ્યો, "એ સબ લોક અચ્છા આદમી નહીં હએ, સો તુમકુ બેજાર કરેગા, પણ જો કભી તુમ અમકો એક મોવરાકા ગલાસ પીલાએગા તો અમ તુમારા દોસ્ત ઓર નોકર હો જાવે, ઓર પીછે કોઇ તુમકું એક આંગલી બતાવે તો ઉસ્કા આંગલી કાટ ખાઉં."

આ વાત મને બેવડી ખુશીથી મંજુર હતી. આવી ખોહારીનાં તે પાપનાં ધામમાં કોઈ બી મારો બચાવનાર દોસ્ત હોય એ અવશય જરૂરનું હતું, ને તેથી તે ઉંચો પોસાગીર જેનું નામ પેસુ લાંબો હતું તેની એ દોસ્તીની "આફર" મેં તુરત મંજુર કરી. મેં તેને પઈસાથી રાજી રાખવા માંગ્યો, ને તેથી પટ દઇને એક રૂપ્યો તેને કાઢી આપ્યો. "એ લેઓ જી," મેં તે રૂપ્યો આપતાં કહ્યું. "તુમ ઓર તુમારા દોસ્ત સાથ દારૂ લેઓ."

પેસુ લાંબો તો આ નહીં ધારેલી ઉદારતાથી છક થઈ ગયો, ને પછી પોતે પોતા માટે દારૂ મંગાવીને મને કોઇ જરા બી અપમાંન નહીં કરે એવી ત્યાં એક ગગડાટ સાથે તાકીદ કરી. ખરી વાત એ હતી કે પેસુ લાંબો ત્યાં જે ચંડાલ ચોકડી એકઠી થયલી હતી તેનો સરદાર જેવો હતો, ને તેનાં લાંબાં કદાવર આંગનાં સબબે બધાં તેનાથી થથરી રેહતાં હતાં. એ માટે વાંચનાર જોશે કે મેં પવનને પીઠ આપીને તેની દુરની દોસ્તી એકદમ કબુલ કીધી તેમાં મેં પોતાને ઘણો ગંજાવર ફાયદો કરી દીધો.

હવે સર્વ કોઈ અજાયબી ને કાલજીથી મારી આસપાસ ખડાં થઈ હું કોણ હતી ને ઘેલો બેહેલઈ મારો કોણ સગો થતો હતો તે પુછવા લાગ્યાં, અને મેં ઘેલા બેહેલઇને તેના જવાબમાં મારા "બચારા મુંગા બેહેરા" ભાઈ તરીકે ઓલખાવ્યો, તેથી તેના તરફ સર્વ કોઈની દયા ને જીજ્ઞાસા ઘણી ઉસ્કેરાઇ.

મુંગો બેહેરો બેહેલઇ બી પોતાનાં કામમાં કાચો ને પોતાની સમજમાં ઓછો ન ઉતરયો. તેણે એવા તો આબાદ મુંગા બેહેરાના ઢોંગ લગાવ્યા—હાથની અસારતો ને મોઢાંના ચાલા મારફતે મારા સાથે વાત કરતાં એ ખરી કમનસીબ અવસ્થાનું મારી આગલ તેણે એવું તો અસરકારક ને ખરૂં ચીત્ર ખડું કીધું, કે બાજે વખત તે ઘેલો અથવા 'ઇડયટ' છે એ વાત વટીક માનવાનેમ ને જાંણે વેહેમ પડી જતો!

મેં બેહેલઇને મસે દારૂ માંગ્યો તેથી મને બી બચાવ થયો, કાંયકે દારૂ તો લાવવામાં આવ્યો પણ મેં દારૂને આંગલી નહીં લગાડી, ને તેમ કરવાને મને તો કોઇએ ફરજ બી નહીં પાડી, કે જ્યારે ઘેલા બેહેલઇએ નામને ખાતર થોડો પીધો થોડો ઘોલ્યો કરી વખત ગાલવાના ફરેબ જારી રાખ્યો.

એમ કેટલોક વખત ગયો, અને અમારી કીસમનાં નવાં આવનારાંઓએ ઉપજાવેલી નવાઇ જુની થતાં અમારી આસપાસનું ટોલું વીખેરાઈ ગયું, ને સૌ પોતપોતાનાં લાગતાંવલગતાં ને મીત્રો સાથે પોતપોતાને બરની રમત ગમતો માટે ખસી ગયાં. એ વખતે એકલી પડતાં મેં ધીરજથી બેસીને તે કંગાલ મુકામના દરેક ભાગમાં જોયું, પણ ત્યાં ભેગાં મલેલાં લોકોમાં મને ભય હતો તેમ બુલડાગ કે કાઉ કાકરી અથવા મારો ભાઇ ખસરૂ બી હતો નહીં. તે ત્રણ-માંથી એકની બી સુરત ત્યાં દીઠામાં આવી નહીં.

હવે ત્યારે મને એક મોટી ગુંચવણ ઉભી થઇ. મને સમજ નહીં પડયું કે બેહેલઇ હવે આગલ શું કરવા માંગતો હતો. તે બચ્ચાંને બેહેલઈએ એ પીઠાંમાં લાવતાં જોયું હોય, પણ તેથી હજી તે એ પીઠાંમાંજ હોય કે નહીં હોય તેજ પ્રથમ તો સવાલ હતો, અને કદીને હજી તે નાધલી નીરદોશ તેહેમી (જેના બાલક જીવ ને જેની જવાંન માવતરને ખાતર હું આ ભયભીત જોખમો ખેડતી હતી તે) કદી તે પીઠાંમાં હોય બી, તોબી બેહેલઈ તેનો છુટકો

ત્યાંથી કઇ રવેસે કરી શકે એ મારો સૌથી મોટો ગુંચવાડો હતો.

એ રવેસે એ ગુંચવાડાભરેલા ખ્યાલોમાં હું રોકાઇ હતી તેવામાં પેસુ લાંબો પોતાના કોઈ પડોસી સાથે વાત કરતાં બોલી ઉઠયો, "એ લેઓ, બુલડોગ આયો,"—ને બીજી પલે તે બે દેવોની સુરતના બદમાસો-કાઉ કાકરી ને બેજુ બુલડાગ—તે પીઠાંમાં દાખલ થયા.

પ્રકરણ ૪૩ મું.

નહીં ધારેલી તક.

તેમની સાથે મારો ભાઇ ખુશરો હતો નહીં—તેઓ બે એકલાજ હતા.

તેમને જોતાંજ હું ચોંકી, પણ મને બીજી પલે કોઇ નહીં જોય તેમ કોપરચું મારી ઘેલા બેહેલઈએ પાછી સાવધ બનાવી, ને હવે હીંમત ને હોસ્યારી રાખવાની દરેક જોઇતી અસારત એક આંખના પલકારામાં આપી દીધી.

"અરે વાહુવારે, એ આજે આએ કોણ કોલસી મડમ અહીં આવીને બીરાજ્યાંચ?" કાઉ કાકરીએ દાખલ થતાંને વાર રમુજી બેપરવાહીથી આસપાસનાંઓને સવાલ કીધો.

"કેમ બચ્ચા કાઉ," પેસુ લાંબો તુરત મારી કુમકે આવ્યો, "કંઇ કમોદ જીલવાનો થયોચ શું? તુંને ખબર છે કે એ મેમ સાહેબ મારે આસરે અહીં બેઠીચ? ખબરદાર જો એને ઇનસલનો એક બોલ બી કહયો તો!"

"કેમ, કેમ બચ્ચા પેસુ, તું કાંઇ એ 'મધમ સાભ'ની હીંમાયતમાં બોંહે ચઢાવી બાહેર પરયોચ?" બેજુ બુલડાગે આ ગમતમાં ભાગ લેઈ પુછયું.

"તે અસલ વાત એમ છે," પેસુ લાંબાએ ખુલાસો આપ્યો, "કે એ બચારીનો આએ ભાઈ મુંગો બેહેરો છે, ને આએ રસ્તેથી જતાં નાક સુકાયું તે અહી જરા ગરું ભીંજવવા એ બચારાં આયાં; તેવામાં આપરે આપરી દોસ્તી આપવા કારી, ને એ પોરીએ રૂપીઓ એક પટ દઈને ઝટયો, તેથી હવે એ જ્યાંવેર અહીં બેઠીછ ત્યાંવેરૂ તેને જે વાંકું બોલે તેની ગરદનના મારે ટુકરા કરવા પરશે."

પેસુ લાંબાના આ ખુલાસાથી ત્યાંની કંપની વચ્ચે હસાહસ થઇ રહી, (જેમાં બેજુ બુલડાગે અને કાઉ કાકરીએ બી દીલોજાન ભાગ લીધો) કેમકે વાંચનારે ખાત્રી માંનવી કે તે બધા પોતપોતા વચ્ચે ખુશ મશકેરીની વાતચીત માત્ર ચલાવતા હતા—કાંઇ રકઝક કરતા કે મરાતા ન હતા.

"તારે તારી એ નવી દોસ્તીનો બધો ભરમ તો એક "ચાટલા" ઉપર ઉભો થયલો દેખું," બુલડાગે હસતાં હસતાં કહ્યું,—અને પછી સેહેજ અવાજ ધીમો પાડી પુછ્યું, "હવે એ તો હોસે પેસુ, પણ પેલી નાધલી દુકતી કેમ છે? રાતે ઘોંટાશે કે નહીં?"

"હમણાં તો ઘોંટાઇ સુઇચ," પેસુએ કહ્યું, "પણ મારાવારી દોસી તો કુવામાં પરેચ તેનું કેમ? તે તો હમણાંજ અહીંથી જવા તૈયાર થઈચ, તેથી રાતની આપદા પરવાની! પણ વારું બાહેર કેવો રંગ છે? એના બાપના બંગલામાં તો મોટી ધુમ વરસી હોશે?"

"તેમાં તો પુછવુંજ શું?" બેજુએ કહ્યું. "આજે આખો દહાડો આસપાસનાં પીઠાંઓમાં ભરાઇને ગમત જોતા અમે બેઉ તો અરધા થઈ ગયા. નખ્ખોદગીયા કનસટેબલો એમથી તેમ દોરેચ ને તેમથી એમ દોરેચ, જાંણે શું એક ફતેહ કરવા નીકલી પરયાચ! પોરીના બાપે તો બચ્ચાંને લાવી આપનારને વાસ્તે રૂપીઆ પાનસોનું ઈનામ બી છપાવ્યુંચ."

"અરે ત્યારે તો લમે કર ની?" પેસુએ અધીરા પડી કહ્યું.

"નહીં, એમ નહીં," બેજુએ સમજાવ્યું. "હવે કાલે કે પરમ દહારે એ ઈનામ દબલ થશે, ને ત્યારે આપરે એક કાગલ લખીને એના બાપપર વગર સહીએ નાંખશું, ને તેમાં જણાવશું કે રૂપીઆ બે હજારની ગાંસરી ને એ કામમાં જે બધા સામેલ છે તે લોકોને માફ કરવાની લખેલી જાંમીનગીરી જ્યાંવેર મલશે નહીં ત્યાંવેર પોરયું કોઈને જરવાનું નથી."

"અરે પણ દેવાનો છે," પેસુ લાંબાએ ગુસ્સો કરીને કહ્યું, "ત્યાંવેર એ દુકતાંને રાખશે કોણ? મારી માએ ને બેહેન તો હું કેહુંચ તેમ કુવામાં પરીચ, ને હમણાંજ તે તો બેઉ અહીંથી જવા માંગેચ, ત્યારે તે લોક જવા પછી એ બચ્ચાંને રાખી જાંણે એવું વીશ્વાસુ આપુને બીજું કોણ મલવાનું છે?"

"હા, ને એ સોદો થતાં તો નાંખી દેતાં પાંચ સાત દાહરા બી થઈ જાય, તેટલાં જો બચ્ચું રાખી જાંણે એવું કોઇ નહીં મલશે તો પોરચું રરીને ટાકો ધરી કરી મેલશે, ને ત્યારે બધી મેહેનત ને જેહેમત પાણીમાં જવાની જો બચ્ચા બેજુ !" કાઉ કાકરીએ હવે મત આપ્યું.

આ ઉપરથી બેજુ બુલડાગ ઘણા વીચારમાં પડયો, અને પછી તે મારા આગલથી લગાર દુર કાઉ ને પેસુને ઘસડી ગયો, જ્યાં એક ખુંણામાં તેઓએ વલી એકાંત વાત કરવા માંડી.

આટલો વખત તેઓ ઘણી હરૂસે વાત કરતા હતા, પણ તે આસપાસની કંપની નહીં સાંભલી લે તેમજ કરતા હતા. મારી તો તેઓ પરવાહ કરતા હતાજ નહીં, જેથી દીસતુંજ હતું કે તેઓને મારે વીશે એક લેશપણ વેહેમ થતો ન હતો. તેઓ બેહેલઈને જેમ મુંગો બેહેરો જાંણતા હતા તેમજ મારે વીશે પકકું ધારતા હતા કે હું તેઓની વાતચીત સાંભલી શકવા છતાં તેઓની ભાશા કશી સમજી શકતી ન હતી.

એ રીતે તેઓનાં સઘલાં કાવત્રાંની મને કલ મલી ગઈ ! વાંચનારને સમજવું મુશકેલ પડયું નહીં હશે કે પેસુ, કાઉ ને બેજુ એ ત્રણ લુચ્ચાઓએ નાધલી તેહેમીને ચોરી લઈ આવવાનો પ્રપંચ રચાવ્યો—તેમાં તેઓ ફાવ્યા, ને પછી આએજ પીઠાંમાં તે કોમલ બાલક પેસુ લાંબાનીજ મા બેહેનની સંભાલ હેઠલ હમણાં બી હતું, જેથી આ કાવત્રાંમાં તે ત્રણ ઉપરાંત દેખીતી રીતે તે કોઇ બે અબલાઓ બી સામેલ જણાતી હતી.

પણ પેસુ લાંબાનાં કેહેવા મુજબ તેની મા બેહેન પોતાન એ હવાલાથી કંટાલી ગઇ હતી. તેઓને દેખતી રીતે પીઠાંનાં ઉપલા માલ ઉપરના એકાદ ઓરડામાં તે બકલ્યાં સાથે કેદ પડી રેહેવું પડતું હતું, જે પેસુ લાંબાની દોસી માને અથવા જવાંન બેહેનને જરા બી અનુકુલ આવતું ન હતું. તેઓનો જીવ ગભરાઈ આવવાથી તેઓ તો આ હવાલાની આપદામાંથી હવે આજ રાતોરાત છુટાં થવાની બોહસ લઇ બેઠાં હતાં.

પણ જો તેઓ એમ છુટાં થાય તો તે બાલકને કોણને સોંપવું એ તે ત્રણે બદમાસોનો અફસોસ અને ગુંચવાડો હતો, ને તેની ગોઠ કરવા તેઓ મારાથી દુર એક ખુંણાંમાં એકઠા થયા હતા.

એમ તેઓ વલી મારાથી દુર જઈ ઉભા તેનો બી સબબ માત્ર એજ હતો કે તેઓ મારા વીશેનીજ હવે વાત કરતા હતા; એ હું તુરત પામી જઈ શકી કેમકે તેઓ પોતાની ગોઠ અને વાતચીત વચ્ચે અવારનવાર મારી ભણી આંગલી બતાવી તથા બારે ડોલે જોઈને વાત કરતા હતા. શું તેઓ તે પ્યારાં બચ્ચાંનો મીઠો હવાલો મનેજ સોંપવા મત કરતા હતા?

તેમજ હતું. "ચોરને પોટલે ધુલની ધુલ" તેમ ખુદાના નહીં સમજમાં આવે એવા એક સંજોગથી હુંજ તે બચ્ચાંના છુટકારા માટે આવી, ને મનેજ તેઓએ પોતાનાં આ ખાત્રીનાં કામ માટે પસંદ કરી કાઢી!

પ્રકરણ ૪૪ મું.

મારો હવાલો.

જરા વારમાં તે ત્રણે મારા ભણી પાછા આવ્યા, અને બેજુ-એ મને કહ્યું, "મડમ સાબ અમ લોક તુમારે બાસ્તે બાત કરતા થા."

"અમારે બાસ્તે?" જાણે હું અચરતીથી દબાઈ વધાઈને પુછતી હોઉં તેમ મેં સવાલ કર્યો.

"હા," પેસુ લાંબાએ કહ્યું. "જો તુમકુ દુસરા કુચ્છ કામ નહીં હોયગા તો અમ તુમકુ થોડા પેસા મીલ જાવે એસા અચ્છા કામ બતાયગા."

"તો બોલો કેઆ હય," મેં આતુરતાથી પુછયું. "એ અ-મારા ગરીબ ભાઈકું ખાનાપીના દેનેકે બાસ્તે અમકું પેસા અચ્છી રીતસે પેદા કરના જરૂર હય."

"તો સુનો," હવે પાછો બુલડાગ વચ્ચે પુરાયો. "ઇધર ઉપર એક છોટા બેબી હય—બોટ છોટા. ઈસકી અચ્છી તહરેસે પાંચ સાત રોજ સંભાલ કરના જરૂર હય. તુમ જો ઈધર રેહેને કબુલ કરેગા તો તુમકુ પચીસ રૂપીઆ મીલ જાયગા, ઓર ઈધર આંઠ રોજકા તુમકુ ઓર તુમારા ભાઇકુ મુફ્ત ખાનાપીના ઓર રેહેનેકા મીલેગા."

વાંચનારને કેહવું પડશે નહીં કે એકાદ પલ વીચાર કરવા થોબવાના ઢોંગ કરી આ માનીતી 'આફર' મેં દેખીતાં ઘણાં હેસાંનથી કબુલ કરી. આથી તે ત્રણુને બી ઘણોજ સાબ્આરો મલ્યો,

કેમકે તે બચ્ચાંની ગોઠવણ કરવાનું તેમને બહુ મુશકેલ જણાતું હતું તે મુશકેલી મારા "અચબુચા મેલાપથી" જાંણે દુર થઇ ગઇ.

તે પછી તેઓએ મને સાથે માલ ઉપર જવા કહ્યું, ને હું જવાને ઉઠી ઉભી થઇ કે મને જોઇને ઘેલો બેહેનઇ બી ઉભો થયો. બચારો જાંણે બધો આધાર મારી હીલચાલોપરજ રાખતો હતો ! એ ઉપરથી મેં તેને ઈસારતમાં માલ ઉપર જવાની મારી મકસદ સમજાવી, ને તે મારી કઢણે કઢણ ચાલતો મારા સાથ માલ ઉપર આવ્યો.

તે પેહેલા માલના દાદર આગલનાજ એક ઓરડાનું અલગું બંધ કરેલું બારણું પેસુ લાંબાએ ઉઘાડયું, અને અમો બધાં દાખલ થયાં, જે જોતાંજ એક દોસી જે એક ભાગેલી લાકડાંની ખુરસીપર બેસી ઝુંકતી હતી તે ચમકી ઉઠી. બીજી બાજુએ મેં મોહાભારત સંતોશ ને ખુશાલી વચ્ચે જોયું કે નાધલી તેહેમી પોતાને માથેના જોખમોથી બીલકુલ બીનવાકેફ નીરદોશ ઉંઘમાં એક કંગાલ જેવી જોલીમાં આરામથી ઉંઘતી હતી, ને તેની પાસેની એક ખાટલીપર એક જવાંન વરસ ૨૦ થી ૨૨ ની અબલા અલેટાયલી સુતેલી હતી.

તે બી અમોને જોઇને એકદમ ઉભી થઇ, ને મેં અટકલે જાંણ્યું કે જેમ પેલી દોસી પેસુ લાંબાની મા થતી હતી તેમ આ પોરી તેની બેહેન થતી હોવી જોઇએ.

તેની મા વીશે મારે ઝાઝું બોલવું નથી, પણ પેસુની જવાંન બેહેનને ઓલખાવા જરૂર છે, માટે તેના સંબંધમાં એકાદ બે બોલ કહીશું.

તે અબલા દેખીતી રીતે ઘણી ખુબસુરત હતી, અને એક પાપી કુટુંબમાં અવતરવાથી તેનો પાપી પલ્લો જો તેની બાથમાં નહીં હતે તો તેણીની પેસાંની પ્રમાણે તે એકાદ કુલવાંન ઘરને શોભાવતે. તેણીની ચસમો ચતુર અને મગજ ખીલેલું જણાતું હતું, પણ તે સઘલું બુદ્ધીનું તેજ આવી હીણપસ્તીભરી જીંદગીમાં મંદ અને સુસ્ત બની ગયલું હતું. તેનો બાંધો અત્યંત ખુબસુરત હતો. તે પતલી અને ઉંચી હતી, અને જોકે તેનાં દીલનો પેહેરવાસ સઘલો મેલો હતો, તોબી જોવાનું તમામ સેહેલ હતું કે સાદા પણ સુઘડ અને તેણીનાં બદનને બરના પોશાકમાં પોતાની મનહર જવાંની વચ્ચે દીપી રહે એવી એક તે છોકરી હતી.

એવી એક અબલા આવાં પાપીઓ સાથ ઘરવટ ધરાવે તે જોઈ મારી છાતી દયાના ઉભરાઓથી ઉભાઇ ગઇ, પણ તુરત એ ઉતાવલાં પેહેલી પલનાં કરી લીધેલાં અવલોકન અને અનુમાનો પછી મારૂં ધ્યાંન હર તહરેહની બીજી બાબદોપર રોકાઇ ગયું, એટલે એ ખ્યાલ અને ખરખરો જલદી દુર થઈ ગયો.

"એ આએ કોણ છે રે?" અમને જોઈને બીહીધી હોય તેમ મને અને બેહેલઇને બતાવીને પેસુ લાંબાની માએ અરધા ગુસ્સાથી અરધી બીહીકથી પોતાના બેટાને અને તેની સાથવાલાઓને સવાલ કીધો.

"એ આપરાં દોસ્ત છે, દોસી તું બીહી ના મર," બેજુ બુલડાગે તે બુઢ્યાને તમામ અપમાંનભરી તોચ્છડાઇથી જવાબ દીધો. "તું ને તારી દીકરી તો કેહજે અમે તો રાતોરાત જઈને કુવામાં પરયે ત્યારે કારૂં કરો તમે લોકો, ને આ દુકતીને આએ ગોરી ગોરી મદમ રાખશે."

"હા, તે જોઈએ તો જાંહનમમાં જાઓની," હવે તે જવાંન અબલાનું ઉપર્યું. "મુવા આએ ઓરડામાં કેદ પરીને કોણ કોહયા સબરયા કરે! બલા જાંણે અમારી. પેસુએ પેહેલેથીજ અમુને એમ ભેદ ભાંજીને કહ્યું હોતે તો અમે તો આવતે બી નહીં."

"પણ નહીં તો બલા ગેઇ. તું ને તારી માએ અમે તનની બલા લેતી કે જાઓની," કાઉ કાકરીએ અરધી રમુજથી—અરધા ગુસ્સાથી કહ્યું, "અમે કંઈ તમારા વગર બેસી રહ્યાચ, શું?"

"હા તે લાવ—લાવ, પેલા પઠેલા રૂપીઆ લાવ, ને અમુને જવા દે," તે દોસીએ પોતાનો દાવો રજુ કીધો.

"માએ, હું તુંને કાલે હવારે ઘેરે આવા તારે તારા રૂપીઆ આપી દેવા," પેસુ લાંબાએ ધીરજ આપી.

"અરે જા રે મુવા ચોર, હવે તારૂં માને કોણ જે?" તેણીની માએ પોતાના નગીના-નમુના દીકરાની ધુલ કાઢી. "મુવો બાંગર, જેમ બધું જમી ગીયો ને અમુને રવરતાં કીધાં તેમજ કેની?"

"હા, પેલા સુકરવારે બી કહીને ગીયોતો ની કે બે રૂપ્યા લેઈને પછવારે આઉંચ, તમે તમારે જાઓ!" તે જવાંન બહેને ભાઈને ઠપકા સાથે યાદ આપી.

"ચાલ રે રાંન પીલી, તું તારે મુંગી મર, નહીં તો એક લપરાક ખેંચી કારશ," પેલુ લાંબાએ કહ્યું,—ને પછી બુલડાગ ને તેના દોસ્ત તરફ ફરીને વધારયું, "એ દાકણોને જે આપવું હોય તે જાંહાંસોની, કે અહીંથી રસ્તો આવે."

આ ઉપરથી બેજુ બુલડાગે એક કુતરૂં ધુરે તેમ દાંત પીસી બબડી ભડભડીને પાંચની એક નોટ ખેંચી કાઢી ને તે દાસીને આપી, જે લઈને બીજી એક પલમાં પોતાનાં અરધાં નાગાં આંગ ઉપર સારીનો એક છેરો નાંખી તે દદા પોતાની જવાંન દીકરીને લઈ બાહેર જતી રહી.

તેમનાં જવા પછી તે ત્રણે બદમાસોએ મને મારાં કામની સમજ આપી. તેઓએ જણાવ્યું કે મારે કોઇ બી કારણથી તે બચ્ચાંને છોડીને બાહેર નીકલવું નહીં, પણ જો મને કાંઇ બી જોઇએ તો મને એક સીસોલી બતાવામાં આવી તે મારે વગાડવી, એટલે તે ત્રણમાંથી કોઈ બી હાજર થશે. વલી તેઓએ સમજાવ્યું કે નાધલી તેહુમીને એટલા દીવસ દુધપર રાખવાની છે, ને તે માટે દુધ વગરે તે રાતને માટે બી ઓરડામાં તૈયાર હતું તે બધું મને બતાવામાં આવ્યું.

એ પછી પુરા એતબાર ને પકા વીશ્વાસ વચ્ચે તેઓ તે બચ્ચાંને મારા હવાલામાં સોંપી ઘણાં ખુશ દીસે બાહેર ગયા, ને મને બારણું અંદરથી બંધ કરીને સુઈ જવા કહી ગયા. તેઓ ગયા—બારણું બંધ થયું, અને હું ને ઘેલો બેહેલઈ તે પ્યારા માનીતા હવાલા સાથે તે એક ઓરડામાં એકલાં પડ્યાં, કે આ નહીં ધારેલી ફતેહ માટે ઘેલો બેહેલઇ તો એક ગાંડા હાથી પેરે હરખમાં આવી કુદકા મારવા લાગ્યો!

પ્રકરણ ૪૫ મું.

તૈયારી.

ઘેલો બેહેલઈ એટલો એકદમ હરખમાં આવી ગયો કે તેને તેની મોજની મસ્તીમાં શાંત કરવાને મને ઘણી મુસ્કેલી પડી, અને શાંત કરવાની તો જરૂરજ હતી, કેમકે તે ત્રણે હજી બાહેર બારણાં આગલ કાંઇ બી વાત કરતા ઉભેલા હોય, તો એ મસ્તીનો સાહાદ તેમને કાંને જતાં તેમને કશો બી વેહેમ ઉભો થયા વના રેહેજ નહીં.

પણ એ રીતે જો ઘેલો બેહેલઇ એટલી ખુશીમાં આવી ગયો હતો તો હું પોતે બી કોઇ રવેસે આ નહીં ધારેલી—સ્વપને નહીં વકી રાખેલા સંજોગોએ મેલવી અપાવેલી ફતેહથી ઓછી હરખમાં આવી નહીં હતી; એટલો વખત વેર મને ઘેલા બેહેલઈપર ઝનુન અને ગુસ્સો છુટતો હતો તે હવે તેની વખાંણ અને માનમાં ફેરવઈ ગયો, કાંયકે તેની કીસમનો એક ચગડોલ આટલી ચાતુરી બતાવી શકયો કે જેણે અમોને હેઠ ફતેહનાજ ઉંબરપર લાવી ઉતારયાં, તે માટે હું તેની કુનેહ અને કલાને જેટલી મુબારકબાદી આપું એટલી ઓછી હતી.

ઘેલો બેહેલઇ દેખીતી રીતે બેજુ બુલડાગ ને કાઉ કાંકરીને તેમનાં પોતાનાં હથ્યાર વડે મારતો હતો. તેઓએ એક વાર તેને પોતાને આસરે લીધો અને પોતાનાં પાપમાં માહીત બનાવ્યો, તેને લુચ્છાઈના દરેક રસ્તા—બુઢા આદમમીઆંનાં ઘર સુદ્ધાં—બતાવી દીધા, અને તેથી કમકમાટ વચ્ચે તે ભલા ઘેલાએ તેમનો પાપી પલ્લો તજી દેવા પછી આજે તે તેમની લુચ્છાઇને પોંહોંચી વલવા ને તેમને તે.તેમનાંજ હથ્યારો વડે મારવાને જાંણે સમર્થ થયો હતો!

અમો એકલાં પડયાં પછી મેં તેહેમીને જોલીમાં વાંકી વલી એક પ્યારની બકી લીધી, અને ત્યાર કેડે બેહેલઇ સાથે કાંને લાગી હવે પછી શું કરવું ને આ મુશકેલ અખતરો છેવટ કેમ પાર ઉતારવો તેનો વીચાર કરવા બેઠી. મેં બેહેલઇને સમજાવ્યું કે મોડી રાત્રે ત્યાં સર્વે સમાધાન થયા કેડે તેણે બાહેર જઇ પોલીસને બોલાવી લાવવી, અને તે રીતે આ પલીદ મુકાંમને અને તેનાં રેહેવાવાલાંઓને સપડાવી દેવાં; પણ બેહેલઇએ પોતાને અનુકુલ આવતા ઘણા ગુસ્સાથી એ વાત ના મંજુર કરી. તેણે એક "થાદું પેટ ભઇને" સાથે મને સાફ સમજાવ્યું કે જો પોલીસનીજ મદદ લેવાની હોતે તો તે પેહેલેથીજ લેતે, અને મને સાથે લાવીને પોતે બી આટલા જોખમો ખેડતે નહીં; પણ પોલીસની મદદ તેણે લેવીજ ન હતી, સબબ તે બેજુ ને કાઉને પોલીસના સપાટામાં સપડાવા રાજી ન હતો. "એ બેઉ ખરાબ માણુસ છે—ઘણાં ખરાબ માણુસ છે," તેણે એ વીશેની મારી રકજીકના જવાબમાં કહ્યું. "પણ એ લોક સપડાઈ જાય તો મારાપર વેહેમ લાવી છુટા થતાં મનેજ મારી નાંખે, વાસ્તે મારે એ લોકને પકડાવા તો નથી."

અંતે ચુકયું એમ કે રાત્રે સઘલું સમાધાન થવા પછી બેહેલઇ બધો મામલો તપાસી આવે, ને પછી જો સઘલું શાંત ને સલાંમત હોય તો તેહેમીને લઇ અમોએ ત્યાંથી રાતોરાત નાહસવું. એ અખતરો ઘણો મુસકેલ ને રગે રગ જોખમથી ભરેલો હતો, કેમકે જો તેહેમી એમ કરતાં રડે ને અમો તેના સાહાદથી પકડાયાં તો તે દોજખમાંથી જીવતાં જવાનો જરાએ જોગ ન હતો, પણ હઠીલા બેહેલઈની બજીદાઇ આગલ હું અવલથીજ લાચ'લાજ હતી, માટે જેમ હમણાં વેર તેમ હવે પછી બી કીસમત ને સંજોગો—કહો કે ખુદ ખુદાંજ અમારી મદદે આવશે એવી આશાથી એ એકજ જે ઉપાય બેહેલઈનો બતાવેલો હતો તે ઉપર અમલ કરવા હું અંતે એકમત થઇ.

ત્યાર પછી તે ઓરડામાં ચુપકીદીએ વાસો કર્યો. બેહેલઈ બાજુએ જઇ અલેટાયો, ને હું મારાં થાકેલાં તન બદનને કાંઇક આરામ ને આસાએસ આપતી પેલી ખાટલી ઉપર મારા વીચારો સાથે તુરત વેલા એકલી પડી.

એ વીચારોને દરમ્યાંન બેહેલઇની લુચ્છાઇએ મારૂં અકસર ધ્યાંન રોકયું. તેને હું વરસોથી—છેક નાધલેથી પીછાંણતી હતી, અને સદા એક ઘેલા ગાંડા અથવા એક ચકાસેલા કમનસીબ ચકરમ તરીકેજ તે અમો વચ્ચે જણાયલો હતોઃ તેને આવા મુશકેલ પ્રસંગે એટલી બધી હુશયારી કેમ ને કયાંથી આવી એ મારી મોટી અચરતી હતી, અને મને જોઇ લેવાનો જાતી જોગ ને અનુભવ મલ્યો કે દરેક પ્રકારનાં વધતાં ઓછાં ઘેલાપણાંનાં હેઠાંણમાં બી પકી લુચ્છાઈનો એક પ્રવાહ અથવા એક જોત મોજુદ છે, જે તેનો પ્રસંગ આવતાં તે ઘેલાને દાનાવને ટક્કર મારે એટલો દાહયો બનાવી આપે છે! એ બી એક ખુદરતનો ખેલ છેઃ ખુદરત તેની કઈ ખુબીમાં ખાલી છે?

બીજા હાથપર મને મારા ભાઈ ખુશરો સંબંધી અફસોસ થયો કે તે આજે આ પીઠાંમાં હતો નહીં. તેની પરીક્ષા લેવાની અને તે કેટલી હદ સુધી એ ખુંનીઓ સાથ ફસી ચુકેલો છે તે તપાસી લેવાની આજે મને શ્રેષ્ઠ તક હાથ આવતે, પણ તે આવ્યો નહીં અને તેથી એ મારી ઇચ્છા બર આવી શકી નહીં.

કલાકો ગબડી ગયા—તે કલાકો કે જે મને તેટલા જમાના લાગ્યા, અને જે દરમ્યાંન ત્યાં ધીરજથી પડી રેહેતાં મને મારા

જીવને પુછવું પડયું. આ અખતરામાંથી હું સલામત હજી બી બચી જવા પામીંશ કે નહીં તે મારો મુશકેલ સવાલ હતો, ને તેને લગતી અધીરતાની તાપથી મારૂં તન બદન બેજાર બનતું હતું. વલી બીજા હાથપર રખે ઘેલો બેહેલઈ ઉંઘાઈ જાય, ને તેથી તેની ચતુરાઈનો ચેરાગ ઉંઘની બેહોંમી સાથે બલતો ગુલ થઈ જાય તેની મને ફીકર હતી, ને તેથી હું તે બચારા થાકીને લુસ થયલા ઘેલાને ધીમે સાહદે વાત કરાવી કરાવી સજાગૃત રાખવાની કાલજી કરતી હતી.

પ્રકરણ ૪૬ મું.

જોખમ!

તે બધો વખત હેઠલની ફેસાદખોર ટોલીમાંથી ઢીંગાંણુંના સાહાદ આવ્યા કરતા હતા, જે મોડી રાત આખર થઈ જવા છતાં બંધ પડતા ન હતા. વલી એ અરસામાં તેહમી બી બે ત્રણ વાર ઉઠી અને છેરાઈ હતી, જેને મેં તુરત કાલજીથી શાંત કરવાને ઉતાવલ કરી, કેમકે કદાચ તેણીનાં ઘણાં રડવાથી તે દેવેનામ દેવો ઉપર દોડી આવે, ને કાંઈ વલી નવી ગોઠવણ કરી દે તેની મને ફીકર હતી.

પેહેલાં તેહમી જાગી ને મેં તેને ઉતાવલમાં હાથમાં લીધી ત્યારે હું તદન વીસરી ગઈ કે તે કોમલ બાલક મારા સીહા ચેહેરાથી ભડકશે, અને તેથી થયું એમ કે તેહમી મને જોઇને એટલે, ડર ખાઈ ગઈ કે દીવાને ઓથો કરી મેં મારાં મોં ઉપર અંધારૂં કરાવ્યું તે પછી બી તેણીને શાંત કરવાને મને ઘણી મેહેનત પડી. એમ છતાં રપતે રફતે તેણી મારો સાહાદ પીછાંણી શકી હોય એમ જણાયું, કેમકે પોતાની રડમાં ધીમી પડી તે ધીમે ધીમે પાછી મારા હાથમાં ઉંઘી ગઈ.

હું પોતે એટલી થાકેલી ને તહરેવાર જાતની રંજથી બેજાર થયલી હતી કે મને બી ઉંઘના જોંકાપર જોંકા આવતા હતા, જેને વશ નહીં થવા સારૂ મેં પોતે બી બેસીનેજ તે રાત તોડી પાડી.

છેક મોડી રાત્રે—લગભગ પાછલી રાત્રે હેઠલની ટોલી છુટી પડી, ને જ્યારે સઘલા છુટા પડીને વગેસગે થવા ઉઠયા ત્યારે જે ઘોંઘાટ ને ગરબડ થઇ તે વાણ્યાઓનાં જમનની પંગતને બી વીસરાવે તેવી હતી.

ઘણાકો ઘરની બાહેર ગયા પણ કેટલાકો ઉપર ચઢયા, જેમનાં દાદર ઉપર પગલાં વાગતાં આબાદ સંભલાયાં, અને જેઓ વાતચીત ને હસાહસ કરતા ઉપર જતા હતા તેમના સાહાદોમાં મેં બેજુ ને કાઉના સાહાદ બી પીછાંણ્યા.

તે બદમાસો દેખીતી રીતે ઘાંજ રેહેતા હતા, ને તેથી ઉપર સુવા જતા હતા.

અમોએ બારણુંપર કાંન કરીને જ્યાંવેર સઘલું તમામ શાંત ને સમાધાન થયું ત્યાંવેર સાંભલ્યુ અને ખાત્રી કીધી. તે પછી બી બીજો એક અરધો કલાક વહી જવા દઈને ઘેલા બેહેલઈએ ઘણીજ સંભાલથી બારણું ઉઘાડયું, ને બીલાડીની પેઠે નરમ ને ઘોંઘાટ વગરનાં પગલાંથી તે બાહેર નીકલ્યો, કે મેં બારણું અલગું પાછું તેવીજ સંભાલથી બંધ કીધું.

ઘેલા બેહેલઇને પાછો ફરતાં કેટલીક વાર લાગી, અને તે બધો વખત ધડક ધડક થતી છાતી સાથે હું તેહેમીને તે જાગી નહીં ઉઠે તેમ સંભાલથી ઉપાડી મારા ખોલામાં લઇ તૈયાર બેસી રહી.

અંતે થોડીક પલો પછી મારા તે ઓરડાનું મેં અલગું બંધ કરેલું બારણું ઉઘડયું, અને ઘેલો બેહેલઈ "ખામોશ!"ની એક આંગલી હોઠપર મેલી અંદર દાખલ થયો.

"હેઠે પીઠાંવારો એકલો સુતેલો છે," ઘેલા બેહેલઇએ આવતાંને વાર મારે કાંને લાગી કહ્યું, "પણ તે પીધેલો ધુંન છે એટલે તેની કંઈ ફીકર નથી; હવે ચાલો ત્યારે."

બીજી વાર કેહેવાની મને વાટ જોવી ન હતી, એટલે હું બેબીને લઇને ઉતાવલી ઉભી થઇ, જે આંચકાથી તે ચમકીને જાગી ઉઠી, ને જે વારે અમો બારણાં બાહેર ચાલમાં આવ્યાં ત્યારે તે દુધમલ બાલક મને અને ઘેલા બેહેલઇને અમારા સીહા ચેહેરા સાથ જોઇને ચીસ પાડી રડી ઉઠી!

ઓ તે માહાભારત જોખમની જીવ સતોસત પલો!

બેબીનાં એ રીતે દગો કરવાથી મારા ટાંટયા ઢીલા થઈ ગયા, ને મારી છાતી અંદરથી કોઇ લોખંડના બતાના ઘબકારા મારતું હોય તેમ જોસથી ધપકવા ને ધડકવા લાગી, કેમકે "એ ચાલમાં શું ગરબર છે રે?" કરી તેહેમીનો સાહાદ સાંભલતાંને વાર ઉપરથી બુલડાગે ગગડાત કીધો!

"ખુદાને વાસ્તે ઉતરો, જલદી ઉતરો, નહીં તો મુવાં સમજો," ઘેલા બેહેલઈએ હવે ઘણા ગભરાતથી—આરતે બોલવાની બી કાલજી કીધા વના માંગી લીધું !

યા તો તે સાહાદ સાંભલીને અથવા તો બુચીનો સાહાદ ચાલમાંથી આવ્યો માટે કાંઈ બી કાવત્રું છે એમ પાંમી જઈ બુલડાગે ઉપલા માલના દાદરપરથી હવે નખાવી દીધું. "બચ્ચા કાઉ, પેસુ, ચાલ નીચે કાંઇ ગરબર છે–દગો છે," એમ તેનું બોલવું, અને ઉપલી ચાલમાંથી ત્રણ ચાર જણ ઉંધાડે પગે દોડી આવતા હોય, ને પછી દાદરપર નખાવી દેતા હોય તેમ તેઓનાં પગલાં આબાદ અમારે કાંને આવ્યાં !

હવે તેથી ફીકરે ગોયા મારા પગને પાંખ આપી, ને તે બચ્ચાનાં બોજાની બી પરવાહ વના હું હેઠલ ઉતરી–દોડી–ગબડી–ઉડી!

એકાદ બે ફાડયાંપરથી મારો પગ વટીક છટકયો, પણ તોબી જેમ ઘસડાયું તેમ ઘસડાઇને હું ઉતરી, અને જ્યારે મારો એક પગ બાહેરનાં બારણાંનાં ઉંબર પર હતો, ત્યારે બુલડાગ પોતાના ભારી કુદકાઓ સાથે પેહેલા માલના ઉપલા દાદરનાં પગઠયાં પર આવી લાગ્યો હતો !

ભાગ ૧લો સમાપ્ત.

જાહેર ખબરો.



વાંચવાયોગ્ય વારતાઓ, નસીહતો, નાટકો, નીબંધો અને અનેક વીવીધ વીશયોથી ભરપુર મોટા ૩૨ સફાનું ગુજરાતી માસીક.

☞ ખુશામત અથવા લાગવગથી એકાદ કામ સારૂં છે એમ કેહેનારાં મત મંગાવાનું અથવા મેલવવાનું મુશકેલ નથી, પણ એવી કશી બી ખુશામત અથવા લાગવગ વગર દીલનાં પ્રમાણીક હેતુઓને આધીન **વગર માંગવે** લખાઇ આવેલાં મતો કોઈ બી સારાં કામની સૌથી શ્રેષ્ટ અને સૌથી સાચ્ચી સીફારસ ગણાવી જોઇએ. એવી જાબજા સીફારસ માટે "ફુરસદ" ચોપાન્યું ભાગ્યશાલી છે. એ માસીક કુટુંબોના હાથમાં વીશ્વાસથી વાંચવા આપવાજોગ એક ગમત સાથ જ્ઞાન આપનારાં વાંચણ તરીકે ઘરેઘર કેટલુ બધું પલોટાયલું ને પ્યારૂં થયલું છે તે માટે લાંબી ડીંગો અથવા વડાઇના ઠાલી શબ્દો કરતાં ઘણાંક ગ્રાહકોનાં પ્રમાણીક મતો જે લખાઇ આવ્યાં છે તેના થોડાક નમુના નીચે ટાંકી લીધામાં આવે છે. આએ કીસમનાં બીજાં પુશકલ મતો સઘલાં ગ્રાહકોએ મનને જાણ્યાં લખી વાલ્યાં છે, અને તે લખનારાં **પઇસા ખરચીને ચોપાન્યું મંગાવનારાં** છે, વાસ્તે એ મતની સીફારસ બેવડી અગત ધરાવનારી ગણાશે :—

(મુંબઇથી) શેઠ મેહેરવાંનજી નવરોજજી બીલીમોરીઆ લખેછે કે—

“તમારી બાહોસ કલમથી લખાતાં લખાંણો હું ઘણુંજ હરખથી વાંચું છું, અને તમારૂં હમેસનું ઘરાક થવાને હું માન સમજું છું. એમાં આવતી “સદગુણી શીરીન”ની વારતા મને ઘણીજ પસંદ છે. એ વાંચવા ‘ફુરસદ’ની હમેશા અમો રાહ જોઈએ છીએ.’

(વરનગાલથી) **શેઠ ધનજીભાઈ ખરસેદજી પટેલ** લખે છે કે:—

"મી૦ અલાદીન માવજીભાઇની ભલામણથી તમારા નામીચાં "ફુરસદ" ચોપાન્યાના અમે ઘરાક થયા, અને મોટી ખુશી સાથે તમારાં ચોપાન્યાંના ગ્રાહક તરીકે અમોને હમેશાં સમજવાની રજા આપીને અરજ કરયે છીએ કે મેહેરબાંની સાથે મારે નામે જરૂર તે મોકલતા રેહજોજી. તમો મેહેરબાંનનું ચોપાન્યું વાંચીને બીજા મહીનાનાં ચોપાન્યાની હમેશાં વાટ જોતાં રહીએ છીએ."

(મુંબઈથી) **શેઠ મ. દા. મહમદઅલી** લખે છે કે :—

"ફુરસદમાંની દરેક વારતા વાંચવાજોગ છે. મેં ઘણાં ચોપાન્યાં વાંચ્યાં છે પણ તમારાં ચોપાન્યાં 'ફુરસદ'માં જેમ વારતાઓ રસાલી, છટાદાર અને અસરકારક લાગે છે તેમ બીજાં ચોપાન્યાંમાં મેં હજુર સુધી એવી વારતાઓ કદી વાંચી નથી. હું 'ફુરસદ' વીશે જેટલું બોલું તેટલું થોડું છે."

(મુંબઈથી) **શેઠ મેહેરવાંનજી બહમનજી મેહેતા** લખે છે કે :—

"તમો ભાઈને મોટી ખુશી અને દીલોજાંનથી તમોએ 'ફુરસદ'નું માલેકપણું લીધા વીશે મુબારકબાદી અને ફતેહમંદી ચાહીને જણાઉં છું કે જે ચોપાન્યું તેનાં જનમથીજ હું ખરીદ કરૂં છું તે ચોપાન્યું હાલમાં તમો જેવા ચંચલ માલેકનાં હાથમાં જવા પછી હું કેમ જતું મેલું? વાસ્તે મને 'ફુરસદ'ના ઘરાક તરીકે જાલવી રાખવાની મેહેરબાંની કરજોજી."

(ગડક) (G. M. Railway) થી **મી૦ મંચેરજી ફરામજી ભરડા** લખે છે કે:—

"તમારા મુબારક હાથનાં લખાંણ અમોને વાંચવાને બહુજ ગમે છે. તમારી રસીલી કલમથી રચાયલાં કોઈ બી પણ ચોપડી ચોપાન્યાંઓ હોય તો અમોને તુરત મોકલી આપવાં, અને જે બી તમે નવું છપાવો તે અમોને વગર પુછવે અમારા પર વેલ્યુ પેએબલથી મોકલવું."

(તાનદોમહમદખાંનથી)**શેઠ અરદેશર ખરશેદજી દોટીવાલા** લખેછે કે:-

"હું ખુશી સાથે જણાઉં છું કે હું તમારો હમેશ સુધીનો ગ્રાહક રેહેવાને રાજી છું, અને તમારાં ચોપાન્યાંને લાંબી જીંદગી ઇચ્છું છું."

(તારાપોરથી) **શેઠ વીકાજી મેહેરજીભાઈ** લખે છે કે:—

"સેવક તમારાં નવાં સાહસ માટે મુબારકબાદી આપે છે અને ઈચ્છે છે કે તે ચલાવવાને તમોને તે કીરતાર લાંબા આયુષ્ય

આપે ! "ફુરસદ" મરણ કાંઠે આવેલું સાંભલી હું ખચીત દલગીર હતો, પણ તમારા જેવો તેને "વઈદ" મલ્યો. અને તે પાછું ટટાર થઈ તેનું કામ કરવા લાગું—એ વાંચીને ખુશી છેઉં."

(થાનાથી) **શેઠ સોરાબજી દીનશાજી ઘાસવાલા** લખે છે કેઃ—

"તમોને એ લોકપ્રીય 'ફુરસદ'ના અધીપતી તેમજ માલેક થયલા જાંણીને અમો ઘણા ખુશી છીએ, અને અમારી એવી દુવા છે કે એ ગરીબડાં ચોપાન્યાંને સર્વે તરફથી આશરો મલે."

(સીકંદરાબાદથી) **શેઠ બેજનજી પેસતનજી કાંગા** લખે છે કેઃ—

"એ "ફુરસદ"નાં ગ્રાહક થવા અમારા પીછાંનવાલા સાહેબોને બનતી ને પુરતી ભલામણ કરવા ચુકશું નહીં."

(અમદાવાદથી) **શેઠ ફરાંમજી પેસતનજી વકીલ** લખે છે કેઃ—

"તમારૂં 'ફુરસદ' એવું તો વાંચવા લાયક છે કે તે કોઇને બી મુકવા ગમે નહી. મારે ત્યાં 'ફુરસદની' દર મહીને બધાં રાહ જોયા કરે છે."

(મુંબઇથી) **શેઠ નવરોજજી અરદેશર કાકા** લખે છે કેઃ—

"તમારૂં ચોપાન્યું વાંચ્યાથી ઘણો આનંદ અને ઘણી ખુશી હાંસલ થાય છે, અને હું દુવા ચાહું છું કે ખુદાની બક્ષેશથી એ તમારૂં ચોપાન્યું વધે અને આબાદ થાય."

(વરસોવાથી) **શેઠ ફે૦ દાઉદભાઇ** લખે છે કેઃ—

"'ફુરસદ' હું જીવશ ત્યાં તક વાંચવાની ઉમેદમાં છું, એટલું તે મને પસંદ છે."

(મુંબઈથી) **શેઠ એદલજી ધનજીભાઈ શેઠના** લખે છે કેઃ—

"અમો તમારાં 'ફુરસદ'ના હંમેશના ઘરાક છીએ, ને હંમેશના ઘરાક રેહેવાને ઘણા રાજી છીએ."

(જોધપુરથી) **શેઠ અરદેશર પેસતનજી જાલ** લખે છેઃ—

"બેશક તમારૂં કીંમતી અને રસીક માસીક મારાપર મોકલ્યા જજો. નક્કી એ ગુજરાતી માસીકોમાં સૌથી શ્રેષ્ઠ અને જ્ઞાન સાથ ગમત આપનાર માસીક માંહેલું એક છે."

(મુંબઇથી) **શેઠ હબીબ દાઉદભાઇ** લખે છે કેઃ—

"ખરેજ હું પોતાને કેવલ ભાગ્યશાલી સમજું છું કે આએ માસીકનાં ખરીદદારોની સંખ્યામાં હું બી છું. શોકીન વાંચકો જેઓ

એ ચોપાન્યાંનાં ખરીદદાર નથી, તેઓ ખરેજ પોતાના શોખને અધુરો રાખે છે, ને પુરી મહજાથી કમનસીબ રહે છે. વધુ ન લખતાં એટલુંજ લખવું ગનીમત થશે કે આએ વીલાશી નગરીમાં હસતી ભોગવતાં ચોપાન્યાં મધે આએ 'ફુરસદ' એક ઉત્તમ તથા પેહેલી પંકતીના દરજાનું માસીક છે."

(જંબુસરથી) **શેઠ શાપુરજી હોરમજજી જંબુસરવાલા** લખે છે કેઃ—

"આપના હાથથી લખાયલી "કાવલાની કાંહાંણી" અને "સદગુણી શીરીન" ની વારતા એટલી તો રસીલી છે કે "ફુરસદ" ચોપાન્યાંને માટે બે મત કદાપી પડેજ નહીં. એને માટે આપને મોટામાં મોટી સાબાસી ઘટે છે. જો એવા ધોરણો ઉપર "ફુરસદ" લખાતું રેહશે તો તેનો હમેશાંનો ગ્રાહક હું ઘણી ખુશી સાથે થઈશ, તેમજ મારા મીત્રોને પણ થવા જરૂર સલાહ આપશ."

(મુંબઈથી) **શેઠ મેહેરવાનજી દાદાભાઈ કોલાબેવાલા** લખે છેઃ—

"તમારાં માસીકનાં ઘરાક દાખલ મારૂં નામ કાયમ રાખજોજી, અને તે સાથે મારી તરફની મદદના એક હીસ્સા દાખલ તમારાં ઘરાકોની ટીપમાં નીચલું નવું નામ ઉમેરજો. એજ પ્રમાણે જો તમારાં સઘલાં ઘહરાકો પોતાનાં દોસ્ત આસનાવો તરફથી એકક નામ મોકલશે તો તમારાં એ માસીકની ફતેહ થશે. હું દુવા ચાહું છું જે તમારાં ઘરાકોની સંખ્યા બેવડી ને ત્રણ ઘણી થાય! તમો જેવા નેક વીચારના અધીપતીના હાથમાં એ ચોપાન્યું જોઇ સઘલા વીચારવંત ગ્રહસ્થો તમારાં એ ચોપાન્યાંને મદદ કરવા બેવડી ખુશીથી બાહાર પડશે, સબબ 'ફુરસદ' ચોપાંન્યું નીશકલંક જાંણી સર્વે કોઇ પોતાનાં કુટુંબમાં તે વીશ્વાસથી વાંચવા આપી શકે એમ છે."

(અમદાવાદથી) **શેઠ જાંહાંગીરજી બહમનજી શેઠના** લખે છે:—

"હું ખુદા પાસ દુવા ગુજારૂં છું કે તમારાં 'ફુરસદ' જેવાં એક શુભ નીતીમાન અને બોધકારક ચોપાન્યાંનો દીન પરદીન વધારે બોહોલો ફેલાવો થાય."

(દખણ હેદરાબાદથી) **બાઈ ખુરશેદબાનું કેકોબાદ ફ્રશંમજી** લખેછે-

"અમારાં માનીતાં ફુરસદમાંની તમારી જાંણીતી કલમથી લખાએલી વારતાઓથી બેશક એની ચઢતીમાં વધારો થાય છે, તે જોઈને અમો ઘણાં ખુશી છીએ, તમારાં ખરેખરાં નામ પ્રમાણેજ

કામ બજાવતાં એ "ફુરસદ"ને અમે ખેરખાહી ચાહીયે છીયે."

(મુંબઈથી) **શેઠ ખોજા અહુમદભાઈ અલારખ્યા** લખે છે:—

"તમારાં 'ફુરસદ' માસીક વીશે એટલું તો લખવું જોઇએ કે બીજાં રેંડીયાલ માસીકોથી એને અલાયદું ગણી એ બાહાર પડતાં વાંચવાની પેહેલી તક હું કદીપણ ખોહતો નથી. મને એનીપર અત્યંત હેત છે. એ મધેની ચાલુ વારતાઓ ઘણી મુદત થઈ ચાલે છે, પણ તદન વખાણવા લાયક છે."

(મુંબઇથી) **શેઠ પેસતનજી બેરાંમજી સથા** લખે છે:—

"ફુરસદ જેવાં એક કીમતી અને રસકસ ભરેલાં માસીકનાં તમો એવડા જોખમદાર થયા છો તેમાં સમપુર્ણ રીતે ફતેહમંદ નીવડવાને તે સાહેબ તમોને દરેક મદદ કરે એવી સેવકની દીલોજાંન દુવા છે. મુંબઈમાં નીકલતાં ઘણાં ખરાં સઘલાં ચોપાન્યાં મારાં વાંચવામાં આવે છે, જે સર્વમાં હું તમારાં 'ફુરસદ'ને પેહેલા વરગમાં મુકું છું. તેમાં આવતું લખાણ રસીલું, નીતીમાંન તથા નશીયતોથી પુર છે એમ એક અવાજે સીધ થયું છે, પણ મારા તરફનું કેહેવાનું એ છે કે ઇનવરટેડ કોમા, કોમા, સેમીકોલન, કોલન, અને ફુલ પોઇન્ટ વીગેરે બી એવી મનમાનતી રીતે અને ખરી રીતે તમારાં માસીકમાં મુકવામાં આવે છે કે તેવું બીજાં કોઇ પણ ચોપાન્યાંમાં હું જોતો નથી. લખાંણ એવું સાદાઇથી અને સરલ એબારતમાં લખેલું હોય છે કે સઘલાં વાંચી શકે છે, વાંચીને સમજે છે, અને સમજીને ખુશી થાય છે. 'ફુરસદ' અવતરયું ત્યાર પછી આજ સુધીમાં ઘણાંક નવાં ચોપાન્યાંઓ ધમક કરતાં નીકલ્યાં અને ધામધુમ કરી નાબુદ થઇ ગયાં, કે જ્યારે 'ફુરસદ' વગર ખુશામતે અને વગર લાગવગે પોતાનાજ પગ ઉપર સાબુત ઉભું રહ્યું છે એ કાંઇ તેને માટે થોડું માન નથી."

(સીકંદરાબાદથી) **શેઠ અલાદીન માવજીભાઇ** લખે છે:—

"તમારાં લોકપ્રાય 'ફુરસદ' નાં બીજા ઘરાકો સાથે નવી માલેકી વીશે મને બી એક છાપેલો કાગજ મોકલી ઘરાક ચાલુ રેહેવા નહી રેહેવાની મરજી પુછાવી તેથી હું તાજુબ થયો. જે ધણીએ કલકતા, મુંબઇ, હેદરાબાદ, સીકંદરાબાદ, મદ્રાસ વગેરે ઠેકાંણેથી દોઢ કુડીને આસરે 'ફુરસદ'ને ઘરાકો મેલવી આપ્યાં છે તેજ ધણી પોતાનું નામ ઘરાકોની ટીપમાંથી કાઢી નખાવે એ કેમ બને વારૂં?"

(મુંબઇથી.) **શેઠ ખોજા દાઉદભાઈ મુલેમાન** લખે છે:—

"મારા મીત્ર મી૦ હબીબભાઇ દાઉદ જે હાલમાં તમારા ઘરાક છે તેમની સલાહથી તમારાં અમુલ્ય માસીકનું હું ઘરાક થયો છું, અને તમારાં એ પ્રકાશી નીકલેલાં 'ફુરસદ'નો ઘરાક થવા માટે હું પોતાને ઘણો ભાગ્યશાલી ગણું છું. નઉરોઝના અંકમાં 'અમે પોતે'ની કોમલ વાંચી તમારી ખરેખરી મેહેનતનો મારા વાંચનારા ભાઇઓ બદલો આપશે એવી હું ઉમેદ રાખું છું."

(મુંબઇથી) **શેઠ ખોજા ઇસમાયલ દાદા** લખે છે:—

"તમારાં 'ફુરસદ' ચોપાન્યાં વીશે બીજાં બધાં ચોપાન્યાં કરતાં મારૂં ઘણું ઉંચું મત છે, અને બેશક તે રીતે બીજા ઘણા સાહેબોનાં મત હશે. તમારી 'શીરીન'ની વારતા અમોને ઘણી પસંદ છે, અને તે એક અંકમાં વાંચી રેહેવા પછી બીજા ચોપાન્યાંની ઈંતેજારીથી રાહ જોઇએ છીએ."

(મુંબઇથી) **બાઈ ધનબાઇજી જમશેદજી દસ્તુર** લખે છે:—

"તમારૂં લોકપ્રીય ચોપાન્યું અમે સઘલાં ઘણી હોંસથી વાંચીએ છીએ, અને 'ફુરસદ'ની ઈંતેજારીથી રાહ જોઇએ છીએ. એ અમારાં માનીતાં ચોપાન્યાંનો વધારો ઈચ્છીએ છીએ."

☞ **વારસીક લવાજમ** દેશાવરવાલાં ગ્રાહકો પાસથી જેમ ૩ રા= ટપાલ સીકે ઉંઘરાવામાં આવે છે **તેમજ મુંબઇવાલાં ગ્રાહકો પાસેથી બી લેવું ઠડાવ્યું છે,** એટલે સરેરાસ એકજ લવાજમ લેઈ ગ્રાહકોને અમારૂં માસીક પોંહોંચતું કીધામાં આવશે.

બહમનજી નવરોજજી કાબરાજી,
'ફુરસદ'ના માલેક અને અધીપતી.
૭૧, ફ્રીઅર રોડ, કોટ.

મી૦ બહેમનજી નવરોજજી કાબરાજી કૃત

નીચલી ચોપડીઓ વેચવાની છે:—

"દેલજંગ દલેર." (વારતા)	વધારેલી	કીંમત	રૂ૦ ૧။	ટપાલ ખર્ચ.	૦)=
"ધીરજનું ધન." (વારતા)		,,	રૂ૦ ૧။	,,	,,
'કાવલાની કાંહાંણી."—ભાગ ૧લો (વારતા)		કીંમત	રૂ૦ ૧။	,,	,,
,, —ભાગ ૨જો (,,)		,,	રૂ૦ ૧။	,,	,,
,, —ભાગ ૩જો (,,)		,,	રૂ૦ ૧။	,,	,,
,, —ભાગ ૪થો (,,)		,,	રૂ૦ ૨	,,	,,
"એક પથ્થરના પ્રતાપ !" (વારતા)		કીંમત	રૂ૦ ૧	,,	,,
સદગુણી શીરીનનાં સંકટો—ભાગ ૧ લો		કીંમત	રૂ૦ ૧	,,	,,
"કાચા કાનની ખરાબી." (નાટક)	વધારેલી	,,	રૂ૦ ૧	,,	૦)။
"વક્કા પર જક્કા !" (નાટક)		,,	રૂ૦ ૦။	,,	૦)။
"ગામરેની ગોરી." (નાટક)		,,	રૂ૦ ૦။	,,	૦)။
"બેહેરા બેહેલાકાકા !" (ફાર્સ)		,,	રૂ૦ ૦၊	,,	૦)။
"ભુલો પડેલો ભીમભાઈ ! (ફાર્સ)		,,	રૂ૦ ૦၊	,,	૦)။
સુખલાજીનાં સંકટો ! (ફાર્સ)		,,	રૂ૦ ૦၊	,,	૦)။
"ખુશરો પરીચેહેર નાટકનાં ગાયણો.		,,	રૂ૦ ૦)=	,,	૦)။
"જુગાર" નાટકનાં ગાયણો.		,,	રૂ૦ ૦)=	,,	૦)။

*** "સિપાહ બચ્ચાની સજની" અને "જુગાર" નાટકની એકબી કાપી વેચવાની બાકી નથી.

એ સઘલી ચોપડીઓ ઘણીજ રસીલી, નીતીમાન અને વાંચવાજોગ છે, અને તે સઘલી તેના બનાવનાર પાસેથી કોટમાં ફ્રીઅર રોડ ખાતેનાં તેઓનાં ઘરમાં લખવા અથવા મંગાવાથી મલશે, તેમજ અતરેના સર્વ જાંણીતા બુકશેલરોને ત્યાંથી બી મલશે.

ગોગીનાં મંકડા. ભાગ ૧ લો.

એક વારતા.